સેન્સેક્સ કરતાં સોનુ આગળ નીકળી ગયું: ૧૦ ગ્રામના રૂ.૭૫૬૦૦ (૫)



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર સુદ-૪ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦   સ્થાપક : બાબુભાઈ શાહ   તા. ૧૨-૪-૨૦૨૪ - શુક્રવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૧૯૮ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT







### ૭મી મે ના રોજ યોજાનારી ત્રીજા તબક્કાની ચુંટણી માટેની પ્રક્રિયાનો પ્રારંભ

# ગુજરાતની ૨૬ સહિત ૯૪ બેઠકોનું ચુંટણી જાહેરનામુ: ફોર્મ ભરવાનુ શરૂ

**તા.૧૯ એપ્રિલ સુધી ફોર્મ ભરાશે: ૨૨મીએ ચુંટણી ચિત્ર સ્પષ્ટ થશે: આસામ, ઉતરપ્રદેશ, બિહાર, છતીસગઢ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ સહિત ૧૨ રાજયો-કેન્દ્ર શાસીત પ્રદેશોની બેઠક સામેલ**

નવી દિલ્હી તા.૧૨

ગુજરાતની ૨૬ સહિત ૧૨ રાજયોની ૯૪ લોકસભા બેઠકોની ત્રીજા તબક્કામાં યોજાનારી ચુંટણીનું જાહેરનામુ આજે જારી થવા સાથે ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ગુજરાતમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચુંટણી માટે પણ જાહેરનામુ બહાર પડયુ છે.

દેશમાં સાત તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણી માટે પ્રથમ મતદાન ૧૯ એપ્રિલે યોજાવાનુ છે અને તબક્કાવાર મતદાન માટે અલગ-અલગ પ્રક્રિયા આગળ ધપી જ રહી છે. આજથી ૭ મે એ યોજાનારી ત્રીજા તબક્કાની ચુંટણી માટેની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ત્રીજા તબક્કામાં કુલ ૧૨ રાજયો અને કેન્દ્રશાસીત પ્રદેશોની ૯૪ બેઠકો માટે ચુંટણી યોજાવાની છે તેમાં ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકોનો સમાવેશ થાય છે. આ સિવાય આસામની ૧૪, ઉતરપ્રદેશની ૧૦, બિહારની પાંચ, છતીસગઢની સાત, કર્ણાટકની ૧૪, મહારાષ્ટ્રની ૧૧ તથા મધ્યપ્રદેશની આઠ બેઠકોનો સમાવેશ થાય છે.

ત્રીજા તબક્કાની ચુંટણીનુ જાહેરનામુ જારી થવા સાથે જ ફોર્મ ભરવાનું શરૂ થયું છે. ફોર્મ ભરવા, ચકાસણી, પાછા ખેંચવા સહિતની પ્રક્રિયા ૨૨મી એપ્રિલ સુધી ચાલશે. ચુંટણી જાહેરનામા અંતર્ગત આજથી ઉમેદવારીપત્રક ભરવાનું શરૂ થયુ


(અનુસંધાન છઠ્ઠા પાને)





**પાંચ બેઠકોની પેટા ચૂંટણી માટે પણ નોટીફીકેશન**

ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકોની સાથોસાથ ખાલી પડેલી પાંચ વિધાનસભા બેઠકો માટે પણ ૭મી મે ના રોજ પેટાચૂંટણી યોજાવાની છે અને તેનુ નોટીફીકેશન પણ આજે જારી કરવામાં આવ્યુ હતું. પોરબંદર, માણાવદર, વાઘોડીયા, વિજાપુર તથા ખંભાત એવી પાંચ બેઠકોના ધારાસભ્યોએ રાજીનામા આપીને પક્ષપલ્ટો કર્યો હતો. આ પાંચેય બેઠકોમાં પેટાચૂંટણી થવાની છે.

**ન્યુઝ ફલેશ**

## ફોર્મ ઉપાડવા ધસારો: બપોર સુધીમાં ૧૫૦થી વધુ ફોર્મ ઉપડયા

**ક્ષત્રિય સમાજે જ બપોર સુધીમાં ૧૦૦ ફોર્મ ઉપાડી લીધા: ભાજપ-કોંગ્રેસ-બસપા, અપક્ષ સહિત ૧૫૦થી વધુ ફોર્મ ઉપડયા: ક્ષત્રિયોએ ઉમેદવારી પત્રકો ઉપાડવા માટે લાઇનો લગાવી** (૧૬)

## અમેરિકામાં સીટ બેલ્ટ ન પહેરનાર પર પોલીસનો ૪૧ સેકન્ડમાં ૯૬ રાઉન્ડ ગોળીબાર: હોબાળો

**યુવકે પ્રથમ ગોળીબાર કરતા અધિકારી ઘાયલ થયાનો પોલીસનો આરોપ**



અમેરિકા શિકાગો તા.૧૨

અમેરિકામં એક યુવકના મોતનો આઘાતજનક મામલો સામે આવ્યો છે. સાદા વસ્ત્રોમાં સજ્જ શિકાગો પોલીસ અધિકારીઓએ ટ્રાફિક સ્ટોપ દરમિયાન ફક્ત ૪૧ સેકન્ડમાં જ ૧૦૦ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. જેમાં એક યુવકનું મોત થયું છે અને એક અધિકારી ઈજાગ્રસ્ત થયા છે. પોલીસ એજન્સીએ મંગળવારે ગ્રાફિક વિડીયો ફૂટેજ જાહેર કર્યા હતા. ટેક્ટિકલ યુનિટના પાંચ અધિકારીઓ એક અનમાર્કડ પોલીસ વ્હિકલમાં હતા અને ગત મહિને તેમણે એક એસયુવીને ઘેરી લીધી હતી જે ડેક્સ્ટર રીડ ચલાવી


(અનુસંધાન છઠ્ઠા પાને)


### ઉનાળાના આકરા તાપ વચ્ચે ધરતી ધ્રુજતા લોકો રસ્તા પર દોડયા

# શાપરમાં દોઢ કલાકમાં ભૂકંપના ૪ આંચકા: ફફડાટ

**પ્રથમ આંચકો બપોરે ૧૨.૫૦ કલાકે ૨.૧ની તીવ્રતાનો નોંધાયા બાદ ૨.૧૪ વાગ્યા સુધીમાં વધુ ત્રણ વખત ધરતી ધ્રુજી: ભેદી ધડાકો પણ સંભળાયો: લોઠડા-પારડી સુધી ધ્રુજારી: ચારેય આંચકાની તીવ્રતા ૧.૮ થી ૨.૩ સુધીની રહ્યાનો સિસ્મોલોજી વિભાગનો નિર્દેશ**

રાજકોટ, તા.૧૨

ઉનાળાના આકરા તાપ વચ્ચે આજે રાજકોટની ભાગોળે માત્ર ૮૫ મીનીટમાં ભૂકંપના ચાર આંચકા અનુભવાતા ફફડાટ સર્જાયો હતો. ઉપરાઉપરી ધરતીની ધ્રુજારીથી ભયભીત સંખ્યાબંધ લોકો ઘર-ફેકટરીની બહાર નીકળી ગયા હતા. શાપર ઉપરાંત લોઠડા-પારડી જેવા આસપાસના વિસ્તારોમાં પણ ધ્રુજારી હતી.

ગુજરાત સિસ્મોલોજી સેન્ટરમાંથી પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ નજીક બપોરે ૧૨.૫૦ કલાકે ૨.૧ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. ત્યારબાદ ૧.૧૭ કલાકે ૨.૩નો તથા ૧.૩૯ કલાકે ૧.૮ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ત્યારબાદ બપોરે ૨.૧૪ કલાકે ફરી વખત ૨.૨ની તીવ્રતાનો આંચકો હતો. ચારેય આંચકાનું કેન્દ્ર બિંદુ રાજકોટથી ૧૭ કિ.મી. દક્ષિણ-દક્ષિણ પૂર્વ પર હોવાનું માલુમ પડચું છે. અધિકારીઓએ એવો દાવો કર્યો હતો કે ભૂકંપના ચાર આંચકા હોવા છતાં ચારેયની તીવ્રતા સામાન્ય જ હતી એટલે કોઇ જાનમાલની નુકશાનીની સંભાવના રહેતી નથી.

બપોરે ૧૨.૫૦થી ૨.૧૪ સુધીમાં વારાફરતી ચાર-ચાર આંચકાથી ફફડાટ સર્જાયો હતો. ધરતીની ધ્રુજારી અનુભવનારા લોકોએ કહ્યું કે શાપર ઇન્ડસ્ટ્રીયલ વિસ્તાર છે એટલે આસપાસના ફોર્જીંગના કે અન્ય કોઇ કારખાનામાં ધડાકો થયો હશે અને તેની ધ્રુજારી હોવાની ચર્ચા થવા લાગી હતી અને તે જોવા માટે બહાર નીકળ્યા હતા. પરંતુ કોઇ ફેક્ટરીમાંથી ધડાકો ન થયાનું માલુમ પડચું હતું. જેને પગલે ભૂકંપનો આંચકો હોવાનું સ્પષ્ટ થયું હતું. ધરતીકંપ વિશે લોકોમાં ચર્ચા થવા લાગી જ હતી તેવા સમયે ફરી સમયાંતરે આંચકા આવવા લાગતા ફફડાટ સર્જાયો હતો. અનેક કારખાના તથા ઘરોમાંથી પણ લોકો બહાર આવી ગયા હતા. ધડાકા સાથે ધ્રુજારી હોવાથી લોકો ભયભીત બન્યા હતા.

સિસ્મોલોજી વિભાગના સૂત્રોએ કહ્યું કે ચારમાં સૌથી તીવ્ર આંચકો પણ ૨.૩૦નો જ હતો. ચારેય આંચકાની તીવ્રતા સામાન્ય હોવાથી તેમાં કોઇ નુકશાનનો ભય રહેતો નથી.

જાણકારોના કહેવા પ્રમાણે થોડા મહિનાઓ પૂર્વે પણ આ વિસ્તારમાં સમાન રીતે શ્રેણીબધ્ધ આંચકા નોંધાયા હતા ત્યારે અભ્યાસ માટે નિષ્ણાંત ભૂવિજ્ઞાનીઓની ટીમને દોડાવવામાં આવી હતી. તેના દ્વારા અભ્યાસ હાથ ધરાયો હતો. નવી ફોલ્ટલાઇનની આશંકા પણ ઉઠી હતી.

## લાંબા સમય સુધી હિટવેવનું જોખમ: હવામાન વિભાગના એલર્ટ વચ્ચે વડાપ્રધાન મોદીની સમીક્ષા બેઠક



**સરકારી તંત્રોની તૈયારીની સમીક્ષા: હવામાન ફેરફારો વિશે લોકોને સમયસર માહિતી આપવા તાકીદ**

એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે આવશ્યક દવાઓ, પ્રવાહી, આઈસ પેક, ORS અને પીવાના પાણીની ઉપલબ્ધતાના સંદર્ભમાં આરોગ્ય ક્ષેત્રની તૈયારીની સમીક્ષા કરવામાં આવી હતી.

વડાપ્રધાનના અગ્ર સચિવ, ગૃહ સચિવ, ભારતીય હવામાન

નવી દિલ્હી,તા.૧૨

એપ્રિલ મહિનો શરૂ થતાની સાથે જ દેશમાં આકરી ગરમીનો ભય દેખાઈ રહ્યો છે. દેશના અનેક ભાગોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. ઉનાળાના મહિનાઓમાં હવામાનની સ્થિતિ બગડવાની આગાહી વચ્ચે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે હિટવેવનો સામનો કરવા માટેની તૈયારીઓની સમીક્ષા કરી હતી અને કેન્દ્ર, રાજ્ય અને જિલ્લા સ્તરે સરકારના તમામ અંગો સાથે સંકલન કરવા હાકલ કરી હતી.

વિભાગ (IMD) અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના અધિકારીઓએ બેઠકમાં ભાગ લીધો હતો. ભારતીય હવામાન વિભાગે તાજેતરમાં કહ્યું હતું કે એપ્રિલથી જૂનના સમયગાળા દરમિયાન ભારતમાં ભારે ગરમીની સંભાવના છે. મધ્ય અને પશ્ચિમી દ્વીપકલ્પના ભાગોમાં તેની સૌથી વધુ અસર થવાની સંભાવના છે.

IMD હવામાનની આગાહી માટે AI નો ઉપયોગ કરશે :

ભારત હવામાન વિભાગ (IMD) ના


(અનુસંધાન છઠ્ઠા પાને)


## મોસમનો યુ-ટર્ન: ૧૦ રાજયોમાં હવામાન પલટો

**ગુજરાત સહીતના રાજયોમાં વરસાદ-આંધીનું એલર્ટ: કાશ્મીર-હિમાચલમાં ફરી હિમવર્ષાની આગાહી: તા.૧૫ બાદ ફરી ગરમીનો પ્રકોપ સર્જાશે**

નવી દિલ્હી તા.૧૨

ઉનાળાના આકરા તાપ-સુર્યપ્રકોપ વચ્ચે નવુ વેસ્ટર્ન ડીસ્ર્ટબન્સ એકટીવ થયુ છે અને તેના પ્રભાવ હેઠળ ગુજરાત સહીત ૧૦ રાજયોમાં હવામાન પલટો તથા કાશ્મીર-હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા થવાની આગાહી છે.

હવામાન વિભાગે જાહેર કર્યું છે કે મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ તથા છતીસગઢમાં શનિવાર સુધી કમોસમી વરસાદનો દોર જારી રહેવાની શકયતા છે.આ સિવાય રાજસ્થાનનાં ૧૪ જીલ્લામાં વરસાદી એલર્ટ જારી કરાયું છે. પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડીશા બિહાર તથા આંદામાન-નિકોબારમાં પણ વરસાદ પડશે જયારે હિમાચલ તથા કાશ્મીરમાં શનિવાર સુધી હિમવર્ષા થવાની સંભાવના છે.



હવામાન પલટા માટે ઈરાન-પાકિસ્તાન થઈને ઉતર ભારત પહોંચેલુ વેસ્ટર્ન ડીસ્ટબન્સ જવાબદાર છે. આ વખતે ફેબ્રુઆરીથી વારંવાર-વખતોવખત વેસ્ટર્ન ડીસ્ર્ટબન્સ એકટીવ થયા હોવાના કારણોસર હવામાન પલટા સર્જાયા હતા. જોકે ૧૫ એપ્રિલ બાદ ફરી વાતાવરણ સામાન્ય બનશે અને આગ ઓકતી ગરમી પડશે.

હવામાન વિભાગના કહેવા પ્રમાણે ૧૩-૧૪ એપ્રિલે પશ્ચિમી રાજસ્થાન, ગુજરાત તથા ઉતર પ્રદેશમાં વરસાદ થઈ શકે છે. માવઠાની અસરે થોડો વખત તાપમાનમાં રાહત મળી શકે. મધ્યપ્રદેશ, છતીસગઢ, વિદર્ભ, મરાઠાવાડ, મધ્ય


(અનુસંધાન છઠ્ઠા પાને)


## ૧૫મીથી ગ્રાહક કોર્ટોમાં ઓનલાઈન સુનાવણી

**દેશભરની ગ્રાહક અદાલતોમાં અમલ: માર્ગદર્શિકા જારી**

નવી દિલ્હી તા.૧૨



ગ્રાહકોને હવે ઓનલાઈન ફરિયાદની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કેન્દ્રના ગ્રાહક બાબતોના મંત્રાલયે દેશભરની ગ્રાહક અદાલતોને ૧૫મી એપ્રિલથી ઓનલાઈન સુનાવણી કરવાની સુચના આપી છે. ગ્રાહક તકરાર નિવારણ પંચ દ્વારા સુનાવણી માટેની માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવી છે.

ઓનલાઈન સુનાવણી પ્રક્રિયાથી વિવિધ ફરિયાદોના કિસ્સામાં ઓનલાઈન સુનાવણીથી ગ્રાહકોને સરળતા રહેશે. સમય અને ખર્ચ પણ બચશે. રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ પંચ બે કરોડથી વધુના દાવાઓના કેસ સંભાળે છે. રાજય ગ્રાહક તકરાર નિવારણ પંચના હવાલે ૫૦ લાખથી બે કરોડના દાવાના કેસ સોંપાય છે. જીલ્લા પંચ હસ્તક ૫૦ લાખ સુધીના વળતર દાવાના કેસો હોય છે.

કેન્દ્રીય મંત્રાલયે રાષ્ટ્રીય પંચને એવી સૂચના આપી


(અનુસંધાન છઠ્ઠા પાને)


## પ્રોવિડન્ટ ફંડ માટે વેતન મર્યાદા રૂા.૨૧૦૦૦ કરવાની તૈયારી

**ચુંટણી પછી નિર્ણય: બિનસંગઠીત સહિતના ક્ષેત્રોના વધુ લાખો કર્મચારીઓને લાભાર્થી બનાવાશે**

નવી દિલ્હી: દેશમાં આગામી સમયમાં સંગઠીત અને બિન સંગઠીત ક્ષેત્રના કામદારો અને કર્મચારીઓ માટે આશિર્વાદ રૂપ પ્રોવિડન્ટ ફંડમાં હાલ જે રૂા.૧૫૦૦૦ની પગાર મર્યાદા છે તે વધારીને રૂા.૨૧૦૦૦ કરવા મોદી સરકાર વિચારણા કરી રહી છે. છેલ્લે ૨૦૧૪માં આ સીમા રૂા.૬૫૦૦થી વધારીને રૂા.૧૫૦૦૦ કરવામાં આવી હતી. જયારે કર્મચારી વિમા



યોજના જેને ઈએસઆઈસી તરીકે ઓળખવામાં આવે છે તેના લાભાર્થી બનવા માટે વેતન મર્યાદા રૂા.૨૧૦૦૦ છેક ૨૦૧૭માં કરવામાં આવી હતી. ૧૯૫૨માં કર્મચારીઓને નિવૃતિ પછી આર્થિક-સામાજીક સુરક્ષા તરીકે આ યોજનાનો અમલ શરુ કરાયો હતો અને જેમ જેમ પગાર ધોરણો ઉંચા જતા ગયા


(અનુસંધાન છઠ્ઠા પાને)




## સૌથી વધુ સાયબર અપરાધોવાળા દેશોમાં ભારત વિશ્વમાં ૧૦ માં ક્રમે

**સાઈબર ક્રાઈમમાં રશિયા દુનિયામાં અવ્વલ, ત્યારબાદ યુક્રેન, ચીન, યુએસ, નાઈજીરીયા**

નવી દિલ્હી તા.૧૨

દુનિયામાં સૌથી વધુ સાઈબર ખતરાવાળા દેશોની યાદીમાં ભારત ૧૦ માં સ્થાને છે. ઓકસફર્ડ વિશ્વ વિદ્યાલયનાં નેતૃત્વમાં દુનિયાભરનાં ૯૨ ટોપ સાયબર અપરાધ વિશેષજ્ઞો દ્વારા કરાયેલા અધ્યયનમાં આ ચોંકાવનારો ખુલાસો થયો છે.

આ સાયબર અપરાધ પર દુનિયામાં આ પ્રકારનું પહેલુ અધ્યયન છે.જેમાં સાઈબર અપરાધનાં ખતરાના સ્તરનાં આધાર પર દેશનું રેન્કીંગ કરવામાં આવ્યું છે. ત્રણ વર્ષનાં સંશોધન બાદ આ રેન્કીંગ વિર્લ્ડ સાઈબર ક્રાઈમ ઈન્ડેકસ કરવામાં આવ્યું છે.

આ અધ્યયન પીએલઓએસ વન જર્નલમાં પ્રકાશીત થયુ છે. દુનિયામાં સર્વાધિક સાઈબર અપરાધ રશીયામાં થઈ રહ્યા છે. રશીયા પ્રથમ ક્રમે છે.ત્યારબાદ યુક્રેન, ચીન, અમેરીકા, નાઈઝીરીયા અને રોમાનીયા છે.

**પાંચ શ્રેણીઓમાં વિશ્લેષણ:** સાઈબર વિશેષજ્ઞોએ સાઈબર અપરાધની પાંચ-શ્રેણીઓના આધારે વિશ્લેષણ કર્યું છે. તેમાં તકનીકી ઉત્પાદન કે સેવાઓ,હુમલા અને જબરજસ્તીથી વસુલી, ડેટા કે ઓળખની ચોરી, છેતરપીંડી અને રોકડ ઉપાડ કે મની લોન્ડરીંગ સામેલ છે. ચીન, રશીયા, રોમાનીયા અને નાઈજીરીયા બધી પાંચ શ્રેણીમાં ટોપ ૧૦ માં છે.

સંશોધનથી બહાર આવ્યું છે કે દુનિયાભરમાં ૯૭ દેશોમાં સાઈબર અપરાધ થાય છે. ભારતમાં છેતરપીંડી


(અનુસંધાન છઠ્ઠા પાને)





# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

જૈનશાસન પ્રભાવક, દીક્ષાનાયક આ.ભ.પૂ. શ્રી યોગતિલક સૂરિજી મ. આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રામાં

# અમદાવાદમાં ઈતિહાસ રચાશેઃ તા.૨૨ના પ્રથમવાર ૩૩ મુમુક્ષુઓની સામૂહિક દીક્ષા

**અમદાવાદના રિવરફ્રન્ટ પર કરાયું અધ્યાત્મનગરીનું ભવ્ય નિર્માણઃ ૧૧ વર્ષના બાળકથી લઇને ૫૬ વર્ષના પ્રૌઢ સુધીના દીક્ષાર્થીઓ સંયમનો માર્ગ ગ્રહણ કરશેઃ દીક્ષાના દિવસે ૫૦ હજાર ભાવિકોની સાધર્મિક ભક્તિ કરાશેઃ તા.૨૧મીના ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક દિ'ને ૩૫ મુમુક્ષુઓનો ભવ્ય વર્ષીદાન વરઘોડો યોજાશેઃ તૈયારીઓનો ધમધમાટ**





રાજકોટ, તા.૧૨

જિનશાસનના પાટનગર સમાન અમદાવાદના ઇતિહાસમાં ક્યારેય ન બની હોય તેવી અલૌકિક ઘટના આગામી તા.૨૨મી એપ્રિલના સોમવારે બનવા જઇ રહી છે. જિનશાસનના ૨૪મા તીર્થંકર ભગવંત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના ૨૫૫૦ની ઉજવણીના ભાગરૂપે ૩૫ મુમુક્ષુઓ સંસારનો ત્યાગ કરીને પ્રભુ મહાવીરના પંથે પગલા માંડશે.

અમદાવાદના રિવરફ્રન્ટ પર નિર્માણ કરવામાં આવેલ ભવ્ય, દિવ્ય અને સુરમ્ય અધ્યાત્મ નગરીમાં દીક્ષાના મહાનાયક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય યોગતિલક સૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે ૧૧ વર્ષની ઉંમરના બાળકોથી લઇને ૫૬ વર્ષના પ્રૌઢ સુધીના ૩૫ મુમુક્ષુઓ પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કરનાર છે.

આ મુમુક્ષુઓના મહાભિન્નિષ્ક્રમતા નિમિત્તે પાંચ દિવસના ભવ્ય મહોત્સવનો પ્રારંભ આગામી તા.૧૮ના ગુરુવારથી થશે. જેમાં વિશ્વના ખુણે ખુણેથી ભક્તો ઉપસ્થિત રહેનાર છે. આ મહોત્સવમાં પૂ.ગુરુભગવંતો સહિત ૪૦૦ શ્રમણ-શ્રમણી ભગવંતોના ભવ્યનગર પ્રવેશની સ્વાગત યાત્રા તા.૧૮ના સવારે ધામધૂમથી યોજવામાં આવનાર છે.

જ્યારે દીક્ષા ગ્રહણ કરનારા ૩૫ મુમુક્ષુઓનો વરસીદાનનો વરઘોડો તા.૨૧ના રવિવારે સવારે નીકળશે જેની લંબાઇ આશરે ૧ કિ.મી. જેટલી હશે. રાત્રીના સમયે બે હજાર દીવાઓ દ્વારા રોશની કરવામાં આવશે.

અધ્યાત્મનગરીમાં પરમાત્માની ભક્તિ માટે રાજસ્થાનના રાજમહેલની થીમ પર ભવ્ય મંદિરની રચના બોલીવૂડના આર્ટ ડિરેક્ટર ચંદ્રશેખર પરબે કરી છે.

**મહોત્સવની રૂપરેખા પાંચ દિવસના મહોત્સવમાં**

૩૫ મુમુક્ષુઓના સંસાર ત્યાગ મહોત્સવ નિમિત્તે રિવરફ્રન્ટ ઉપર ઉભી કરવામાં આવેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં તા.૧૮થી ૨૨ દરમ્યાન વિવિધ વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

તા.૧૮ના પહેલા દિવસે ગુરુ ભગવંતોના નગરપ્રવેશ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા, ત્યાર બાદ દીક્ષાનગરીમાં પ્રવેશ અને ઉદ્ઘાટન પ્રવચનો, સાંજે સંધ્યા ભક્તિ યોજવામાં આવશે.

પહેલા દિવસે રાતે અમદાવાદના રાજ માર્ગો પર પહેલી વખત વંદોલીનો અત્યંત વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવશે, જેમાં રાતના પણ દિવસ જેવી રોશની કરવામાં આવશે. આ વંદોલીમાં ઘોડાની બગીઓ, ઢોલીઓ, ડીજે, રંગબેરંગી પ્રકાશ રેલાવતી છત્રીઓ જોવા મળશે.

તા.૧૯ના સવારે વ્યાખ્યાન સમયે કેટલાંક વિશિષ્ટ પુસ્તકોના વિમોચનનો કાર્યક્રમ કરવામાં આવશે. જેમાં સાહિત્ય આધારીત રાસને લગતા પુસ્તકનું પ્રકાશન કરવામાં આવશે. તપરાંત પુ.ગુરુ ભગવંતના પ્રવચનોનું હિન્દી સંસ્કરણ પ્રકાશિત કરવામાં આવશે. સવારે છાબભરણ તેમજ સ્નાત્ર મહોત્સવ ઉજવવામાં આવશે. રાતે દીક્ષાર્થીઓનો વિદાય સમારંભ જેમાં દીક્ષાર્થીઓ પોતાના મનની વાતો કહેશે.

તા.૨૦ને મહેંદીનો મહોત્સવ, દીક્ષાર્થીને તેના સ્વજનો છેલ્લી વખત હાથમાં મેહંદી પુરીને વિદાય આપશે. મહોત્સવ સંગીતના સથવારે યોજાશે. રાતે સંધ્યા ભક્તિ તેમજ મુમુક્ષુની વિદાયનો કાર્યક્રમ પણ આગળ ચાલશે.

તા.૨૧ને ચોથા દિવસે સવારે ૭ કિ.મી. લાંબી વર્ષીદાનની રથયાત્રા કાઢવામાં આવશે ત્યારબાદ મુમુક્ષુઓના સંયમજીવનના ઉપકરણોની ઉછામણી બોલવામાં આવશે. રાતે સુરતના મુમુક્ષુ દેવેશ દ્વારા વિશિષ્ટ પ્રકારે પરમાત્માની ભક્તિ કરાવવામાં આવશે. ભવ્ય મહાપૂજા, રાતે પાઠશાળાના બાળકો દ્વારા બાળનાટિકાની સ્પર્ધા, રાતે અકબર બિરબલના સંવાદના રૂપમાં સૃષ્ટિ સર્વોચ્ચ કાર્ય શું? તે વિષય પર જીવંત દ્રશ્યાવલિ ભજવાશે. પાંચમા દિવસે સવારે ૫-૩૧ કલાકે ગુરુ ભગવંતોના મંગલ પ્રવેશ સાથે દીક્ષાની વિધિનો પ્રારંભ થશે. સવારે ૭-૦૨ કલાકે મુમુક્ષુને સાધુજીવનના પ્રતિક સમાન રજોહરણ પ્રદાન કરવામાં આવશે. સવારે ૯-૩૦ કલાકે લોચની વિધિ થશે. નૂતન દીક્ષીતોના સંસારી નામોને કાયમ માટે રદ કરીને તેમને સાધુ-સાધ્વીજી તરીકેના નૂતન નામ પ્રદાન કરવામાં આવશે.

## અમદાવાદના રિવરફ્રન્ટ પર ભવ્ય અધ્યાત્મનગરીનું નિર્માણ

અમદાવાદના ઇતિહાસમાં ક્યારેય જોવા ન મળ્યો હોય તેવો દીક્ષાનો મહોત્સવ યોજવા માટે સાબરમતી રિવરફ્રન્ટમાં ત્રણ લાખ ચોરસ ફીટ વિસ્તારમાં રાજસ્થાનના ભવ્ય મહેલોની ઝાંખી કરાવતી અધ્યાત્મ નગરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં બે લાખ મીટર કાપડનો અને ૨.૫ લાખ ચોરસ ફુટ લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેનો મુખ્ય મંડપ ૬૦ હજાર ચો.ફુ.નો છે. જેમાં બે હજાર ચોરસ ફુટનું સ્ટેજ મુમુક્ષુ પરિવારો માટે બાંધવામાં આવ્યું છે. બીજા સ્ટેજ પર પૂજ્ય સાધુ ભગવંતો અને ત્રીજા સ્ટેજ પર પૂ.સાધ્વીજી ભગવંતો બિરાજમાન થશે.

મુખ્ય મંડપમાં આશરે ૨૦ હજાર દર્શકો બેસીને દીક્ષાના કાર્યક્રમોને નિહાળી શકશે. ઉનાળાની ગરમીમાં એર કન્ડીશનર કે પંખાનો ઉપયોગ કર્યા વિના પણ ઠંડક થાય તેવા ઉપાયો કરવામાં આવશે. તેમાં રાત્રીના સમયે બે હજાર દિવાઓ દ્વારા રોશની કરવામાં આવશે.

અધ્યાત્મ નગરીમાં દીક્ષાના સાક્ષી બનવા માટે ફાયર બ્રિગેડની ગાડી સ્થળ પર હાજર જ રહેશે. મુલાકાતી માટે પર્યાપ્ત સંખ્યામાં વોશરૂમની અને ટોઇલેટની પણ સુઘડ વ્યવસ્થા કરવામાં આવી છે.

## મહાવીર જન્મ કલ્યાણક દિ'ને વર્ષીદાનનો ભવ્ય વરઘોડો

રાજકોટ, તા.૧૨

જે ૩૫ મુમુક્ષુઓ દીક્ષા ગ્રહણ કરવાના છે તેમના વર્ષીદાનનો ભવ્ય વરઘોડો દીક્ષાના આગલા દિવસે ચૈત્ર સુદ તેરસે અમદાવાદના રાજમાર્ગો પર નીકળશે. આ દિવસ જૈન ધર્મના અંતિમ તીર્થંકર મહાવીર સ્વામી ભગવાનના જન્મ કલ્યાણકનો દિવસ પણ છે.

વર્ષીદાનના વરઘોડામાં ત્રણ હાથી, ઘોડાઓ, પાંચ વિન્ટેજ કાર, સંગીત મંડળીઓ વગેરેનો સમાવેશ કરવામાં આવશે. છેક કેરળ અને પંજાબ જેવા રાજ્યોની મશહૂર સંગીત મંડળીઓની કળા અમદાવાદમાં નીહાળવા મળશે. વર્ષીદાનના વરઘોડાની લંબાઇ જ એક કિ.મી. જેટલી હશે, જે ૭ કિ.મી.નો પ્રવાસ કરશે.

## તા.૨૨મીના દીક્ષાના દિ'ને ૫૦ હજાર સાધર્મિકોની પંગતમાં બેસાડીને ભક્તિ કરવામાં આવશે

રાજકોટ, તા.૧૨

૩૫ દીક્ષાના મહોત્સવના સાક્ષી બનવા માટે તા.૧૮ થી ૨૨ એપ્રિલ દરમ્યાન અધ્યાત્મ નગરીમાં પધારનારા તમામ ભાવિકો માટે ત્રણેય ટંકના ભાવતાં ભોજનની સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે ૬૫ હજાર ચોરસ ફૂટનું ક્ષેત્રફળ ધરાવતા વિશાળ ભોજન મંડપનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં એક જ પંગતમાં ૩૨૦૦ ભાવિકો ભોજન કરી શકશે.

દીક્ષાના દિવસે કુલ ૫૦ હજાર ભાવિકોની સાધર્મિક ભક્તિ કરવામાં આવશે. મિઠાઇ ફરસાણ, શરબત, રાબ, રોટલી, પુરી, કઠોળ, ભાત, દાળ વગેરે મળીને આશરે ૧૫ થી ૨૦ વાનગીઓ રહેશે.

ચૈત્ર મહિનામાં શાશ્વતી ઓળીના દિવસો હોવાથી ભોજનમાં શાકભાજી તેમજ ફળફળાદિનો ઉપયોગ કરવામાં આવશે નહીં, રસોઇ માટે ૨૦૦ માણસોનો અને પીરસવા માટે ૫૦૦ માણસોનો સ્ટાફ રાખવામાં આવ્યો છે. ભોજન માટે ૭ હજાર કાંસાના થાળી વાટકાના સેટનો ઉપયોગ કરવામાં આવશે. પીવાના ઠંડા પાણી માટે બરફનો નહીં પણ સેંકડો માટલાનો ઉપયોગ કરવામાં આવશે.

# ઘાટકોપર-પારસધામમાં પૂ. નમ્રમુનિ મ.ના દર્શનનો લાભ લેતા કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ





તા.૧૧ના ગુરૂવારને કેન્દ્રિયમંત્રી પિયુષભાઈ ગોયલએ પારસધામમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના દર્શન કરી આશીર્વાદ ગ્રહણ કર્યા હતા. આ અવસરે ઝાલાવાડ ટ્રસ્ટના સી. વી. શાહ અને પારસધામના પ્રમુખ પરેશભાઈ શાહ, મૂલરાજભાઈ છેડા આદિની ઉપસ્થિતિમાં ઘાટકોપરના એમ.એલ.એ. પરાગભાઈ શાહે તેમનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. પિયુષભાઈ એ લુક એન્ડ લર્નના દીદીઓ એ લાવેલ ૧૦૦૮ અખંડ આયંબિલના તપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીના પારણા અર્થેના કળશમાં સાકર અર્પણ કરી ધન્યતા અનુભવી હતી. આ અનુમોદના અવસરમાં તેમની સાથે વિનોદભાઈ શેલાર પણ જોડાયા હતા.

## મધ્ય પ્રદેશના સતનામાં ૬૭મી સ્કૂલ નેશનલ ગેઈમ્સમાં કુ. ભાવિ મહેતાની સિધ્ધિઃ સ્કેટીંગમાં સિલ્વર મેડલ

**લેખક-પત્રકાર વિમલ ધામીની દોહિત્રી ભાવિ મહેતાએ અગાઉ બે નેશનલ એવોર્ડ મેળવ્યા છે**



રાજકોટ, તા.૧૨

મધ્ય પ્રદેશના સતના શહેરમાં તા.૧૧મીથી ૬૭ની સ્કૂલ નેશનલ ગેઈમ્સ (સ્કેટીંગ)નો પ્રારંભ થયો છે.

ઉપરોક્ત ગેઈમ્સમાં પંજાબ-મોહાલીની પ્રતિભાશાળી કુ. ભાવિ સુનિત મહેતાએ અંડર-૧૭માં ભાગ લઈને સ્કેટીંગમાં સીલ્વર મેડલ હાંસલ કરતાં પંજાબ-મોહાલી તથા ડીપીએસ સ્કુલ-મોહાલીનું ગૌરવ વધાર્યું છે.

કુ. ભાવિ મહેતાએ ત્રણ રિંક ઈવેન્ટમાં સીલ્વર મેડલ જીતેલ છે જ્યારે અંડર-૧૧માં ભાવ્યા કંબોજ ચોથા સ્થાને વિજયી બની હતી. સ્કૂલ નેશનલ ગેઈમ્સ તા.૧૫ સુધી ચાલનાર છે.

અત્રે ઉલ્લેખનીય ગણાશે કે કુ. ભાવિ સુનિત મહેતા તે લેખક-પત્રકાર વિમલ ધામીની દોહિત્રી અને રાજકોટના જૈન શ્રેષ્ઠી મનીષભાઈ મહેતાની પૌત્રી છે. કુ. ભાવિ મહેતાની કારકિર્દી ઘડતર માટે પિતા સુનિત તથા માતા વાસવીનો ફાળો રહ્યો છે. ભાવિ મહેતાએ આ અગાઉ નેશનલમાં બે મેડલ મેળવ્યા છે.

## લંડનમાં હવે ઓછી આવકવાળા ભારતીયોને પોતાના સગા-સંબંધીઓને બોલાવવા મોંઘા પડશે

**બ્રિટનમાં રહેતા નિવાસી ભારતીયની લઘુતમ આવક વાર્ષિક ૨૯૦૦૦ પાઉન્ડ હશે તે જ બોલાવી શકશે**



નવી દિલ્હી, તા. ૧૨

જો તમારે તમારા સગા સંબંધીને મળવા બ્રિટન જવા ઈચ્છતા હોય તો આ અંગેના નિયમોમાં થયેલા ફેરફાર અંગેની માહિતી મેળવવી જરૂરી છે. પ્રધનમંત્રી ઋષિ સુનક સરકારે બ્રિટનમાં રહેતા લોકોના સંબંધીઓ પોતાની પાસે બોલાવવા અંગેના નિયમમાં ફેરફાર કર્યા છે.

આ નવા નિયમો પ્રમાણે બ્રિટનમાં જે નાગરિકો અને નિવાસી પારિવારીક વિઝા પર પોતાના સંબંધીઓને દેશમાં બોલાવવા ઈચ્છે છે તેમની લઘત્તમ આવક મર્યાદા ૫૫ ટકા વધારવામાં આવી છે. તેમાં ભારતીય મૂળના નાગરિકોનો પણ સમાવેશ થાય છે.

સરકારના આ નિર્ણયથી ઓછી આવકવાળા લોકોને બ્રિટનમાં જવાનું સપનું તૂટી શકે છે. સરકારે ગયા વર્ષે આ પ્રકારની યોજના જાહેર કરી હતી. તે અંતર્ગત ગુરૂવારથી પરિવારિક વિઝા પર પોતાના સંબંધીઓને બ્રિટનમાં બોલાવનાર લોકોની લઘુત્તમ આવક વાર્ષિક ૨૯,૦૦૦ પાઉન્ડ હોવી જોઈએ.

અગાઉ આ મર્યાદા ૧૮,૬૦૦ પાઉન્ડ હતી. આગામી વર્ષ સુધી આ વેતન મર્યાદા વખત વધારવામાં આવશે અને ૩૮,૭૦૦ પાઉન્ડની કુશળ કામદાર સાથે સંકળાયેલ વિઝા વેતન મર્યાદાને સમકક્ષ થઈ જશે.

બ્રિટનના ગૃહ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે માન્ય પ્રવાસીઓની સંખ્યા ઓછી કરવા અને અહીંના કરદાતાઓ પર બહારથી આવતા લોકોના બોજ ન પડે તે સુનિશ્ચિત કરવા માટે ડ્ખ તથા ગૃહમંત્રી જેમ્સ ક્લીવરલી દ્વારા રજૂ કરવામાંઆવેલ પેકેજ અંતર્ગત અંતિમ પ્રયાસ છે.

બ્રિટનની સરકારનું કહેવું છે કે નવી આવકની જરૂરિયાત કે જે છેલ્લા ૧૦ વર્ષથી પણ વધારે સમયથી અપરિવર્તિત હતી, તે સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે કે પરિવાર આત્મનિર્ભર હોય અને જાહેર ખર્ચ પર આધાર ન રાખે. આ સાથે અર્થતંત્ર પર હકારાત્મક અસર થાય.

## હોસ્પિટલોમાં દર્દીઓના સ્વાસ્થ્ય સાથે રમત : ૪૫% ડોકટરો અધૂરી પ્રિસ્ક્રિપ્શન લખી રહ્યા છે; ICMR રિપોર્ટમાં દાવો

**ઓગસ્ટ ૨૦૧૯ થી ઓગસ્ટ ૨૦૨૦ દરમિયાન ૧૩ હોસ્પિટલોની OPDમાં સર્વે**



દિલ્હી, તા ૧૨

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ ખુલાસો કર્યો છે કે લગભગ ૪૫ ટકા ડોક્ટરો અધૂરી પ્રિસ્ક્રિપ્શન લખી રહ્યા છે, જે દર્દીઓના સ્વાસ્થ્ય સાથે રમત થઇ રહી છે. સંસ્થાનું કહેવું છે કે ઓપીડીમાં દર્દીઓને પ્રારંભિક તબીબી સલાહ આપતા ડોકટરો તેમની ઉતાવળમાં ખૂબ જ બેદરકારી દાખવે છે. ૧૩ જાણીતી સરકારી હોસ્પિટલોના સર્વે બાદ તૈયાર કરવામાં આવેલા ICMRના આ રિપોર્ટ બાદ કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં આ બેદરકારીને રોકવા માટે કડક પગલાં લઈ શકે છે.

૨૦૧૯ માં, ICMR એ દવાઓના તર્કસંગત ઉપયોગ પર એક ટાસ્ક ફોર્સની રચના કરી, જેની દેખરેખ હેઠળ ઓગસ્ટ ૨૦૧૯ થી ઓગસ્ટ ૨૦૨૦ ની વચ્ચે ૧૩ હોસ્પિટલોની OPD માં સર્વે કરવામાં આવ્યો. તેમાં મુખ્યત્વે દિલ્હી AIIMS, સફદરજંગ હોસ્પિટલ, ભોપાલ AIIMS, બરોડા મેડિકલ કોલેજ, મુંબઈ GSMC, સરકારી મેડિકલ કોલેજ, ગ્રેટર નોઈડા, CMC વેલ્લોર, PGI ચંદીગઢ અને ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજ, પટનાનો સમાવેશ થાય છે. આ હોસ્પિટલોમાંથી કુલ ૭,૮૦૦ દર્દીઓના પ્રિસ્ક્રિપ્શન લેવામાં આવ્યા હતા. તેમાંથી ૪,૮૩૮ની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨,૧૭૧ પેપરમાં ખામીઓ જોવા મળી હતી.

આશ્ચર્ય ત્યારે થયું જ્યારે ૪૭૫, એટલે કે લગભગ ૯.૮% પ્રિસ્ક્રિપ્શનો સંપૂર્ણપણે ખોટા હોવાનું જણાયું. આ એવી સ્થિતિ છે જેને સ્વીકારી શકાય તેમ નથી. એવું પણ જોવામાં આવ્યું હતું કે મોટાભાગના દર્દીઓને પેન્ટોપ્રાઝોલ, રેબેપ્રાઝોલ-ડોમ્પેરીડોન અને એન્ઝાઇમ દવાઓ લેવાની સલાહ આપવામાં આવી હતી, જ્યારે ઉપલી સ્વાસ નળી ચેપ અને હાઈ બ્લડ પ્રેશર માટેની પ્રિસ્ક્રિપ્શનો સૌથી ખોટી હોવાનું જણાયું હતું.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ ૧૯૮૫ માં તર્કસંગત પ્રિસ્ક્રિપ્શનો સંબંધિત આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકા અમલમાં મૂકી હતી. છતાં એવો અંદાજ છે કે વિશ્વભરમાં ૫૦ ટકા દવાઓ દર્દીઓને અયોગ્ય રીતે આપવામાં આવે છે. મોટાભાગના દર્દીઓને ખબર નથી હોતી કે તેમને કઈ દવા કઈ સમસ્યા માટે આપવામાં આવે છે અને કેટલા સમય સુધી લેવી પડે છે? તેથી, ક્લિનિકલ પ્રેક્ટિસમાં દર્દીઓની સારવાર સિદ્ધાંતો પર આધારિત હોવી જોઈએ. રિપોર્ટ અનુસાર, વિશ્લેષણ કરાયેલા ૪૭૫ પેમ્ફલેટમાંથી, તે સંપૂર્ણપણે ખોટા હોવાનું જણાયું હતું, જેમાંથી કેટલાક અમેરિકા અને કેટલાક બ્રિટનના માર્ગદર્શિકા પર આધારિત છે.

પ્રિસ્ક્રિપ્શનોનું પરીક્ષણ કરવામાં આવ્યું છે, લગભગ તમામ ડોકટરો જેઓ તેમને લખે છે તેઓ અનુસ્નાતક છે અને પ્રેક્ટિસમાં ચાર થી ૧૮ વર્ષ થઈ ગયા છે. પ્રિસ્ક્રિપ્શનમાં દવાની માત્રા શું છે, તે લેવાનો સમય, કેટલી વાર લેવી જોઈએ, દવાની રચના શું છે? વગેરેની માહિતી દર્દીને આપવામાં આવી ન હતી.

સંપૂર્ણ ખોટા પ્રિસ્ક્રિપ્શનોમાંથી કોઈ પણ ભારતીય નિયમો અનુસાર નહોતું. ૪૭૫ પ્રિસ્ક્રિપ્શનોમાંથી ૬૪ અમેરિકન એસોસિએશન ઑફ ફેમિલી ફિઝિશિયન માર્ગદર્શિકા પર આધારિત હતા. ૫૪ અમેરિકન કોલેજ ઓફ રુમેટોલોજી, ૨૪ અમેરિકન હાર્ટ એસોસિએશનના, ૧૮ અમેરિકન ડાયાબિટીસ એસોસિએશનના માર્ગદર્શિકાને અનુસરતા હતા. ૧૯૮ અન્ય વિદેશી તબીબી સંસ્થાઓની સૂચનાઓ પર આધારિત હતા.


(તસ્વીર : દેવેન અમરેલીયા)

# રાજકોટમાં પણ રૂપાલાનો વિરોધ કરવા પહોંચેલી ક્ષત્રિય મહિલાઓની અટકાયત

## ગઈકાલે સાંજે રાજકોટના અમૃતસાગર પાર્ટી પ્લોટમાં ભાજપનું કાર્યકર્તા સંમેલન હતું જેમાં પરષોત્તમભાઈ રૂપાલા હાજરી આપવાના હોવાથી પદ્મિનીબા વાળા સહિતના મહિલા આગેવાનો વિરોધ કરવા પહોંચ્યા હતા

રાજકોટ, તા.૧૨

રાજકોટમાં પરષોત્તમભાઈ રૂપાલાનો વિરોધ કરવા જઇ રહેલી ક્ષત્રિય સમાજની ૧૫થી ૨૦ મહિલાઓની પોલીસે અટકાયત કરી હતી. આ વખતે પોલીસ અને મહિલાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસે પ્રથમ સમજાવટ બાદ બળપૂર્વક મહિલાઓને પોલીસ વાહનમાં બેસાડી હતી. રાજ્યભરમાં ક્ષત્રિયો કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના નિવેદનને લઈ વિરોધ દર્શાવી રહ્યા છે. આગામી તા.૧૪ના રોજ રાજકોટ નજીક રતનપર ખાતે ક્ષત્રિયોએ મહા સંમેલન યોજવા જાહેરાત કરી છે.

### જામનગરમાં પણ ભાજપના કાર્યક્રમમાં વિરોધ કરવા પહોંચેલી મહિલાઓને ડિટેઇન કરાઈ હતી, જેને પગલે ક્ષત્રિય સમાજમાં નારાજગી છે

રાજકોટ લોકસભાના ઉમેદવાર તરીકે રૂપાલાની ટીકીટ રદ કરવામાં આવે તેવી માંગ પર ક્ષત્રિય સમાજ આજે પણ કાયમ છે ત્યારે ગઈકાલે રાજકોટમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ, બિગબજાર સામે અમૃત સાગર પાર્ટી પ્લોટમાં યોજાયેલા ભાજપના કાર્યકર્તાઓના સંમેલનમાં પુરુષોત્તમભાઈ રૂપાલા હાજરી આપવા પહોંચ્યા હતા. તેઓ પહોંચે તે પહેલાં તેમનો વિરોધ કરવા ક્ષત્રિય સમાજના મહિલા આગેવાન પદ્મિનીબા વાળા અન્ય બહેનો સાથે ત્યાં પહોંચી જતા પોલીસ દ્વારા પદ્મિનીબા વાળા સહિતની મહિલાઓની અટકાયત કરવામાં આવી હતી. માલવીયાનગર પોલીસની ટીમ ઉપરાંત ગાંધીગ્રામ પોલીસ, એસઓજી, ક્રાઈમ બ્રાંચની ટીમો તૈનાત હતી. મહિલાઓ કાર્યક્રમ સ્થળ સુધી પહોંચે તે પહેલાં જ અટકાવવામાં આવેલ. પ્રથમ મહિલા પોલીસ અધિકારીઓ અને હાજર સ્ટાફના કર્મચારીઓએ પ્રથમ ક્ષત્રિય સમાજના મહિલાઓને સમજાવવા પ્રયત્ન કર્યો હતો. ત્યારબાદ બળ પૂર્વક ૧૫થી ૨૦ મહિલાઓને પોલીસ વાહનમાં બેસાડી પોલીસ હેડ કવાર્ટર ખાતે લઈ જવામાં આવેલ. કાર્યક્રમ પૂર્ણ થયા પછી આ મહિલાઓને છોડી મુકાયા હતા. અટકાયત વખતે મહિલાઓએ રૂપાલા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસ કાર્યવાહી અંગે પણ વિરોધ વ્યક્ત કર્યો હતો.

## બાલાજી હોલ પાછળ આરએમસી કવાર્ટરના ગેટ પાસે જૂગાર રમતાં સાત શખ્સો ઝડપાયા

રાજકોટ,તા.૧૨

બાલાજી હોલ પાછળ આરએમસી કવાર્ટરના ગેટ પાસે જાહેરમાં જુગાર રમતાં સાત શખ્સોને તાલુકા પોલીસે દબોચી રૂા.૧૦૩૦૦ની રોકડ કબ્જે કરી હતી.દરોડાની વિગત મુજબ તાલુકા પોલીસ મથકના પીઆઈ ધવલ હરીપરાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ અજય ભુંડીયાને મળેલ ચોકકસ બાતમીના આધારે બાલાજી હોલ પાછળ આરએનસી કવાર્ટરના ગેટ પાસે જાહેરમાં તિનપત્તીનો જુગાર રમતાં રાહુલ રમેશ દાફડા (રહે.દેવનગર શેરી નં.૬) જમાલુદિન નિજામુદ્દીત શેખ (રહે, નાનામવા સર્કલ આર.એન.સી.કવાર્ટર) રવિ ભવાન પરમાર (રહે.દેવનગર શેરી નં.૩) મનિષ ગોપાલ રામાવત (રહે.સાગર ચોક આરએમસી કવાર્ટર) ફીરોજશા દાઉદશા સાહમહાર અવિનાશ નરેન્દ્ર સોલંકી, અને વિશાલ દિનેશ શીયાર (રહે ત્રણેય સાગર ચોક, આરએમસી કવાર્ટર)ને દબોચી રૂા.૧૦૩૦૦ની રોકડ કબ્જે કરી હતી.

## રાજકોટમાં વધુ એક યુવાનનું હાર્ટ થંભી ગયું

# ગંજીવાડામાં ૩૭ વર્ષના યુવકનું હાર્ટએટેકથી મોત

### હિતેષ સરવૈયા ઘરે બેભાન થઈ ગયાં બાદ સારવારમાં દમ તોડ્યો: બે સંતાનોએ પિતાનું છત્ર ગુમાવતા પરિવારમાં અરેરાટી

રાજકોટ.તા.૧૨

રાજકોટમાં હાર્ટ અટેકનો સીલસીલો યથાવત રહ્યો હોય તેમ વધું એક યુવા ઝીંદગીનું મોત નીપજ્યું હતું. ૩૭ વર્ષનો યુવક આજે વહેલી સવારે ઘરે અચાનક ઢળી પડતા બેભાન હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવતા નિષ્પ્રાણ દેહ પહોંચ્યો હતો.



પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના ગંજીવાડા મહાકાળી ચોક પાસે રહેતા હિતેષ જાદવભાઈ સરવૈયા (ઉ.વ.૩૭)નામના યુવક આજે સવારે પોતાના ઘરે હતો ત્યારે બેભાન થઇ જતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જયાં ઈમરજન્સી વોર્ડના ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી. મૃતકને ઘર પાસે કરિયાણા દુકાન હતી. બે ભાઈ ચાર બહેનમાં નાના હતા અને સંતાનમાં એક દીકરો એક દીકરી છે. બનાવ અંગે થોરાળા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

હદ થઈ... પત્નીના શ્વાન પ્રેમમાં યુવકે પિતાને ફટકાર્યા

# ગલુડીયાને પથારીમાંથી નીચે ઉતારતા જ લાલજીભાઈને કળિયુગી પુત્ર અને પુત્રવધુએ સાણસીના ઘા ઝીંકયા

### આજી વસાહતનો બનાવ: અજયએ પિતાને પકડી રાખી પુત્રવધુએ ઢીકાપાટુનો માર મારી હુમલો કર્યો: આધેડને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયા: થોરાળા પોલીસે ગુનો નોંધી દંપતીની શોધખોળ હાથ ધરી

રાજકોટ. તા.૧૨

પત્નીના શ્વાન પ્રેમે યુવકને અંધળો કરી દિધો હોય તેમ આજી વસાહત વિસ્તારમાં લાલજીભાઈ નામના આધેડે તેની પથારીમાં બેસેલા પુત્રવધુના શ્વાનને નીચે ઉતારતા જ ઉશ્કેરાયેલા કળિયુગી પુત્ર અને પુત્રવધુએ સાણસીના ઘા ઝીંકતા આધેડને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે થોરાળા પોલીસે ગુનો નોંધી દંપતીની શોધખોળ હાથ ધરી હતી. બનાવ અંગે આજી વસાહતમાં ડો.આંબેડકર નગર મેઈન રોડ પર રહેતાં લાલજીભાઈ ભાણજીભાઈ ચાવડા (ઉ.વ.૫૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજય ઉર્ફે વિલાસ લાલજી ચાવડા અને તેની પત્ની દેવલનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ મજુરીકામ કરે છે અને સંતાનમાં બે પુત્ર છે. ગઇકાલે રાત્રીના સમયે તેઓ ઘરે હતાં ત્યારે તેમનો પુત્ર અજય તથા પુત્રવધુ દેવલ બંને પણ ઘરે હતા. તેઓની પુત્રવધુ દેવલે એક કુતરુ પાળેલ છે જે કુતરુ તેઓની પલંગ ઉપર પથારીમા બેઠું હતુ જેથી કુતરાને પલંગ ઉપરથી ભગાડતા પુત્ર અને પુત્રવધુ ઉશ્કેરાય ગયેલ અને બોલાચાલી કરવા લાગેલ તેમજ ગાળો આપી પુત્ર અજયે ઝપાઝપી કરી તેઓને પકડી લીધેલ હતાં.

દરમીયાન પુત્રવધુ દેવલે ઢીકાપાટુનો માર મારી હોલમા પડેલ લોખંડની સાણસી લઇ માથાના ભાગે સાણસીના બે ઘા ઝીંકી દિધા હતાં. તેઓને માથામાથી લોહી નીકળવા લાગતા બંન્નેએ તેમને મુકી નાસી છૂટ્યા હતાં. બાદમાં તેઓને લોહીલુહાણ હાલતમાં ૧૦૮ મારફતે સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપી દંપતીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# રોહિદાસપરામાં કોલેજીયન યુવતીને છરી બતાવી લુખ્ખાએ છેડતી કરી: ઘરપકડ

### ઘર પર પથ્થર ફેંકી યુવતીને અભદ્ર ઈશારા કરી ગાળો આપી: હાથ પકડી શરીર પર હાથ ફેરવ્યો: બી. ડિવિઝન પોલીસે આરોપી વિજય ચુડાસમાને પકડી કાયદાનું ભાન કરાવ્યું

રાજકોટ. તા.૧૨

શહેરમાં લુખ્ખાઓ બેફામ બની અવારનવાર સગીરા અને યુવતીઓની જાહેરમાં છેડતી કરી લુખ્ખાગીરી કરતાં હોય છે. ત્યારે રોહિદાસપરામાં કોલેજીયન યુવતીને છરી બતાવી લુખ્ખાએ હાથ પકડી શરીરે હાથ ફેરવી છેડતી કરતાં બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપી વિજય ચુડાસમાની ધરપકડ કરી હતી.

બનાવ અંગે કુવાડવા રોડ પર રોહિદાસપરામાં રહેતી એક ૨૪ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વિજય દિપક ચુડાસમાનું નામ આપતાં બી. ડિવિઝન પોલીસે છેડતીની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેણી કોલેજમાં અભ્યાસ કરે છે. ગઈકાલે સાંજના સાત વાગ્યાની આસપાસ પોતે ઘરે હતી ત્યારે ઘરના દરવાજા પર પથ્થર પડયાનો અવાજ આવતાં તે ઘર બહાર નીકળી જોયું તો આરોપી વિજય પથ્થરનો ઘા કરતો હતો. જેથી તેને પથ્થરના ઘા કરવાની ના પાડતાં આરોપીએ અભદ્ર ઈશારા કરી ગાળો આપવા લાગ્યો હતો. જેથી તેણીએ ગાળો બોલવાની ના પાડી તેને ફડાકો ઝીંકી દિધો હતો. જેથી ઉશ્કેરાયેલા શખ્સે તેની પાસે રહેલ છરી કાઢી હાથ પકડી શરીર પર અને છાતીના ભાગે હાથ ફેરવી છેડતી કરવા લાગ્યો હતો. બનાવ સમયે તેણીની માતા અને પડોસના લોકો દોડી આવતા આરોપી નાસી છૂટયો હતો. બાદમાં ૧૦૦ નંબરમાં કોલ કરી પોલીસને જાણ કરતાં બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીઆઈ એસ.એમ.જાડેજા અને ટીમે આરોપી વિજય ચુડાસમાની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

ફરિયાદી યુવતીએ વધુમાં જણાવ્યું હતુ કે, અગાઉ બે વર્ષ પહેલાં તે અભ્યાસ માટે જતી હતી ત્યારે આરોપી વિજય ચુડાસમાએ તેનો પીછો કરી છેડતી કરી હતી. જે મામલે એ. ડિવિઝન પોલીસ મથકે છેડતીની ફરીયાદ નોંધાઈ હતી.

## ગુજસીટોકના ગુનામાં આરોપીની જામીન અરજી મંજુર

રાજકોટ, તા.૧૨

થોરાળા વિસ્તારમાં ઓર્ગેનાઇઝ ક્રાઈમ આચરતી ટોળકી વિરુદ્ધ નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલા આરોપીની જામીન અરજી કોર્ટે મંજુર કરી છે.

આ કેસની હકીકત મુજબ વર્ષ-૨૦૨૦ ના સમયગાળામાં થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ જી.એમ. હડીયાએ થોરાળા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી સંગઠીત ગુન્હાઓ આચરતી ટોળકીના ઈમ્તીયાઝ ઉર્ફે લાલો ભીખુભા રાઉમા તથા તેના સાગરીતો વિરૂધ્ધ થોરાળા પોલીસ સ્ટેશનમાં ગુજસીટોકના કાયદા હેઠળ ફરીયાદ નોંધાવી હતી. જે કેસમાં આરોપી શહેજાદ ઉર્ફે ગોટીઓ હનીફભાઈ જુલાણીની ધરપકડ કરવામાં આવી હતી. જે પછી અદાલતમાં ચાર્જશીટ રજુ થયું હતું. દરમિયાન સેજાદ ઉર્ફે ગોટીઓ જુલાણીએ જામીન ઉપર મુકત થવા હાઈકોર્ટેમાં જામીન અરજી કરી હતી. જે ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા રજુઆત કરવામાં આવેલ કે, આરોપી ઘણા લાંબા સમયથી જેલમાં છે. તપાસ પુર્ણ થઈ ગઈ છે. આ આરોપી વિરૂધ્ધ કુલ ૪ ગુન્હાઓ દર્શાવેલ છે. જેમાંથી ગુજસીટોકનો કાયદો અમલમાં આવ્યો ત્યારબાદનો એક જ ગુનો છે. અન્ય સહતોમતદારો જામીન મુકત છે. સાથે વિવિધ કોર્ટના ચુકાદા ટાંકેલા. જે ધ્યાને લઈ હાઈકોર્ટે આરોપી સેજાદ ઉર્ફે ગોટીઓ જુલાણીને જામીન મુકત કરવા હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રણજીતભાઈ એમ પટગીર, સાહિસ્તાબેન એસ. ખોખર, દયા કે. છાયાણી, નિમેષ જાદવ તેમજ આસિસ્ટન્ટ તરીકે અમાનખાન પઠાણ, હાઈકોર્ટેમાં એડવોકેટ એમ. આઈ. સૈયદ રોકાયા હતા.

## અવસાન નોંધ

**રાજકોટ:** સ્વ. મંગળાબેન જયંતિલાલ પોબારૂ (ઉ.વ.૯૪) તે સ્વ. જયંતિલાલ મુળજીભાઈ પોબારૂના ધર્મપત્નિ, સ્વ. રાજેશભાઈ, દિપકભાઈ, કલાબેન અરવીંદકુમાર જીવરાજાની, માલાબેન મુકેશકુમાર જોબનપુત્રા, રજુબેન કૌશીકભાઈ જીવરાજાનીના માતુશ્રી, અંજલી મીલનકુમાર પારકરીયા, વૈભવી બૈજુભાઈ રૂપારેલીયા, માધવ રાજેશભાઈ તથા ધવલ દિપકભાઈ પોબારૂના દાદીમાનું તા.૧૧ ગુરૂવારના રોજ અવસાન થયેલછે. સદ્ગતની પ્રાર્થનાસભા તા.૧૨ શુક્રવારના રોજ રાષ્ટ્રીય શાળા હોલમાં સાંજે ૫-૩૦થી ૬-૩૦ રાખેલ છે તથા મોસાળ પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**રાજકોટ:** પડધરીવાળા સ્વ.ઠા.દયાળજી કલ્યાણજી બુદ્ધદેવના પુત્ર સ્વ.મનહરલાલ (ઉ.વ.૭૫) તે સ્વ.કનૈયાલાલ પ્રવિણભાઈ, હિતેષભાઈ તથા સ્વ.ભાનુબેન કરસનદાસ પોપટ કુવાડવાના ભાઈ, સ્વ.અશ્વિન, રાજેશ, ચેતન તથા હિમાંશુના કાકાનું તા.૧૧ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૩ને શનિવારે સાંજે ૫ થી ૬ ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ રાજકોટ ખાતે રાખેલ છે.

**જામ ખંભાળિયા:** સ્વ. ગોરધનદાસ માવજીભાઈ દતાણીના સુપુત્ર વ્રજલાલભાઈ (ઉ.વ. ૭૪, ભાડથર વાળા) તે અ.સૌ. હેમાબેનના પતિ તેમજ ભાસ્કરભાઈના નાનાભાઈ તથા ગુલાબભાઈ, પ્રભુદાસભાઈ, મુકેશભાઈ અને વિનુભાઈના મોટાભાઈ તથા ઋષિ અને પ્રિયંકાબેન પ્રતિકભાઈ ગોકાણી (અમદાવાદ)ના પિતાશ્રી તારીખ ૧૧ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૨ મીના રોજ સાંજે ચારથી સાડા ચાર અત્રે જલારામ મંદિર ખાતે રાખવામાં આવેલ છે.


## શ્રધ્ધાંજલી - ધોરાજી



સ્વ. દિનેશભાઈ દામજીભાઈ ઠુંમર, સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪, (ઉ.વ.૫૫) ધોરાજી (ચક્ષુદાતા)
સ્વ. લીલાવંતીબેન દિનેશભાઈ ઠુંમર, સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪, (ઉ.વ.૫૨) ધોરાજી (ચક્ષુદાતા)
સ્વ. હાર્દિકાબેન દિનેશભાઈ ઠુંમર, સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪, (ઉ.વ.૨૨) ધોરાજી (ચક્ષુદાતા)
સ્વ. સંગીતાબેન પ્રવિણભાઈ કોયાણી, સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪, (ઉ.વ.૫૪) ધોરાજી (ચક્ષુદાતા)

તમારા મધુર સ્મરણો અંકિત છે,
અમારા હૃદયમાં તમારા કર્મોની સુવાસ જીવંત છે
અમારા શ્વાસમાં સદેહ તમે નથી એ સચ્ચાઇ છે પણ
અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો એ વિશ્વાસ છે,
પ્રભુ આપના ત્રણેયના દિવ્ય આત્માને શાંતિ અર્પે.

લી.
નિલેશકુમાર વલ્લભદાસ પેથાણી
સુરેશભાઈ વલ્લભદાસ પેથાણી
પ્રવીણભાઈ વલ્લભદાસ પેથાણી
રોની નિલેશભાઈ પેથાણી
શ્રીનાથજી એગ્રો એજન્સી-ધોરાજી
તથા પરિવારના જયશ્રી કૃષ્ણ

સાગર સોલંકી - મો. નં. ૭૦૩૩૪ ૫૩૩૦૪

## શ્રધ્ધાંજલી - ધોરાજી



સ્વ. દિનેશભાઈ દામજીભાઈ ઠુંમર, સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪, (ઉ.વ.૫૫) ધોરાજી (ચક્ષુદાતા)
સ્વ. લીલાવંતીબેન દિનેશભાઈ ઠુંમર, સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪, (ઉ.વ.૫૨) ધોરાજી (ચક્ષુદાતા)
સ્વ. હાર્દિકાબેન દિનેશભાઈ ઠુંમર, સ્વ. તા. ૧૦/૪/૨૦૨૪, (ઉ.વ.૨૨) ધોરાજી (ચક્ષુદાતા)

કલ્પી ન શકાય તેવી તમારી અણધારી વિદાય
અમ સૌના કાળજા કંપાવી ગઈ મન હજુ માનતુ નથી કે
આપ અમારી વચ્ચે નથી તમો સદાય અમારે મન જીવંત છો
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લી.
બચુભાઈ ઘેલાભાઈ ઠુંમર — નંદુબેન બચુભાઈ ઠુંમર
ચંદુભાઈ બચુભાઈ ઠુંમર — શોભનાબેન ચંદુભાઈ ઠુંમર
જેન્તીભાઈ બચુભાઈ ઠુંમર — ભાવનાબેન જેન્તીભાઈ ઠુંમર
હરસુખભાઈ બચુભાઈ ઠુંમર — રાજેશ્રીબેન હરસુખભાઈ ઠુંમર
યાજ્ઞિક, દિવ્યેશ, તેજ, નેન્સી, નિધી, રીની
તથા પરિવારના જયશ્રી કૃષ્ણ

સાગર સોલંકી - મો. નં. ૭૦૩૩૪ ૫૩૩૦૪

## દુ:ખદ અવસાન - બેસણું



સ્વ. વિશ્વા અજયભાઈ ખીમાણીયા
સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ ૩, તા. ૧૧-૦૪-૨૦૨૪,ગુરુવાર (ઉ.વ. ૧૭)

વિશ્વા અજયભાઈ ખીમાણીયા નું તા.૧૧-૦૪-૨૦૨૪, ગુરુવારના રોજ અવસાન થયેલ છે. પ્રભુ તેઓના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

સદ્ગતનું બેસણું :
તા. ૧૩-૦૪-૨૦૨૪, શનિવાર, બપોરે ૪ થી ૬ વાગ્યે રાખેલ છે.
સ્થળ : નંદનવન હોલ, નંદનવન સોસાયટી,
રામ પાર્ક મેઈન રોડ, કાલાવડ રોડ, રાજકોટ.

મેણંદભાઈ સુરાભાઈ ખીમાણીયા
અશ્વીનભાઈ મેણંદભાઈ ખીમાણીયા
અજયભાઈ મેણંદભાઈ ખીમાણીયા
અતુલભાઈ મેણંદભાઈ ખીમાણીયા
તથા ખીમાણીયા પરિવારના જય શ્રી કૃષ્ણ


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાન: સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોન: ન્યુઝ રૂમ: ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબર: ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશન: ૨૪૭૩૯૧૮, ફેકસ: ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

### શેરબજારમાં મંદીથી ૭૦૦ પોઈન્ટનું ગાબડું: સેન્સેક્સ ૭૪૩૦૦ના સ્તરે

# સેન્સેક્સ કરતાં સોનુ આગળ નીકળી ગયું: ૧૦ ગ્રામના રૂા.૭૫૬૦૦

## સોનામાં ૧૭૫૦નો તોતીંગ ઉછાળો: ચાંદીનો ભાવ પણ ૮૬૦૦૦ વટાવી ગયો: વિશ્વ બજારમાં સોનુ ૨૪૦૦ ડોલરની ઐતિહાસિક નવી ઉંચાઈએ: ઝવેરીઓ-ઈન્વેસ્ટરો સ્તબ્ધ



રાજકોટ, તા.૧૨

શેરબજારમાં તથા સોના-ચાંદીમાં કેટલાક દિવસોથી રેકોર્ડ બ્રેક તેજીનો દૌર ચાલી રહ્યો છે અને હવે શેરબજારના સેન્સેક્સ કરતાં સોનુ આગળ નીકળી ગયું હોય તેવો ઘાટ ઘડાયો છે. સેન્સેક્સ ૭૫૦૦૦ વટાવી ગયા બાદ આજે પાછો પડ્યો હતો જ્યારે સોનુ ૭૫૦૦૦ને ક્રોસ કરી ગયું હતું. ચાંદી પણ ૮૬૦૦૦ની સપાટી કુદાવીને નવા ઉંચા સ્તરે પહોંચી હતી.

સોના-ચાંદીમાં તેજીનો દોર વધુને વધુ આગળ ધપતો રહ્યો હોય તેમ એક દિવસની રજા બાદ આજે ફરી વખત તોતીંગ ઉછાળો નોંધાયો હતો. વિશ્વના અનેક ભાગોમાં ભૌગોલિક ટેન્શન અને ઇઝરાયેલ-ઇરાક વચ્ચે નવો મોરચો ખુલવાની આશંકા, અનેક દેશો પર આર્થિક મંદીનું જોખમ જેવા કારણો ભાગ ભજવી રહ્યા છે. આ સિવાય અમેરિકામાં વ્યાજદર ઘટાડાના શેડ્યુલમાં ફેરફાર થવાની આશંકાની પણ અસર હતી આ ઉપરાંત ચીન સહિતના દેશોની સેન્ટ્રલ બેન્કો જંગી માત્રામાં સોનુ ખરીદતી હોવાનું જાહેર થતાં તેજી વધુ તીવ્ર બની રહી છે. ઝવેરીઓના કહેવા પ્રમાણે સોના-ચાંદીની વર્તમાન તેજી સમજની બહાર છે. તેજી પાછળના અનેક કારણો આગળ ધરવામાં આવી રહ્યા છે. પરંતુ તેનો સ્વીકાર કરવા સિવાય કોઇ છુટકો નથી. બાકી આવી તેજી ભૂતકાળમાં ક્યારેય નિહાળી નથી. ધરખમ ઉંચા ભાવના કારણે રીટેઇલ ઘરાકી એકદમ ઘટી ગઇ છે અને ગ્રાહકો ઝવેરી માર્કેટથી દૂર થવા લાગ્યા છે. આવનારા સમયમાં વસંત પંચમી જેવા પવિત્ર દિવસો આવવાના છે ત્યારે પણ ઘરાકી રહેવા વિશે શંકા ઉભી થવા લાગી છે.

રાજકોટની માર્કેટમાં આજે ૧૦ ગ્રામ સોનુ ૭૫૦૦૦ની સપાટી કુદાવી ગયું હતું અને ગઇકાલની સરખામણીએ ૧૭૫૦ના ઉછાળાથી ૭૫૬૦૦ સાંપડ્યું હતું. વિશ્વ બજારમાં ભાવ ૨૪૦૦ ડોલરએ પહોંચ્યો હતો. કોમોડીટી એક્સચેંજમાં ૭૨૭૫૦નો ભાવ થયો હતો. આજ રીતે હાજર ચાંદી ૨૦૫૦ રૂપિયા વધીને ૮૬૬૦૦ થઇ હતી. કોમોટીડી એક્સચેંજમાં ૮૪૫૦૦નો ભાવ હતો જ્યારે વિશ્વ બજારમાં ૨૯.૨૦ ડોલર હતી.



બીજી તરફ શેરબજારમાં આજે મંદીનો માહોલ રહ્યો હતો અમેરિકામાં ફુગાવો વધતા વ્યાજદર ઘટાડામાં વિલંબ થવાની આશંકાની અસર હતી. આ સિવાય વિદેશી નાણાં સંસ્થાઓની વેચવાલીનો પ્રત્યાઘાત જણાયો હતો. આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇન્ફોસીસ, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, મારૂતી, સ્ટેટ બેંક, એશિયન પેન્ટસ, બજાજ ફાઇનાન્સ, એચડીએફસી બેંક, ટાઇટન જેવા શેરોમાં ઘટાડો હતો. મહિન્દ્ર, નેસલે, એનટીપીસી, રીલાયન્સ, ટાટા મોટર્સ, ડીવીઝ લેબ, બજાજ ઓટો જેવા શેરો ઉંચકાયા હતા. મુંબઇ શેરબજારનો સેન્સેટીવ ઇન્ડેક્સ ૭૦૦ પોઇન્ટના ઘટાડાથી ૭૪૩૩૫ સાંપડ્યો હતો. જે ઉંચામાં ૭૪૯૫૧ તથા નીચામાં ૭૪૩૦૦ હતો. નેશનલ સ્ટોક એકસચેંજમાં નીફટી ૧૯૮ પોઇન્ટ ઘટીને ૨૨૫૫૫ હતો તે ઉંચામાં ૨૨૭૨૬ તથા નીચામાં ૨૨૫૩૭ હતો.

### ચૂંટણી ધરાવતાં ૧૯ દેશોના મતદારોનો સર્વે

# ભારતમાં બહુમતી મતદારો મજબુત નેતા ઈચ્છે છે

## ૫૯ ટકા લોકો સરકારથી સંતુષ્ટ: ૯ રાષ્ટ્રોમાં લઘુમતીઓ નારાજ

નવી દિલ્હી, તા.૧૨

વિશ્વના અનેક દેશોમાં ચાલુ વર્ષે ચૂંટણી થઇ રહી છે ત્યારે એક વૈશ્વિક સર્વેમાં એવું રસપ્રદ તારમ નિકળ્યું છે કે ભારતના મતદારો મજબુત નેતા પર ઝોક રાખે છે. ભારત અને તાંઝાનીયાના લોકો પોત પોતાની સરકારોથી સંતુષ્ટ છે ત્યારે અન્ય ૧૭ દેશોના અર્ધોથી ઓછા લોકો પોતાની સરકારની કામગીરીની સંતોષ દર્શાવી રહ્યા છે.

ઇન્ટરનેશનલ ઇન્સ્ટીટયુટ ફોર ડેમોક્રસી એન્ડ ઇલેકટરોલ આસીસ્ટંટ નામના સંગઠન દ્વારા આ સર્વે રીપોર્ટ જારી કરવામાં આવ્યો છે. ભારતને લાગે વળગે છે ત્યાં સુધી બહુમતી ભારતીયો મજબૂત નેતા ઇચ્છે છે અને ૫૯ ટકા લોકોએ સરકારની કામગીરીથી સંતોષ દર્શાવ્યો છે. ભારતની જેમ તાંઝાનિયામાં પણ ૭૯ ટકા લોકોએ સરકારની કામગીરીથી સંતોષ દર્શાવ્યો હતો. સંગઠન દ્વારા ભારત, અમેરિકા, ડેનમાર્ક, ઇટલી, બ્રાઝીલ, પાકિસ્તાન, ઇરાક સહિત ૧૯ રાષ્ટ્રોના મતદારોનો



સર્વેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ભારત સહિત વિશ્વના ત્રણ સૌથી મોટા લોકશાહી રાષ્ટ્રો સામેલ હતાં. તાઇવાન, ચીલી, કોલંબીયા, ગામ્બીયા, લેબેનોન, લીથુઆનિયા, રોમાનિયા, સેનેગલ, સિપરાલિયોન, સેલોમન, આઇલેન્ડ, દક્ષિણ કોરિયા તથા તાંઝાનિયાના લોકોને પણ આ સર્વેમાં આવરી લેવાયા હતાં.

સર્વેમાં ચોંકાવનારા તારણો આવા નીકળ્યા હતા કે મોટાભાગના રાષ્ટ્રોના મતદારો પોતપોતાના દેશની સરકારથી અસંતુષ્ટ હતા છતાં ભારત તથા તાંઝાનિયાના બહુમતી નાગરિકોએ સરકાર તથા એજન્સીઓ પ્રત્યે સંતોષ દર્શાવ્યો હતો. ભારતના ૫૯ ટકા તથા તાંઝાનિયાના ૭૯ ટકા લોકોએ સરકાર પર સંતોષ વ્યકત કરાયો હતો.

આ સર્વેના ભારત સંબંધી તારણો દેશમાં થયેલા અન્ય સર્વેના અનુરૂપ જ છે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રેટીંગ ૬૬ ટકા કે તેથી વધુ જણાયું હતું.

સર્વેની મહત્વની બાબત એ છે કે ૯ દેશોમાં લઘુમતી સમુદાય પોત પોતાની સરકારોથી ખૂબ અસંતોષ ધરાવે છે. અમેરિકામાં લઘુમતીઓ તથા સરકારથી સંતોષ ધરાવતા લોકો વચ્ચે ૧૨ ટકાનું મોટું અંતર છે.

રીપોર્ટમાં એવું તારણ નીકળ્યું છે કે ભારત સહિત આઠ દેશોના લોકો મજબુત નેતા ઇચ્છે છે. લોક પ્રતિનિધિઓની સંખ્યા વધુ હોય તેવા રાષ્ટ્રોના લોકોમાં મજબુત નેતા તરફી ટકાવારી ઓછી માલુમ પડી હતી.

# શેરબજારની તેજી; 'યે તો અભી ઝાંખી હૈ, પિકચર અભી બાકી હૈ- સેન્સેક્સ લાખમાં બોલાશે

## જાણીતા શેરબ્રોકર પરેશ વાઘાણીનું કથન: ઈન્વેસ્ટરોની સંખ્યા વધતી જશે તેમ રોકાણ અને તેજી વધતા જશે

રાજકોટ,તા.૧૨

શેરબજારમાં સેન્સેક્સ ૭૫૦૦૦ ની સપાટી વટાવી ચૂક્યો છે. આ તો હજી શરૂઆત છે એમ કહી શકાય કે, એ તો અભી ઝાંખી હૈ પિક્ચર અભી બાકી હૈ.

ભારત જેવા દેશમાં ૧૪૦ કરોડની વસ્તીમાં હજુ ૮ થી ૧૦% લોકોની પણ ભાગીદારી શેર બજારમાં જોવા મળતી નથી. જ્યારે અન્ય દેશોમાં આ આંકડો ક્યાંય વધારે જોવા મળી રહે છે. ખાસ કરીને વિકસિત દેશોમાં આ આંકડો ખૂબ વધારે છે. ભવિષ્યમાં પણ ૮ થી ૧૦%ને બદલે ૨૫%થી લઈને ૫૦% લોકો પણ જો શેર બજારમાં કોઈ પણ પ્રકારે નાનું મોટું રોકાણ કરશે અથવા તો રોકાણ વધારશે તો સેન્સેક્સ લાખોમાં બોલાશે.

શેર બજારમાં મ્યુચ્યુઅલ ફંડ દ્વારા મહિને એસ.આઈ.પી માં ૧૯,૦૦૦ કરોડથી વધુ આવી રહ્યું છે. આ આંકડો ખૂબ જ મોટો થશે. આ રોકાણ પણ શેર બજારમાં ઠલવાઈ રહ્યું છે અને આગળ જતા ઠલવાશે.



આમ, જોવા જઈએ તો શેર બજાર એક ફૂલી ઓર્ગેનાઇઝડ બજાર છે .બીજી બજારો કરતા ટેકનોલોજી માં ઘણું આગળ છે. વિશ્વના અનેક દેશો કરતા ભારતના શેર બજારો ટેકનોલોજીની દ્રષ્ટિએ ઘણા આગળ છે.

હવે તો શેર બજારમાં વેચેલા શેરોના નાણા ૨૪ કલાકમાં મળી જાય છે. જે આગળ જતા સેઇ મ ડે મળી જશે એટલે કે રોકાણ છૂટું કરતા ફક્ત કલાકો થશે. આ બીજી બજારોમાં ક્યારેય શકય નથી સિવાય કે બેંકની ડિપોઝિટ.

બેંક ડિપોઝિટસ કરતા રિટર્ન પણ ખૂબ જ સારું શેર બજાર આપી રહી છે. શેર બજાર સિવાય ના કોમોડિટીઝ બજારોમાં પણ સારું પરફોર્મ કરી રહ્યા છે. સોના ચાંદીના ભાવોમાં પણ ઉછાળો જોવા મળ્યો છે. નજીકના ભવિષ્યમાં અનેક નવા વાયદાઓ ભારત સરકાર શરૂ કરવા જઈ રહી છે.

શેર બજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણી ના જણાવ્યાનુસાર આગામી ૧૦ વર્ષ શેર બજારના છે. અસંખ્ય આઈ.પી.ઓ આવશે. બજારમાં તેજીનું વાતાવરણ બનશે.વોડાફોન શમયફ જેવી કંપની પણ એફ.પી.ઓ લાવી રહી છે. દેશની કંપની ઓ બજારમાંથી નાણા એકત્ર કરવા પ્રાયમરી માર્કેટમાં એફ.પી.ઓ અને આઈ.પી.ઓ લાવશે અને શેરબજાર ની તેજી ભારતનું અર્થતંત્ર મજબૂત બનાવશે.

આગામી સમયમાં રોકાણકારો શેર બજારમાં રોકાણ વધારશે. લોકોનું શેર બજારનું અભિગમ બદલાઈ રહ્યો છે. અગાઉ શેરબજારને સટ્ટા બજાર ની જેમ જોવાતું હવે લોકો શેરબજારને એક રોકાણની દ્રષ્ટિએ જુએ છે અને રોકાણ કરવાના એક સારા ટુલ્સ તરીકે શેરબજારને જોઈ રહ્યા છે જે ખૂબ જ સારી વાત છે.

### આશા જગાવનાર ફિલ્મોની નબળી શરૂઆત

# 'બડે મિયા છોટે મિયા'ની પ્રથમ દિવસની કમાણી રૂા.૧૫.૫૦ કરોડ

### 'મૈદાન'ની ઓપનીંગ ઈન્કમ રૂા.૭,૧ કરોડ

મુંબઈ: ખૂબ જ આતુરતાથી જેની રાહ જોવાની તેવી અક્ષયકુમાર અને ટાઈગર શ્રોફ સ્ટારર ફિલ્મ 'બડે મિયા છોટે મિયા' ની પહેલા દિવસની કમાણી ૧૫.૫૦ કરોડની રહી હતી. શરૂઆત સારી રહી છે પણ ઓપનીંગ આવક સાધારણ કહેવાય. જો કે આ ફિલ્મની સાથે રજુ થયેલી અજય દેવગન સ્ટારર ફિલ્મ 'મૈદાન'ની પહેલા દિવસની કમાણી ૭.૧ કરોડ રૂપિયા રહી હતી.



૩૫૦ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી અને ઈદના તહેવારમાં રજુ થયેલી ફિલ્મ 'બડે મિયા છોટે મિયા'નો હિન્દી ટેરેટરીમાં ઓકયુમેન્સી રેટ ૩૦.૩૫ ટકા જેટલો હતો.

'બડે મિયા છોટે મિયા' સાથે જ રજુ થયેલી અજય દેવગનની ફિલ્મ 'મૈદાન'ની ઓપનીંગ આવક રૂા.૭.૧ કરોડ હતી.

ઉલ્લેખનીય છે કે 'મૈદાન' ૧૦૦ કરોડના બજેટમાં બની છે.

### 'મૈદાન'ની સ્ક્રીનીંગ ઈવેન્ટમાં પહોંચેલી...

# 'બિગબોસ' ફેમ અર્ચના ગૌતમને લેડી સિકયોરીટીએ હાથ પકડીને બહાર કાઢી

મુંબઈ: બિગબોસ-૧૬ની ફાયનલિસ્ટ ફેમ અર્ચના ગૌતમે જાહેરમાં અપમાનનો સામનો કરવો પડયો હતો. 'મૈદાન'ના સ્ક્રીનીંગ ઈવેન્ટ વખતે પહોંચેલી અર્ચના ગૌતમને લેડી સિક્યોરિટી ગાર્ડે બધાની સામે પકડીને બહાર કાઢી હતી.

આ અંગેની વિગત એવી છે કે અજય દેવગનની નવી ફિલ્મ 'મૈદાન'ની મંગળવારે સ્ક્રીનીંગ રખાઈ હતી. જયાં પુરું બોલીવુડ ઉમટી પડયુ હતું. બોનીકપુર, જાહનવીકપુર, અર્જુન કપુરથી માંડીને ભૂષણકુમાર સહિતની અનેક જાણીતી સેલિબ્રિટીઓ સ્ક્રીનીંગ ઈવેન્ટમાં હાજર હતી, બધા સ્ટાર્સે રેડ કાર્પેટ પર પાપારાઝી (ફોટોગ્રાફર્સ)ને પોઝ આપ્યા હતા. દરમિયાન બિગબોસ-૧૬ ફાયનલિસ્ટ ફેમ અર્ચના ગૌતમ પણ ઈવેન્ટમાં પહોંચી હતી. અર્ચના મિની સ્કર્ટ અને ટોપમાં સિમ્પલ મેકઅપ અને કર્લી હેરમાં ગોર્જીયસ લાગતી હતી. અર્ચના પણ બધા સ્ટાર્સની જેમ પાપારાઝીઓને પોઝ આપી રહી હતી ત્યાં અચાનક એક લેડી સિક્યોરીટી ગાર્ડે આવી બધાની વચ્ચે તેને પકડીને બહાર કાઢી મુકી હતી. તેમ છતાં પણ અર્ચના કેમેરા સામે હાથ હલાવતી હતી. અર્ચનાને ઈવેન્ટની બહાર કરવાનું કારણ એ હતું કે બધા ગેસ્ટની જેમ તેણે બેન્ડ નહોતો લગાવ્યો. જો કે બાદમાં બેન્ડ લગાવતા તેને બીજીવાર એન્ટ્રી મળી હતી.



# બેંગલોર કાફે બ્લાસ્ટના માસ્ટરમાઈન્ડ સહિત બેની કોલકતાથી ધરપકડ

### એનઆઈએ ને જબરી સફળતા: વિસ્ફોટક મુકનાર પણ ઝડપાઈ ગયો

બેંગ્લુરુ તા.૧૨

દેશના આઈટી પાટનગર બેંગ્લોરમાં થયેલા રામેશ્વર કાફે બ્લાસ્ટમાં નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને મોટી સફળતા મળી છે અને આ બ્લાસ્ટના માસ્ટરમાઈન્ડ અબ્દુલમથીન તાહા સહિત બે વ્યક્તિની ધરપકડ કરી છે. એનઆઈએની ટીમે આ બંનેને કોલકતામાંથી દબોચી લીધા હતા અને તેમને હવે બેંગ્લોર લઈ આવીને અદાલત સમક્ષ રજુ કરાશે. જે બંનેને ધરપકડ કરાયા છે તેમાં કાફેમાં વિસ્ફોટક રાખનાર આરોપી મુસાવીર હુસેન શાબીદ અને આ ષડયંત્ર રચનાર માસ્ટરમાઈન્ડ અબ્દુલમથીન તાહા તરીકે ઓળખ થઈ છે.



૧ માર્ચના રોજ બેંગ્લોરના આ કાફેમાં ઓછી તીવ્રતાનો વિસ્ફોટ થયો હતો જેમાં કોઈને ઈજા થઈ ન હતી. પરંતુ વિસ્ફોટનું ષડયંત્ર રચનાર છેક કોલકતામાં બેઠો હતો અને તેણે તામિલનાડુના એક યુવકને સાધીને આ વિસ્ફોટનું ષડયંત્ર રચ્યું હતું.

# પત્ની બેરોજગાર પતિને ૧૦ હજારનું ભરણપોષણ ભથ્થું આપશે, બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો

## પરંપરાગત કાનૂની માન્યતાને પડકારતો નિર્ણય

મુંબઈ , તા ૧૨

જયારે પણ પતિ-પત્ની વચ્ચે છૂટાછેડાની સ્થિતિ આવે છે અને મામલો કોર્ટમાં પહોંચે છે ત્યારે સામાન્ય રીતે એવું જોવા મળે છે કે કોર્ટ પત્નીની તરફેણમાં ચુકાદો આપે છે. આવા કિસ્સામાં, કોર્ટ પતિને તેની પત્નીને ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપે છે.

પરંતુ, બોમ્બે હાઈકોર્ટે અલગ નિર્ણય આપ્યો છે. બોમ્બે હાઈકોર્ટના આ નિર્ણયમાં પતિને નહીં પણ પત્નીને ભરણપોષણ આપવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ કેસમાં બોમ્બે હાઈકોર્ટે નીચલી કોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો છે. જેમાં પત્નીને તેના બેરોજગાર પતિને દર મહિને રૂ. ૧૦,૦૦૦નું ભરણપોષણ આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.



આ નિર્ણય પરંપરાગત કાનૂની માન્યતાને પડકારે છે કે સામાન્ય રીતે પતિને તેની પત્નીને ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપવામાં આવે છે.

આ મામલે સુનાવણી વર્ષ ૨૦૨૦માં થઈ હતી. હાઈકોર્ટનો નિર્ણય નીચલી કોર્ટના આદેશને પડકારતી પત્નીની અરજીના જવાબમાં હતો. આ કિસ્સામાં, પત્નીને તેના બેરોજગાર પતિને ભરણપોષણ ચૂકવવાનો પ્રારંભિક આદેશ કલ્યાણની એક અદાલત દ્વારા ૧૩ માર્ચ, ૨૦૨૦ ના રોજ જારી કરવામાં આવ્યો હતો. આ દિશાનિર્દેશને પડકારતાં પત્નીએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે તે ભરણપોષણ ચૂકવવામાં અસમર્થ છે.


## સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. પાંચમાં એડી. સીનીયર સિવિલ જજ શ્રી દામીની દીક્ષીત મેડમની કોર્ટમાં દિ.પ.અરજી નં.૮૧૧/૨૦૨૪ અરજદારો શ્રી કીર્તીભાઈ કાન્તીલાલ શેઠ વિગેરેએ ગુજ. કંસારા મોહનલાલ રૂગનાથ (શેઠ)ની સ્થાવર મીલ્કત કે જે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના રાજકોટ શહેરના સીટી સર્વે વોર્ડ નં.૩ના સીટી સર્વે નં.૮૨૪ની જમીન ચો.મી.આ. ૩૩-૪૩ તથા સીટી સર્વે નં.૮૨૫ની જમીન ચો.મી.આ. ૬૫-૯૦ તથા સીટી સર્વે નં.૮૨૬ની જમીન ચો.મી.આ. ૪૭-૯૩ મળી કુલ જમીન ચો.મી.આ. ૧૪૭-૨૬ (લેખ મુજબ ચો.વા.આ. ૧૭૨-૧-૧૦) ઉપરના બાંધકામ વાળું મકાન તેનું વારસા સર્ટીફિકેટ મેળવવા તેમના વકીલશ્રી વિરેન્દ્ર વી. રાણીગા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી દિ.પ.અ. દાખલ કરેલ છે. તો તે સબંધે જે કોઈ વ્યક્તિને વાંધો તકરાર હોય તેમને મુદત તા.૧૧/૬/૨૪ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહીયે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૯ માહે ૦૪ સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યું.

તૈયાર કરનાર (વિમલ જે. ચાવડા) આસીસ્ટન્ટ | કોર્ટનો સીક્કો | હુકમથી (જે.જે. ચાવડા) રજીસ્ટ્રાર

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે,

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના ગામ કાળીપાટના ખાતા નં. ૧૪૬ના રેવન્યુ સર્વે નં. ૧૫૧/૧ પૈકી ૧ની જુની શરતની જરાયત પ્રકારની ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૧-૦૫-૨૨ કે જે 'પાણાવાળુ' તરીકે ઓળખાય છે. જે અશોકભાઇ ખીમજીભાઇ ચાંડપા વિગેરના નામે હકકપત્રક નં.૬માં નોંધ નં. ૨૩૧૬થી આવેલ છે. તે જમીન ઉપરોકત જમીન માલીક પાસેથી ઉપરોકત જણાવેલ ખેતીની જમીન મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોકત વર્ણનવાળી મિલ્કત સબંધે કે તેના વેચાણ, વ્યવહાર અંગે કે તેના ટાઇટલ ડીડઝ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર, વારસાઇ લાગ-ભાગ, હકક, હિત, દાવો, કરજ, ગીરો, ભરણ-પોષણ કે અન્ય કોઇ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૮(આઠ)માં નીચેના સરનામે દસ્તાવેજી આધાર, પુરાવાઓ સાથે લેખીતમાં જાણ કરવી મુદત દરમ્યાન કોઇના વાંધા-તકરાર નહીં આવે તો કોઇને વાંધો-તકરાર નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પૂરી કરશે અને ત્યારબાદ કોઇપણ જાતના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ તા. : ૧૨/૦૪/૨૦૨૪

**કલ્પેશ એલ. સાકરીયા (એડવોકેટ)**

ઠે. ઓફીસ નં. ૧, પહેલો માળ, બ્રહ્માણી કોમ્પલેક્ષ, ગુજરાત ટ્રાવેલ્સની બાજુમાં, આજી ડેમ ચોકડી, રાજકોટ. મો. નં. ૭૭૭૭૯૯૩૦૨

## જાહેર નોટીસ

મારા અસીલે રાજકોટ તાલુકાના હાલ રાજકોટ મ્યુનિ. કોર્પો.માં સમાવેશ થયેલ ગામ નાનામવાના રેવન્યુ સર્વે નં. ૩૧/૩૨ પૈકીની ટી.પી. સ્કીમ નં. ૩(નાનામવા), એફ.પી.નં. ૫૪ની બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઇમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **'સિલ્વર સેન્ડ'** તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટ નં.૪૮ની જમીન ચો.વા.આ. ૧૨૭-૮૧ બરાબર ચો.મી.આ. ૧૦૬-૮૭ સહિતના મકાન શ્રી પરસોતમભાઇ ચનાભાઇ ગજેરા પાસેથી ખરીદ કરવા નકકી કરેલ છે.

ઉપરોક્ત વિગતેની મિલ્કત અંગેના માલીકી ટાઇટલ, રાઇટસ, ઇન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, ભાગલાગ, દરદાવો, વારસાઇ હકક કે ભરણપોષણના હકક કે કોઇનું લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઇના કોઇપણ પ્રકારના હકક, અધિકાર હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઇપણ વ્યકિતને કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી મિલ્કતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઇના હકક, દાવા મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

રાજકોટ. તા. ૧૨/૦૪/૨૦૨૪ — અમારા મારફત :-

**હરેશ જે. સોરઠીયા** એડવોકેટ મો. ૯૯૦૯૮ ૯૧૯૪૩ | **ધનરાજ જી. સાવલિયા** એડવોકેટ મો. ૯૭૩૭૫ ૩૨૬૫૩

ઓમ એસોસીએટ: ૩૦૯, નોવાસ કોમ્પ્લેક્ષ, નેક્ષાના શો-રૂમની બાજુમાં, બોમ્બે હોટલ ચોક, ગોંડલ રોડ, રાજકોટ.

### રાજકોટના રૈયાના 'સિલ્વર શાઇન એપાર્ટમેન્ટ' તરીકે ઓળખાતી બિલ્ડીંગના ફલેટ નં. ૧૦/બી (૧૧૨) ઉપર આવેલ ફલેટ અંગે.

## જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટમાં સમાવિષ્ટ થયેલ ગામ રૈયાના **રે.સ.નં. ૭૫/૧ તથા ૮૪ પૈકી પ્લોટ નં. ૧૦ પૈકી, ૧૧ તથા ૧૨**ની કુલ જમીન ચો.મી.આ. ૧૫૦૦-૦૦ ઉપર આવેલ **'સિલ્વર શાઇન એપાર્ટમેન્ટ'**ના બિલ્ડીંગમાં ટેન્થ ફલોર ઉપર આવેલ ફલેટ નં.૧૦/બી (૧૧૨) જેનો કારપેટ એરીયા ચો.ફુ.આ. ૯૬૦-૦૦ બરાબર બિલ્ટઅપ એરીયા ચો.ફુ.આ. ૧૧૫૨-૦૦ (બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૧૦૭-૦૬) શ્રી સ્મીતાબેન નથુભાઇ ભકતા એ શ્રેણીકભાઇ નિરંજનભાઇ શેઠ વિગેરે પાસેથી ફલેટ વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૫૧૩૨, તા. ૧૭/૦૮/૨૦૧૮ના રોજથી ખરીદ કરેલ છે. સદરહુ ફલેટ મારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

સદરહું ઉપરોકત ફલેટ ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ કે હકક, હિત, હિસ્સો કે વ્યાપારી, સહકારી કે સરકારી બેંક, મંડળી, કંપની, પેઢી, સંસ્થા કે કોઇ વ્યકિતને વાંધો તકરાર હોય તો દિવસ-૦૭(સાત)માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર-પુરાવા સાથે જાણ કરવી જો નિયત સમયમાં કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો તકરાર નહીં આવે તો કોઇને કોઇપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોય તો તે (WAIVE) કરેલ છે તેમ મારા અસીલ શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે સદરહું ફલેટ ખરીદ કરવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરશે. ત્યારબાદ કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ જેની આથી લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ તા. ૧૨/૦૪/૨૦૨૪ — તે અમારી સુચનાથી

**આનંદ જોષી (એડવોકેટ & નોટરી)**

એડ્રેસ : ૪૧૬, રાષ્ટ્રદિપ કોમ્પ્લેક્ષ, રાષ્ટ્રીય શાળા મેઇન રોડ, રાજકોટ-૨ મો. ૯૯૨૫૭ ૧૧૧૦૦

## જાહેર નોટીસ

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ સરધારના રે.સ.નં. ૬૭/પૈકી ૩ની જુની શરતની 'ઘુનાવાળુ' તરીકે ઓળખાતી ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૦-૮૫-૨૩ દેવાભાઇ કડવાભાઇની સ્વતંત્ર માલીકી, કબ્જા ભોગવટાની આવેલ તેઓ પાસેથી સદરહું મિલ્કત મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

તો સદરહું મિલ્કત કે તેના ટાઇટલ અંગે કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે વાંધો, તકરાર, અગ્રહકક, લીયન, લેણું, બોજો વિગેરે હોય તો દિવસ-૭ (સાત)માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર-પુરાવા સાથે જાણ કરવી જો નિયત સમયમાં કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો તકરાર નહીં આવે તો કોઇને કોઇપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે સદરહું મિલ્કત ખરીદ કરવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરશે. ત્યારબાદના કોઇના કોઇપણ પ્રકારના વાંધો તકરાર મારા અસીલને બંધન કર્તા રહેશે નહિ, જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા. ૧૨/૦૪/૨૦૨૪ — તે મારી સુચનાથી

**આનંદ બી. જોષી, સંદીપ ડી. પાનસુરીયા, દેવાંગ વિ. ભટ્ટ (એડવોકેટસ)** | ૪૧૬-રાષ્ટ્રદિપ કોમ્પલેક્ષ, રાષ્ટ્રીય શાળા મેઇન રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૭ ૧૧૧૦૦

## નામ બદલાવેલ છે

હું **પાલા જાનકી મનિષભાઇ** જણાવું છું કે મે મારુ નામ **લોઢીયા જાનકી સોનલબેન** માંથી બદલાવીને **પાલા જાનકી મનિષભાઇ** રાખેલ છે. જેથી હું હવેથી **પાલા જાનકી મનિષભાઇ** તરીકે ઓળખાઇશ.

**પાલા જાનકી મનિષભાઇ**

રહે. શ્રીજી, ૩-નવલનગર, રાજકોટ-૩૬૦ ૦૦૪.

## નામ બદલાવેલ છે

આથી હું **ગૌતમભાઇ જસમતભાઇ કોયાણી** જાહેર કરૂ છું કે, મારૂ (જુનું) નામ ગૌતમ જસમત કોયાણી માંથી બદલાવીને નવું નામ **ગૌતમભાઇ જસમતભાઇ કોયાણી** કરેલ છે અને હવે પછીથી, હું મારા નવા નામ **ગૌતમભાઇ જસમતભાઇ કોયાણી** તરીકે ઓળખાઇશ.

**રાજકોટ તા. ૧૨-૦૪-૨૦૨૪**

**સહી : ગૌતમભાઇ જસમતભાઇ કોયાણી**

## જાહેર નોટીસ

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના ગામ હરીપર (પાળ)ની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નં.૧૪ પૈકીની રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી ''એન.આર.આઇ. પાર્ક'' તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકીના પ્લોટ નં.૧૧૮ની જમીન ચો.વા.આ.૪૦૦-૫૦ બરાબર જમીન ચો.મી.આ. ૩૩૪-૯૦ ની ખુલ્લી જમીન અમો વેચનાર શ્રી દિપકકુમાર દામોદરભાઈ માણેક તથા શ્રીમતી ભદ્રાબેન દિપકકુમાર માણેક એ તેમના સંયુક્ત નામ જોગના વેચાણ દસ્તાવેજ અનુ.નં.૬૯૪૧ તા.૨૬/૧૦/૨૦૦૯ના રોજથી શ્રી કાન્તીલાલ એલ. પંખાનીઆ તથા શ્રીમતી વનિતાબેન કાન્તીલાલ પંખાનીઆના કુલમુખત્યાર શ્રી જીજ્ઞેશ રમણીકભાઈ કુંડારીયા પાસેથી ખરીદ કરેલ છે અને તે રીતે ત્યારથી સદર જમીનનો સંયુક્ત માલીકી કબજો ભોગવટો તેઓનો આવેલ છે અને સદરહું જમીન સંપુર્ણ રીતે બોજા રહીત તેમજ હાલની રેવન્યુ ઓથોરીટીની તમામ જોગવાઈઓનું પાલન કરવાની તથા સંપૂર્ણ ટાઈટલ કલીયર ફાઈલ પૂર્ણ કરી આપવાની શરતે ઉપરોક્ત મિલ્કત માલીક પાસેથી મારા અસીલ ખરીદ કરવા ઈચ્છે છે.

સદર સ્થાવર મિલ્કત મારા અસીલના ખરીદ કરવા પરત્વે કે સદર મીલ્કતના ટાઈટલ સંબંધે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો, દર, દાવો, પ્રાઈવેટ પેઢી, ફાયનાન્સ કે બેંકનું લેણું, કરજ, ગીરો, બોજો કે વારસાઈ હકક કે કોઈ ભરણપોષણનો હકક કે કુલમુખત્યારનામાનાં હકક કે કોઈપણ જાતનો કે કોઈપણ પ્રકારનો વાંધો-તકરાર હોય તો દિન-૮માં નીચેના સરનામે લેખિતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત દરમ્યાન કોઈના કોઈપણ પ્રકારના લેખીત વાંધા-તકરાર નહીં આવે તો તેઓએ તેમના વાંધા-તકરાર જતા (વેઈવ) કરેલ છે. તેમ માની મારા અસીલ શુધ્ધ બુધ્ધીના ખરીદનાર તરીકે સદરહું સ્થાવર મિલ્કત ધોરણસર રીતે ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા થશે નહી જેની તમામ લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૧૨/૦૪/૨૦૨૪

અમારા મારફત:

હિરેન શેઠ/અમી શેઠ/અમીત લોકવાણી/ વિજયેન્દ્ર પટેલ/ નીશીત પિઠડીયા, (એડવોકેટસ) અસીલની જાણ તથા સુચના અનુસાર

**હિરેન એમ.શેઠ એડવોકેટ**

C/O. ''શેઠ એડવોકેટસ'', ૫-૬ રાજન બીલ્ડીંગ, આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની સામે, મકકમ ચોક, ગોંડલ રોડ, રાજકોટ. મો.નં.૯૮૨૪૨ ૧૪૦૬૯

# 'ભ્રષ્ટાચાર સામેની લડાઈ અટકશે નહીં, EDના માત્ર ૩% કેસ રાજકારણીઓ વિરૂદ્ધ છે' : PM મોદી

## ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરથી ૧૦ કરોડ નકલી લાભાર્થીને હટાવ્યા : સરકારને ૨.૭૫ લાખ કરોડની બચત





ન્યુ દિલ્હી :

હાલમાં એક ઇન્ટરવ્યૂ દરમ્યાન વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોઈપણ સ્તરે ભ્રષ્ટાચાર સમગ્ર દેશના લોકોને અસર કરે છે. વડાપ્રધાને કહ્યું કે ભ્રષ્ટાચારનો અંત એ તેમની પ્રાથમિકતા છે. વિરોધીઓ સામે EDની કાર્યવાહીના આરોપો પર વડાપ્રધાને કહ્યું કે EDના માત્ર ત્રણ ટકા કેસ રાજકારણ સાથે જોડાયેલા લોકો સામે ચાલી રહ્યા છે. તાજેતરના ઈન્ટરવ્યુમાં પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભાજપ લોકસભા ચૂંટણીમાં ઐતિહાસિક જીત નોંધાવશે. છેલ્લા ૧૦ વર્ષમાં તેમની સરકારની સિદ્ધિઓમાં, વડા પ્રધાને વિકાસ, સામાજિક કલ્યાણ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રોમાં કરેલા કાર્યોની યાદી આપી હતી. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા અને રામ મંદિર નિર્માણની સિદ્ધિઓનો પણ ઉલ્લેખ કર્યો.

**'ભ્રષ્ટાચાર સહન નહીં કરીએ'**

વડાપ્રધાને કહ્યું કે 'છેલ્લા ૧૦ વર્ષમાં તેમની સરકારની પ્રાથમિકતા ભ્રષ્ટાચારને નાબૂદ કરવાની રહી છે.' તેમણે કહ્યું કે ભ્રષ્ટાચારીઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે. ભ્રષ્ટાચાર, ગમે તે સ્તરે, દેશના લોકોને અસર કરે છે. આવી સ્થિતિમાં દેશના લોકોના કલ્યાણ માટેના નાણાંની ચોરી કરનારાઓ સામે કાર્યવાહી થવી જોઈએ. વડાપ્રધાને કહ્યું કે 'ભ્રષ્ટાચાર સામેની લડાઈ અટકશે નહીં.'

**'ઇડીના માત્ર ત્રણ ટકા કેસ રાજકારણ સાથે જોડાયેલા છે'**

વડાપ્રધાન મોદીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ ભ્રષ્ટાચારના આરોપમાં જેલમાં છે. વિરોધ પક્ષો સરકાર પર કેન્દ્રીય તપાસ એજન્સીઓનો વિરોધીઓ વિરૂદ્ધ ઉપયોગ કરવાનો આરોપ લગાવી રહ્યા છે. આના પર, વડા પ્રધાને આરોપોને સંપૂર્ણ રીતે નકારી કાઢ્યા અને કહ્યું કે EDના માત્ર ત્રણ ટકા કેસ રાજકારણ સાથે સંબંધિત છે. વડા પ્રધાને કહ્યું, 'જે રાજ્યોમાં ભાજપ સત્તામાં છે ત્યાં પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે આરોપો લગાવવામાં આવી રહ્યા છે તે એવા લોકો દ્વારા જ લગાવવામાં આવી રહ્યા છે જેમને પોતાની સામે તપાસનો ડર છે. વડા પ્રધાને કહ્યું કે '૨૦૧૪માં અમારી સરકાર બની કે તરત જ અમે ભ્રષ્ટાચાર વિરુદ્ધ પગલાં લેવાનું શરૂ કર્યું. અમે સેન્ટ્રલ રિક્રુટમેન્ટમાં ગ્રુપ સી અને ગ્રુપ ડીના ઈન્ટરવ્યુ પૂરા કર્યા. અમે દેશમાં ક્લિયરન્સ માટે સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરી છે. અમે સરકારી સેવાઓને શક્ય તેટલી પારદર્શક બનાવવાનો પ્રયાસ કર્યો છે.

**'છેલ્લા ૧૦ વર્ષમાં EDએ ૧ લાખ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરી છે'**

ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) ના લાભોની ગણતરી કરતા, એટલે કે લોકોના બેંક ખાતામાં સીધા નાણાં મોકલવા, વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'DBTએ ૧૦ કરોડથી વધુ નકલી લાભાર્થીઓને દૂર કરવામાં સરકારને મદદ કરી છે. સરકારે આનાથી ૨.૭૫ લાખ કરોડ રૂપિયા બચાવ્યા છે, જે ખોટા હાથમાં જઈ રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, '૨૦૧૪ પહેલા EDએ ૫,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. છેલ્લા ૧૦ વર્ષમાં ED દ્વારા જપ્ત કરાયેલી રકમ વધીને ૧ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે. ૨૦૧૪ પહેલા EDએ ૩૪ લાખ રૂપિયાની રોકડ જપ્ત કરી હતી, જ્યારે અમારી સરકારમાં ૨૨૦૦ કરોડ રૂપિયાથી વધુની રોકડ જપ્ત કરવામાં આવી છે. વિચારો, જો આ પૈસા ગરીબ લોકોના કલ્યાણ માટે ખર્ચવામાં આવ્યા હોત તો કેટલા લોકોને તેનો ફાયદો થયો હોત. યુવાનો માટે કેટલી તકો ઊભી કરી શકાઈ હોત. કેટલા નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ શરૂ થઈ શક્યા હોત.

**વડાપ્રધાને કહ્યું ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો અસલી તફાવત**

ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો તફાવત સમજાવતા પીએમ મોદીએ કહ્યું કે ભાજપ દેશને મજબૂત કરે છે, જ્યારે કોંગ્રેસ માત્ર પરિવાર પર ધ્યાન આપે છે. તેમણે કહ્યું કે પહેલીવાર લોકોને બીજેપી મોડલ અને કોંગ્રેસ મોડલની સરખામણી કરવાની તક મળી છે. કોંગ્રેસે સંપૂર્ણ બહુમતી સાથે ૫-૬ દાયકા સુધી દેશમાં શાસન કર્યું. તે જ સમયે, ભાજપે પૂર્ણ બહુમતી સાથે શાસન કર્યાને માત્ર એક દાયકા જ પસાર થયા છે. જ્યારે કોંગ્રેસ પાસે પૂર્ણ બહુમતીની સરકાર હતી ત્યારે તેઓએ પરિવારને મજબૂત બનાવ્યો હતો, જ્યારે અમારી બહુમતી સરકારમાં અમારી પ્રાથમિકતા દેશ, ગામડાઓ, ગરીબો, મધ્યમ વર્ગ અને ખેડૂતોને મજબૂત કરવાની છે. તેમની સરકારના વિઝન વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે ગરીબી દૂર કરવા, સ્વચ્છતા વધારવા અને ગરીબોને ઘર આપવા પર ધ્યાન આપવામાં આવશે. વડાપ્રધાને કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં જે કંઈ પણ થયું છે તે માત્ર ટ્રેલર છે. હજુ ઘણું કરવાનું બાકી છે. દેશને આગળ લઈ જવાનો છે.

## છેલ્લા ૧૦ વર્ષમાં જે કર્યું તે માત્ર ટ્રેલર છે, હજુ દેશને ઘણો આગળ લઈ જવાનો છે

# દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન આવશે! ખુદ કેજરીવાલ સરકારને મંત્રી આતિશીએ ચાર કારણો બતાવ્યા

## ચૂંટાયેલી સરકારને બરતરફ કરવાનું ગેરબંધારણીય પગલું લેવા કેન્દ્ર સરકાર ભૂમિકા બનાવી રહી છેઃ લાંબા સમયથી અધિકારીઓનું પોસ્ટીંગ અટકાવાયુંઃ એલજી વારંવાર કેન્દ્રને પત્ર લખે છે



નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીમાં આમ આદમી પાર્ટી સરકારના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને તેમનો જેલવાસ લાંબો સમય ચાલે તેવા સંકેતો વચ્ચે હવે રાજ્યમાં મુખ્યમંત્રીની હાજરી વગરની સરકારને બરતરફ કરીને રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવે તેવા સંકેત છે. અને આમ આદમી પાર્ટીના પ્રવકતા તથા કેબીનેટ મંત્રી આતિશીએ પણ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે દિલ્હીમાં સરકાર ન ચાલી શકે તે માટે કેન્દ્ર સરકાર પ્રયત્ન કરી રહી છે. એક તરફ આમ આદમી પાર્ટીમાં આતંરીક રીતે પણ હવે વિખવાદ સર્જાયો છે અને તે વચ્ચે આતિશીએ ત્રણ સંકેત આપતા કહ્યું કે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનના લક્ષણો હું જોઇ રહી છું અને કેન્દ્ર સરકારએ દર્શાવવા પ્રયત્ન કરે છે કે દિલ્હીમાં બંધારણીય કટોકટી સર્જાઇ છે અને રાષ્ટ્રપતિ શાસન સિવાય કોઇ વિકલ્પ નથી.

તેમણે આજે પત્રકાર પરિષદમાં કહ્યુ કે દિલ્હીમાં ચૂંટાયેલી સરકાર સામે મોટો રાજકીય ષડયંત્ર રચાયું છે. દિલ્હીમાં અધિકારીઓનું પોસ્ટીંગ થતું નથી અનેક વિભાગોમાં પદ ખાલી છે પરંતુ તેમાં અધિકારીઓની નિુયક્તિ થતી નથી અને લેફ. ગર્વનર વારંવાર કેન્દ્રીય ગૃહમંત્રાલયને પત્ર લખીને એવું કહેવા માંગે છે કે મંત્રીઓ મીટીંગમાં આવતા નથી જ્યારે દિલ્હીમાં અધિકારીઓએ પણ આચાર સંહિતાના નામે મીટીંગમાં આવવાનું બંધ કર્યુ છે. અને ૨૦ વર્ષ જુના કેસને આગળ ધરીને મુખ્યમંત્રીના અંગત સચિવને બરતરફ કરાયા છે. તેમણે કહ્યું કે ભાજપ દિલ્હીમાં ચૂંટણી જીતી શકે તેમ નથી તેથી કેજરીવાલ સરકારનું પતન લાવવાનું ષડયંત્ર રચ્યું છે. પરંતુ જો રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવશે તો તે ગેરબંધારણીય અને ગેર કાનુની છે. બંધારણ મુજબ કોઇપણ સરકાર બહુમતીમાં હોય તેને બરતરફ કરાવી શકાતી નથી. ૨૦૧૬માં જ ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના કેન્દ્રના નિર્ણયને સુપ્રિમ કોર્ટે ફગાવી દીધો હતો અને દિલ્હીમાં પણ તે જ થશે.

## કેજરીવાલની ધરપકડ કરવા અમારી પાસે પણ પુરતા પુરાવાઃ સીબીઆઇ

### દિલ્હીના મુખ્યમંત્રી ઈડીના કેસમાં જેલમાંથી બહાર નીકળે તો સીબીઆઇ ઝડપી લેશે



નવી દિલ્હી, તા.૧૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલએ તેમની ધરપકડને ગેરકાનુની ગણાવીને સુપ્રિમ કોર્ટમાં પડકાર ફેંક્યો છે અને આગામી સપ્તાહએ તેના પર સર્વોચ્ચ અદાલત વિચારશે પણ કેજરીવાલનો જો ઇડીની ધરપકડમાં છુટકારો થાય તો સીબીઆઇ તેમને કસ્ટડીમાં લેવા ટાંપીને બેઠી છે અને કેજરીવાલ સામે ધરપકડ કરવા તેમની પાસે પુરતા પુરાવા હોવાનો પણ દાવો કર્યો છે. દિલ્હીના શરાબ કાંડમાં જ ઝડપાયેલા બીઆરએસ નેતા કે. કવિતાની રીમાન્ડની માંગણી સમયે સીબીઆઇએ કહ્યું કે અમારી પાસે વોટ્સએપ ચેટના એવા પુરાવા છે કે જેમાં કવિતા અને કેજરીવાલ બંને સામે કામ ચલાવી શકાય છે. કવિતાની પાંચ દિવસની રીમાન્ડ સીબીઆઇએ માંગી છે અને તે સમયે જણાવ્યું કે સાઉથ ગ્રુપના એક શરાબના કારોબારી અરવિંદ કેજરીવાલની મુલાકાત લેતા હતા અને તેણે શરાબના વેપાર માટે કેજરીવાલની મદદ માંગી હતી અને કેજરીવાલે તેમાં ખાતરી પણ આપી હતી અને તેમાં તેના પુરાવા અમારી પાસે છે.

રાજય કલમ ૩૭૦થી આગળ નીકળી ગયું છે અને કોંગ્રેસ ફરી તેને આતંકવાદમાં ધકેલવા માંગે છેઃ વડાપ્રધાન

# જમ્મુ-કાશ્મીરમાં ટૂંક સમયમાં જ પુર્ણ રાજયનો દરજજો અને વિધાનસભા ચુંટણીઓ પણ યોજાશેઃ મોદી

### ઉધમપુરમાં ચુંટણીસભાને સંબોધન સમયે કાશ્મીરના યુવાનોના સ્વપ્ન પુરા કરવા ગેરંટી આપતા મોદી



### વિપક્ષના નેતાઓ નવરાત્રી અને શ્રાવણ માસમાં પણ માંસાહાર કરે છેઃ તેજસ્વીના વિડીયો પર પ્રહાર

જમ્મુ તા.૧૨

લોકસભા ચૂંટણીમાં પ્રથમ તબકકાની બેઠકો પર પ્રચાર તેજ બનાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ વખત સતાવાર રીતે ચુંટણી પ્રચારે પહોંચી ગયા બાદ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે જમ્મુ-કાશ્મીરને ટુંક સમયમાં જ પુર્ણ રાજયનો દરજજો મળી જશે. શ્રી મોદીએ આ ઉપરાંત કહ્યું કે રાજયમાં વિધાનસભા ચુંટણીઓ પણ યોજવા તૈયારી થઈ ગઈ છે. શ્રી મોદીએ કલમ ૩૭૦ની નાબુદી પછીની પરીસ્થિતિનો ઉલ્લેખ કરતા કહ્યું કે રાજયમાં જે રીતે સહેલાણીઓ અને શ્રદ્ધાળુઓની રેકર્ડબ્રેક સંખ્યા આવી રહી છે તેથી હવે હું રાજયના યુવાવર્ગના સ્વપ્નાઓ પુરા થતા જોઈ રહ્યો છું અને તમારા સ્વપ્ના એ મોદીનો સંકલ્પ છે અને હું તે પુરા કરવાની ગેરંટી આપુ છું. શ્રી મોદીએ કહ્યું કે કોંગ્રેસ પક્ષ હંમેશા નફરતથી કામ કરી રહી છે અને એ કહેતી હતી કે રામમંદિર કદી ચુંટણી મુદો હશે નહી. વરસાદમાં પણ રામલલ્લા ટેન્ટમાં રહેતા હતા અને તેમના ભકતો અદાલતના ચકકર કાપતા હતા. જે એ કરોડો લોકોની આસ્થા પર ચોટ સમાન હતું. શ્રી મોદીએ એ પણ ચાબખો માર્યો કે નવરાત્રી અને શ્રાવણ માસ દરમ્યાન વિપક્ષી નેતાઓ માંસાહાર કરે છે તેમનો સીધો ઉલ્લેખ હાલમાં જ બિહારમાં રાજદના નેતા તેજસ્વી યાદવના એ વાયરલ થયેલા વિડીયો પર હતો. જયાં તેમને મચ્છી ખાતા દર્શાવાયા હતા. શ્રી મોદીએ ઉધમપુરમાં જાહેરસભાને સંબોધી હતી અને કહ્યું કે કાશ્મીર હવે કલમ ૩૭૦થી આગળ નીકળી ગયું છે અને કોંગ્રેસ ફરી રાજયને આતંકવાદમાં ધકેલવા માંગે છે.

## બાબા રામદેવ સામેના કેસમાં સુપ્રિમની ટીપ્પણીથી પૂર્વ ન્યાયમૂર્તિઓ નારાજ

### 'હમ આપ કી બખીયા ઉધેડ દેંગે' તેવો શબ્દ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિને શોભે નહીંઃ ટીપ્પણી

દિલ્હી, તા.૧૨

આયુર્વેદની ભ્રામક જાહેરાતો મુદ્દે યોગ ગુરૂ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ સામેના કેસમાં સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ અમાનુલ્લાહ ખાનની ટીપ્પણી મુદ્દે વિવાદ સર્જાયો છે અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ આ પ્રકારની ટીપ્પણી કરી શકે નહીં તેવું અનેક પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિઓ અને નિવૃત્ત ન્યાયમૂર્તિઓએ આ અંગે નારાજગી વ્યકત કરી છે. જસ્ટીસ અમાનુલ્લાહએ કેસની સુનાવણી કરતા સમયે ઉત્તરાખંડ સરકારના ડ્રગ લાયસન્સ વિભાગની ટીકા કરતા સમયે એવું વિધાન કર્યું હતુ કે 'હમ આપકી બખીયા ઉધેડ દેંગે' જેની સામે પૂર્વ ન્યાયમૂર્તિઓએ કહ્યું કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની ભાષા આ પ્રકારની હોવી જોઇએ નહીં અને તેની કોઇપણ ટીપ્પણી કાનૂની શબ્દની આસપાસ જ હોવી જોઇએ. બખીયા ઉધેડ દેંગે એ શબ્દનો અર્થ સુપ્રિમ કોર્ટના જજના મોઢામાં શોભે નહીં અગાઉ સુપ્રિમ કોર્ટે બિહારના તત્કાલીન રાજયપાલ બુટ્ટાસિંઘ જ્યારે દિલ્હીમાં બંગલો ખાલી કરતાં ન હતા તે સમયે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિએ એવું આકરા શબ્દોમાં કહ્યું હતું કે જો બંગલો ખાલી કરતાં ન હોય તો તેમનો સામાન બહાર ફેંકી દેવો જોઇએ. આ અંગે પૂર્વ ન્યાયમૂર્તિ ક્રિષ્નાસ્વામીએ કહ્યુ કે જજોનું આચરણ સમાજના લોકો જોતા હોય છે અને તેથી તેઓ પોતાના શબ્દોમાં પણ સ્વયંમ રાખવો જોઇએ.

## ફિલ્મી હસ્તીઓનો ચૂંટણી પ્રચારઃ





દેશમાં ચૂંટણી પ્રચારનો માહોલ જામ્યો છે. વિવિધ પક્ષોએ ફિલ્મી હસ્તીઓને મેદાનમાં ઉતાર્યા છે. આ ફિલ્મી હસ્તીઓએ મતદાતાઓ સુધી પહોંચવા જાત-જાતની પ્રયુકિતઓ અજમાવી છે. મથુરા લોકસભા વિસ્તારમાંથી મેદાનમાં ઉતરેલા એકટ્રેસ હેમા માલિનીએ એક ખેતરમાં જઈને ઘઉંના પાકની લણણી કરી હતી તો બીજી બાજુ કંગના રનૌત પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન મતદાતાઓને મળ્યા હતા.

## કોંગ્રેસ ફંડની સમસ્યાનો સામનો કરી રહી છે', ઉમેદવારોને સમર્થન આપવામાં સમસ્યા છેઃ જયરામ રમેશ

ન્યુ દિલ્હી :

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું છે કે પાર્ટી ફંડની સમસ્યાનો સામનો કરી રહી છે, જેના કારણે પાર્ટીને લોકસભા ચૂંટણીમાં ઉમેદવારોને સમર્થન કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલા પગલાઓને કારણે આર્થિક સંકટ ઉભું થઈ રહ્યું છે.

**'ભાજપ કોંગ્રેસના માર્ગમાં અવરોધો ઉભી કરી રહી છે' :**

કોંગ્રેસ નેતાએ કહ્યું કે ભાજપ ભલે કોંગ્રેસના માર્ગમાં અવરોધો ઉભી કરી રહ્યું હોય, છતાં પણ અમને સ્પષ્ટ બહુમતી મળશે તેવો દાવો કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમારા માટે સમસ્યાઓ ઊભી કરવાના પ્રયાસો કરવામાં આવ્યા, અમારા ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા, એમ છતાં અમે જાહેર ભંડોળ દ્વારા ૩૦૦ કરોડ રૂપિયા એકઠા કર્યા હતા. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટે ફેબ્રુઆરીમાં કોંગ્રેસના ચાર મોટા બેંક ખાતાઓ ફ્રીઝ કરી દીધા હતા. જયરામ રમેશે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ નેતાઓનું ભાજપ દ્વારા અપમાન કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે ભલે ભાજપ અમારા નેતાઓને ડરાવવાનો પ્રયાસ કરી રહી છે,



## કયો પ્રાદેશિક પક્ષ કિંગમેકર બનશે ?

રાષ્ટ્રીય સ્તરે, ભાજપ અને કોંગ્રેસ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં એકબીજા સાથે સામસામે હોય તેવું લાગે છે. આમાં બંનેના હિત છુપાયેલા છે. પરંતુ, મોટાભાગે બંને વચ્ચેની આ લડાઈનું પરિણામ પ્રાદેશિક પક્ષો નક્કી કરશે. અત્યાર સુધીની ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોનું પ્રદર્શન કેવું રહ્યું છે

### ૧૯૫૧-૧૯૯૧ સુધીની ઘટના

- રાષ્ટ્રીય પક્ષોએ ૧૯૫૧-૫૨ની ચૂંટણીમાં ૮૫% બેઠકો જીતી.
- પ્રથમ સામાન્ય ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોએ માત્ર ૭% બેઠકો જીતી હતી.
- ૧૯૬૨ની ચૂંટણીમાં રાષ્ટ્રીય પક્ષોએ ૮૯% બેઠકો જીતી હતી.
- ત્રીજી સામાન્ય ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષો માત્ર ૬% બેઠકો જીતી શક્યા.
- ૧૯૮૦ની ચૂંટણીમાં ૯૨% બેઠકો રાષ્ટ્રીય પક્ષોને ગઈ.
- જનતા પાર્ટીની સરકાર પડ્યા બાદ પ્રાદેશિક પક્ષોને ૬% બેઠકો મળી.
- ૧૯૮૪ની ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોને ૧૨% બેઠકો મળી હતી.
- ૧૯૮૯ની ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોની બેઠકો ઘટીને ૫% થઈ ગઈ.
- ૧૯૯૨ની સામાન્ય ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષો ૧૦% બેઠકો જીતી શક્યા.

### ૧૯૯૬ની ચૂંટણી પછી ચિત્ર બદલાયું



- -૧૯૯૬ની સામાન્ય ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોએ ૨૪% બેઠકો જીતી હતી.
- - રાષ્ટ્રીય પક્ષોની બેઠકોનો હિસ્સો ૭૪% પર પહોંચ્યો
- - ૧૯૯૮ની ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોને ૧૯% બેઠકો મળી હતી.
- - ચૂંટણીમાં રાષ્ટ્રીય પક્ષોનો હિસ્સો ઘટીને ૭૧% બેઠકો પર આવી ગયો.
- - ૧૯૯૯ અને ૨૦૦૪ની ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોને ૨૯% બેઠકો આપવામાં આવી હતી.
- - ૨૦૦૯માં ૨૭% બેઠકો પ્રાદેશિક પક્ષોને અને ૬૯% રાષ્ટ્રીય પક્ષોને ગઈ.
- - ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોએ ૩૨% બેઠકો જીતી હતી.
- - ૨૦૧૪ની ચૂંટણીમાં રાષ્ટ્રીય પક્ષોને ૬૩% બેઠકો મળી હતી.

### ૨૦૧૯માં સ્થિતિ કેવી હતી?

- - યુપીમાં બસપાને ૧૦ અને સપાએ ૫ સીટો જીતી છે.
- - બિહારમાં જેડીયુને ૧૬ અને એલજેપીને ૬ બેઠકો મળી હતી.
- - ઝારખંડમાં JMM અને AJSUને ૧-૧ સીટ મળી છે.
- - બંગાળમાં ટીએમસીને ૨૨ અને ઓડિશામાં બીજેડીને ૧૨ બેઠકો મળી છે.
- - આંધ્રમાં YSRCPને ૨૨ અને TDPને ૩ બેઠકો મળી છે.
- - તમિલનાડુમાં ડીએમકેએ ૨૩ બેઠકો અને એઆઈડીએમકેએ એક બેઠક જીતી હતી.
- - તેલંગાણામાં BRSને ૯ અને AIMIMને એક સીટ મળી છે.
- - મહારાષ્ટ્રમાં શિવસેનાને ૧૮, NCPને ૪ અને AIMIMને એક બેઠક મળી છે.

# NCPના નામે ૨.૮૦ કરોડના ડોનેશનનું ઉઘરાણુ

### બંધન બેંકમાં ખાતુ ખોલાવી ઠગભગતે રસીદ બુક પણ છપાવી : ૮૬ લોકો શિકાર : આવકવેરા વિભાગ દ્વારા પણ તપાસ શરૂ




અમદાવાદ, તા. ૧૨

એનસીપીના નામે બંધન બેંકમાં એકાઉન્ટ ખોલાવીને ડોનેશન માંગવાના કૌભાંડમાં સાયબર ક્રાઇમ પોલીસે એક આરોપીને વટવામાંથી ઝડપી પાડયો છે. જેમાં આરોપી એનસીપીના ભળતા નામે ખોટી કંપની ઉભી કરીને તે નામથી બેંક એકાઉન્ટ ખોલાવ્યું હતું. તેમજ આરોપી જે લોકો ફંડ જમા કરાવે તેમને પાર્ટીની બનાવટી રસીદ પણ આપતો હતો.

પોલીસે તપાસ કરતા ૮૬ લોકો સાથે આ પ્રકારની ઠગાઇ આચરવામાં આવી હોવાનું સામે આવી હોવાનું સામે આવ્યું છે. તેમજ આરોપી જે રકમ ડોનેશનમાં આવે તેની ૧૦ ટકા રકમ મેળવી બાકીના રૂપિયા પરત આપતો હતો.

બોડકદેવમાં રહેતા હેમાંગભાઇ હર્ષદભાઇ શાહ છેલ્લા પાંચ વર્ષથી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં ખજાનચી તરીકે કામ કરે છે. રાજકીય પક્ષોને મળતા ડોનેશન પર ઇન્કમટેકસમાંથી ૧૦૦ ટકા રિબેટ મળે છે. જેથી એક ગઠિયાએ સોશ્યલ મીડિયા પર એનસીપીના નામે એક બેંક એકાઉન્ટની માહિતી મુકી હતી. તે એકાઉન્ટમાં એનસીપીના નામે ડોનેશન ઉઘરાવવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળ્યું હતું. જેને લઇને હેમાંગભાઇએ તપાસ કરતા જે એકાઉન્ટ નંબર એનસીપીના નામે સોશ્યલ મીડિયામાં ફરતો કરવામાં આવ્યો હતો તે એકાઉન્ટ નંબર બંધન બેંકનો હતો. આટલું જ નહીં આ એકાઉન્ટ નંબર પર ડોનેશન કરનારને એનસીપીની બનાવટી સ્લિપ પણ આપવામાં આવી હતી. જેથી આ અંગે હેમાંગભાઇ શાહે સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ટેકનીકલ એનાલિસિસ કરીને વટવામાંથી આરોપી મોહમંદ આમીર શેખની ધરપકડ કરી હતી. આરોપીની પુછપરછ કરતા આરોપીએ ચૂંટણી ફંડના નામે લોકો પાસેથી ટેકસ બેનીફિટ આપવાની લાલચ આપીને તે છેલ્લા છ મહિનાથી એકાઉન્ટ ખોલી સોશ્યલ મીડિયા પર જાહેરાત કરીને ૮૬ લોકો પાસેથી એનસીપીના નામે રૂપિયા પડાવ્યા છે.

**આવકવેરા**

આરોપી એનસીપીના નામે બનાવટી પહોંચ પણ આપતો હતો. તેમજ પોલીસે બંધન બૈંકના એકાઉન્ટની તપાસ કરતા તેમાં નવેમ્બર ૨૦૨૩ બાદ કુલ ૨.૮૦ કરોડ જમા થયા હતા. તેમજ આ અંગે અન્ય લોકોની પણ સંડોવણી સામે આવી શકે તેમ છે. હાલમાં સાયબર ક્રાઇમે આવકવેરા વિભાગને આ અંગે માહિતી આપીને તપાસ શરૂ કરી છે.

## પંજાબમાં લોકસભા ચૂંટણીમાં ઈન્દિરા ગાંધીના હત્યારાના પુત્રે ઝંપલાવ્યું

### બિયંતસિંહનો પુત્ર સરબજીતસિંહ અગાઉ અનેકવાર હારી ચૂકયો છે.



ફરીદકોટ (પંજાબ) તા.૧૨

પંજાબનાં ફરીદકોટ લોકસભાની સીટમાં ભાજપે ઉતર પશ્ચિમી દિલ્હીનાં પોતાના હાલનાં સાંસદ અને સુફી ગાયક હંસરાજ હંસને ઉતાર્યો છે. જયારે આમ આદમી પાર્ટીએ એકટર કરમજીત અનમોલને ટીકીટ આપી છે ત્યારે આ ચૂંટણી જંગમાં પૂર્વ વડાપ્રધાન સ્વ.ઈન્દીરા ગાંધીનાં સિકયોરીટી ગાર્ડ અને હત્યારા બિયંતસિંહનો પુત્ર સરબજીતસિંહ ખાલસા અપક્ષ ઉમેદવાર તરીકે ઊતર્યો છે. બિયંતસિંહનાં ૪૫ વર્ષિય પુત્ર સરબજીતસિંહ ખાલસાએ ચૂંટણી લડવાને લઈને જણાવ્યું હતું કે વિસ્તારનાં ઘણા લોકોએ તેને ફરીદકોટથી ચૂંટણી લડવાનુ કહ્યું છે. જન સમર્થન મળવાને કારણે જ હું ચૂંટણી લડી રહ્યો છુ. તેમ તેણે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ૧૨ માં ધોરણ બાદ અભ્યાસ છોડી દેનાર સરબજીતસિંહ ખાલસાનાં પરિવારનો રાજનીતી સાથે જુનો નાતો છે. તેની માતા બિમલકૌર ૧૯૮૯ માં રોપડમાં સાંસદ રહી ચુકી છે તો તેના નાના સુરચાસિંહ તે વર્ષ બઠીંડામાં સાંસદ બન્યા હતા.

સરબજીતસિંહ આ પહેલા ૨૦૧૪ અને ૨૦૦૯ માં લોકસભા ચૂંટણી લડી ચુકયા છે પણ તે હારી ગયો હો ૨૦૧૯ માં તે બસપાનાં ઉમેદવાર તરીકે ચૂંટણી હારી ગયો હતો.

# આધાર કેન્દ્ર અને સીવીક સેન્ટરમાં સર્વરના ધાંધીયા : કરદાતાઓ હેરાન થયા

## બે દિવસની સરકારી રજા બાદ આજે લાંબી લાઈનો : વેરો ભરવામાં પણ સમય બગડયો : જન્મ-મરણના દાખલા કઢાવવા પણ અરજદારો કલાકો સુધી ઉભા રહ્યા

રાજકોટ, તા. ૧૨

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં આજે બે દિવસની રજા બાદ કામકાજ શરૂ થતા આધાર કેન્દ્ર અને નાગરિક સુવિધા કેન્દ્રમાં લોકોની લાઇન લાગી હતી. આજે સવારે બેક કલાક સુધી સર્વર ડાઉન રહેતા આધાર કાર્ડ ઉપરાંત વેરો ભરવા, જન્મ-મરણના દાખલા કાઢવા સહિતની કામગીરી પ્રભાવિત થઇ હતી. જોકે બપોરથી રાબેતા મુજબ કામ શરૂ થયું હતું.

દરમ્યાન વેરા વળતર યોજના શરૂ થયા બાદ આજ સુધીમાં ૨૫ હજારથી વધુ નાગરિકે ૧૪ કરોડથી વધુનો ટેકસ ચૂકવ્યો છે અને ૮૦ ટકાથી વધુ કરદાતાઓએ સ્માર્ટ ઓનલાઇન વ્યવસ્થાનો ઉપયોગ કર્યો છે તે નોંધપાત્ર બાબત છે.

મ્યુનિ. કોર્પોરેશનની ટેકસ શાખાના મેનેજરના જણાવ્યા મુજબ તા.૮ એપ્રિલથી એડવાન્સ વેરામાં વળતર યોજનાનો પ્રારંભ થયો હતો. ઓનલાઇન વેરો ૨૪ કલાક ચૂકવી શકાય છે અને તેમાં કોઇ રજા હોતી નથી. આજે બપોર સુધીમાં ૨૫૩૪૦ નાગરિકોએ ૧૪.૧૩ કરોડનો વેરો ભરીને વળતર મેળવ્યું છે. આ પૈકી ૨૦૩૫૭ કરદાતાઓએ ૧૧.૩૧ કરોડનો વેરો ઓનલાઇન ચૂકવ્યો છે. મનપા અને લોકો બંનેનો સમય આ ઓનલાઇન વ્યવસ્થા બચાવે છે અને તે કારણે વધુને વધુ લોકો વેબસાઇટ પર કે વોટસએપ ઉપરથી પણ ટેકસ ચૂકવી રહ્યા છે.

દરમ્યાન બે દિવસની સરકારી રજા બાદ આજે કચેરી ખુલી હતી. રાબેતા મુજબ સવારથી આધાર કેન્દ્ર બહાર લોકોની લાઇન હતી. જે બપોર સુધી યથાવત રહી હતી. સવારે ૧૦ થી ૧૨ સુધી સર્વર ધીમુ ચાલતું હતું. તેની અસર આધાર કેન્દ્ર અને સીવીક સેન્ટરમાં પણ હતી. આધાર કેન્દ્રમાં ફરી પાર્કિંગ સુધી લાઇન આવી ગઇ હતી. ખુબ ધીમી ગતિએ કામ ચાલતું હતું જે બપોરથી પૂર્વવત થયાનું અધિકારીઓએ કહ્યું હતું.

બીજી તરફ વેરા વળતર યોજના શરૂ થઇ છે ત્યારે નાગરિક સુવિધા કેન્દ્રમાં પણ વધુ લોકો ચેક અને કેશથી એડવાન્સ વેરો ભરવા પહોંચ્યા હતા. સવારે ઓનલાઇન વેરો ભરવામાં સર્વરના ધાંધીયા નડતા હતા. આ કારણે સીવીક સેન્ટર બહાર લાઇન હતી જોકે અરજદારો માટે ખુરશીની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ ઘણા કરદાતાઓનો સમય બગડયો હતો. આ જ રીતે જન્મ-મરણ વિભાગમાં પણ કામનું ભારણ વધી ગયું હતું. દાખલા કાઢવાની કામગીરી પણ ધીમી ગતિએ ચાલતી હોવાનું દેખાયું હતું.

વેરા વિભાગનું કામ તો ઓનલાઇન થતું હોય છે પરંતુ આધાર કાર્ડનું કામ રૂબરૂ જ કરવું પડતું હોય, નાગરિકો હેરાન થયા હતા. સીવીક સેન્ટર અને આધાર કેન્દ્ર બિલ્ડીંગ બહાર કલાકો સુધી લોકો હેરાન થયા બાદ બપોરે ગાડી પૂર્વવત દોડતી થઇ હતી.




(તસ્વીર : દેવેન અમરેલીયા)

મહાપાલિકામાં આજે કોમ્પ્યુટર સિસ્ટમનું સર્વર ડાઉન થતા આધાર કેન્દ્ર અને સિવિક સેન્ટરમાં કામગીરી ધીમી પડી ગઇ હતી. બે દિવસની રજા બાદ આજે કેન્દ્રોમાં ફરી લોકોની ભીડ દેખાઇ હતી. બંને સેવા કેન્દ્રો બહાર લોકોની લાઇન જોવા મળતી હતી.

# મચ્છરોએ ફુંફાડો મારતા ગપ્પી માછલીના વિતરણ માટે ઝુંબેશ

## મનપાએ જુદા જુદા વોર્ડમાં ૩૩૪ સ્થળે પોરાભક્ષક માછલી મૂકી : લોકોને વિનામૂલ્યે લાભ લઇ ડેંગ્યુથી બચવા જાગૃત થવા અનુરોધ



રાજકોટ, તા. ૧૨

ડેંગ્યુ અને મેલેરિયા ફેલાવતા મચ્છર ચોખ્ખા સંગ્રહિત અને સ્થિર પાણીના સ્ત્રોત્ત ઉત્પન્ન થાય છે. મચ્છર પાણીમાં ઈંડા મુકે છે. ઈંડામાંથી પોરા, પ્યુપા અને અંતમાં પુખ્ત મચ્છર બને છે. મચ્છરની ઉત્પતિ અટકાવવા પોરાભક્ષક ગપ્પી માછલીએક ઉત્તમ ઉપાય છે. આ માછલી મચ્છરના પોરા ખાઈ જતી હોવાથી મચ્છર બનતા નથી. તથા આ માછલી પર્યાવરણની દ્રષ્ટિએ નુકસાનકારક નથી, તેની પાછળ કોઈ મોટો ખર્ચ થતો નથી. ગપ્પી માછલીનું સરેરાશ આયુષ્યચાર થી પાંચ વર્ષનું હોય છે. જેથી તે લાંબાગાળા સુધી અસરકારક રહે છે.

એક માછલી દિવસના ૧૦૦ - ૧૫૦ મચ્છરના પોરાને ખાઈ જાય છે.પોરાભક્ષક માછલી તળાવ, મોટા ખાડા, અવેડા, ખુલ્લા રહેતા મોટા ટાંકા, પાણી ભરેલ બીનવપરાશી ટાંકા, ફુવારા, હોજ, કુવાજેવા સ્થળો એ કે જયાં નિયમિત રીતે પાણી ભરાઈ રહેતું હોય તેવી જગ્યાએ મુકવામાં આવે તો ડેંગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા ફેલાવતા મચ્છરની ઉત્પતિ અટકાવી શકાય છે તથા આવા રોગોથી લોકોને રક્ષણ મળે છે. ૧ ચો.મી. પાણીના ક્ષેત્રફળમાં ૫ થી ૧૦ નર- માદા માછલી મુકી શકાય છે. આ માછલીને અન્ય કોઈ ખોરાક આપવાની જરૂર રહેતી નથી.

વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ આરોગ્ય- મેલેરિયા શાખા દ્વારા શહેરના વિવિધ વોર્ડમાં ખુલ્લા રહેતા મોટા ટાંકા, પશુઓના પીવાના પાણીના અવેળા,ફુવારા વગેરેમાં ૩૩૪ ઘર, સ્થળો એ પોરાભક્ષક માછલી મુકવામાં આવેલ છે.

લોકો પોતાના ઘર પ્રિમાઈસીસમાં મોટા ખુલ્લાા ટાંકા, સુશોભન માટે બનાવેલ ફુવારા હોય તો તેમાં પોરાભક્ષક માછલી મુકી શકે છે. આ માછલી વિનામુલ્યે આરોગ્ય-મેલેરિયા શાખાની ઝોનલ ઓફિસ (૧) સેન્ટ્રલ ઝોન મેલેરિયા ઓફિસ-આરોગ્ય કેન્દ્રની બાજુમાં (અખિલ હિન્દ મહિલા પરિષદ), પુજારા, પ્લોટ ચોક, વોર્ડ નં. ૧૫, મેલેરિયા ભવન, (૨) ઈસ્ટ ઝોન મેલેરિયા ઓફિસ - સ્વ. ચંપકભાઈ વોરા ડિસ્પેન્સરી, ભાવનગર રોડ, રાજકોટ. (૩) વેસ્ટ ઝોન મેલેરિયા ઓફિસ - રૈયા ચોકડી, કિસ્મત હોટલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, (જુની વોર્ડ ઓફીસ) ખાતેથી મેળવી શકે છે તેમ જણાવાયું છે.

# મુસ્લિમ વિસ્તારોમાં ઝંડા લગાવી ભાજપનો જોરશોરથી પ્રચાર

રાજકોટ, તા.૧૨

રાજકોટમાં લોકસભાની ચૂંટણીનો માહોલ જામ્યો છે. કોંગ્રેસે હજુ પોતાના ઉમેદવાર જાહેર કર્યાં નથી. પરંતુ ભાજપ દ્વારા કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાને રાજકોટ બેઠક પરથી ચૂંટણીના મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. જેથી ભાજપ દ્વારા જોરશોરથી પ્રચાર પ્રસાર શરૂ કરી દેવામાં આવ્યો છે. ઠેક ઠેકાણે સભાઓ થઈ રહી છે. સરઘસ નીકળી રહ્યા છે. રેલીઓ યોજાઈ રહી છે. ભાજપ દ્વારા કાર્યકર્તા સંમેલનો થઈ રહ્યા છે. ગ્રુપ મિટિંગ અને જુદા જુદા વર્ગના લોકો સાથે બેઠકો થઈ રહી છે. ત્યારે રાજકોટના મુસ્લિમ બહુલક વિસ્તારોમાં પણ પ્રચાર પુરજોશથી થઈ રહ્યો છે. ભીલ વાસ પાસે કતલખાના રોડ પર લઘુમતી સમાજના ભાજપ આગેવાન હાજી હુસેનભાઈ માંડરિયાની રાહબરી હેઠળ દુકાનોમાં ભાજપના ઝંડા લગાવવામાં આવી રહ્યા છે. માંસ મટનના વેપારી રફીકભાઈએ જણાવ્યું કે, ગત રાત્રે ૧૦૦થી વધુ ઝંડા આ વિસ્તારની જુદી જુદી દુકાનો અને જાહેર માર્ગ પર લગાવાયા છે. જોકે આચારસંહિતાના કારણે જાહેર માર્ગ પર લાગેલા ઝંડા તંત્ર હટાવી શકે છે.



## કતલખાના રોડ પર માંસ-મટનના વેપારીઓએ પણ પોતાની દુકાનો બહાર ઝંડીઓ લગાવી

કતલખાના રોડ પર દુકાનો પર ભાજપના ઝંડા લગાવતા ભાજપ કાર્યકર નજરે પડે છે. (તસ્વીરઃ પંકજ શીશાંગીયા)

# અક્ષયકુમારના પ્રોડકશન હાઉસના નામે ઠગાઈનો પ્રયાસ કરનારની ધરપકડ

## સ્ટ્રગલીંગ એક્ટ્રેસની સમય સૂચકતાથી ફેક કાસ્ટીંગ એજન્ટનો ઈરાદો પાર ન પડ્યો

મુંબઇ, તા.૧૨

અત્રે અક્ષયકુમારના પ્રોડક્શન હાઉસના નામે એક ફેક કાસ્ટીંગ એજન્ટ એક એક્ટ્રેસને ફસાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. એક્ટ્રેસની સાવચેતીથી મુલાકાત દરમિયાન ફેક કાસ્ટીંગ એજન્ટની ધરપકડ કરવામાં આવી હતી. ફિલ્મોમાં કામ અપાવવાના નામે હંમેશા સંઘર્ષ કરતાં અભિનેતા-અભિનેત્રીઓ સાથે છેતરપીંડી થતી રહે છે.આવો જ એક બનાવ અક્ષયકુમારના પ્રોડક્શન હાઉસના નામે થયો છે. પોતાને અક્ષયકુમારના પ્રોડક્શન હાઉસ કેપ ઓફ ગુડ ફિલ્મ્સનો કર્મચારી રોહન મેહરા બતાવીને પ્રિન્સકુમાર (ઉ.વ. ૨૯) નામના શખ્સે છેતરપીંડી કરવાના ઈરાદે સોશ્યલ મીડિયા ઈમ્ફલુઅંસર પૂજા આનંદાનીનો સંપર્ક કર્યો હતો. પોતાને કાસ્ટીંગ ડાયરેક્ટર તરીકે ઓળખાણ કહ્યું હતું કે નિર્ભયા કેસ પર ફિલ્મ બની રહી છે. તેણે આ મુદ્દે એક્ટ્રેસ પૂજા આનંદાનીને જુહુમાં મળવા બોલાવી હતી. જ્યાં એક ફોટોગ્રાફરે તેના ફોટા પણ લીધા હતા. ત્યારબાદ બીજીવાર પૂજાને મળવા જેડબલ્યુ કેરિયેટ હોટેલમાં બોલાવી દરમ્યાન એક્ટ્રેસને કાસ્ટીંગ ડાયરેક્ટર ફેક હોવાની ગંધ આવી જતાં તેણે પોલીસને જાણ કરી હતી. પોલીસે બાદમાં તેની ધરપકડ કરી હતી. તપાસમાં પણ એ બહાર આવ્યું હતું કે મહેરા અક્ષયકુમારની પ્રોડક્શન કંપનીના કર્મચારી નહોતો.



# આઠ વર્ષના પુત્રને ચીડવતા શખ્સને ઠપકો આપતા નખ કટરથી હુમલો કર્યો

## રૈયા ટેલિફોન એકસચેન્જ, સોમનાથ સોસાયટીમાં આવેલ હેર સલૂન ખાતે બનેલી ઘટના, ઈજાગ્રસ્ત નિશાંત મારુ સારવારમાં

રાજકોટ, તા.૧૨

રૈયા ટેલિફોન એકસચેન્જ, સોમનાથ સોસાયટીમાં આવેલ સુપર હેર સલૂન ખાતે આઠ વર્ષના પુત્રને ચીડવતા શખ્સને ઠપકો આપતા અજય ઉર્ફે હાર્દિક ઉર્ફે બીટ્ટુએ નખ કટરથી હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત નિશાંત મારુને સારવારમાં ખસેડવા આવેલ હતો.

બનાવની વિગત મુજબ, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયેલા નિશાંત ચીમનભાઈ મારુ(ઉ.વ.૩૫, સોમનાથ સોસાયટી શેરી નં.૩)એ જણાવ્યું હતું કે, પોતે કડીયાકામ કરે છે. સંતાનમાં જય મારુ નામનો ૮ વર્ષનો પુત્ર છે. ગત સાંજે છ વાગ્યા આસપાસ તે અને તેનો પુત્ર અહીં સોમનાથ સોસાયટીમાં આવેલ સુપર હેર સલૂન નામની દુકાને હતા ત્યારે અજય ઉર્ફે હાર્દિક ઉર્ફે બીટ્ટુ ત્યાં આવી દીકરા જય મારુને કહ્યું કે, તારી મા ભાગી ગઈ છે, તેના છૂટાછેડા થઈ ગયા છે. તેમ કહી ચીડવતા, નિશાંતે તેમ ન કહેવાનું કહેતા, અજયે ઉશ્કેરાઈ ઝઘડો કરી નિશાંતને પડખામાં નખ કટરનો ઘા ઝીંકી દીધો હતો. પોલીસે આ અંગે નિવેદન લેવા તજવીજ હાથ ધરી હતી.

# ટેસ્લાનો પ્લાંટ મેળવવા ગુજરાત સાથે હરિફાઈમાં ઉતરતું તામિલનાડુ

## એલન મસ્કના ભારત આગમન પુર્વે સ્પર્ધા

નવી દિલ્હીઃ આગામી તા.૨૨ના રોજ ટેસ્લા કંપનીના વડા અને જાણીતા ઉદ્યોગપતિ એલન મસ્ક આવી રહ્યા છે અને તેઓ ભારતમાં ટેસ્લાનો ઉત્પાદન પ્લાંટ સ્થાપવા મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે બેઠક યોજવાના છે. તે વચ્ચે હવે આ અત્યંત પ્રતિષ્ઠિત પ્લાંટ મેળવવા ગુજરાત, તામિલનાડુ, મહારાષ્ટ્ર વચ્ચે સ્પર્ધા શરુ થઈ છે અને તામિલનાડુએ ચેન્નઈને ભારતના ડેટ્રોઈટ તરીકે ગણાવતા કહ્યું કે ટેસ્લાનો પ્લાંટ મેળવવા રાજ્ય સરકાર મસ્કને શ્રેષ્ઠ ઓફર કરશે. ટેસ્લાના અધિકારીઓની ટીમ ભારત આવી છે અને તેમાં સંભવિત સ્થળ અંગે પ્રયાસ કરી રહી છે. ગુજરાત સરકારે પણ ટેસ્લાનો પ્લાંટ મેળવવા માટે તૈયારી કરી છે. ચેન્નઈમાં નિશાન મોટર્સ, રેનોલ્ટ, હુંડાઈ અને બીએમડબલ્યુ એ-જીના ઉત્પાદન પ્લાંટ ધરાવે છે અને અહી ઓટો સ્પેર યુનિટ પણ મોટી સંખ્યામાં આવેલ છે.




# 'બડે મિયા છોટે મિયા' એકશનના હવાઈ કૂદકામાં વાર્તા જ પાટા પરથી ઉતરી ગઈ!

મુંબઈઃ ઈદના પર્વે રિલીઝ થયેલી અક્ષયકુમાર અને ટાઈગર શ્રોફ સ્ટારર 'બડે મિયા છોટે મિયા' ખાસ છાપ નથી પાડી શકી, આ ફિલ્મને ૧૯૯૮માં આવેલી અમિતાભ બચ્ચન- ગોવિંદાની ફિલ્મ 'બડે મિયા છોટે મિયા' સાથે કંઈ લાગતું વળગતું નથી, હાલની ફિલ્મમાં એક સીનમાં ટીવી પર ચાલતી એક ફિલ્મનો સીન જોવા મળે છે જે જૂની ફિલ્મ 'બડે મિયા ઔર છોટે મિયા'નો છે, બસ આટલું જ જૂની ફિલ્મ સાથે આ ફિલ્મને લાગે વળગે છે!



ફિલ્મની વાર્તા કંઈક એવી છે કે ભારતીય સેનાના ટોપ સિક્રેટ હથિયાર દુશ્મનોના હાથમાં લાગી જાય છે. કર્નલ આઝાદ (રોનિત રોય) તેને પાછા લાવવાની જવાબદારી જાંબાઝ ઓફિસર રહેલા ફિરોઝ ઉર્ફે ફ્રેડી (અક્ષયકુમાર) અને રાકેશ ઉર્ફે રોકી (ટાઈગર શ્રોફ)ને આપે છે. આ મિશનમાં તેમને કેપ્ટન મિશા (માનુષી છિલ્લર), ઓફિસર પ્રિયા દીક્ષિત (સોનાક્ષી સિંહા) અને આઈટી સ્પેશિયલ પ્રેમ (અલાયા એફ)નો સાથ મળે છે. શું બડે મિયા છોટે મિયા દેશના મહત્વપૂર્ણ હથિયારને દુશ્મનના હાથમાં પડતા બચાવવામાં સફળ રહે છે તે જાણવા સિનેમાહોલમાં ફિલ્મ જોવી રહી.

'સુલતાન' અને 'ટાઈગર જિંદા હૈ' જેવી સુપરહિટ ફિલ્મ આપનાર ડાયરેકટર અલી અબ્બાસ ઝફરે જયારે ૩૫૦ કરોડના બજેટમાં આ ફિલ્મ બનાવવાની જાહેરાત કરી હતી ત્યારે ઘણી આશા હતી પણ તે સફળ નથી થયા. ફિલ્મની શરૂઆત નબળી કથાથી થાય છે. અડધી કલાક પછી પ્રેક્ષકને કથા સમજ પડે છે, ઈન્ટરવલ સુધી થોડી રસપ્રદ લાગે છે પણ ફિલ્મની કથા અને પટકથા ઈન્ટરવલ બાદ પાટા પરથી ઉતરી જાય છે. ફિલ્મને હોલીવુડની સ્તરની બનાવવામાં એટલા જબરદસ્ત એકશન બતાવ્યા છે. કયારેક એકશન સીન વિડીયો ગેમ જેવા લાગે છે. એકટીંગમાં અક્ષય-ટાઈગર જામે છે, તો પરાણે કોમેડી કરે છે. સાઉથના પૃથ્વીરાજ સુકુમારન જેવા કલાકાર અહી વેસ્ટ થયો છે. લોકેશન સુંદર છે, સિનેમેટોગ્રાફી જામે છે.

# ગુજરાતમાં ભાજપના કયાં ઉમેદવારો કયારે ફોર્મ ભરશે ! તારીખો જાહેર

## રામનવમીના દિવસે ભાજપના એક પણ ફોર્મ નહીં ભરાઇ : તા.૧૯ના રોજ એક માત્ર અમિત શાહ ઉમેદવારી કરશે

રાજકોટ, તા. ૧૨

લોકસભા ચૂંટણી માટે આજે ઉમેદવારીપત્રક ભરવાનો પ્રારંભ થયો છે ત્યારે ભાજપે તા.૧૫થી ૧૯ સુધીમાં તેના ઉમેદવારો કયારે કયારે ફોર્મ ભરશે તે નિશ્ચિત કર્યુ છે. તા.૧૫ના રોજ ૬ ઉમેદવારો જેમાં પોરબંદર બેઠક માટે ડો. મનસુખભાઇ માંડવીયા, સુરેન્દ્રનગર બેઠક માટે ચંદુભાઇ સિહોરા, અમદાવાદ પૂર્વ બેઠક માટે હસમુખ પટેલ, વલસાડ બેઠક માટે ડો. ધવલ પટેલ, ભરૂચ બેઠક માટે મનસુખ વસાવા અને પંચમહાલ બેઠક માટે રાજપાલસિંહ જાદવ ઉમેદવારી નોંધાવશે. તા. ૧૬ના રોજ રાજકોટ બેઠક પર પરસોતમ રૂપાલા, કચ્છ બેઠક માટે વિનોદ ચાવડા, બનાસ કાંઠા બેઠક માટે રેખાબેન ચૌધરી, પાટણ બેઠક માટે ભરતસિંહ ડાભી, સાબરકાંઠા બેઠક માટે શોભનાબેન બારૈયા, મહેસાણા બેઠક માટે હરીભાઇ પટેલ, અમદાવાદ પશ્ચિમ બેઠક માટે દિનેશ મકવાણા, જુનાગઢ બેઠક માટે રાજેશ ચુડાસમા, ભાવનગર બેઠક માટે નીમુબેન બાંભણીયા, આણંદ બેઠક માટે મિતેશ પટેલ, ખેડા બેઠક માટે દેવુસિંહ ચૌહાણ, દાહોદ બેઠક માટે જશવંતસિંહ ભાભોર, વડોદરા બેઠક માટે ડો.હેમાંગ જોશી, છોટા ઉદેપુર બેઠક માટે જશુભાઇ રાઠવા, બારડોલી બેઠક માટે પ્રભુ વસાવા અને સુરત બેઠક માટે મુકેશ દલાલ ઉમેદવારી નોંધાવશે. રામનવમીના દિવસે તા. ૧૭ના રોજ ભાજપના કોઇ ઉમેદવાર ફોર્મ ભરશે નહીં. તા.૧૮ના રોજ નવસારી બેઠક માટે સી.આર.પાટીલ, જામનગર બેઠક માટે પુનમબેન માડમ અને અમરેલી બેઠક માટે ભરતભાઇ સુતરીયા ઉમેદવારી નોંધાવશે. તા. ૧૯ના રોજ એક માત્ર અમિત શાહ ગાંધીનગર બેઠક માટે ઉમેદવારી કરશે.



# કલેકટર કચેરી ખાતે ચૂંટણી એક્સપેન્ડીચર ઓબ્ઝર્વર માધવ ચંદ્ર મિશ્રા તેમજ એ.ઈ.ઓ.ની સમીક્ષા બેઠક યોજાઈ



રાજકોટ તા.૧૨

આગામી લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ અન્વયે ઉમેદવારો દ્વારા કરવામાં આવેલા ખર્ચ પર દેખરેખ રાખવા માટે નિયુક્ત કરવામાં આવેલા ખર્ચ નિરીક્ષક તેમજ આસિસ્ટન્ટ એકસપેન્ડીચર ઓબ્ઝર્વર્સની બેઠક કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ ચુંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલ એકસપેન્ડીચર ઓબ્ઝર્વર માધબચંદ્ર મિશ્રા નું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું અને ૧૦-રાજકોટ સંસદીય મતવિસ્તારની ભૌગોલિક માહિતી આપીને રાજકોટ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ મોરબી અને પોરબંદર જિલ્લાના વિધાનસભા મતવિસ્તારો તથા તેમાં આવેલા મતદાન કેન્દ્રોની સંખ્યા અને મતદારોની સંખ્યા, જાતિગત દર, થર્ડ જેન્ડર મતદારો વગેરે વિશે માહિતી આપી હતી.

એકસપેન્ડીચર ઓબ્ઝર્વર મિશ્રાએ ચૂંટણી ફરજો માટે નિયુક્ત કરાયેલા વિવિધ સમિતિઓના નોડલ ઓફિસરો તેમજ ચુંટણી ફરજ સોંપાયેલ સ્ટાફ, તેમને અપાયેલ તાલીમો, ડી.પી.એ. એક્ટ હેઠળ દૂર કરાયેલ પ્રચાર સામગ્રી, સિ- વિજીલ તેમજ હેલ્પલાઇન પર આવેલ આચારસંહિતા ભંગની ફરિયાદો અને તેના નિવારણ અર્થે કરાયેલી કામગીરી, સુવિધા એપ અંતર્ગત ઉમેદવાર તેમજ પક્ષને વિવિધ મંજૂરીઓ આપવાની કામગીરી, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની તૈયારી, સ્ટેટિક સર્વેલન્સ ટીમની સંખ્યા અને સ્થળો તથા જપ્ત થયેલ હથિયારો, દારૂ, નાર્કોટિકસ સહિતના ગેરકાયદેસર સામાનની માહિતી, આવનાર સે.એ.પી.એફ. કંપનીઓ માટે તૈયાર કરાયેલ વિવિધ વ્યવસ્થા વગેરેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. અને તમામ વિધાનસભા મતવિસ્તારોમાં થઈ રહેલ ખર્ચ નિરીક્ષણની કામગીરીની સબંધિત મદદનીશ ખર્ચ નિરીક્ષકો પાસેથી માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં ખર્ચના નોડલ ઓફિસર અને જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે, ડેપ્યુટી મ્યુનિ. કમિશનર સ્વપિનલ ખરે, નિવાસી અધિક કલેકટર ચેતન ગાંધી, અધિક કલેક્ટર ઇલાબેન ચૌહાણ, ડી વાય.એસ પી. એસ. એસ. રઘુવંશી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર કે.વી.મોરી, સંબંધિત અન્ય નોડલ ઓફિસરઓ ઉપસ્થિત રહ્યા હતા.



# સિવિલ હોસ્પિટલમાં એકસ-રે મશીન બંધ રહેતા દર્દીઓને ભારે હાલાકી

રાજકોટઃ શહેરની સિવિલ હોસ્પિટલમાં સૌરાષ્ટ્રકચ્છ ઉપરાંત રાજકોટ શહેરમાંથી દર્દીઓ સારવાર માટે આવતા હોય છે જો કે અહીં અવાન-નવાર જુદા-જુદા પ્રશ્નો ઉઠતા દર્દીઓને ભારે પરેશાની સહન કરવી પડતી હોય છે. સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક દિવસથી એકસ-રે મશીન બંધ રહેતા હોવાથી દર્દીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

# ટ્રેન હડફેટે અજાણ્યા વ્યકિતનું મોત

## મોરબી રોડ વેલનાથપરા પાસે વહેલી સવારે બનેલી ઘટના : આપઘાત કે અકસ્માત ? પોલીસ દ્વારા તપાસ


રાજકોટ,તા.૧૨

શહેરના મોરબીરોડ પર વેલનાથ પરા સામે આવેલ જલશાહી સોસાયટી બેડી ચોકડી પાસે અમદાવાદ હાઈવે તરફ જતા પુલની વચ્ચે આવેલ રેલવેના પાટાપર આજે સવારે એક અજાણ્યા વ્યકિતનું વંદે ભારત ટ્રેન હડફેટે મોત થયું હતું. બનાવ પગલે બી ડિવીઝન પોલીસ સ્ટેશનના હેડકોન્સ્ટેબલ હિતેશભાઈ કોઠીવાળ અને કોન્સ્ટેબલ ભાવેશભાઈ દોડી ગયા હતાં. મુતદેહને પીએમ માટે સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતો.સુત્રોના જણાવ્યા મુજબ મૃતકની ઉમર આશરે ૪૦ વર્ષ છે. તેને આપઘાત કર્યો કે આ બનાવ અકસ્માતનો છે. તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. ઉપરાંત મૃતકની ઓળખ કરવા તજવીજ કરાઈ છે.









શહેરની ભાગોળે કોઠારીયા પાસે આવેલ મનપાની એનીમલ હોસ્ટેલમાં થોડા દિવસોથી પશુના મૃત્યુ થઇ રહ્યા છે. આ રીતે ગાય અને વાછરડાના મૃતદેહ પડયા હોવાની ફરિયાદ કોંગી નેતાએ કરી છે. સાથે જ આવી બેદરકારી બદલ ઉંડી તપાસની મહાપાલિકા પાસે માંગણી પણ કરી છે.

# કોઠારીયા પાસેની એનિમલ હોસ્ટેલમાં ગાયોના ટપોટપ મોત : જીવદયા ટ્રસ્ટની બેદરકારીનો આરોપ

## આજે વધુ ૧૨ ગાયના જીવ ગયા : નિભાવમાં મોટી બેદરકારી : પૂરતું ભોજન પણ અપાતું નથી : મહિને ૬૦ લાખની ગ્રાન્ટ લેતી સંસ્થા સામે તપાસની માંગણી કરતા ડો.મહેશ રાજપૂત

રાજકોટ, તા. ૧૨

શહેરની ભાગોળે કોઠારીયા ગામમાં ખોખળદળ નદી પાસે આવેલી એનીમલ હોસ્ટેલનું સંચાલન કરતી અને મહિને ૬૦ લાખની નિભાવ ગ્રાન્ટ લેતી સંસ્થા જીવદયા ટ્રસ્ટની બેદરકારથી રોજ બે આંકડામાં પશુઓ ટપોટપ મરી રહ્યાનો ગંભીર આક્ષેપ અને ખુલાસો પ્રદેશ કોંગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટ કાર્યકારી પ્રમુખ ડો.મહેશ રાજપૂતે કર્યો છે. આ સાથે જ તેમણે મનપા તુરંત બેદરકારી બદલ પગલા લે અને જરૂર પડયે સંચાલન પરત ખેંચે તેવી માંગણી કરી છે.

કોઠારીયા પાસે ખોખળદળ નજીક આવેલી એનીમલ હોસ્ટેલમાં ગાય, વાછરડા સહિતના પશુઓ રાખવામાં આવે છે. આ જગ્યાનું સંચાલન મહાપાલિકાએ જીવદયાના ઇરાદા સાથે જીવદયા ટ્રસ્ટને સોંપેલું છે. અહીં પશુઓના નિભાવ અને જાળવણી માટે રોજના બે લાખ એટલે કે રૂા. ૬૦ લાખની માસિક ગ્રાન્ટ આપવામાં આવે છે. આ જગ્યાએ થોડા દિવસોથી પશુઓ ટપોટપ મરે છે. આજે પણ ૧૨ પશુના જીવ ગયા છે.

આ અંગે વધુ વિગતો જાહેર કરતા ડો.મહેશ રાજપૂતે જણાવ્યું છે કે, મહાપાલિકાએ પશુઓની યોગ્ય જાળવણી અને નિભાવ થાય તે માટે સંચાલન સોંપ્યું છે. આ જગ્યામાં રોજ ૧૦થી ૧૨ પશુના મૃત્યુ થઇ રહ્યા છે. તેના સંચાલક રાજેન્દ્ર શાહ અને યશ શાહ છે. આ જગ્યાએ રોજ બે વખતના બદલે માત્ર એક જ વખત પશુને જમવાનું અપાતું હોવાની ફરિયાદ તેમને મળી છે. સ્વચ્છતાના ધોરણનું પાલન થતું નથી. હાલ ચોમાસુ કે રોગચાળા જેવી કોઇ સ્થિતિ ન હોવા છતાં પશુઓના મૃત્યુમાં બેદરકારી જ જવાબદાર દેખાઇ રહી છે. આ સંસ્થાને ખુબ મોટી ગ્રાન્ટ મળતી હોવા ઉપરાંત જુદા જુદા પ્રસંગોએ અને રોજિંદા દિવસોમાં મોટુ દાન પણ મળતું હોય છે.

ગાયોના નામે મોટુ દાન અને ગ્રાન્ટ આવતા હોવા છતાં થઇ રહેલા ગાયોના મોત અંગે તપાસ કરવાની જરૂર છે. છેલ્લા થોડા દિવસથી આવી ઘટના બનતી હોવા છતાં મહાપાલિકા તંત્રએ કોઇ તપાસ કરી ન હોય તો તે ખુબ ગંભીર બાબત છે.

## પાંજરાપોળ એ અલગ અને સ્વનિર્ભર પુણ્ય કાર્ય કરતી સેવાભાવી સંસ્થા છે

રાજકોટ, તા. ૧૨

મનપાની એનીમલ હોસ્ટેલનું સંચાલન સંભાળતા જીવદયા ટ્રસ્ટ પર આરોપ મૂકાયા છે. જોકે આ ટ્રસ્ટ અને સેવાભાવી સંસ્થા પાંજરાપોળ બંને અલગ છે તે ઉલ્લેખનીય છે.

જીવદયા પાંજરાપોળ એ ટ્રસ્ટ સંચાલિત સંસ્થા છે. અહીં સેંકડો ગાયના નિભાવ કરવામાં આવે છે. તો બીજી તરફ મનપાએ એનિમલ હોસ્ટેલના સંચાલન સોંપતા કોઠારીયાની હોસ્ટેલનું સંચાલન જીવદયા ટ્રસ્ટે સંભાળ્યું છે. આ જગ્યાએ પશુઓની કાળજી નહીં લેવાતી હોવાની કોંગ્રેસ નેતા મહેશ રાજપૂતે ફરિયાદ કરી છે.

આટલી ગ્રાન્ટ આપવા છતાં ગંદકી વચ્ચે પશુના જીવ જતા હોવાથી તાત્કાલીક નોટીસ આપીને ખુલાસા પૂછવા જોઇએ. આજ સુધી તંત્રએ નોટીસ કેમ ન આપી તે પણ સવાલ છે. આ ઘટનાઓમાં જો ટ્રસ્ટની બેદરકારી સાબિત થાય તો તાત્કાલીક તેની પાસેથી સંચાલન પરત મેળવીને અન્ય સંસ્થાને જવાબદારી સોંપવાની માંગણી પણ પ્રદેશ કોંગ્રેસ નેતાએ કરી છે. આ એનિમલ હોસ્ટેલ બહાર સંસ્થાએ થાંભલા પર મનપાના બદલે પોતાની સંસ્થાનું બોર્ડ મારી દીધાની ફરિયાદ પણ ડો.રાજપૂતે તંત્રના ધ્યાને મૂકી છે.



# જામનગરની ઘટનાનો પડઘો રાજકોટમાં

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે જ અપમાનજનક વિધાનો કર્યા તેના જામનગરમાં વિરોધ કરી રહેલા આ સમાજના બહેનો સાથે પોલીસે કરેલા ગેરવર્તનનો પડઘો રાજકોટ સહિત રાજયભરમાં પડયો હતો અને ક્ષત્રિય સમાજે આ મુદ્દે ગઈકાલે રાજકોટમાં ભાજપ કાર્યાલય ખાતે ધસી જઈને પોલીસ વર્તણુંકના વિરોધમાં શહેર ભાજપ પ્રમુખ શ્રી મુકેશ દોશીને રજુઆત કરીને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતું. શ્રી દોશીને પણ ક્ષત્રિય સમાજની લાગણીઓ પક્ષના મોવડીમંડળ સુધી પહોંચાડવાની ખાતરી આપી હતી.

(તસ્વીરઃ દેવેન અમરેલીયા)

# વાઘા બોર્ડર પર ભારતીય દર્શકોની સંખ્યા વધીઃ પાકિસ્તાન ખાલીખમ

## ભારતીય સેનાએ પેવેલિયનની બેઠક વ્યવસ્થામાં વધારો કર્યોઃ દરરોજ ૨૦ થી ૨૧ હજાર દર્શકોનો પરેડ નિહાળવા ધસારો

નવીદિલ્હી,તા.૧૨

ભારત-પાકિસ્તાન વાઘા બોર્ડરનું નામ સાંભળતાની સાથે જ ભારત તરફથી BSF અને પાકિસ્તાનના રેન્જર્સની ઉત્સાહપૂર્ણ પરેડનું દ્રશ્ય તેમના મગજમાં તરવરવા લાગે છે. સરહદ પર દરરોજ સાંજે યોજાતા આ બીટીંગ-ધ-રીટ્રીટ બોર્ડર સેરેમનીમાં ભારત તરફથી ભારત માતા કી જય... હિન્દુસ્તાન ઝિંદાબાદ... વંદે માતરમના નારા લગાવવામાં આવે છે, જ્યારે પાકિસ્તાન તરફથી પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવવામાં આવે છે. . જો કે છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાન તરફથી ઉત્સાહમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.



બીએસએફ અધિકારીઓનું કહેવું છે કે થોડા સમય પહેલા વાઘા બોર્ડર પર પરેડ જોવા માટે જગ્યા ઓછી હતી. પછી પરેડ નિહાળવા અહીં આવનારાઓ માટે બેઠક ક્ષમતા વધારવી પડી. હાલમાં લગભગ ૧૭ હજાર લોકો માટે બેઠક વ્યવસ્થા છે. ભારતીયોમાં દેશભક્તિની ભાવના એટલી હદે વધી રહી છે કે દરરોજ પ્રેક્ષકોની બેઠક ક્ષમતા માત્ર ભરેલી નથી પણ ૨૦ થી ૨૧ હજાર દર્શકો સુધી પણ પહોંચી જાય છે. પાકિસ્તાન તરફની બેઠક ક્ષમતા પહેલાથી જ ઓછી છે. અટારી-વાઘા બોર્ડર પર પાકિસ્તાન તરફથી માત્ર ૬ હજાર લોકો જ બેસી શકે છે અને હવે તેમાંથી અડધાથી વધુ જગ્યા ખાલી રહે છે.

એક સમય હતો જ્યારે ભારત અને પાકિસ્તાનથી લગભગ સમાન સંખ્યામાં લોકો આવતા હતા. બંને તરફથી ભારે સૂત્રોચ્ચાર થયા હતા. હવે ભારતીય બાજુથી લોકો વધી રહ્યા છે, પરંતુ પાકિસ્તાન તરફથી ઘણી વખત ૫૦૦ અથવા તેનાથી પણ ઓછા પાકિસ્તાનીઓ પરેડ જોવા માટે આવી રહ્યા છે.

# જયારે ઈન્દિરા ગાંધીની સામે સિંહ સાથે પહોંચ્યો બળવાખોર નેતાઃ રસપ્રદ વાત

## સિંહને સર્કસમાંથી ૫૦૦ રૂપિયામાં લઈ આવ્યા હતા

દિલ્હી, તા ૧૨

વર્ષ ૧૯૭૪માં ઈન્દિરા ગાંધીની જાહેર સભામાં નાસભાગ મચી ગઈ હતી જ્યારે કોંગ્રેસના બળવાખોર નેતા બિહારી સિંહ વિશાળ ભીડ વચ્ચે સિંહ સાથે પહોંચ્યા હતા. બળવાખોર કોંગ્રેસ તરફથી ટિકિટ ન મળતા બિહારી સિંહ નારાજ હતા. તેમણે ઈન્દિરા ગાંધીને જાહેર સભાઓને સંબોધિત ન કરવાની ચેતવણી આપી હતી. તેમના આ પગલાને કારણે ઈન્દિરા ગાંધીએ જાહેર સભા અધવચ્ચે જ છોડી દેવી પડી હતી.



દાદરીમાં ઈન્દિરા ગાંધીના રામચંદ્ર વિકલના સમર્થનમાં જાહેર સભા યોજાવાની હતી. તે જ સમયે ટિકિટ ન મળવાથી નારાજ બિહારી સિંહે કોંગ્રેસ સામે બળવો કર્યો અને અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતર્યા. તેમને સિંહનું ચૂંટણી ચિહ્ન ફાળવવામાં આવ્યું હતું. તેમણે ઈન્દિરા ગાંધીને ચૂંટણી રેલીને સંબોધવા માટે દાદરી ન આવવા જણાવ્યું હતું. આમ છતાં ઈન્દિરા ગાંધી જાહેર સભાને સંબોધવાના પોતાના નિર્ણય પર અડગ રહ્યા.


જાહેર સભાના એક દિવસ પહેલા બિહારી સિંહ બાગી ગાઝિયાબાદના સર્કસમાંથી ૫૦૦ રૂપિયા આપીને ભાડા પર સિંહ લાવ્યા હતા. તેઓએ સિંહને તેના પાંજરામાં આખી રાત ઢાંકીને આંગણામાં રાખ્યો હતો. બીજા દિવસે જ્યારે ઈન્દિરા ગાંધી રેલી સ્થળ પર પહોંચ્યા ત્યારે તેઓ પણ સિંહના પાંજરાને લઈને ત્યાં પહોંચ્યા હતા.

અસલી સિંહને જોયા બાદ ત્યાં એક અફવા ફેલાઈ કે બિહારી સિંહ સિંહને પાંજરામાંથી છોડાવવા જઈ રહ્યા છે. આ પછી નાસભાગ મચી ગઈ હતી અને રેલી સ્થળ પર એકઠા થયેલા લોકો ભાગી ગયા હતા. ભીડ વિખેરાઈ ગયા બાદ ઈન્દિરા ગાંધી પણ પાંચ મિનિટમાં જ સભામાંથી નીકળી ગયા હતા.

બિહારી સિંહ બાગી ભલે આ ચૂંટણીમાં ચૂંટણી જીતી શકયા ન હતા, પરંતુ તેમણે કોંગ્રેસના ઉમેદવાર રામચંદ્ર બિકલને પણ જીતવા દીધા ન હતા. અહીંથી દેવતા ગામના તેજસિંહ ભાટી એનસીઓની ટિકિટ પર જીત્યા હતા. આ ચૂંટણીમાં જીત મેળવનાર તેજ સિંહ ભાટીને ૨૨૪૮૯ વોટ મળ્યા જ્યારે બીજા ક્રમે આવેલા રામચંદ્ર વિકલને ૧૮૧૪૪ અને બિહારી સિંહને ૬૫૨૬ વોટ મળ્યા.

# તિજોરી, રીક્ષા, ફુગ્ગા, બેટસમેન, પંપ, બ્રેડ, ચંપલ, ભીંડાઃ ૧૮૦ ચૂંટણી પ્રતીક જાહેર

## ૨૩ જેટલા રાજકીય પક્ષો માટે ડિમાન્ડ મુજબના પ્રતિકો અનામત રાખતું ચૂંટણી પંચ



રાજકોટ તા.૧૨

લોકસભાની ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ હવે રાજકીય પક્ષો તેમજ અપક્ષ ઉમેદવારોએ મેદાનમાં આવી નામાંકન પત્રો ઉપાડવાની અને તેને સબમીટ કરાવવાની પ્રક્રિયા આરંભી દીધી છે. તેની સાથોસાથ ચૂંટણી પંચ દ્વારા પણ ચૂંટણી લડતા ઉમેદવારો માટે ૧૮૦ જેટલા ચૂંટણી પ્રતિકો જાહેર કરી દીધા છે.

ચૂંટણી લડતા ઉમેદવારો માટે તેમના નામ ઉપરાંત ચૂંટણી પ્રતિક મહત્વનું છે માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય અને રાજયકક્ષાના રાજકીય પક્ષો માટે આવા ચૂંટણી પ્રતિક અનામત રાખવામાં આવે છે. પરંતુ અપક્ષ ઉમેદવારો માટે ચૂંટણી પ્રતિકોની ફાળવણી ઉમેદવારી પત્ર મંજુરીની પ્રક્રિયા સાથે જ કરવામાં આવે છે. આ માટે ચૂંટણીપંચ દ્વારા ખાસ નિયમો જાહેર કરવામાં આવેલ છે. લોકસભાની આ ચૂંટણી લડતા ઉમેદવારો માટે તિજોરી, રીક્ષા, ફુગ્ગા, બેટ્સમેન, પંપ, બ્રેડ, ચંપલ, ભીંડા, ગેસ સ્ટવ, ગીફટ પેક, ઝીંજર, બ્લાસ ટમલર, ગ્રામોફોન, દ્રાક્ષ, ગ્રીન ચીલી, હેન્ડ ચાર્ટ, હારમોનીયમ, હોકી અને બોલ, જંગ ફુડ, કીટલી, કીચન શીંક, લેડી પર્સ, લેપટોપ, લેટર બોકસ, લાઈટ, લુડો, લંચબોકસ, માચીસ, માઈક, મીકસચર, નાગરીક, નેલકટર, ટાઈ, પેન્ટ, પેનડ્રાઈવ, પેન સ્ટેન્ડ, પેન્સીલ બોકસ, પેન્સીલ સાવર, પેટ્રોલ પંપ, ફોન ચાર્જર, પ્લેટ સ્ટેન્ડ, કોટ, પ્રેસર કુકર, પંચીંગ મશીન, રેઝર, રીંગ, રોડ રોલર, રોબોટ, રૂમ કુલર, રબ્બર સ્ટેમ્પ, સેફટી પીન, સ્કુલબેગ, સીટ, સૂઝ, શટર, સીતાર, સ્લેટ, શોપ ડીસ સહિતના ૧૮૦ ચૂંટણી ચીન્હ જાહેર કરી દેવામાં આવેલ છે. જયારે ૨૩ જેટલા પક્ષો દ્વારા માંગણી કરાયેલ ૨૩ ચૂંટણી પ્રતિકો અનામત રખાયા છે. જેમાં ઈન્ડીયન પીપલ્સ અધિકાર પાર્ટી, યુગા થુલસી પાર્ટી, સમાજ વિકાસ ક્રાંતિ પાર્ટી, જયહિન્દ નેશનલ પાર્ટી, કિશાન ક્રાંતીદળ, સહિતના ૨૩ પક્ષો દ્વારા ડીમાન્ડ કરાયેલા ચૂંટણી પ્રતિકો અનામત રખાયા છે.

# હવે મીગ જેવા જ ફાઈટર વિમાનો ભારતમાં બનશે

## હિન્દુસ્તાન એરોનોટીસ લી.ને હવાઈદળ તરફથી એલસીએ માર્કના ૯૭ વિમાનોનો ઓર્ડર મળ્યો



નવી દિલ્હીઃ

દેશમાં સંરક્ષણ તંત્ર આત્મનિર્ભર બનવાની દૌટમાં હવે સરકારી સાહસની કંપની હિન્દુસ્તાન એરોનોટીકલ લી.ને ભારતીય હવાઈદળ માટે એલસીઈ માર્કના ૯૭ ફાઈટર વિમાનો માટે ઓર્ડર આપ્યા છે અને આ વિમાન હવાઈદળએ મીગ-૨૧, મીગ-૨૩ અને મીગ-૨૭ વિમાનોનું સ્થાન લેશે. રૂા.૬૫૦૦૦ કરોડનું આ ટેન્કર સ્વીકારવા મુદે હિન્દુસ્તાન એરોનેટીવ લી.ને ત્રણ પાસ અપાયો છે. સ્વદેશી મીલીટ્રી હાર્ડવેર યોજના હેઠળ આ ટેન્ડર ફલોટ કરવામાં આવ્યું છે. આ ટેન્ડરની હિન્દુસ્તાન એરોનોટીકલ સાથે જોડાયેલી નાની અને મધ્યમ કદની કંપનીઓને પણ ફાયદો થશે. હિન્દુસ્તાન એરોનોટીકલ લી. ને અગાઉ એલસીએ માર્કનું એક વિમાન તૈયાર કરીને તે હવાઈદળને આપ્યુ હતું જે તમામ કસોટીમાં પાર પડયું છે પણ હવે તેની ઉત્પાદન ક્ષમતા તેના માટે વધારવી પડશે.

# મનીષ સીસોદીયાએ ચુંટણીમાં પ્રચાર કરવા માટે જામીન માંગ્યા



નવી દિલ્હીઃ

ગત વર્ષે ફેબ્રુઆરી માસની જેલમાં રહેલા આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના પુર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયાએ ફરી એક વખત વચગાળાની જામીન અરજી કરી છે. તેઓએ લોકસભા ચુંટણી પ્રચાર માટે જામીન માંગ્યા છે. દિલ્હીની ટ્રાયલ કોર્ટે સમક્ષ તેઓએ સીબીઆઈ તથા ઈડી બન્ને એ તેમની સામે જે કેસ દાખલ કર્યા છે. તેમાં જામીન માંગ્યા છે. હાલ તેમાં ૧૫ એપ્રિલ સુધી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. 'આપ'ના વડા તથા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હાલ જેલમાં છે અને 'આપ'ને ચૂંટણી પ્રચારમાં હવે સંજયસિંહ જેવા બહુ થોડા સીનીયર નેતાઓથી જ ચલાવવું પડશે.

# ક્ષત્રિય સમાજની બહેનો તા.૧૯ સુધી રોજ વધુને વધુ ફોર્મ ઉપાડશેઃ નયનાબા જાડેજા



તસ્વીરઃ પંકજ શીશાંગીયા


રાજકોટ,તા.૧૨

રાજકોટ લોકસભા બેઠક ઉપર ભાજપનાં ઉમેદવાર પરસોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો ઉગ્ર વિરોધ હજુ પણ ચાલુ છે.અને હાલ રાજકારણ બરોબરનું ગરમાયેલું છે.

ત્યારે રૂપાલા સામે કોઈને કોઈ રીતે લડી લેવા માટે મકકમ બનેલા ક્ષત્રિય સમાજ આજથી જયારે, ઉમેદવારી ફોર્મ ઉપાડવાનું અને ભરવાનું શરૂ થયું છે. ત્યારે, આજે પ્રથમ દિવસે જ રાજકોટની ક્ષત્રિય બહેનોએ સામૂહિક રીતે જિલ્લા કલેકટર કચેરી ખાતે આવી એક સાથે ૧૦૦ ફોર્મ ઉપાડયા હતાં. આ તકે ક્રિકેટ સ્ટાર રવિન્દ્ર જાડેજાનાં બહેન નયનાબા જાડેજાએ જણાવેલ હતું કે ક્ષત્રિય બહેનો હવે તા.૧૯ સુધી દૈનિક ૧૦૦ જેટલા ફોર્મ ઉપાડશે અને સામૂહિક ઉમેદવારી પણ નોંધાવશે.ઉલ્લેખનીય છે કે જો હવે ક્ષત્રિય સમાજ રાજકોટ લોકસભા બેઠક ઉપર સામૂહિક રીતે ફોર્મ ભરે તો ઈવીએમમાં ઉમેદવારોનાં નામ પણ સમાવી શકાય નહી આથી તંત્રને ના છુટકે બેલેટ પેપર છપાવવા પડે, અને બેલેટથી મતદાન કરાવવાની ફરજ પડે. અને જો આમ થાય તો તંત્ર વાહકોને ભારે કસરત કરવી પડે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૧૦-૨૫૬૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૬૦-૨૫૧૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૦-૧૭૪૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૦-૧૬૯૦ |
| પામોલીયન તેલ | ૧૫૮૦-૧૫૮૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફલાવર તેલ | ૧૫૫૦-૧૫૭૦ |
| મકાઇ તેલ | ૧૫૬૦-૧૫૭૫ |
| વનસ્પતિ ઘી | ૧૬૬૦-૧૭૦૦ |
| કોપરેલ | ૨૨૩૦-૨૨૫૦ |
| દિવેલ | ૨૦૪૦-૨૦૬૦ |



### સોનુ-ચાંદી

| | |
|---|---|
| સોનુ (૧૦ ગ્રામ) | ૭૫૬૦૦(+૧૭૫૦) |
| ચાંદી | ૮૬૬૦૦(+૨૦૫૦) |

### કાલાવડ તાલુકાના રાજડા ગામે

## પરમાર પરિવાર દ્વારા રામામંડળનું આયોજન

રાજકોટ તા.૧૨



કાલાવડ તાલુકાના રાજડા ગામે તા.૧૮ને ગુરૂવારના રોજ ભવ્ય રામામંડળનું આયોજન કરવામાં આવેલ છે. રાજડા ગામના પ્રખ્યાત પરમાર પરીવારના સ્વ. રવજીભાઈ કાળાભાઈ પરમાર પરિવાર દ્વારા રાજડા ખાતે તા.૧૮ને ગુરૂવારના રોજ તોરણીયાના પ્રખ્યાત રામા મંડળનું આયોજન કરેલ છે. દેવીસિંહ પરમાર, જયમલભાઈ પરમાર અને નવલભાઈ પરમાર દ્વારા સર્વે ભાવિકોને આ ધાર્મિક કાર્યક્રમમાં દર્શનનો લાભ લેવા અનુરોધ કરાયો છે. આ ધાર્મિક કાર્યક્રમ રાત્રે ૯થી શરૂ થશે.

### ચૈત્રી માસની આયંબીલ ઓળી પ્રસંગે

## કોલકત્તામાં રવિવારે પૂ.ધીરજમુનિ મ.ની જૈન ભવનમાં પધરામણી

રાજકોટ તા.૧૨

હંસરાજ લક્ષ્મીચંદ કમાણી-જૈન ભવનના ઉપક્રમે ચૈત્રી નવપદ આયંબિલ ઓળી પર્વ પરમશ્રદ્ધેય પૂ.શ્રી ધીરગુરૂદેવની નિશ્રામાં તા.૧૫થી તા.૨૩/૪ સુધી અહિંસા ભવનમાં ઉજવાશે.

દરરોજ સવારે ૯થી ૧૦-૧૫ કલાકે 'નવ પ્રશ્ન અપાવે નવનિધાન' પ્રવચન શ્રેણીનું યુ ટયુબમાં 'ધીર પ્રવચન ધારા' ચેનલમાં લાઈવ પ્રસારણ થશે.

જયારે ૧૨-૧૩ એપ્રિલના બિંદુબહેન હરેશભાઈ મોદીના નિવાસે બિરાજશે. તા.૧૪ને રવિવારે સવારે નવકારશી બાદ ૮-૧૫ કલાકે પૂ.ગુરૂદેવ, સાધ્વીજી પૂ.નયનાજી મ.સ. આદિ ચતુર્વિધ સંઘની સ્વાગત યાત્રા મુખ્ય માર્ગે થઈ તેરાપંત ભવનમાં પૂર્ણ થશે. સવારે ૯ કલાકે ચંદ્રવદનભાઈ દેસાઈના પ્રમુખસ્થાને સ્વાગત સમારોહ અને તમારા જીવનને કોણ નિયંત્રણ કરે છે? વિષય પર પ્રેરણાના તંત્રી અજયભાઈ શેઠનું વકતવ્ય યોજાશે.

તા.૨૧ને રવિવારે ભગવાન મહાવીર સ્વામીના ૨૫૫૦ માં વર્ષ નિમિત્તે ભવ્ય મહાવીર પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવેલ છે.

પૂ.શ્રી ધીરગુરૂદેવના અનુગ્રહથી નવનિર્મિત જૈન ભવનનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ ૬ જુલાઈ અને ચાતુર્માસ પ્રવેશ ૭ જુલાઈ રવિવારના યોજાશે.

### વિહિપ તથા રાધેશ્યામ ગૌશાળાના સંયુકત ઉપક્રમે ચાલી રહેલ

# રામકથામાં રસતરબોળ થતા શ્રદ્ધાળુઓ : તા.૧૬મીના કથાનું સમાપન : રામનવમીના ભવ્ય શોભાયાત્રા યોજાશે

### નાણાવટી ચોકમાં ધજા, ઝંડી, પતાકા, રોશનીના શણગાર : નાણાવટી ચોકથી તા.૧૭ના સવારે ૮ વાગ્યે ધર્મસભા બાદ શોભાયાત્રાનો પ્રારંભ : જય શ્રી રામનો ગગનભેદી નાદ ગુંજી ઉઠશે : 'સાંજ સમાચાર'ના આંગણે આવેલા વિહિપના અગ્રણીઓ, સમિતિના અધ્યક્ષ તથા કથાના વકતા શ્રી ગાંડાબાપુ



તસ્વીરઃ પંકજ શીશાંગીયા

રાજકોટ, તા. ૧૨

વિશ્વ હિન્દુ પરિષદ તથા રાધેશ્યામ ગૌશાળાના સંયુકત ઉપક્રમે યોજાનાર શ્રી રામ જન્મોત્સવ નિમિત્તે નાણાવટી ચોક પાસે આવેલ સ્ટર્લીંગ હોસ્પિટલની બાજુના મેદાનમાં રામકથાનું આયોજન કરાયું છે. જે તા.૧૬મીના સમાપન થશે.

તા.૧૭મીના રાજકોટમાં વિહિપ દ્વારા ભગવાન શ્રી રામ જન્મોત્સવની ઉજવણી અંતર્ગત ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગેની વિગતો આપવા 'સાંજ સમાચાર'ના આંગણે રાધેશ્યામ ગૌશાળાના પૂ. રાધેશ્યામ બાપુ, રામકથાના વકતા મહંત શ્રી ગાંડાબાપુ, પ્રફુલભાઈ નળીયાપરા, શાંતુભાઈ રૂપારેલીયા, હસુભાઈ ચંદારાણા, વિનુભાઈ ટીલાવત, નિતેશભાઈ કથિરીયા, રાહુલભાઈ જાની, આલાપભાઈ બારાઈ, પારસભાઈ શેઠ, રાજીવભાઈ ઘેલાણી-રાજુભાઈ જુંજા વગેરે આવેલા હતા.

આગામી તારીખ ૧૭ના રોજ રામનવમીના ઉત્સવને ઉજવવા માટે સમગ્ર હિન્દુ સમાજ થનગની રહ્યો છે સાથે વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ અને તેની સાથે સંકળાયેલા તમામ આયામોના અધિકારી પદાધિકારી કાર્યકર્તાઓમાં ઉત્સાહ ચરમસીમા ઉપર છે ત્યારે રાજકોટમાં વિહિપ તથા રાધેશ્યામ ગોશાળા ના સંયુકત ઉપક્રમે યોજાનાર શ્રીરામ જન્મોત્સવ નિમિત્તે એક સુંદર માણવા લાયક રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટના નાણાવટી ચોક પાસે આવેલ સ્ટર્લીંગ હોસ્પિટલની બાજુના ગ્રાઉનડમાં ચાલી રહેલ આ કથા તારીખ ૧૬ એપ્રિલ સુધી ચાલવાની છે. વિશ્વ હિન્દુ પરિષદ અને રાધેશ્યામ ગૌશાળા ના સંયુકત ઉપક્રમે યોજાયેલ આ રામકથા દરરોજ બપોરે ત્રણ થી સાત સુધી યોજાશે.

રામનવમી નિમિતે યોજાનાર શોભાયાત્રાના પ્રારંભ સ્થળ એવા નાણાવટી ચોક ને અયોધ્યા નગરી જેવા સાજ શણગાર કરવામાં આવ્યા છે. અવનવી મૂર્તિઓનો જેમની પાસે સૌરાષ્ટ્ર નો સૌથી વિશાળ ખજાનો છે તેવા શ્રી રાધેશ્યામબાપુ એ સમગ્ર નાણાવટી ચોક ખાતે ગૌમાતા, કાળીયો નાગ, હાથી, સિંહ, વિશાળ કદના મહાદેવ, શ્રી રામ દરબાર, શ્રી કૃષ્ણ, હનુમાનજી, ગણપતિ દાદા, તથા દેશ ભક્તિની ભાવના ઉજાગર કરતી ભારતમાતા, આઝાદીના લડવૈયાઓ, વીર સૈનિકો સહીતની અનેક અનેકવિધ મૂર્તિઓને પ્રદર્શની સ્વરૂપમાં નાણાવટી ચોક ખાતે શણગારી હોઈ જેને પ્ર જા ન ા ે સુંદર પ્રતિસાદ મળી રહીઓ છે. રાતના સમયે તો બાળકો સહીતના લોકોના ટોળેટોળા આ સ્થળે ઉમટી પડે છે. આખા ચોકને ધજા , ઝંડી, પતાકા, રોશની, હેલોજન લાઈટથી શણગાર કરવામાં આવ્યો છે.

**શોભાયાત્રા**

તા. ૧૭ને બુધવારના રોજ રામનવમી ના દિવસે નાણાવટી ચોક ખાતે સાધુ - સંતો - અગ્રણીઓ ની હાજરીમાં સવારે ૮-૦૦ વાગે ધર્મ સભા યોજવામાં આવશે અને ત્યાર બાદ ત્યાંથી ભવ્ય શોભાયાત્રા નીકળશે જે જેના નિયત રૂટ ઉપર શહેરના મુખ્ય રાજમાર્ગો પર થી પસાર થશે જેને નિહાળવા હજારોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડશે. અને આ શોભાયાત્રાના રૂટ પર ઠેર ઠેર અનેક સંસ્થા, મંડળ, ગ્રુપ દ્વારા ભગવાન શ્રી રામના વધામણા કરવામાં આવશે અને પાણી, સરબત, છાશ, ફરાળની પણ સુદર વ્યવસ્થા અનેક યુવા મંડળ, વિસ્તારના શ્રધ્ધાળુઓ દ્વારા કરવામાં આવી છે. જે માટેની તૈયારીઓ પુર જોશમાં ચાલી રહી છે.

કોઈ સંસ્થા, મંડળ, ગ્રુપ દ્વારા ફ્લોટ જેમને આ શોભાયાત્રામાં સામેલ કરવા હોઈ તેને સમિતિના મહામંત્રીઓ હર્ષિતભાઈ ભાડજા(મો. ૮૨૬૪૦ ૮૦૩૩૭), હર્ષભાઈ વ્યાસ (મો. ૯૦૧૬૫ ૬૨૩૨૭), સુશીલભાઈ પાંભર (મો. ૯૮૭૯૨ ૧૬૭૪૭), દીપકભાઈ ગમઢા (મો. ૯૯૨૫૩ ૭૨૯૨૦) ઉપર નોંધાવી શકાશે.

### અહિંસા વિશ્વ ભારતી તથા વર્લ્ડ પીસ સેન્ટરના સ્થાપક

# જૈનાચાર્ય લોકેશજીને વોશિંગ્ટનમાં અમેરિકન પ્રેસિન્ડેન્શિયલ એવોર્ડથી સન્માનિત કરાયા

### રાષ્ટ્રપતિ બાઈડને તેમના સંદેશામાં આચાર્ય લોકેશજીના માનવતાવાદી કાર્યોની પ્રશંસા કરી



રાજકોટ તા.૧૨

'અહિંસા વિશ્વ ભારતી' અને 'વર્લ્ડ પીસ સેન્ટર'ના સ્થાપક જૈન આચાર્ય લોકેશજીને વોશિંગ્ટનમાં કેપિટોલ હિલ પર અમેરિકન રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનના ભાગરૂપે, તેમને રાષ્ટ્રપતિ પુરસ્કાર, ગોલ્ડન શિલ્ડ, સન્માનનું પ્રમાણપત્ર અને રાષ્ટ્રપતિ બિડેનના હસ્તાક્ષર ધરાવતા પ્રશસ્તિપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રમાણપત્ર અને પ્રશસ્તિપત્ર વરિષ્ઠ કોંગ્રેસમેન બ્રેડ શેરમેને વાંચ્યુ હતું. અમેરિકન રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત થનાર તેઓ પ્રથમ ભારતીય સાધુ છે.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને જૈન આચાર્ય લોકેશજીના માનવતાવાદી કાર્યની પ્રસંશા કરતા તેમના હસ્તાક્ષરિત પ્રશસ્તિપત્રમાં જણાવ્યું હતું કે 'જાહેર કલ્યાણ માટેના તમારા યોગદાન માટે હું તમને અભિનંદન આપું છું. આચાર્ય લોકેશજીના વૈશ્વિક શાંતિ પ્રયાસોની પ્રસંશા કરતા પ્રમુખ બિડેને લખ્યું 'તમારો સમય આપીને અમે જે પડકારોનો સામનો કરીએ છીએ તેના ઉકેલો શોધવામાં મદદ કરી રહ્યા છો. ઉકેલોની અમને પહેલા કરતા વધુ જરૂર છે. અમે એવી ક્ષણમાં જીવીએ છીએ જેને આશા, પ્રકાશ અને પ્રેમની જરૂર છે. તમે તમારી સેવા દ્વારા ત્રણેય પ્રદાન કરી રહ્યો છો'. રાષ્ટ્રપતિએ આગળ લખ્યું કે 'અમેરિકન લોકો વતી, હું તમારા સ્વયંસેવક નેતૃત્વ માટે તમારી ઉંડી પ્રસંશા કરૂ છું અને અમેરિકન લોકોને વિશ્વાસ છે કે તમે ભવિષ્યમાં પણ આ જ રીતે માનવતાની સેવા કરવાનું ચાલુ રાખશો'.

આચાર્ય લોકેશજીએ એવોર્ડ મેળવ્યા બાદ પોતાના ભાષણમાં કહ્યું હતું કે, 'અમેરિકન પ્રેસિડેન્શિયલ એવોર્ડથી સન્માનીત થવું ગર્વની વાત છે, પરંતુ તેનાથી વધુ જવાબદારી વધી છે. તેમણે કહ્યું કે આ સન્માન ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્કિ મૂલ્યો, ભગવાન મહાવીરના જૈન સિધ્ધાંતોનું સન્માન છે. આ મૂલ્યોના આધારે હું છેલ્લા ૪૦ વર્ષથી માનવજાતના કલ્યાણ માટે સમર્પિત છું. ભવિષ્યમાં પણ દરેકની અપેક્ષાઓ પૂર્ણ કરવાના પ્રયાસો કરીશ. આચાર્ય લોકેશજીએ રાષ્ટ્રપતિ બિડેનનો આભાર વ્યકત કર્યો હતો અને આશા વ્યકત કરી કે ભારત અને અમેરિકા માનવજાતના ઉત્થાન માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

## રઘુવંશી સમાજના યુવા અગ્રણી એડવોકેટ ગૌરાંગ ગોકાણીનો આજે જન્મદિવસ




રાજકોટ,તા.૧૨

રાજકોટના બારના યુવા ધારાશાસ્ત્રી અને સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ એડવોકેટ અભય ભારદ્વાજ એસોસીયેટની ઓફીસમાં પ્રેકટ્રીકસ કરતા એડવોકેટ ગૌરાંગ પ્રફુલભાઈ ગોકાણીનો આજે જન્મદિવસ છે.એડવોકેટ ગૌરાંગ ગોકાણી રાજકોટ સેશન્સ કોર્ટ ખાતે ક્રીમીનલ કોર્ટ સિવિલ કોર્ટ, ફેમીલી કોર્ટમાં પ્રેકટીસ કરે છે. તેઓ ખાણ-ખનીજ, જી.પી.આઈ.ડી.નારકોટીકસ-ડ્રગ્સ તથા પ્રોહીબીસન તેમજ ખુન જેવા અનેક ગંભીર કેસોમાં લોકોને ન્યાય અપાવવા માટે મદદ રૂપ થયેલ છે. તેઓ રઘુવંશી સમાજમાં સેવાના કાર્યોમાં અમુલ્ય યોગદાન આપેલ છે. હાલમાં રાજકોટ જયુડીસિયલ લીગલ એઈડ ડીપાર્ટમેન્ટ તરફથી વકીલ તરીકે નિમણુંક કરેલ છે. જેલ ઓથીરીટીના મેમ્બર તરીકે પણ નિમણુંક થયેલ છે.તેમનો જન્મદિવસે તેમના મો.નં.૯૦૩૩૧ ૩૩૩૦૩ ઉપર શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

### સદ્‌ગુરુ પરિવારનો ઉનાળાના દિવસોમાં સેવાયજ્ઞ

# તા.૧૪ના રવિવારથી ત્રણ માસ માટે જરૂરતમંદોને વિનામૂલ્યે છાશ-ખીચડીનું વિતરણ કરાશે



રાજકોટ, તા.૧૨

સદગુરુ પરિવાર ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ માફક ચાલુ વર્ષે પણ ઉનાળાની કાળજાળ ગરમીમાં દરેક સમાજના જરુરીયાતમંદ લોકોની વિના મૂલ્યે ૨૨૦૦ પરિવારોને રોજ અંદાજે ૧૮૦૦ લીટર છાશ અને બે કિલ્લો ખીચડી કુલ ૪૪૦૦ કિલોનું છાસ-ખીચડીનું વિતરણ તા.૧૪ને રવિવારથી ત્રણ માસ માટે કરવામાં આવ્યું છે તેમ સદગુરુ પરિવાર ટ્રસ્ટે જણાવેલ છે.

સદગુરુ છાસ-ખીચડી કેન્દ્ર તથા સદગુરુ જલસેવા કેન્દ્રના પ્રથમ તબકકાનું વિતરણ પ.પૂ. મહામંડલેશ્વર શ્રી હરિચરણદાસજી મહારાજના આશિર્વચન તથા પ.પૂ. જયરામદાસજી મહારાજના આશિર્વાદથી તા.૧૪ને રવિવારે સવારે ૯ વાગ્યે સદગુરુ ધામ, ૫-ગુંદાવાડી, કિશાન સાબુ સામેથી કરવામાં આવશે.

સમગ્ર પ્રોજેકટ માટે શાંતુભાઈ રુપારેલીયા, રમેશ રાચ્છ, મુકેશ પાબારી, રાકેશ રાજદેવ, ભરત લાખાણી, હરીશ લાખાણી, રાજુ કાનાબાર, ધવલ ખખ્ખર, હસુભાઈ ચંદારાણા, ચંદુભાઈ રાઠોડ, નિખીલભાઈ રાઠોડ, ગોરાંગભાઈ ઠક્કર, અશ્વિનભાઈ મોરઝરીયા, વિજયસિંહ, રાવત ડાંગર, જોરુભા જોગડા વગેરેનું માર્ગદર્શન રહ્યું છે. છાસ વિતરણ તા.૧૪થી સવારે ૯ કલાકે ત્રણ મહિના સુધી ચંદુભાઈ પેઈન્ટર, ગુંદાવાડી-૫ ખાતેથી થશે.

# મનહર પ્લોટ સંઘમાં પૂ. વનિતાબાઈ મ.આદિની નિશ્રામાં ચૈત્ર માસની શાશ્વતી આયંબીલ ઓળીનું આયોજન

રાજકોટ, તા.૧૨

ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ પૂ. ગુરુદેવ રતિલાલજી મ.સાના કૃપાપાત્રી પૂ. મુકત લીલમ પ્રભા ઉષા સન્મતી ગુરુણીના સુશિષ્યા એવમ ગુજરાતરત્ન પૂ. સુશાંતમુનિ મ.સા., રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ પૂ. નમ્રમુનિ મ.સા.ના આત્રાનુવતી સુદીર્ઘ તપસ્વીની પૂ. વનિતાબાઈ મ. તથા કોકીલકંઠી પૂ. કૃપાબાઈ મ., સેવાગુણ સંપન્ન પૂ. રેણુકાબાઈ મ., મધુર વ્યાખ્યાતા ડો. પૂ. શ્રેયાંસીબાઈ મ. આદિ ઠાણા ૦૪ ની પ્રભાવશાળી નિશ્રામાં મનહર પ્લોટ સ્થા. જૈન સંઘ શેઠ પૌષધશાળાના પાવન પ્રાંગણે જૈન ધર્મનું રસપરિત્યાગની ઉત્કૃષ્ટ ભાવથી ભરેલ તપનું પર્વ 'ચૈત્ર માસની શાશ્વતી આયંબિલ ઓળી'નો મંગલ પ્રારંભ સોમવાર તા.૧૫થી શરુ થઈ રહેલ હોય તપના આ રૂડા દિવસોમાં આયંબીલ ઓળી ઉપરાંત કાયમી નવકાર મહામંત્ર, વિમલનાથ પ્રભુના, ચોવિસા યંત્રના, પાંસઠીયા યંત્રરાજના જાપ અને નવપદજીની મહિમા સમજાવતા નવ દિવસ આત્મલક્ષી અને પ્રભાવશાળી પ્રવચન, સવારના ૭ થી સાંજના ૭ સુધીના નવકાર મહામંત્રના અખંડજાપ તથા નિત્ય પ્રતિક્રમણ વિ.નુ. આયોજન કરવામાં આવેલ છે.

દીર્ઘ તપસ્વીની પૂ. વનિતાબાઈ મ.ઠા.૦૪ના સુમંગલ સાંનિધ્યમાં તા.૧૫ સોમવારથી સવારના ૮-૩૦ થી ૯-૩૦ વિમલનાથ પ્રભુના જાપ, સવારના ૮-૩૦ થી ૧૧-૩૦ એક પાથરણે ત્રણ સામાયિક સવારના ૯-૩૦ થી ૧૦-૩૦ પરમાત્માની જિનવાણી પ્રવચન વિનયપ્રજ્ઞા પૂ. સાધનાબાઈ-સંગીતાબાઈ મ. અને સદાનંદી પૂ. સુમિતબાઈ મ.ની પ્રેરણાથી સવારના ૭ થી સાંજના ૭ અખંડ જાપ, દર મંગળવારના બપોરના ૩-૩૦ થી ૪-૩૦ ગુજરાત રત્ન પૂ. સુશાંતમુનિ મ.સા.ની પ્રેરણાથી ચોવીસાયંત્રના જાપ, દર ગુરુવારના બપોરના ૩-૩૦ થી ૪-૩૦ સાધક બેલડી પૂ. નંદાજી સુનંદાજી મ.ની પ્રેરણાથી પાંસઠીયા યંત્રરાજના જાપ બપોરના ૧૧-૪૫ કલાકે આયંબિલ તપવિધિ, બપોરના ૧૨ કલાકે શ્રી સંઘ સંચાલીત દોશી ઉપાશ્રયે અમૃત આયંબિલ અને સાંજે ૬-૪૫ કલાકે પ્રતિક્રમણનું તપભીનુ આયોજન કરવામાં આવેલ છે. તપસ્વી પૂ. વનિતાબાઈ મ.આદિ ઠા. ૦૪ના વ્યાખ્યાન વાણી અને દર્શનનો સવિશેષ લાભ લેવા સંઘ પ્રમુખ ડોલરભાઈ કોઠારીએ નમ્ર અનુરોધ કરેલ છે.

## ચૈત્રી પંચાંગ મુજબ નૂતન વર્ષનો પ્રારંભ : ૧૨ રાશિનું ફળકથન



ચૈત્રી પંચાંગ મુજબ નૂતન વર્ષનો પ્રારંભ થઇ ગયો છે. આ વર્ષના રાજા મંગળ અને મંત્રી શનિ મહારાજ છે. બારેય રાશિઓ પર તેનો પ્રભાવ કેવો રહેશે તેની વિગતો પ્રસ્તુત છે.

**મેષ રાશિ**

મનોવાંછિત સફળતા, આર્થિક લાભ, ચલ અચલ સંપતિની ખરીદી, ધર્મયાત્રા પ્રવાસ, માન સન્માનમાં વૃધ્ધિ, સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું.

**વૃષભ રાશિ**

રાકાયેલા કાર્યો પૂરા થાય. નવા સંબંધો સંપર્કો બને. નિવાસ તથા કાર્યસ્થળમાં લાભકારી પરિવર્તન માન-સન્માનમાં વૃધ્ધિ, પરિવારમાં સ્વાસ્થ્ય તથા ઘરની મરામતમાં ખર્ચ વધી શકે.

**મિથુન રાશિ**

નાની-મોટી યાત્રા, જુની સ્વાસ્થ્ય સમસ્યાનું નિરાકરણ આવે, પરિશ્રમ કરવાથી કાર્યમાં સફળતા મળે, કાર્યસ્થળમાં પરિવર્તન થાય.

**કર્ક રાશિ**

બધા કાર્યોમાં સખત પરિશ્રમ બાદ સફળતા મળે, ખોટા નિર્ણયથી આર્થિક અને માન-સન્માનમાં હાનિ થવાની સંભાવના. નિવાસ અને કાર્યસ્થળમાં પરિવર્તન, જોખમ ભરેલા કાર્યોને વર્જીન કરવા.

**સિંહ રાશિ**

ચલ-અચલ સંપત્તિમાં વધારો થાય, કાર્યક્ષેત્રમાં સફળતા, નવા સંબંધ, સંપર્ક બને, નવા શહેરની યાત્રા, માન-સન્માનમાં વૃધ્ધિ થાય, સારા કાર્યો કરવાથી સન્માન મળે.

**કન્યા રાશિ**

દેવું અને વિવાદિત પ્રશ્નોનો નિકાલ આવે, વિરોધીઓ પરાસ્ત થાય, ચિકિત્સા તથા અનુસંધાનથી જોડાયેલા લોકો માટે સફળતા જૂની રોકાયેલી રકમથી મોટો લાભ મળે.

**તુલા રાશિ**

અનાવશ્યક ભ્રમણ, સારા સંબંધોમાં ખરીખોટી થાય, મિત્ર અને સંબંધીઓ મોઢુ ફેરવે મહેનતથી સફળતા મળે, નવા સંપર્ક, નવા સંબંધ બને, મા સમાન મહિલાને સન્માન આપવું લાભકારી નિવડે.

**વૃશ્ચિક રાશિ**

ઘરના વડીલોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું નિવાસ-કાર્યસ્થળમાં પરિવર્તન, ચલ-અચલ સંપત્તિની ખરીદ-વેચાણ, પરિવારમાં માંગલિક કાર્યો થાય, કેટલીક જૂની સમસ્યાઓનો ઉકેલ આવે.

**ધન રાશિ**

શ્રેષ્ઠ સમય આર્થિક લાભ, માન-સન્માન તથા પ્રતિજ્ઠાની પ્રાપ્તિ, નવા શહેરની યાત્રા, નવા કાર્યોમાં લાભ મળે, નવી ખરીદીનો યોગ.

**મકર રાશિ**

નવા સંબંધો રચાય, નવી ખરીદીનો યોગ, ભારે પરિશ્રમથી મહત્વપૂર્ણ સફળતા મળે, નિવાસ તથા કાર્યસ્થળમાં પરિવર્તનની સંભાવના.

**કુંભ રાશિ**

નવી ભાગીદારી, કેટલાક વિવાદિત પ્રશ્નોનો નિકાલ થાય, માંગલિક કાર્યો થાય, નવા કાર્યમાં મુડી રોકાણ લાભદાયક, સવારનું ભ્રમણ લાભકારક નીવડે.

**મીન રાશિ**

મિશ્રિત સફળતા સાથે સ્વાસ્થ્ય, ખરીદી કે નિર્માણ કાર્ય પર ખર્ચ વધે, જોખમ પૂર્ણ કાર્યોમાં સાવચેતી રાખવી.




# વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર શેઠ બ્રધર્સના ૧૫૦ સ્ટાફના હસ્તે વૃક્ષારોપણઃ ૫ હજાર વૃક્ષો વાવ્યા

### અમેરિકા હોય કે લંડન-ઓસ્ટ્રેલિયા હોય કે કેનેડા ઈન્ડિયન સ્ટોર્સમાં જાણીતુ કાયમચૂર્ણ તો હાજર જ

ભાવનગર તા.૧૨

ગ્રીનસીટી દ્વારા વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર અગાઉ પાંચ હજાર વૃક્ષો વાવી માર્ગને હરીયાળો બનાવવામાં આવ્યો છે. પરંતુ આ માર્ગને સંપૂર્ણપણે વૃક્ષોથી આચ્છાદિત કરવા હજુ વધુ ૫૦૦૦ જેટલા વૃક્ષો વાવવાનો નિર્ણય ગ્રીનસીટી દ્વારા કરવામાં આવ્યો છે. તેના ભાગરૂપે ભાવનગરની શેઠ બ્રધર્સ કંપની દ્વારા તમામ ૧૫૦ સ્ટાફ પરિવારના હસ્તે ૧૫૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કોઈપણ કંપની દ્વારા તેના તમામ કર્મચારીઓના હસ્તે વૃક્ષારોપણ કરાવવાનું ગુજરાતમાં પ્રથમવાર બન્યું છે. આમાના મોટાભાગના સભ્યોએ તેમની જીંદગીમાં પ્રથમવાર વૃક્ષારોપણ કર્યુ હતું. આ વૃક્ષારોપણ અંગે શેઠ બ્રધર્સના કર્મચારીઓએ જણાવ્યું હતું કે આજે અમો બે રીતે ખુશ થયા છીએ, એક તો અમારા જેવા નાના માણસોના હસ્તે કંપની વૃક્ષારોપણ કરાવી રહી છે અને અમો સૌ પ્રથમ વખત જ વૃક્ષારોપણ કરી રહ્યા છીએ અને બીજી ખુશી એ કે અમો કાયમચૂર્ણ બનાવતી કંપની શેઠ બ્રધર્સના સ્થાપક તથા કાયમચૂર્ણના સંશોધક એવા રસિકભાઈ શેઠના નામના રોડ ઉપર જ વૃક્ષારોપણ કરી રહ્યા છે. અમો સૌ સ્ટાફ સભ્યોને એ વાતનો પણ ગર્વ છે કે અમારા દ્વારા ઉત્પાદન અને પેકીંગ થયેલું કાયમચૂર્ણ અમેરિકા હોય કે લંડન-ઓસ્ટ્રેલિયા હોય કે કેનેડા દરેક ઈન્ડિયન સ્ટોર્સમાં કાયમચૂર્ણ તો હાજર હોય જ. આ અમારા માટે ગર્વ અને ખુશીની વાત છે. ગ્રીનસીટીના સ્થાપક અને શેઠ બ્રધર્સના માલિકા એવા દેવેનભાઈ શેઠનું આ કાર્ય સમાજ માટે દાખલારૂપ બની રહેશે.

આ તબકકે દેવેનભાઈ શેઠએ જણાવ્યું હતું કે કોઈપણ કંપનીની સફળતામાં તેમના સ્ટાફ પરિવારનો ૫૦% ફાળો હોય છે. અમારી સફળતા પાછળ આ તમામ કર્મચારીઓનો ખૂબ જ મોટો ફાળો છે. અમારો તમામ સ્ટાફ મહેનતુ, વફાદાર, શિસ્તબધ્ધ અને તેમના કાર્યમાં કુશળ છે. અહીં માલિક અને કર્મચારી વચ્ચેનો સંબંધ એક પરિવાર જેવો છે. દેવેનભાઈ શેઠએ તમામ કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવા માટે તેઓ સૌનો આભાર વ્યકત કર્યો હતો અને જણાવ્યું હતું કે ભાવનગર શહેરને હરીયાળુ બનાવવા હવે અમારા સ્ટાફ પરિવારનો પણ ફાળો રહેશે. આ વૃક્ષારોપણ પ્રસંગે શેઠ બ્રધર્સના અશોકભાઈ શેઠ, કમલેશભાઈ શેઠ, વેદાંતભાઈ શેઠ, પ્રદિપભાઈ મહેતા તથા ગ્રીનસીટીના અચ્યુતભાઈ મહેતા, પીયુષભાઈ વ્યાસ સહિતના ગ્રીનસીટીના સભ્યો હાજર રહ્યા હતા.

### જિનશાસન પ્રભાવક આ. શ્રી જયશેખરસૂરીજી મ. પ્રેરીત

# શ્રી વિમલનાથ જિનાલયમાં ચૈત્રી આયંબીલ ઓળીના દિવસોમાં પરમાત્માને આંગી, આરતી તથા પ્રભાવના

રાજકોટ, તા. ૧૨

જિનશાસન પ્રભાવક આ.ભ.શ્રી જયશેખરસૂરીજી મહારાજ પ્રેરીત શ્રી



વિમલનાથ જિનાલયમાં તા.૧૪મીના રવિવારે સવારે ૮.૧૦ કલાકે શ્રી ઘંટાકર્ણ વીરનું અનુષ્ઠાન-લાભાર્થી રાહી નિશાંત શેઠ પરિવાર, બાળકોની પ્રભાવનાના લાભાર્થી નવલબેન મનસુખભાઈ શાહ (વાંકાનેર) પરિવાર છે.

તા.૧૫થી ચૈત્રી માસની આયંબીલ ઓળીનો પ્રારંભ થઈ રહ્યો છે. આયંબીલ ઓળીના નવ દિવસો તથા તા.૨૪ના પારણાના દિવસે વિમલનાથ જિનાલયમાં પરમાત્માની ભવ્ય આંગી, આરતી તથા પ્રભાવના રાત્રે ૮.૩૦ કલાકે રાખેલ છે.

દસ દિવસોના લાભાર્થી પરિવારોમાં ક્રમશઃ વીમીબેન અમિનેષભાઈ રૂપાણી પરિવાર, સૌમીબેન અતુલભાઈ મોદી (મંગળવાર), નયનાબેન અશોકભાઈ મહેતા, જયશ્રીબેન કિશોરભાઈ કામદાર, કિરણબેન ભરતભાઈ વસા, દ્રષ્ટિ હર્ષભાઈ દોશી, ઉર્વીબેન કૌરવભાઈ મહેતા, શિલ્પાબેન સુનીલભાઈ ટોળીયા, નલીનીબેન સંઘવી તથા નીલાબેન યોગેશભાઈ વોરા પરિવાર છે.

તા. ૨૧મીના રવિવારે સવારે ૮.૧૦ કલાકે શ્રી ઘંટાકર્ણવીરનું અનુષ્ઠાન-લાભાર્થી રાહી નિશાંત શેઠ પરિવાર, બાળકોની પ્રભાવનાના લાભાર્થી નવલબેન મનસુખભાઈ શાહ પરિવાર છે. નાવ્યા પારેખ, છાયાબેન પાટડીયા વગેરેએ લાભ લીધો છે. તેમ વિમલનાથ જિનાલયના કન્વીનર વિપુલભાઈ દોશીએ જણાવેલ છે.

## નિઃશુલ્ક મસાનો નિદાન કેમ્પ

રાજકોટ,તા.૧૨

સાંઈ મેકઓવર ગ્રુપ દ્વારા વિનામુલ્યે મસાનો નિદાન કેમ્પ આવતીકાલે બપોરે ૨ થી ૬ મુ-નેકસર હેર સલુન, સનરાઈઝ સ્કૂલની બાજુમાં સુખસાગર મેઈન રોડ ખાતે રાખેલ છે.

## લોહાણા યુવક પ્રગતિ મંડળ દ્વારા ૧૨મો પરિચય પસંદગી મેળો યોજાશે

રાજકોટ,તા.૧૨

લોહાણા યુવક પ્રગતિ મંડળ દ્વારા રઘુવંશી સમાજનાં યુવક યુવતિઓ માટે ૧૨મો પરિચય પસંદગી મેળો તા.૨૬/૫ના રવિવારે બપોરે ૨ થી ૭ હેમુગઢવી હોલ ખાતે યોજાશે.રઘુવંશી સમાજના યુવક યુવતી ઓની કલર ફોટો બાયોડેટા સાથેની ડિરેકટરી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ સમારોહ રાજકોટ લોહાણા મહાજન પ્રમુખ રાજુભાઈ પોબારૂના અધ્યક્ષ સ્થાને યોજાશે.આ પરિચય પસંદગી મેળામાં જોડાવા માટેના ફોર્મ લોહાણા યુવક પ્રગતિમંડળ સાંગણવા ચોક લોહાણા મહાજનવાડી કોટક શેરીમાં રોજ સાંજે ૭ થી ૯ અને રવિવારે સવારે ૧ થી ૨ દરમ્યાન મળશે.આ આયોજનને સફળ બનાવવા પ્રમુખ રાજુ પોબારૂ, યોગેશ જસાણી, ડો.નીતિન રાડીયા, હિતેશ પોપટ, અશોક હિન્ડોચા, સહિતના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

## જીવનમાં આયંબીલ તપનું મહાત્મ્ય

# જૈનોની ચૈત્ર માસની શાશ્વત આયંબીલ ઓળીનો સોમવારથી પ્રારંભ : તા.૨૩ના તપની પુર્ણાહુતિ

રાજકોટ, તા. ૧૨

૧૫/૪ થી જૈનો હર્ષોલ્લાસપૂર્વક આયંબિલ તપનો પ્રારંભ કરશે.આ તપમાં માત્ર એક જ વખત એક જ જગ્યાએ બેસીને લુખ્ખુ-સુકુ એટલે કે તેલ, ઘી, દુધ, દહીં, ગોળ, સબરસ અને સાકર વગરનો રસ અને સ્વાદ રહિતનો આહાર કરવાનો હોય છે તથા અચેત પાણીનો ઉપયોગ કરવાનો હોય છે.આધ્યાત્મિક દ્રષ્ટિએ તો તપ શ્રેષ્ઠ છે પરંતુ આયુર્વેદીક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આયંબિલ તપને આરોગ્ય માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.તેલ - ઘી રહિતનો આહાર વાપરવાથી લીવરને રાહત મળે છે, શરીર અને મન બંને પ્રસન્ન રહે છે,જે સાધનામાં સહાયક બને છે.



મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે આ પર્વ વર્ષમાં બે વાર ચૈત્ર તથા આસો માસમાં આવે છે.

આ બે મહિના ૠતુઓની સંધિકાળના મહિના હોવાના કારણે વાત્ત,પિત્ત અને કફનો પ્રકોપ શરીરને અસ્વસ્થ કરે છે,તેથી આ દિવસોમાં તપ કરવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે તેથી જ તમામ દર્દનું ઔષધ તપને ગણવામાં આવે છે.ધર્મની દ્રષ્ટિએ તપ એ નિર્જરા માટેનું ઉત્તમોત્તમ સાધન છે.

શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રમાં પ્રભુ મહાવીરે કહ્યું કે **'ભવકોડિસંચિયં કમ્મં, તવસા નિજ્જરિજ્જઈ'** એટલે કે ક્રોડો ભવોના બાંધેલા કર્મો તપ કરવાથી નિર્જરી અને ખરી જાય છે.

આયંબિલ ઓળીમાં નવ દિવસ સુધી નમો અરિહંતાણ પદથી લઇ નમો લોએ સવ્વસાહૂણં સાથે સમ્યક દર્શન,જ્ઞાન,ચારિત્ર અને તપ સહિત નવ પદની આરાધના કરવાની હોય છે.ગ્રંથોમાં આ તપનું મહીમા વણેવતા અનેક પ્રેરક દ્રષ્ટાંતો આવે છે,જેમાં શ્રીપાલ અને મયણાનું દ્રષ્ટાંત સુપ્રચલિત છે. આયંબિલ તપ કરવાથી શ્રીપાલની કાયા કંચનવર્ણી બની જાય છે,તેમાં શ્રદ્ધા સાથે વૈજ્ઞાનિક કારણ પણ રહેલું છે.ખોરાકમાં સબરસનું પ્રમાણ ઘટવાથી ચામડીના રોગ મટી શકે છે.તામલી તાપસ અને સુંદરીએ પણ દીર્ઘ કાલીન સુધી આ તપની આરાધના કરેલી.આયંબિલ તપની તાકાત એટલી જબરદસ્ત છે કે તપના પ્રભાવથી ભરત ચક્રવર્તીના સુંદરી પ્રત્યેના દુષ્ટ ભાવોમાં પરિવર્તન આવી ગયેલ.

કહેવાય છે તપથી લોહી શુદ્ધ થાય છે,લાલ રક્ત કણો વધે છે,ચામડી તેજસ્વી બને છે.પ્રોફેસર જોસેફ હેરેલ્દ જણાવે છે કે પેટના મોટાભાગના દર્દોમાં તપ શ્રેષ્ઠ છે. ડો. શેલ્ટન કહે છે કે સૃષ્ઠિના જીવોમાં માત્ર મનુષ્ય એવું પ્રાણી છે કે જે બીમારીમાં પણ ખા ખા કરે છે. જયારે પ્રાણીઓ બિમાર પડે ત્યારે સૌ પ્રથમ ખાવાનું છોડી દે છે. મિસ શર્મને ટાંકેલુ છે કે એક અબજ લોકો જગતમાં અર્ધા ભૂખ્યા સૂએ છે અને સવા અબજ લોકો વગર ભૂખે ખા ખા કરે છે.

સળંગ નવ દિવસ આયંબિલ થઇ શકતી હોય તો તે શ્રેષ્ઠ છે,પરંતુ કોઇ કારણોસર શક્ય ન હોય તો છૂટક-છૂટક પણ આયંબિલ કરી શકાય છે જેનાથી જીવાત્મામાં તપના સંસ્કાર આવે છે. અમુક આત્માઓ નવ દિવસ મૌન સાથે પણ આયંબિલ તપની આરાધના કરતાં હોય છે.

**સંકલન : મનોજ ડેલીવાળા**
**મો. ૯૮૨૩૧ ૧૪૪૩૯**

# ચૈત્રી નવરાત્રીનું આજે ચોથુ નોરતું : માઁ કુષ્માંડાની આરાધના

રાજકોટ, તા. ૧૨

આજે ચૈત્રી નવરાત્રીનું ચોથુ નોરતું છે. ચોથા નોરતે માઁ કુષ્માંડાની પૂજા આરાધના કરવામાં આવે છે.



કહેવાય છે કે જયારે સૃષ્ટિનું અસ્તિત્વ નહોતું, ચારે તરફ અંધકાર હતો ત્યારે માતાજીએ પોતાના મંદ હાસ્ય સાથે બ્રહ્માંડની રચના કરી આથી માતાજીનું નામ કુષ્માંડા પડયું.

માઁ કુષ્માંડા આદિ સ્વરૂપા અને આદિ શકિતરૂપા છે. માતાજીનો નિવાસ સૂર્ય મંડળની પાસે છે અને સૂર્ય લોકમાં નિવાસ કરે છે.

માતાજીનું સ્વરૂપ સૂર્ય સમાન તેજયુકત છે. માતાજીની તુલનામાં કોઇ દેવી-દેવતા આવતા નથી. બ્રહ્માંડના બા જ પ્રાણીઓ, મનુષ્યો તેમની છાયારૂપ છે.

માતાજીને આઠ ભુજા, આઠ હાથમાં બાણ ધનુષ, કમળ, કળશ અને ચક્ર છે અને આઠમા હાથમાં સિધ્ધિ છે. માતાજીનું વાહન વાઘ છે. પવિત્ર મનથી ઉપાસના કરવાથી રોગ-બીમારી દુર થાય છે. આધિ-વ્યાધિ તથા ઉપાધિમાંથી મુકિત મળે છે.

માતાજીની ઉપાસનાનો મંત્ર 'યા દેવી સર્વભૂતેષુ કુષ્માંડા રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમ:' માતાને નૈવેદમાં માલપુવા અથવા ખીર ધરવામાં આવે છે.

- શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

# રવિવારે ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મજયંતિ: વિવિધ કાર્યક્રમોની વણઝાર

## બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરાશે: રેલીનું ભવ્ય આયોજન

રાજકોટ,તા.૧૨

૧૪ એપ્રિલના રોજ રવિવારે ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવશે.જેમાં શહેરમાં વિવિધ કાર્યક્રમ યોજાશે.રાજકોટની વિવિધ સંસ્થાઓ દ્વારા રેલી યોજાશે અને શહેરના રાજમાર્ગો પર નિકળશે સવારે ડો.બાબા સાહેબ આંબેડકર પ્રતિમાને પુષ્પાજંલી અર્પણ કરવામાં આવશે.



**બહુજન સમાજ પાર્ટી-જિલ્લા રાજકોટ**

તા.૧૪-૪-૨૦૨૪ સવારે ૮ વાગ્યે ડો.બાબા સાહેબ આંબેડકર પ્રતિમા ડો.આંબેડકર ચોક, સીવીલ હોસ્પિટલ પાસે, રાજકોટ મહાનગર ખાતે સામાજિક પરિવર્તનનાં મહાનાયક, યુગ પ્રવર્તક નારીઓનાં મુકિતાદાતા, વિશ્વરત્ન ડો.બાબાસાહેબ આંબેડકરનાં ૧૩૩ના જન્મદિન નિમિતે બહુજન સમાજ પાર્ટી પુષ્પાર્પણ કરવામાં આવશે.

**લાઈટ હાઉસ જીજાબાઈ ટાઉનશીપ**

તા.૧૪-૪-૨૦૨૪ના લાઈટ હાઉસ જીજાબાઈ ટાઉનશીપ, રૈયારોડ રાજકોટ ખાતે શોષિતો, પીડીતો વંચીતો, ગરીબો, બહુજનોના મુકિતદાતા, વિશ્વ વિભૂતિ, સંવિધાન નિર્માતા, બોધિસત્વ ડો.બાબાસાહેબ આંબેડકરના ૧૩૩માં ભૂમિ અવતરણદિન-જન્મોત્સવ મનાવવામાં આવશે.જે અંતર્ગત પૂર્વ સંધ્યાએ ૧૩/૪/૨૦૨૪ની રાત્રે ૯ કલાકે ભીમ સંગીતનો કાર્યક્રમ રહેશે.તેમજ તા.૧૪-૪-૨૦૨૪ રવિવાર સવારે ૮.૩૦ વાગ્યે દિપ પ્રજવલીત કરી કાર્યક્રમને ખૂલ્લો મુકવામાં આવશે. સાથે-સાથે ડો.બાબાસાહેબ આંબેડકર તથા ગતગૌતમ બુદ્ધના તૈલીચિત્રોને પુષ્પાર્પણ કરવામાં આવશે.સંવિધાન આ મુખનું પઠન કરવામાં આવશે. કેકકાપીને મહાનાયકનો જન્મદિન મનાવાશે સાથે-સાથે ટાઉનશીપના બાળકો દ્વારા અને સ્થાનિકો દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવશે.

**જય ભીમ યુવા સંગઠન**

જય ભીમ યુવા સંગઠન દ્વારા આગામી તા. ૧૪ એપ્રિલના રોજ સવારે રાજકોટના સીવીલ ચોકમાં જયાં વર્ષોથી બાબા સાહેબની પ્રતિમાં ઈતિહાસની સાક્ષી પુરે છે ત્યા જઈને રેલી સ્વરૂપે બાબા સાહેબની પ્રતિમાને હાર પહેરાવી કાર્યક્રમની શરૂઆત કરશે ત્યારબાદ સાંજે ૪-૦૦ વાગ્યા થી લાલ બહાદુર શાસ્ત્રી ટાઉનશીપ એ-વીંગના બગીચામાં ડો. બાબા સાહેબના ફોટો પાસે દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવશે અને ત્યારબાદ ભીમવાણી અને ડો. બાબા સાહેબ આંબેડકરના કાર્યોને યાદ કરવામાં આવશે.

ત્યારબાદ સાંજે ૬-૩૦ કલાકે લાલ બહાદુર શાસ્ત્રી ટાઉનશીપના બાળકોને બટુક ભોજન કરાવવામાં આવશે. આવી જ રીતે દર વર્ષે આ જન્મજયંતિ નિમિતે કાર્યક્રમો થતા રહે અને ડો. બાબા સાહેબ આંબેડકરના વિચારોને દરેક લોકો સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે જય ભીમ યુવા સંગઠન ના કાર્યકર્તાઓ દ્વારા કાર્યક્રમ પૂર્ણ કરાશે.

# તા.૧૪ એપ્રિલે ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૩ જન્મ જયંતિ

## મહામાનવે દેશને આપેલા યોગદાનને યાદ કરતું પછાત વર્ગ મ્યુનિ. કર્મચારી મંડળ

રાજકોટ, તા. ૧૨

આગામી તા. ૧૪ એપ્રિલના રોજ ડો.બાબાસાહેબ ભીમરામ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતિ છે ત્યારે પછાત વર્ગ મ્યુનિસિપલ કર્મચારી મંડળના પ્રમુખ અશોકભાઇ રાઠોડ, મંત્રી અશોકભાઇ સોલંકી, આર.જે.પરમારે મહામાનવે દેશને આપેલા યોગદાનને યાદ કર્યુ છે.

મહિલા અધિકાર, પુરૂષ સમાન અધિકારો, ૩૦થી વધુ ડિગ્રી સાથેનું જ્ઞાન, તિરંગામાં અશોક ચક્રનું સૂચન, બંધારણના ઘડતરમાં મુખ્ય યોગદાન, ગોળમેજી પરિષદમાં ભાગીદારી, સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા મંત્રી, દરેકને લાયકાત મુજબ નોકરીની તકો, વાણી સ્વતંત્રતાની તરફેણ સહિતના કાર્યોથી તેમને ૧૯૯૦માં ભારત રત્ન પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા. ડો.બાબાસાહેબના સંઘર્ષમય જીવનમાં અનેક દુ:ખ વેઠીને તેઓએ સફળતા હાંસલ કરી હતી. સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડતર, સમાજ સુધારક, પીડિતોના ઉધ્ધારક એવા ડો.આંબેડકર વિશ્વ વિભૂતિ છે. ભારતને બંધારણ મારફતે વિશ્વની સર્વોચ્ચ લોકશાહી અર્પણ કરી છે.

# ક્ષત્રિયાણી પર પોલીસનો બળપ્રયોગ લોકશાહી માટે કલંક: નારી સુરક્ષા સમિતિ

રાજકોટ,તા.૧૨

જિલ્લા નારી સુરક્ષા સમિતિ (રાજકોટ) ના પ્રમુખ હેમાબેન ઉપપ્રમુખ પારૂલબેન સિધ્ધપુરા, લીગલ એડવાઈઝર ભાવનાબેન વાઘેલા, મહામંત્રી સરલાબેન પાટડીયા, મંત્રી પ્રફુલાબેન ચૌહાણ, જસુબા વાંક, સોની ભાવનાબેન જોગીયા, પદ્માબા ચૌહાણ ની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટમાં લોકસભાના ઉમેદવાર પરસોતમ રૂપાલા બાબતે શાસક પક્ષ અને ક્ષત્રિય સમાજ વચ્ચે હવે આરપાર ની લડાઈ શરૂ થઈ ચૂકી છે ત્યારે ગઈકાલની બે ઘટના જે બની છે તેમાં રાજકોટ અને જામનગરમાં ક્ષત્રિયાણીઓ પર પોલીસે બળ પ્રયોગ કરેલ છે તેને સખત શબ્દોમાં વખોડીએ છીએ. થોડા સમયથી ચાલી રહેલું શાંત અને શિસ્તબદ્ધ ના આંદોલન માં હવે આક્રમકતા આવી ચૂકી છે. ત્યારે તાત્કાલિક બંને પક્ષ તરફથી નમતું જોખી આ પ્રશ્નનો તાકીદે નિવેડો લાવવા માટે પ્રયાસ કરવા જોઈએ.

શાસક પક્ષના આદેશથી સત્તાધીશોની સિધી દોરવણી હેઠળ મહિલાઓ પર દમન ગુજારવામાં આવશે તો ના છૂટકે રાજકોટ શહેર જિલ્લા નારી સુરક્ષા સમિતિએ મેદાનમાં ઉતરવું પડશે. સ્ત્રી સશક્તિકરણ અને નારી સુરક્ષા ની વાતો વચ્ચે ક્ષત્રિય સમાજ નહીં પરંતુ કોઈ પણ સમાજની બેન દીકરીઓ પર પોલીસ પોતાની મર્યાદામાં અને કાયદાકીય રીતે કામ કરે પ્રશાસનનો રાજકીય હાથો બની ને કામ ન કરે અને પ્રશાસન પણ ડરી જઈને પોલીસને આગળ કરી શાંત રીતે ચાલતા આંદોલનને ઉશ્કેરીને કચડી નાખવાનો પ્રયાસ હરગીજ ન કરે પોલીસ લક્ષ્મણરેખા ન ઓળંગે તે ઇચ્છનીય છે.

# સરદાર પટેલ ટ્રસ્ટ દ્વારા રવિવારે દ્વિતિય સમુહ લગ્નોત્સવનું આયોજન

## ૧૧ દિકરીઓ પ્રભુતામાં પગલા માંડશે: રાજકીય અગ્રણીઓ અને મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહેશે

રાજકોટ,તા.૧૨

સરદાર પટેલ ટ્રસ્ટ દ્વારા લાડકડીના લગ્નોત્સવનું તા.૧૪ના રોજ રવિવારે કાર્તિક પાર્ટી પ્લોટ, ૮૦ ફુટ રોડ, કુવાડવા રોડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.આ દ્વિતિય સમુહલગ્નોત્સવમાં સર્વ સમાજની ૧૧ દિકરીઓ પ્રભુતામાં પગલા માંડશે. દિકરીઓને અનેક વસ્તુઓ કરિયાવર રૂપે અપાશે

આ સમારોહમાં શ્રી રામ ભગત, કનેસરા ધામ શ્રી ધવલ ભુવાજી, કમઢીયાની સરકાર મહંતશ્રી લાલદાસબાપુ, રાઘવેન્દ્ર આશ્રમ - લાલપરી ઉપસ્થિત રહી આર્શિવચન પાઠવશે.





નરેશભાઈ પટેલ ચેરમેન ખોડલધામ ટ્રસ્ટ,ડો. ભરતભાઈ બોઘરા ઉપાધ્યક્ષ, ગુજરાત પ્રદેશ ભાજપ,પિન્ટુભાઇ પટેલ બોમ્બે સુપર,ઉદયભાઈ કાનગડ ધારાસભ્ય, રાજકોટ-૬૮, પરસોતમભાઈ રૂપાલા કેન્દ્રીયમંત્રી, મનસુખભાઈ માંડવીયા કેન્દ્રીયમંત્રી,નયનાબેન પેઢડીયા મેયર, પ્રવીણાબેન રંગાણી પ્રમુખ જીલ્લા પંચાયત ,અરવિંદભાઈ રૈયાણી પુર્વ મંત્રી ગુજરાત રાજય, ગોવીંદભાઈ પટેલ પુર્વ ધારાસભ્ય,ભરતભાઈ પીપળીયા ટ્રસ્ટી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ, બાબુભાઈ ટોપીયા ટ્રસ્ટી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ,રામભાઈ મોકરીયા સાંસદ, રાજ્યસભા,મોહનભાઈ કુંડારીયા સાંસદ, ભાનુબેન બાબરીયા કેબીનેટ મંત્રી,ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા,દર્શિતાબેન શાહ, જયેશભાઈ રાદડીયા જેતપુર-જામકંડોરણા,મુકેશભાઈ દોશી પ્રમુખ, રાજકોટ શહેર ભાજપ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.આ આયોજન અંતર્ગત વિપુલ પટેલ, રસિક પટેલ, હિરેન પરસાણા એ સાંજ સમાચારની મુલાકાત લીધી હતી.

# સફાઈ કામદારો માટે હેલ્થ ચેકઅપ-કાર્ડનો કેમ્પ



મનપાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના જુદા જુદા વોર્ડમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સફાઈ કામદારનાં હેલ્થ ચેકઅપ તથા પીએમજય કાર્ડ કાઢવા અંગેના દરેક વોર્ડ કક્ષાએ કેમ્પનું આયોજન કરાયું હતું. વોર્ડ ૨અ, ૩અ, ૭અ, ૧૩અ, ૧૪અ, ૧૭અ, ૧, ૮અ, ૮અ, ૯અ, ૧૦અ, ૧૧અ, ૧૨અ, ૪અ, ૫અ, ૬અ, ૧૫અ, ૧૬અ, ૧૮અ ના વોર્ડને આવરી લેવાયા હતા. એસ.એસ.આઈ, એસ.આઈ, મેડીકલ ઓફીસર અને આરોગ્યનો સ્ટાફ હાજર રહી હેલ્થ ચેકઅપ અને પીએમજય કાર્ડ કામગીરી કરવામાં આવી.

## વોર્ડ નં.૧૩નાં ડ્રેનેજ સફાઈ ફરિયાદ માટેના ફોન નંબર બદલાયા

રાજકોટ, તા. ૧૨

મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૩માં અલકા સોસાયટી મેઈન પર, પતંજલિ સ્કૂલ પાસે આવેલ ડ્રેનેજ સફાઈ ફરિયાદ નિકાલ માટેના ફોન નંબરમાં ફેરફાર થયેલ છે. જેમાં જુના ફોન નંબર ૮૪૦૧૪૧૫૦૮૫ને બદલે હવેથી નવા ફોન નંબર ૮૪૮૫૯૧૫૩૦૧માં ફરિયાદ લખાવવા નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.



# પુજા હોબી સેન્ટર અને પોદાર જમ્બો કીડઝ અમીન માર્ગ દ્વારા ૩૩મો વાર્ષિકોત્સવ સંપન્ન

પુજા હોબી સેન્ટર અને પોદાર જમ્બો કીડઝ અમીન માર્ગ દ્વારા હેમુગઢવી હોલ ખાતે ૩૩ મો વાર્ષિકોત્સવ અતિ ભવ્ય રીતે સંપન્ન થયો.૪૦૦ થી વધારે બાળકો દ્વારા એક એકથી ચડિયાતી ૨૪ કૃતિઓ રજૂ કરી.આ વાર્ષિકોત્સવમાં રાજકોટના નામાંકિત અગ્રણીઓ મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, અમદાવાદથી પ્રાગટ્ય ગ્રુપના દિવ્યેનભાઈ રાયઠઠ્ઠા, રમાબેન હેરભા, બ્રહ્માકુમારીના કિંજલબેન, પુજાબેન, રત્નાબેન સેજપાલ, જશુબેન વસાણી, અશોકભાઈ ગાંધી, વિજયભાઈ કારીયા, મહેન્દ્રભાઈ ચાવડા, પ્રવીણભાઈ રાઠોડ સહિત તમામ મહાનુભાવો એ હાજરી પુરાવી હતી.



# SBI આરસેટી દ્વારા રાજકોટ જીલ્લાની બહેનો માટે બ્યુટી પાર્લર અને સિવણ કામની તાલીમ વર્ગો નું આયોજન

## રહેવા તથા જમવા સાથે તદ્દન વિનામૂલ્યે ૩૦ દિવસ તાલિમ અપાઈ

રાજકોટ:તા ૧૨

SBI બેંક તથા ગ્રામીણ વિકાસ મંત્રાલય ભારત સરકાર અને ગ્રામ વિકાસ એજન્સી (જીએલપીસી) ગુજરાત સરકાર તરફથી રાજકોટ જીલ્લાના ગામડામાં વસતા ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથના બીપીએલ / અંત્યોદય કાર્ડ / મનરેગા જોબકાર્ડ / સખી મંડળના સભ્ય / SECC / PMAY યાદી સમાવિષ્ટ તમામ બેરોજગાર યુવક-યુવતીઓને ફૂલ ડે ની ૬૦ થી વધારે પ્રકારની તાલીમ વિનામૂલ્યે આપવામાં આવે છે. હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી રાજકોટ, ગાર્ડી ગેટ પાસે, એ.જી. સ્ટાફ કોલોની સામે. એસ.બી.આઈ. ગ્રામીણ સ્વ-રોજગાર તાલીમ સંસ્થામાં ૩૦ દિવસની બ્યુટી પાર્લર અને સ્ત્રી સિવણ કામની તાલીમ ચાલુ છે.

આ તાલીમ અખો દિવસ સવારે ૯:૩૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી શરૂ રહે છે તેમજ ઉત્તમ પ્રકારનું ચા-નાસ્તો અને જમવાનું તથા રહેવા માટે હોસ્ટેલની સુવિધા પણ નિ:શુલ્ક આપવામાં આવે છે. હાલ ૭૦ બહેનો બ્યુટી પાર્લર અને સિવણ કામની તાલિમ મેળવી રહી છે. પ્રશિક્ષણ વિષય નિષ્ણાંત કિરિટભાઇ ચુડાસમા દ્વારા આપવામા આવે છે.

ઉર્મિલા સોલંકી,અવની કાપડી ,નેહલ મેર,વૈશાલીબેન પંચાલા, ઉવી ઝાપડિયા,બીનાબેન મુછડીયા, વિભાબેન સખીયા,સ્નેહલ શેકોકર,કિરણ મકવાણા, ચંદ્રિકાબેન સોલંકી,કાજલબેન કુકડીયા,અંજલી સોલંકી,સંજના સોલંકી,ધર્મિષ્ઠા મેતર,પૂજાબેન ચાવડા,દયા પરમાર,કોમલ મેર,પાયલ કુકડિયા વૈશાલી જટાપરા

,કિરણબેન મજેઠીયા,ખુશ્બુ ચંદ્રપાલ,રેખાબેન વેગડ,શીલાબેન ધડવી,સ્નેહા ઢોલરીયા,નિકિતાબેન ચાવડા,હેમાક્ષી ઘેડિયા, ખુશ્બુ ઘેટીયા,પલ્લવીબન ચાવડા, વાલીબેન ચૌહાણ ,કાજલબેન પરમાર,રૂપાલી યાદવ,નયનાબેન સોલંકી,વર્ષાબેન પારઘી,દેવાંશીબેન કંઝારીયા,સખિયા વિનોદભાઈ,માયાબેન મકવાણા,મીના મકવાણા,દક્ષાબેન રાઠોડ,જલ્પાબેન મકવાણા,દયાબેન વાણીયા,જાગૃતિ મેરિયા,મોનીકાબેન જતાપરા, લલિતા ચાવડા,ભારતીબેન માંડાણી,કાજલ સુવાણ જ્યોતિબેન તાવીયા,કિંજલ જતાપરા,વંદના વાવડિયા સોનલ માલકિયા

,રિતિશા મેટાળીયા,નીતાબેન સાપરા,સેજલબેન સાપરા,મોનીકા ગાબુ,કૈલાશ સાપરા,રિદ્ધિબેન સાવલીયા, રીના મકવાણા, દિક્ષીતાબા જાડેજા,મનીષાબેન સોલંકી,મીનાબેન સોનારા, હિનાબેન પરમાર,જાગૃતિબેન ભરવાડ,ભાવિશા ,કાજલ, શિલ્પાબેન ,જયશ્રી બેન ,રીનાબેન ,ગમારા શાંતાબેન તાલિમ મેળવી રહ્યા છે.



## બીએસએનએલ ડોટ એસો.ની કોન્ફરન્સ યોજાઈ

ઓલ ઈન્ડિયા બીએસએનએલ ડોટ પેન્શનર્સ ગુજરાત સર્કલમાં અમરેલી/ રાજકોટ જિલ્લા કક્ષાએ કોન્ફરન્સ યોજાઈ હતી જેમાં સર્કલ સેક્રેટરી અને જિલ્લા બ્રાંચના પ્રમુખ મનુભાઈ ચનિયારા, કે.આર. જોશી, મંત્રી ડી.આર. રામાણી, જે.સી. પટેલ, જે.એમ. રાદડીયાની હાજરીમાં અમરેલી જિલ્લા પ્રમુખ તરીકે આર.બી. મારૂ અને સેક્રેટરી તરીકે એ.જે. દવે, ટ્રેઝરર કે.આર. જોશી અને રાજકોટ જિલ્લા શ્રીમતિ એન.બી. સોલંકી, સેક્રેટરી એ.કે. હિંડોચા ટ્રેઝરર એલ.ડી. સાવલીયાની વરણી કરવામાં આવી હતી.

# રીજીયોનલ સાયન્સ સેન્ટરમાં ઈસરોનાં સોલાર સિસ્ટમ ઓનલાઈન કોર્સનું આયોજન

રાજકોટ,તા.૧૨

ભારત સરકારના ઇસરો દ્વારા અવકાશવિજ્ઞાનમાં ખાસ રુચિ ધરાવતા લોકો માટે આપણા સુર્યમંડળ વિશે માહિતી આપતા એક્સપ્લોરેશન ઓફ સોલાર સિસ્ટમ નામના ઓનલાઈન કોર્ષની શરૂઆત કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના સુચારુ આયોજન માટે ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર કચેરીને મુખ્ય નોડલ સંસ્થા અને આ કચેરી હેઠળ કાર્યરત રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટને પેટા નોડલ સેન્ટર તરીકે નીમવામાં આવેલ છે. આ ઓનલાઈન કોર્ષમાં ભાગ લેવા માટે નિયત લીંક https://elearning.iirs.gov.in/edusatregistration/student ઉપર તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં રજીસ્ટ્રેશન કરવાનું રહે છે. આ કાર્યક્રમ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૪ થી તા. ૧૦ મે, ૨૦૨૪ સુધી યોજાશે. જેનો સમય બપોરે ૩.૦૦ કલાકથી સાંજના ૫.૩૦ કલાકનો રહેશે. આ કોર્ષમાં ઇસરોના વિવિધ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો દ્વારા અંતરીક્ષ અને સુર્યમંડળ વિશે આશરે ૨૦ જેટલા ઓનલાઈન લેક્ચર દ્વારા માહિતી આપવામાં આવનાર છે. આ કોર્ષમાં ભાગ લેવા ત્રણ કેટેગરી નિયત કરવામાં આવી છે. જેમાં પ્રથમ કેટેગરીમાં વિજ્ઞાન અને ટેકનોલોજી આધારિત કોર્ષ (ફીઝીક્સ, કેમેસ્ટ્રી, કોમ્પ્યુટર સાયન્સ, મીકિનીકલ, ઓટોમેશન, ઇલેક્ટ્રોનીક્સ એપ્લાઇડ મીકિનીક્સ, રેડિયો ફીઝીક્સ અને અન્ય સંબંધિત વિષયો વગેરે.) માં માસ્ટર ડીગ્રીમાં અભ્યાસ કરતા તેમજ આ વિષયોના ગ્રેજ્યુએશનમાં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. કોઈપણ કોલેજ પોતાને ત્યાં ચાલતા આગળ જણાવેલ કોર્ષના વિદ્યાર્થીઓને આ ઓનલાઈન કોર્સમાં રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આ કોર્ષમાં ભાગ લીધેલ તમામ ઉમેદવારો, શૈક્ષણિક સંસ્થાઓ અને તેના કો-ઓર્ડીનેટર ઓને ઇસરો તરફથી પાર્ટીસીપેશન સર્ટીફીકિટ મળશે તેમજ આ કોર્ષની પરીક્ષામાં ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓને ઇસરો તરફથી મેરીટ સર્ટીફિકેટ પણ મળશે. રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ ખાતે પણ આ કોર્ષના ઓનલાઈન સેશનની વ્યવસ્થા કરવામાં આવશે જે નિ:શુલ્ક રહેશે. આ કોર્ષમાં રજીસ્ટ્રેશન માટે તેમજ અન્ય જરૂરી માહિતી માટે સંસ્થાના ટેલીફોન નં. ૦૨૮૧-૨૯૯૨૦૨૫ અથવા મો. ૯૦૩૩૫ ૮૨૦૦૮ ઉપર સંપર્ક કરી શકાય છે.

# એડવોકેટ ભાવેશ જેઠવાની ઓફિસનું આવતીકાલે ઉદ્‌ઘાટન



રાજકોટ,તા.૧૨

રાજકોટના યુવા એડવોકેટ ભાવેશ કુમાર જેઠવાની નવી ઓફિસનું આવતીકાલે ઉદ્‌ઘાટન છે.શહેરના ઘંટેશ્વર વિસ્તારમાં જામનગર રોડ નજીક બનેલી નવી કોર્ટના બિલ્ડીંગ સામે આવેલ વ્રજ ભૂમિ એવન્યુમાં શોપ નં.૨માં પીબી લો ફર્મ નામે પોતાનું સાહસ શરૂ કરવા જઈ રહ્યા છે. આવતીકાલે તા.૧૩/૪/૨૦૨૪ના રોજ સવારે ૧૦ વાગ્યાથી ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાશે.ભાવેશ જેઠવા સાથે એડવોકેટ પ્રિતિ જેઠવા અને જયદીપ બથવાર પ્રેકિટસ કરી રહ્યા છે.

# નગરપાલિકાઓ માટે સ્વચ્છ સર્વેક્ષણ સેમીનાર યોજાયો



મનપા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગત આરસીએમ ઓફિસ ખાતે જિલ્લાની નગરપાલિકાઓ ગોંડલ, જેતપુર, ધોરાજી, ભાયાવદર, જસદણ, ઉપલેટાને વિવિધ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપવાના સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્લાસ્ટીકનો ઉપયોગ આ સેમીનારમાં કરાયો ન હતો. સેમીનારમાં રીઝનલ મ્યુ.કમિશ્નર સ્વપ્નિલ ખરે, ચીફ ઓફિસર એસઆઇ, સીટી ઇજનેર આસી. કમિશ્નર એસ.જે.ધડુક, પર્યાવરણ ઇજનેર નિલેશ પરમાર વગેરે હાજર રહ્યા હતા.

હાઇકોર્ટ અને સરકારની સૂચનાથી ચાલતી ફાયર સેફટી ટ્રેનિંગમાં અનેક વિસ્તારમાં લોકોએ સહકાર ન આપતા પત્રથી જવાબદારી નકકી કરવામાં આવશે

# સવા વર્ષથી સતત ચાલતી મોકડ્રીલ : હવે રહેવાસીઓ તાલીમ નહીં લે તો નોટીસ અપાશે

રાજકોટ, તા. ૧૨

રાજકોટ મહાનગરમાં આગ જેવી દુર્ઘટના સમયે લોકો શકય એટલા વધુ જાગૃત અને એલર્ટ રહે તે માટે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સવા વર્ષથી જુદા જુદા વિસ્તારો અને સ્થળો પર ફાયર સેફટી તાલીમ સાથેની મોકડ્રીલ યોજવામાં આવી રહી છે. તે અંતર્ગત આજ સુધીમાં ૩૨ હજારથી વધુ લોકોને તાલીમબધ્ધ કરાયા છે ત્યારે અનેક વિસ્તારોમાં હજુ સોસાયટીના લોકો કે અન્ય મોટી મિલ્કતના માલિકો સહકાર આપતા ન હોય, હવે આ તાલીમ લેવા માટે નોટીસ આપવાનું શરૂ કરવામાં આવશે.

હાઇકોર્ટ અને સરકારના માર્ગદર્શનથી મોટી બિલ્ડીંગોમાં રહેતા લોકોને ઇમરજન્સીમાં પ્રાથમિક સલામતીના પગલા લઇ શકે તે માટે આ મોકડ્રીલ ચાલી રહી છે. જે અંતર્ગત આજ સુધીમાં સાતસોથી વધુ સ્થળે સવા વર્ષમાં કોઇ બ્રેક વગર નોંધપાત્ર કાર્ય થયું છે.

આ અંગે ચીફ ફાયર ઓફિસર ઇલેશ ખેરે જણાવ્યું હતું કે, મહાનગરમાં ગત તા. ૩૧-૧-૨૩થી ફાયર સેફટી મોકડ્રીલ શરૂ કરવામાં આવી હતી. આજ સુધીમાં ૭૩૧ મોકડ્રીલમાં ૩૨૦૯૬ લોકોને આગ લાગે ત્યારે શું કરવું તે અંગે તાલીમબધ્ધ કરવામાં આવ્યા છે. આજ સુધીમાં ૧૦૬ સ્કુલમાં ૧૫૨૨૬, ૪૧૯ હાઇરાઇઝ બિલ્ડીંગમાં ૧૩૪૧૫, ૧૭૫ હોસ્પિટલમાં ૧૭૨૮, ૬ કોલેજોમાં ૫૩૦ જેટલા લોકોને તાલીમ અપાઇ છે. તેમાં રહેવાસીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, કામદારો, કર્મચારીઓ અને ડોકટરો, એસઆરપી જવાનો પણ સામેલ છે. આ કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે.

હવે અમુક જગ્યાએ સોસાયટીમાં કે હાઇરાઇઝ બિલ્ડીંગમાં તાલીમ આપવાના સમયે સોસાયટી દ્વારા સહકાર અપાતો નથી. સ્ટેશન ઓફિસરની ટીમ સમય લઇને સ્થળ પર જાય છે. પરંતુ અનેક જગ્યાએ લોકો તૈયાર થતા નથી અને સમય પણ આપતા નથી. વાસ્તવમાં આવી તાલીમ લેવામાં આવે તો મદદ પહોંચે ત્યાં સુધીમાં લોકો જાતે સલામતીના ઘણા પગલા લઇ શકે છે. આથી તમામ લોકો આ તાલીમમાં જોડાય તે માટે સોસાયટી કે હાઇરાઇઝ બિલ્ડીંગને નોટીસ આપવામાં આવશે. આસામીઓને જાગૃત કરવા આ કાર્યવાહી થશે. જેટલા લોકો ફાયર સેફટીનું જ્ઞાન લે તે તેઓની સલામતી માટે જ ઉપયોગી બનવાનું છે.

ભવિષ્યમાં આવા કોઇ સ્થળે કમનસીબે આગની ઘટના બને તો તે સમયે લોકોએ મોકડ્રીલમાં ભાગ લીધો હતો કે નહીં તેની નોંધ પણ આ સાથે થશે. આમ લોકોને તેમની જવાબદારી માટે જાગૃત કરવા હવે નોટીસ આપવામાં આવશે.



મ્યુનિ. કોર્પોરેશન દ્વારા જુદા જુદા વિસ્તારમાં સવા વર્ષથી આગ, અકસ્માત સમયે જાગૃતિ માટે આ રીતે મોકડ્રીલ યોજવાનું ચાલુ રાખવામાં આવ્યું છે.

## ૧૫ મહિનામાં ૭૩૧ સ્થળે ૩૨૦૯૬ નાગરિકોને તાલીમબધ્ધ કરાયા : ૪૧૯ હાઇરાઇઝ બિલ્ડીંગ, ૧૭૪ હોસ્પિટલ સામેલ : બાકી લોકોને સંપર્ક કરવા તંત્રનો અનુરોધ

### સુંદરમ ગોલ્ડમાં મોકડ્રીલ

ગઇકાલે રેલનગરના સુંદરમ ગોલ્ડ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામાં આવતા અંદાજે ૫૦ થી ૫૫ રહેવાસીઓ જોડાયા હતા.

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ચીફ ફાયર ઓફીસર આઇ. વી. ખેર, ડે.ચીફ ફાયર બી.જે.ઠેબા, સ્ટેશન ઓફિસર એ.બી.ઝાલા, ફાયરમેન રણજીતભાઇ ભરડા સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ બાબતે વધુ ને વધુ લોકો ભાગીદાર થાય અને ફાયર સેફટીની તાલીમ મેળવે તેવો જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે. જે તક આપવામાં આવશે તેમ જણાવાયું છે.

### કયાં કયાં તાલીમ અપાઇ

| જગ્યા | લોકોની સંખ્યા |
|---|---|
| ૪૧૯ હાઇરાઇઝ બિલ્ડીંગ | ૧૩૪૧૫ |
| ૧૦૬ સ્કુલ | ૧૫૨૨૬ |
| ૧૩ સરકારી કચેરી | ૫૪૨ |
| ૧૭૪ હોસ્પિટલ | ૧૭૨૮ |
| ૬ કોલેજ | ૫૩૦ |
| ૩ હોટલ | ૮૦ |
| ૬ ઇન્ડસ્ટ્રીઝ | ૩૯૦ |
| એસઆરપી જવાનો | ૧૮૫ |

# વાંકાનેર પાસે અકસ્માતમાં ઘવાયેલા છકડો રીક્ષા ચાલક છગનભાઈ લામકાનું મોત

ગત તા.૪ એપ્રિલે કણકોટથી પીપળીયા ખાણ-દાણ ભરી જતા હતા ત્યારે મહિન્દ્રા જીતો ગાડીના ચાલકે છકડો રિક્ષાને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો

રાજકોટ, તા.૧૨

વાંકાનેર પાસે અકસ્માતમાં ઘવાયેલા છકડો રીક્ષા ચાલક છગનભાઈ લક્ષ્મણભાઈ લામકા (ઉ.વ.૪૩, રહે.પીપળીયા, તા. વાંકાનેર)નું સારવાર દરમિયાન મોત થયું હતું. ગત તા.૪ એપ્રિલે કણકોટથી પીપળીયા ખાણ-દાણ ભરી જતા હતા ત્યારે મહિન્દ્રા જીતો ગાડીના ચાલકે છકડો રિક્ષાને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.

બનાવની વિગત મુજબ, છગનભાઈ વર્ષોથી છકડો રિક્ષા ચલાવતા હતા. તા.૪ના રોજ કણકોટથી રીક્ષામાં પશુ આહાર માટે ખાણ દાણ ભર્યું હતું અને તે પીપળીયા લાવતા હતા ત્યારે પીપળીયા પાસે ફાટક નજીક સામે વાળા મહિન્દ્રા જીતો માલવાહન ગાડીના ચાલકે પુરપાટ ઝડપે આવી પોતાનું વાહન છકડા સાથે અથડાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ઘવાયેલા છગનભાઇને પ્રથમ કુવાડવા પાસેની ગિરિરાજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. અત્રે સારવાર દરમિયાન ગઈકાલે તેમનું મોત નીપજયું હતું. છગનભાઇ અપરણિત હતા. બે ભાઈ, એક બહેનમાં નાના હતા. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

# ધોરાજીમાં અકસ્માતમાં જાન ગુમાવનારા ચાર વ્યકિતના પરિવારને મોરારીબાપુ દ્વારા ૧૫-૧૫ હજારની સહાય



(સાગર સોલંકી/ ધર્મેન્દ્ર બાબરીયા)

ધોરાજી,તા.૧૨

ધોરાજીમાં કાર અકસ્માતના બનાવમાં જામ ગુનાવનારી ચારેય વ્યકિતના પરિવારને શ્રધ્ધાંજલી અર્પીત કરી કથાકાર મોરારી બાપુ દ્વારા રૂા.૧૫-૧૫ હજારની સહાય આપવામાં આવી છે.ધોરાજીના પટેલ પરીવારની કાર નદીમાં પડતા જેમાં પટેલ પરીવારના ૪ લોકોના કરૂણમોત થતા સમગ્રવિસ્તારમાં ઘેરાશોકની લાગણી વ્યાપી છે આ પરિવાર પર દુખની ઘડીમાં કથાકાર મોરારીબાપુ દ્વારા મૃતકોના પરીવાર જનોને મોરારીબાપુની સુચનાથી ભરતભાઈ હતા.દ્વારા અર્પણ કરાયેલ હતી. આ તકે મોરારીબાપૂએ ધોરાજીના મૃતકો આ શ્રદધાસુમન અર્પણ કરી શ્રધ્ધાંજલી અર્પીત કરી હતી.

### શ્રધ્ધા-સુમન અર્પણ કરાયા

# આહીર સમાજના નામનો ગેટ ઉપયોગ કરી રવિવારે યોજાનાર સ્વાભિમાન સંમેલનની મંજુરી રદ કરવા ઉગ્ર માંગ

રાજકોટ,તા.૧૨

વાળંદ સમાજના કેટલાક આવારા તત્વો દ્વારા અંદાજે ૧ વર્ષ પહેલા આહિર સમાજમાં ઘુસરવા માટે મેરીટી કમિશનરમાં મજોકડા આહીર સમાજ નામનું ટ્રસ્ટ રજીસ્ટર્ડ કર્યુ હતું. પરંતુ આહિર સમાજના આગેવાનો દ્વારા આ શાખાનું ખંડન કરવામાં આવી રહ્યું છે. તેઓએ સ્પષ્ટતા કરી છે કે મજોકઠા આતુર નામની કોઈ શાખા કાર્યરત નથી.આ વાણંદ જ્ઞાતિના કેટલાક લોકો દ્વારા આગામી તા.૧૪/૪ના રોજ રવિવારે પંડિત દિનદયાળ, ઉપાધ્યાય કોમ્યુનીટી હોલ આર્યનગર પેડક રોડ ખાતે મજોકઠા આહિર સમાજના બેકાર હેઠળ સ્વાભિમાન સંમેલન યોજવા જઈ રહ્યું છે ત્યારે સમસ્ત આહીર સમાજની માંગણી છે કે આ કાર્યક્રમની મંજુરી રદ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.આહીર સમાજની માંગણી અને લાગણી છે કે આ કાર્યક્રમ તાત્કાલીક તંત્ર દ્વારા અટકાવવામાં આવે આગામી સમયમાં ચૂંટણી આવી રહી છે. ત્યારે આંચાર રોહિતાનો ખુલ્લોઆમ ભંગ થતો અટકાવવા તાત્કાલીક મંજૂરી અટકાવવા ઉગ્ર માંગ કરવામાં આવી છે. આ કાર્યક્રમનું તંત્ર દ્વારા અટકાવવામાં નહી આવે તો આહિર સમાજ આંદોલનાત્મક કાર્યક્રમ યોજવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.



(તસ્વીર : પંકજ શીશાંગીયા)

# વાવડીમાં બંધ ફ્લેટના તાળા તોડી રોકડ અને લેપટોપ ઉઠાવી જતાં તસ્કરો

રાધેશ્યામ ગૌશાળા પાસે વ્રજલીલા એપાર્ટમેન્ટમાં રહેતાં દિવ્યેશ ડોડીયા તેના પરિવાર સાથે સાળાના લગ્નમાં ગયા બાદ તસ્કરો ત્રાટકયા: રૂા.૪૪૫૦૦ની મતાની ચોરી: તાલુકા પોલીસે તપાસ આદરી

રાજકોટ. તા.૧૨

વાવડીમાં રાધેશ્યામ ગૌશાળા પાસે વ્રજલીલા એપાર્ટમેન્ટમાં તસ્કરોએ ત્રાટકી ફ્લેટના તાળા તોડી રોકડ અને લેપટોપ મળી રૂ.૪૪૫૦૦ ની મતાની ચોરી કરી નાસી છૂટતાં તાલુકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી હતી. બનાવ અંગે વાવડીમાં રાધેશ્યામ ગૌશાળા પાસે વ્રજલીલા એપાર્ટમેન્ટમાં સી/૧૦૨ માં રહેતાં દિવ્યેશભાઈ ઉકાભાઈ ડોડીયા (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે મેટોડા જી.આઈ.ડી.સી.મા ગેટ નં.૧ મા પ્લોટ નં.૨૬૪૬ મા ક્રાતીગેટ મેઇન રોડ ઉપર કારખાનામા નોકરી કરે છે.

ગઈ તા.૧૦/૦૪/૨૦૨૪ ના સાંજના આસરે પાંચેક વાગ્યે તેમની પત્નિ કાજલબેન અને તેના પિતા એમ અમો અમારા વતન વેરાવળના હસનાવદર ગામે તેના સાળાના લગ્નમાં ગયેલ હતાં. ગઈકાલે સવારના પાડોશી ગૌતમભાઈ ગોસ્વામીએ ફોનથી જાણ કરેલ કે, તમારા ફ્લેટના દરવાજે લાગડેલ તાળુ તુટેલ હાલતમાં પડેલ છે અને અંદર જોતા ઘરનો સામાન વેરવીખેર પડેલ છે અને ચોરી થયેલ હોય તેમ લાગે છે.

જેથી તેઓ ઘરે દોડી આવી ઘરના લાકડાના દરવાજે જોતા નકુચો કાપેલ તાળુ નીચે પડેલ હતુ અને ઘરની અંદર ઘરનો સામાન વેરવીખેર હાલતમા પડેલ હતો.તેમજ તેમનું પત્નિનુ ફ્રીઝ ઉપર રાખેલ પાકીટ રોકડા રૂ. ૮૫૦૦ રાખેલ હતાં અને કબાટમા રાખેલ એક મોબાઇલ રૂ. ૬ હજાર અને રૂમમાં ટીપોઇ ઉપર રાખેલ લેપટોપ રૂ.૩૦ હજાર મળી કુલ રૂ.૪૪૫૦૦ નો મુદ્દામાલ કોઈ અજાણ્યો તસ્કર ઘરમાં ઘુસી ચોરી કરી નાસી છૂટ્યો હતો.

બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરની શોધખોળ હાથ ધરી હતી.

# ગાંજાના ગુનામાં પકડાયેલ આરોપી અમિત સાગર અને માધવ કુનરા જામીન મુકત

રાજકોટ, તા.૧૨

રાજકોટ તાલુકા પોલીસે બાતમીના આધારે રેડ કરી ૩ કિલો ૭૦૭ ગ્રામ ગાંજા ઝડપી લીધો હતો. જે કેસમાં પકડાયેલ આરોપી અમિત નરેન્દ્રભાઇ સાગર (રહે.કાલાવાડ રોડ, આંબેડકરનગર, ઉપર શનિવારી પાસે, રાજકોટ, મુળ ઓરિસ્સા) અને માધવ બીડીયાધર કુનરા (રહે.શિતલ પાર્ક, ભાજપ કાર્યાલય પાસે, ઝુપડામાં રાજકોટ, મુળ ઓરિસ્સા)ને જામીન મુકત કરવા રાજકોટ સેશન્સ કોર્ટે હુકમ કર્યો હતો.

આ કેસની વિગત મુજબ, તા.૧૭/૧/૨૪ ના રોજ પોલીસે કાલાવાડ રોડ, વેડીંગ પાર્ટી પ્લોટની પાછળ મોમાઈ ફ્લોર મીલ દુકાનની બાજુમાં આવેલ પતરાની ઓરડીમાંથી ગાંજાનો જથ્થો પકડ્યો હતો. આરોપીઓની ધરપકડ કરી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓને જેલ હવાલે કરવામાં આવ્યા હતા. આરોપી પૈકી અમિત સાગર તથા માધવ કુનરાએ જામીન ઉપર છોડવા સેસન્સ અદાલતમાં અરજી કરતા બચાવપક્ષે રોકાયેલ એડવોકેટ હર્ષ આર. ઘીયા દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ કે, ગાંજો આરોપીઓ પાસેથી કબજે કરેલ નથી આરોપીઓનો કોઈ ગુન્હાહિત ઈતિહાસ નથી. સાથે વિવિધ કોર્ટના ચુકાદા ટાંકેલા. જે ધ્યાને લઈ કોર્ટે બંને આરોપીઓને શરતી જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપી વતી રાજકોટના એડવોકેટ હર્ષ રોહીતભાઈ ધીયા, જૈમીન જરીયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયેલ હતા.



હર્ષ ઘીયા એડવોકેટ

# હળવદમાં હાઈટેક લૂંટઃ યુવાનનું અપહરણ કરી ગુગલ-પેથી નાણા પડાવી લીધા

ત્રણ શખ્સો છરીની અણીએ બાઈકમાં ઉપાડી ગયાઃ માર મારી રોકડા નાણા કાઢી લઈ ખાતામાંથી પણ રકમ ટ્રાન્સફર કરાવીઃ આરોપીઓની શોધખોળ

**(જીગ્નેશ ભટ્ટ દ્વારા)** મોરબી તા.૧૨

હળવદમાં મોરબી ચોકડી પાસે રહેતા યુવાનના ગળે છરી મૂકીને સરા રોડ ઉપર નર્મદા કેનાલ પાસેથી બાઈકમાં તેનું અપહરણ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને એક રૂમ ઉપર લઈ જઈને ત્યાં માર તેની પાસેથી રોકડા રૂપિયા ૪૫૦૦ તથા મોબાઈલ ફોન ઉપરથી ગૂગલ પે માં ૧૦,૦૦૦ ટ્રાન્સફર કરાવીને કુલ મળીને ૧૪,૫૦૦ ની લૂંટ કરવામાં આવેલ છે જેથી કરીને ભોગ બનેલા યુવાન દ્વારા હળવદ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ત્રણ અજાણ્યા શખ્સોની સામે લૂંટની ફરિયાદ નોંધાવવામાં આવી છે જેથી પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરી છે

બનાવની જાણવા મળતી માહિતી મુજબ મૂળ રાજસ્થાનના રહેવાસી અને હાલમાં હળવદની મોરબી ચોકડી પાસે જહોન-ડીયર શોરૂમની પાછળના ભાગમાં ભાડાના મકાનમાં રહેતા પ્રકાશભાઈ ગોપાલભાઈ કુમાવત (૨૬) નામના યુવાને અજાણ્યા ત્રણ શખ્સોની સામે લૂંટની ફરિયાદ નોંધાવેલ છે જેના આધારે પોલીસે આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરેલ છે હાલમાં ભોગ બનેલા યુવાને નોંધાવેલ ફરિયાદ આધારે હળવદના સરા રોડ ઉપર આવેલ નર્મદાની કેનાલ પાસે તે તા.૧૦ ના રોજ રાત્રિના ૯:૩૦ થી ૧૧:૦૦ વાગ્યા દરમ્યાન હાજર હતો ત્યારે ત્યાં અજાણ્યા ત્રણ શખ્સો દ્વારા તેના ગળા ઉપર છરી મૂકીને તેનું બાઈક ઉપર અપહરણ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને એક રૂમમાં લઈ જઈને ત્યાં ધોલ ધપાટ કરવામાં આવી હતી આટલું જ નહીં પરંતુ ત્યાંથી તેને સૂમસાન જગ્યાએ લઈ ગયા હતા અને ત્યાં તેને લાકડાના ધોકા વડે માર મારીને ઇજા કરવામાં આવી હતી અને તેના પેન્ટના કિસ્સામાંથી રોકડા રૂપિયા ૪૫૦૦ તેમજ મોબાઇલ ફોનમાં ગૂગલ પે થી ૧૦,૦૦૦ ટ્રાન્સફર કરાવીએ કુલ ૧૪,૫૦૦ ની લૂંટ કરવામાં આવી હતી જેથી ભોગ બનેલા યુવાને હળવદ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા ત્રણ શખ્સોની સામે લૂંટની ફરિયાદ નોંધાવેલ છે જેના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરેલ છે અને આ અંગેની આગળની વધુ તપાસ પી.એસ.આઇ. કે.એન. જેઠવા ચલાવી રહ્યા છે.



# જાહેર માર્ગોને ગંદા કરનાર વધુ ૭ વાહન ચાલકો દંડાયા

પ્રતિબંધીત પ્લાસ્ટીક વાપરનાર બે વ્યકિતઓને રૂા.૧૦૦૦નો દંડ ફટકાર્યો

રાજકોટ,તા.૧૨

જેમા વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓ ને ઈ-ચલણ દ્વારા દંડ તેમજ રૈયા સીવેજ પ્લાન્ટ પાસે જાહેરમાં કચરો નાખતા બે ઇસમોને રૂપિયા ૨૦૦૦/- દંડ, પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા બે આસામીઓને ૧૦૦૦/- દંડ કરવામાં આવેલ હતો તેમજ જાહેરમાં કચરો નાખતા એક સફાઈ કામદારને ઝડ્પી લઈ ૨૫૦/- દંડ કરવામાં આવેલ.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૧૩૨૦ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૯૪૦ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. અને આ ફરિયાદોનું ફોલોઅપ જે તે વિસ્તારના સેનીટરી ઈન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં ફરિયાદનુ નિવારણ કરવામાં આવેલ.

ઉપરોકત કામગિરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરના સુપરવિઝન હેઠળ, કમાંડએન્ડ કંટ્રોલ સેન્ટરના નોડલ ઓફિસર વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી..



# રૂા.૩૫ લાખની રિકવરી માટે નોઈડાની કંપની વિરૂદ્ધ MSME કાઉન્સિલમાં ફરિયાદ

આજી જીઆઈડીસીની ઈમ્પપ્સ પ્રોલિફીક કંપની દ્વારા MSME એકટ હેઠળ કેસ દાખલ કરાયો

રાજકોટ,તા.૧૨

રૂા.૩૫ લાખની રિકવરી માટે યુપી ગ્રેટર નોઈડાની કંપની કેશોરમ પ્રાઈવેટ લિમિટેડ કંપની વિરૂદ્ધ રાજકોટની આજી જીઆઈડીસીમાં આવેલી ઈમ્પેપ્સ પ્રોલિફિક પ્રા.લી.કંપની દ્વારા MSME ફેસિલિટેશન કાઉન્સિલ રાજકોટમાં ફરિયાદ કરાઈ છે.કેસની વિગત મુજબ રાજકોટની કંપનીએ નોઈડાની કંપનીને તેની જરૂરિયાત મુજબ કન્વેયર સિસ્ટમનું ઉત્પાદન કરી પોડકટ પુરી પાડી હતી. જેની બાકી રહેતી રકમ રૂા.૩૫ લાખ ચુકવવા નોઈડાની કંપનીએ ગલ્લાતલ્લા કરતા વકીલ મારફત લીગલ નોટિસ પાઠવવા છતા રકમ ન ચુકવતા માઈક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઈસીઝ ફેસિલિટેશન કાઉન્સિલ રાજકોટના પોર્ટલ ઉપરથી ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. આ કેસમાં ફરિયાદી કંપની વતી એડવોકેટ ગજેન્દ્ર જાની, મિહિર પાઠક, રાજેશ દલ, જતિન યાજ્ઞિક, રૂદ્ર શુકલ રોકાયેલ છે. ઉલ્લેખનીય છે કે, આ ઉપયોગી કાનુની પ્લેટફોર્મ છે. જેમાં ફરિયાદ કરવાથી માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ એક્ટ ૨૦૦૬ની કલમ ૧૯(૨) હેઠળ આગળ ઉપરથી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.તદનુસાર, વિલંબિત ચુકવણી વિવાદો જેમાં મુખ્ય દાવાની રકમ રૂા.૫૦ લાખ સુધીની હોય છે તે રાજકોટ ખાતે સ્થાપિત ફેસિલિટેશન કાઉન્સિલના અધિકારક્ષેત્રમાં આવે છે. દેવભૂમિ દ્વારકા, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, અને પોરબંદર એમ સાત જિલ્લાઓને આવરી લે છે. તા.૨૩/૮/૨૦૨૩ના નોટિફિકેશન દ્વારા પ્રાદેશિક સ્તરે આ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવેલ છે.જે હાલ કાર્યરત પણ થઈ ગયેલ છે.

## યુવા એડવોકેટ જયેશ વસોયાનો આજે જન્મદિવસ

રાજકોટના યુવા એડવોકેટ જયેશ એમ.વસોયા કે જેઓ વકીલાતમાં રેવન્યુ ક્રિમીનલ, એમ.એ.સી.પી.તેમજ મેટ્રીમોનીયલ કેસોની છેલ્લા પાંચ વર્ષથી રાજકોટમાં પ્રેકટીસ કરી રહ્યા છે.તેઓ આજે ૨૭ વર્ષ પુર્ણ કરી ૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા હોય, આજે તેમના જન્મ દિવસે તેમને વકીલ મંડળ અને વિશાળ મિત્ર મંડળ તરફથી હાર્દિક શુભેચ્છાઓ તેમજ વસોયા પરીવાર તથા પટેલ સમાજ તરફથી તેમને તેમના મો.૮૭૫૮૧ ૧૮૬૨૭ પર શુભકામના પાઠવવામાં આવી રહી છે.



# જામનગરમાં પાટિલના કાર્યક્રમ સ્થળ પાસે જ રાજપૂત યુવકોના દેખાવોઃ અટકાયત





રાજપુત સમાજ વિશેના વિવાદીત નિવેદન મામલે ભાજપ મુશ્કેલીમાં મુકાયું છે. આજે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ જામનગર લોકસભા બેઠકના બુથ પ્રમુખો અને મતદારયાદી મુજબના પક્ષના નિમેલ પેઇઝ પ્રમુખોના સંમેલનને સંબોધવા જામનગરમાં આવેલ ઓશવાળ સેન્ટર ખાતે પહોંચે તે પહેલા રાજપુત સમાજના ત્રીસેક યુવાનો જય ભાવાની અને રૂપાલા હાય..હાય..ના સુત્રો બોલતા આવી ચડયા હતા. જો કે, ભાજપને આ વિરોધ પ્રદર્શનની આશંકા હોવાથી અગાઉથી જ સજ્જડ પોલીસબંદોબસ્ત માંગી લીધો હતો. કાર્યક્રમ સ્થળના ગેઇટ બહાર જ આ યુવાનોનું પોલીસે અટકાયતમાં લઇ લીધા હતા અને પોલીસવેનમાં બેસાડી કાર્યક્રમ સ્થળેથી પોલીસ મથકે લઇ જવાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા દસેક દિવસથી જામનગર શહેર, જામનગર જિલ્લા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રૂપાલા વિવાદને કારણે રાજપુત સમાજમાં ભારે રોષ જોવા મળ્યો છે અને તે મામલે ઉગ્ર વિરોધ પ્રદર્શન, રેલી, સુત્રોચ્ચાર અને આવેદન પત્ર આપવા સહિતના કાર્યક્રમો રાજપુત સમાજના લોકો દ્વારા અપાયા છે. આ ઘટનાઓને કારણે જાહેરસભાઓ અને મોટી મિટિંગોના કાર્યક્રમોનું આયોજન ભાજપ માટે ચિંતાનો વિષય બની રહ્યું છે. તાજેતરમાં જામનગર શહેરમાં નિલકમલ સોસાયટી અને દિગ્જામ મીલ પાસે ભાજપે યોજેલ મોદી પરિવાર કાર્યક્રમમાં ખુરશીઓ ઉછાળવામાં આવી હતી. આ ઘટના બાદ ભાજપમાં ચૂંટણી પ્રચાર બાબતે અજંપાભરી સ્થિતિ જોવા મળે છે અને આ કારણે જ જામનગર બેઠકના ઉમેદવાર પૂનમબેન માડમનું પ્રવચન શરૂ થાય તે પહેલા જ મીડિયાને કાર્યક્રમ સ્થળેથી દૂર કરી દેવાયા હતા. પૂનમબેનના વકતવ્યા બાદસી.આર.પાટીલનું પ્રવચન શરૂ થવાનું હતું. (તસ્વીરઃ હિતેષ મકવાણા)

# સોમા ગાંડાને કોંગ્રેસે ૨૦૨૦માં સસ્પેન્ડ કર્યા હતા : પક્ષમાં હતા જ નહીં તો રાજીનામુ આપ્યું કયાંથી?

રાજયસભાની ચૂંટણી વખતે ધારાસભ્ય પદ છોડી દેતા અમિત ચાવડાના હુકમથી હાંકી કઢાયા હતા : હવે અપક્ષ લડશે?

રાજકોટ, તા. ૧૨

સુરેન્દ્રનગરના કોંગ્રેસના પૂર્વ સાંસદ અને અગ્રણી સોમાભાઇ ગાંડાભાઇ પટેલે નારાજ થઇ પાર્ટીમાંથી રાજીનામુ આપ્યાનું જાહેર કર્યુ છે. તો સામે કોંગ્રેસે એવો દાવો કર્યો છે કે આ નેતા પક્ષમાં હતા જ નહીં તો રાજીનામાની વાત આવે કયાંથી ?

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનો એક જુનો પત્ર જાહેર થયો છે જેમાં તા. ૧૬-૩-૨૦ના રોજ પ્રમુખ અમિત ચાવડાએ રાજયસભાની ચૂંટણી વખતે રાજીનામુ આપવા બદલ પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા હતા.

દરમ્યાન સોમાભાઇએ પ્રદેશ પ્રમુખને આપેલા પત્રમાં જણાવ્યું છે કે, તેઓ અંગત કારણોસર પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામુ આપે છે. બીજી તરફ તાજેતરમાં જ કોંગ્રેસે લોકસભાની ટિકિટ ઋત્વિક મકવાણાને ટીકીટ આપી છે. બાદ તેમની આ જાહેરાત સૂચક છે. સોમાભાઇ ૨૦૧૭માં લીંબડીથી ધારાસભ્ય બન્યા હતા. તે બાદ રાજયસભાની ચૂંટણી પહેલા રાજીનામુ આપતા પક્ષે તેમને સસ્પેન્ડ કરી દીધા હતા. આ બાદ તેઓ સક્રિય થયા હતા. પરંતુ ચૂંટણી પૂર્વે રાજીનામુ આપતા કોંગ્રેસે તેઓ પક્ષના સભ્ય જ નહીં હોવાનું કહ્યું છે. પ્રદેશ પ્રવકતા મનીષ દોશીએ આ વાતનો ખુલાસો કર્યો હતો અને આશ્ચર્ય પણ વ્યકત કર્યુ હતું.

હવે સોમાભાઇ પટેલ અપક્ષ લડે છે કે કેમ તે જોવાનું રહે છે.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

Web : www.gujaratcongress.org E-mail : gpcc1234@gmail.com

શ્રી અમિત ચાવડા
પ્રમુખ

૧૬મી માર્ચ, ૨૦૨૦

સ્નેહીશ્રી,

ગુજરાત વિધાનસભામાં આપ કોંગ્રેસ પક્ષના નિશાન પર ચૂંટાયેલા સભ્ય છો. તાજેતરમાં રાજ્યસભાની ચૂંટણી યોજાઈ રહી છે. ત્યારે આપે ધારાસભ્ય પદેથી રાજીનામું આપીને પક્ષની અક્ષમ્ય અવહેલના કરી છે. તે બદલ આપને કોંગ્રેસ પક્ષમાંથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવે છે.

(અમિત ચાવડા)

### ભારતીય પ્રવાસીઓના બહિષ્કારની અસર

# માલદીવ ઝૂકયું : પ્રવાસન વધારવા આગામી મહિને ભારતમાં રોડ શો કરશે



ન્યુ દિલ્હી : ભારતીય પ્રવાસીઓને આકર્ષવા માટે, માલદીવે ભારતીય શહેરોમાં રોડ શોનું આયોજન કરવાનું નક્કી કર્યું છે. માલદીવમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં સતત ઘટાડા વચ્ચે, માલદીવ એસોસિએશન ઓફ ટ્રાવેલ એજન્ટ્સ એન્ડ ટૂર ઓપરેટર્સ (MATATO) એ અહીં ભારતના હાઈ કમિશનર મુનુ મહાવર સાથે બંને દેશો વચ્ચે પ્રવાસ અને પ્રવાસન સહયોગ વધારવા પર ચર્ચા કરી હતી . ભારતના બહિષ્કારની અસર માલદીવમાં વિવિધ ક્ષેત્રો પર પડી રહી છે, ખાસ કરીને પર્યટન, જે માલદીવની અર્થવ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

એક સમય હતો જ્યારે માલદીવની મુલાકાતે આવતા પ્રવાસીઓમાં ભારત નંબર વન હતું. આવી સ્થિતિમાં ભારતીય પ્રવાસીઓ આ દેશની અર્થવ્યવસ્થા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આંકડા દર્શાવે છે કે ટોચના પ્રવાસી દેશ હોવાને કારણે ભારતનું સ્થાન જાન્યુઆરીથી ઘટીને પાંચમા સ્થાને અને હવે છઠ્ઠા સ્થાને આવી ગયું છે. માલદીવના પર્યટન મંત્રાલયના આંકડા અનુસાર, આ વર્ષે ૧૦ એપ્રિલ સુધી, કુલ ૬,૬૩,૨૬૯ પ્રવાસીઓના આગમનમાંથી, ચીન ૭૧,૯૯૫ સાથે ટોચ પર છે, ત્યારબાદ યુનાઇટેડ કિંગડમ (૬૬,૯૯૯), રશિયા (૬૬,૮૦૩), ઇટાલી (૬૧,૩૭૯) અને બીજા ક્રમે છે. ચોથા સ્થાને, જર્મની (૫૨,૨૫૬) પાંચમા સ્થાને અને ભારત (૩૭,૪૧૭) છઠ્ઠા સ્થાને છે.

Sun.mv ન્યૂઝ પોર્ટલના અહેવાલો અનુસાર, માલેમાં ભારતીય હાઈ કમિશન ખાતે યોજાયેલી બેઠકમાં ચર્ચાઓ બાદ, MATATOએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓએ પ્રવાસન પહેલને પ્રોત્સાહન આપવા માટે માલદીવમાં ભારતીય હાઈ કમિશન સાથે નજીકથી સહયોગ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.

નિવેદન અનુસાર, ભારતના મુખ્ય શહેરોમાં રોડ શો શરૂ કરવામાં આવશે. આગામી મહિનાઓમાં માલદીવમાં પ્રભાવકો અને મીડિયાના પરિચિતોની મદદથી માલદીવને પણ પ્રમોટ કરવામાં આવશે. માલદીવ્સ માટે ભારત એક મહત્વપૂર્ણ પ્રવાસી બજાર હોવાથી, MATATO કહે છે કે તેઓ માલદીવને પ્રીમિયર ટ્રાવેલ ડેસ્ટિનેશન તરીકે પ્રોત્સાહિત કરવા માટે ભારતભરના મોટા પ્રવાસ સંગઠનો અને ઉધોગના હિતધારકો સાથે ભાગીદારી કરવા આતુર છે.

**પીએમ મોદી પર અપમાનજનક ટિપ્પણી બાદ બોયકોટ માલદીવ ટ્રેન્ડ થયું હતું :** માલદીવના એક મંત્રી અને અન્ય કેટલાક નેતાઓએ લક્ષદ્વીપના એક બીચ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વીડિયો પોસ્ટ કર્યા બાદ સોશિયલ મીડિયા પર તેમની વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી. જોકે, આ વિવાદ વધતો જોઈને રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ ત્રણ મંત્રીઓને તેમની સોશિયલ મીડિયા પોસ્ટ બાદ સસ્પેન્ડ કરી દીધા હતા. આ ઘટનાથી બંને દેશો વચ્ચેના સંબંધો વણસ્યા અને રાજદ્વારી વિવાદ સર્જાયો. ભારતમાં બોયકોટ માલદીવ ખૂબ જ ટ્રેન્ડ થયું હતું અને હજારો લોકોએ માલદીવ પ્રવાસ રદ કર્યો હતો જેના કારણે આર્થિક ફટકો પડ્યો હતો.

# પીએમ મોદીના ખાસ મિત્ર પુતિનની આ વર્ષે હત્યાનો પ્રયાસ થશે : બાબા વેંગાની ભવિષ્યવાણી

## દુનિયામાં આવશે આર્થિક સંકટ : ચીન જૈવિક શસ્ત્રનું પરીક્ષણ કરશે : કેન્સર, અલ્ઝાઈમર જેવી અસાદય બીમારીની દવા શોધાશે : બાબાની વર્ષ ૨૦૨૪ની ભવિષ્યવાણી



નવી દિલ્હી, તા. ૧૨

બલ્ગેરિયાના રહસ્યમય બાબા વેંગાએ વર્ષ ૨૦૨૪ માટે ઘણી ભવિષ્યવાણીઓ કરી છે. અંધ બાબા વેંગાએ ૮૫ વર્ષની વયે ૧૯૯૬ માં તેમના મૃત્યુ પહેલા ૨૦૨૪ માટે ઘણી ભવિષ્યવાણી કરી હતી, જેમાંથી કેટલીક સાચી પડી રહી હોવાનું જણાય છે અને આ વર્ષના પ્રારંભિક મહિનામાં વિશ્વના ઘણા ભાગોમાં ઉથલપાથલ જોવા મળી છે.

૯/૧૧ હુમલા, ચેર્નોબિલ દુર્ઘટના અને પ્રિન્સેસ ડાયનાના મૃત્યુ જેવી મોટી વૈશ્વિક ઘટનાઓની આગાહી કરનારા બાબા વેંગા પાસે ૨૦૨૪ માટે ઘણી આગાહીઓ છે.

બાબા વેંગાએ આ વર્ષ માટે ૫ મોટી ભવિષ્યવાણીઓ કરી છે. તેમનું કહેવું છે કે આ વર્ષે દુનિયા મોટા આર્થિક સંકટનો સામનો કરી રહી છે. તેની શરૂઆત જાપાન અને બ્રિટનથી થશે અને આખી દુનિયા તેની પકડમાં આવી જશે. વિશ્વમાં દેવાનું વધતું જતું સ્તર અને વધતો જતો ભૌગોલિક રાજનૈતિક તણાવ આના મુખ્ય કારણો હશે.

બાબા વાંગાએ આગાહી કરી છે કે વર્ષ ૨૦૨૪માં કેન્સર અને અલ્ઝાઈમર જેવી અસાધ્ય બીમારીઓની સારવાર ઉપલબ્ધ થશે, જે સમગ્ર માનવજાતને ઘણો ફાયદો થશે અને વિશ્વના લાખો લોકોના જીવ બચાવશે.

બાબા વેંગાના સમર્થકોના મતે આ વર્ષે સમગ્ર વિશ્વમાં સાયબર હુમલામાં વધારો થશે. જેના કારણે મોટી સંખ્યામાં લોકોએ પોતાની મિલકત ગુમાવવી પડશે. આ સાયબર હેકર્સ પાવર ગ્રીડ અને વોટર પ્લાન્ટ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવશે, જે દેશોની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો કરશે.

બાબા વેંગાએ આગાહી કરી હતી કે આ વર્ષે યુરોપમાં ઘણા આતંકવાદી હુમલા થશે. આ દેશોની સરકારો આ હુમલાઓનો સામનો કરવામાં લાચારી અનુભવશે. તેની સાથે જ વિશ્વનો એક મોટો દેશ (સંભવતઃ ચીન) જૈવિક શસ્ત્રોનું પરીક્ષણ કરશે. તેના ટ્રાયલથી દુનિયામાં ભયનું વાતાવરણ વધશે.

પીએમ મોદીના મિત્ર વ્લાદિમીર પુતિન વિશે બાબા વેંગાની ખતરનાક ભવિષ્યવાણી છે. બાબાનું કહેવું છે કે આ વર્ષે રશિયાના રાષ્ટ્રપતિ પુતિનની હત્યાના પ્રયાસ થઈ શકે છે. જો આમ થશે તો રશિયા અને વિશ્વની રાજનીતિમાં મોટા ફેરફારો થશે. આ કારણે રશિયાની વિદેશ નીતિઓમાં પણ ફેરફાર જોવા મળી શકે છે.

# ફોન પર વાત કરતી પત્નીને આપી ક્રૂર સજા : પતિએ હાથ કાપી નાખ્યો

## પત્નીના ચારિત્ર્ય પર પતિ શંકા કરતો હતો : કપાયેલા હાથ સાથે ફરાર પતિને શોધવા પોલીસની તજવીજ



અશોકનગર(મધ્યપ્રદેશ), તા. ૧૨

પતિ અને પત્ની વચ્ચે નાના-મોટા ઝઘડાઓની વાત અવારનવાર સામે આવતી હોય છે. પરંતુ મધ્યપ્રદેશમાં એક પતિ પોતાની પત્નીને ફોન પર વાત કરતા જોઈને એટલો ગુસ્સે થઈ ગયો કે તેણે ઘરમાં સૂઈ રહલી પત્નીનો હાથ કુહાડીથી કાપી નાખ્યો. એટલું જ નહીં તે પત્નીનો કપાયેલો હાથ પણ લઈને ભાગી ગયો. જે બાદ પોલીસ મહિલાનો કપાયેલો હાથ અને ફરાર પતિને શોધવા લાગી હતી.

આ મામલો મધ્યપ્રદેશના અશોકનગર જિલ્લાનો છે. જ્યાં શહેરથી લગભગ ૨ કિલોમીટર દૂર બરખેડી ગામમાં રહેતી મિથિલેશ પતિ કમલ અહિરવારની સાથે બુધવારની રાત્રે પોતાના ઘરમાં સૂતી હતી. ત્યારે તેના પતિએ કુહાડીથી તેનો હાથ કાપી નાખ્યો અને મહિલાનો કપાયેલો હાથ લઈને ભાગી ગયો.

### ભારત-કેનેડા વચ્ચે વધતા તનાવમાં ટ્રુડો સરકારની નવી પહેલ

# 'કેનેડાએ દિલ્હી દૂતાવાસમાં ભારતીય કર્મચારીઓને છુટા કર્યા

## અમારા ડિપ્લોમેટને પરત જવા ભારતે ફરજ પાડયા બાદ હવે સપોર્ટ સ્ટાફની જરૂર નથીઃ મુંબઈ કોન્સ્યુલેટ લગભગ બંધઃ ફકત વિસા કામગીરી થશે




નવી દિલ્હીઃ

ભારત અને કેનેડા વચ્ચે સતત બગડતા જતા રાજદ્વારી સંબંધોમાં અગાઉ ભારતે નવી દિલ્હી ખાતેના કેનેડાના દૂતાવાસના ૪૧ અધિકારી-કર્મચારીઓને પરત મોકલી દીધા બાદ કેનેડાએ દિલ્હી ખાતેના દૂતાવાસમાં વધુ ઘટાડો કર્યો છે. આ જ રીતે મુંબઈ-ચંદીગઢ અને બેંગલુરૂ ખાતેની કેનેડીયન વાણીજય કચેરીઓના સ્ટાફમાં પણ ઘટાડો કર્યો છે. કેનેડાએ સ્થાનિક સ્તરે તેને યોગ્ય કર્મચારીઓની આવશ્યકતા હોવાથી તેના કર્મચારીઓમાં ઘટાડો કર્યો છે અને મુંબઈના કોન્સ્યુલેટને તો બંધ જ કરી દીધુ છે.

કેનેડાએ જણાવ્યું કે ભારતમાં અમારા દૂતાવાસ તથા વાણિજય કચેરીમાં સીનીયર સ્ટાફ અને ખાસ કરીને ડિપ્લોમેટની સંખ્યા ઘટાડાતા અમોને તેના સપોર્ટ સ્ટાફની સંખ્યા પણ ઘટાડવી પડી છે. જો કે વિસા સહિતની પ્રક્રિયામાં કર્મચારીઓમાં ઘટાડો થયો નથી અને તેઓએ છુટા કરાયેલા ભારતીય સ્ટાફનો પણ આભાર માનીને વિદાય આપી હતી. હાલમાં જ કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ ફરી એક વખત ભારત સામે નારાજગી વ્યકત કરીને કહ્યુ કે અમારા દેશમાં થતી હત્યામાં અમો ફરિયાદ કરીએ તો ભારતને માઠું લાગે છે તેનો ઈશારો કેનેડા-ખાલીસ્તાની નેતા હરદીપસિંહ ગુજજરની હત્યામાં ભારતની ભૂમિકા અંગે પણ વિવાદ સર્જયો હતો અને ભારતે આ હત્યામાં તેની સંડોવણી નકારી હતી.

# શુભમન ગિલને દંડ થઈ શકે છે



જયપુર : ગુજરાત ટાઇટનના કેપ્ટન શુભમન ગીલને રાજસ્થાન રોયલ્સ સામેની મેચ દરમિયાન અમ્પાયરના નિર્ણય સાથે માથાકુટ અને દલીલ કરવા અને ગુસ્સામાં બોલ ફેંકવા બદલ દંડ ભરવો પડી શકે છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) તરફથી મંજૂરી મળ્યા બાદ ગિલને દંડ ભરવો પડી શકે છે. બુધવારે રાજસ્થાન રોયલ્સ સામે રમાયેલી મેચમાં જ્યારે મોહિત શર્માએ ૧૭મી ઓવરનો છેલ્લો બોલ ફેંક્યો ત્યારે અમ્પાયરે બોલને વાઈડ જાહેર કર્યો હતો. આ દરમિયાન ગુજરાતના કેપ્ટન ગિલે DRS લીધું અને મેદાન પરના અમ્પાયર સાથે ઉગ્ર દલીલ કરી અને તેણે ગુસ્સામાં બોલ ફેંકી દીધો. મેચમાં અમ્પાયર આ ઘટનાનો રીપોર્ટ રેફરીને કરશે.

# અમેરિકામાં સીટ બેલ્ટ ન પહેરનાર પર પોલીસનો ૪૧ સેકન્ડમાં ૯૬ રાઉન્ડ ગોળીબારઃ હોબાળો

## યુવકે પ્રથમ ગોળીબાર કરતા અધિકારી ઘાયલ થયાનો પોલીસનો આરોપ



અમેરિકા શિકાગો તા .૧૨

અમેરિકામં એક યુવકના મોતનો આઘાતજનક મામલો સામે આવ્યો છે. સાદા વસ્ત્રોમાં સજ્જ શિકાગો પોલીસ અધિકારીઓએ ટ્રાફિક સ્ટોપ દરમિયાન ફક્ત ૪૧ સેકન્ડમાં જ ૧૦૦ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. જેમાં એક યુવકનું મોત થયું છે અને એક અધિકારી ઈજાગ્રસ્ત થયા છે. પોલીસ એજન્સીએ મંગળવારે ગ્રાફિક વિડીયો ફૂટેજ જાહેર કર્યા હતા. ટેક્ટિકલ યુનિટના પાંચ અધિકારીઓ એક અનમાર્કડ પોલીસ વ્હિકલમાં હતા અને ગત મહિને તેમણે એક એસયુવીને ઘેરી લીધી હતી જે ડેક્સ્ટર રીડ ચલાવી રહ્યો હતો. રીડ કથિત રીતે સીટબેલ્ટ પહેર્યો ન હતો. વિડીયોમાં દેખાય છે કે ૨૬ વર્ષીય અશ્વેત યુવક થોડા સમય માટે કારની બારીનો કાચ નીચે કરે છે અને પછી તેને ઊંચો કરી દે છે. તેવામાં વધુ અધિકારીઓ આવવાના કારણે તે કારમાંથી બહાર આવવાની ના પાડી દે છે. પોલીસે કહ્યું હતું કે રીડ સીટ બેલ્ટ ન હતો પહેર્યો એટલે તેની કારને અટકાવવામાં આવી હતી.

સિવિલિયન ઓફિસ ઓફ પોલીસ એકાઉન્ટેબિલિટી એ જણાવ્યું હતું કે પ્રારંભિક પુરાવા દર્શાવે છે કે પ્રથમ ગોળીબાર રીડ કર્યો હતો. જેનાથી એક અધિકારી ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારબાદ ચાર અધિકારીઓએ વળતો ૯૬ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. રીડ તેના વાહનમાંથી બહાર નીકળીને જમીન પર પડી ગયો પછી પણ ગોળીબાર ચાલુ રહ્યો હતો, તેમ પોલીસે શરીર પર પહેરેલા કેમેરા ફૂટેજ, ૯૧૧ કોલ્સ અને પોલીસ રિપોર્ટ્સ બહાર પાડતા જણાવ્યું હતું. પોલીસ સુપ્રિટેન્ડેન્ટ લેરી સ્નેલિંગે અગાઉ જણાવ્યું હતું કે ૨૧ માર્ચે ગોળીબાર ટ્રાફિક સ્ટોપથી શરૂ થયો હતો અને તેને ''એક્સચેન્જ ઓફ ગન ફાયર'' તરીકે ગણાવ્યું હતું.

જોકે, રીડના પરિવારજનોએ અધિકારીઓએ કરેલા શૂટિંગની વિશ્વસનીયતા પર સવાલો ઉઠાવ્યા છે. રીડને શા માટે ખેંચવામાં આવ્યો તે અંગેના જવાબો શોધી રહ્યા છે.

# 'એક મિસાઈલ, એક ટેન્ક': ભારત-ચીન સીમા પર ગરજી એટીજીએમ

## પરીક્ષણમાં જવાનોએ ધાર્યું નિશાન પાર પાડ્યું




ગુવાહાટી (આસામ) તા.૧૨

ભારત-ચીન સીમ (સિકકીમ) પર ભારતીય સેનાના ત્રિશક્તિ કોરે ૧૭૦૦૦ ફીટની ઉંચાઈ પર સુપર હાઈ એલ્ટીટયુડ એરિયામાં એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ (એટીજીએમ)નું પરીક્ષણ કર્યું હતું. ભારતીય સેનાના જવાનોએ આ પરીક્ષણમાં ધાર્યું નિશાન સફળતાપૂર્વક પાર પાડયું હતું.

આ અભ્યાસમાં પુર્વી કમાનના બધા મેકેનાઈઝડ અને ઈન્ફેન્ટ્રી એકમોની મિસાઈલ ફાયરીંગ ટુકડીઓએ ભાગ લીધો હતો. આ અભ્યાસને એક મિસાઈલ એક ટેન્ક નામ આપ્યું હતું. ગુવાહાટીના રક્ષા મંત્રાલયના પ્રવકતાએ કહ્યું હતું કે સેનાની એટીજીએમ ટુકડીએ આ અભ્યાસ દરમિયાન બખ્તરબંધ ખતરાને અસરહિન કરવાની ક્ષમતાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

[illegible] છે કે આ ક્ષેત્રમાં જો કયારેય ભારત અને ચીન વચ્ચે જંગ થઈ તો લદાખ બાદ સિકકીમના ઓલ્ટીટયુડ એરિયામાં બન્ને દેશોની ટેન્ક અને બખ્તરબંધ ગાડીઓ સામસામે આવી શકે છે. નોર્થ સિકકીમમાં તિબટના પ્લાટુન પર ચીનની ટેન્ક રેજીમેન્ટ તૈનાત છે. ભારતે પણ અહીં ટેન્કોની તૈનાતી કરી દીધી છે.

# 'મૈદાન'માં અજય દેવગનની જોરદાર કિક!



મુંબઈઃ સ્પોર્ટસ ડ્રામા બોલિવુડમાં લોકપ્રિય વિષય છે. ભૂતકાળમાં 'ચક દે ઈન્ડિયા', 'ભાગ મિલખા ભાગ', 'મેરી કોમ', 'દંગલ', 'ચંગા' જેવી ફિલ્મોને ટિકીટબારી પર દર્શકોએ વધાવી છે. આ વિષય પર વધુ એક ફિલ્મ નિર્દેશક અમિત શર્માએ બનાવી છે. અજય દેવગન સ્ટારર ફિલ્મ 'મેદાન' ભારતના લિજેન્ડરી ફુટબોલ કોચ સૈયવ અબ્દુલ રહિમના ઉદય અને ભારતના ફુટબોલના સુવર્ણ યુગની કહાની રજૂ કરે છે. આ ફિલ્મ ઈદના પર્વે રજુ થઈ રહી છે.

ફિલ્મની કથા મુજબ ભારતીય ફુટબોલ ટીમના કોચ સૈયદ અબ્દુલ રહીમ (અજય દેવગન) ૧૯૫૦ના સમયમાં ફુટબોલ એસોસીએશનમાં પોતાના વિરોધીઓની વાતોને નજર અંદાજ કરીને ભારતના ખુણા ખુણામાંથી નવોદીત ફુટબોલ ખેલાડીઓને પસંદ કરીને એક નવી ફુટબોલ ટીમ બનાવે છે જેથી આ રમતમાં ટીમ વિશ્વ સ્તર પર ભારતનો ઝંડો લહેરાવી શકે. આ ટીમમાં સુન્ની ગોસ્વામી, પી.કે.બેનર્જી, પીટર થંગરાજ જેવા હોનહાર ખેલાડી છે. રહીમની પત્ની સાયરા (પ્રિયામણી) છે. ૧૯૬૦માં રોમ ઓલિમ્પિકસમાં ટીમમાં શાનદાર પ્રદર્શન છતા તે લોકો ક્વોલિફાઈ નથી કરી શકતા. આથી રહીમના વિરોધીઓ અને રમતગમત પત્રકાર (ગજરાજ રાય)ની રાજનીતિનો શિકાર રહીમ બનતા તેને કોચ પદથી હટાવી દેવાય છે.

નિર્દેશક અમિત શર્માના નિર્દેશનની ખૂબી એ છે કે ફિલ્મમાં રહીમનું મહિમામંડન નથી કરાયું કે ફિલ્મને મેલો ડ્રામેટિક નથી બનાવાઈ. પહેલા હાફમાં પાત્રો અને વાર્તાને સ્થાપિત થવામાં સમય લાગે છે. સેકન્ડ હાફમાં રસપ્રદ બને છે. ત્રણ કલાકનો ફિલ્મનો સમય વધારે લાંબો છે. કેટલાક દ્રશ્યો ફ્લેટ છે પણ ડાયરેકટર સહજતાથી રહીમની ઈનોવેટીવ રમત નીતિ અને ક્રાંતિકારી એપ્રોચ દર્શાવવામાં સફળ રહ્યા હતા. તુષાર કાંતિ રે અને ફયોડોર લિયાસની સિનેમેટોગ્રાફી કાબીલે દાદ છે. ૧૯૫૦-૬૦ના કોલકાતાને સુંદરતાથી ફિલ્મમાં દર્શાવાયું છે. ફિલ્મમાં રિયલ ફુટેજનો સુંદરતાથી ઉપયોગ થયો છે. એ.આર.રહેમાનનું સંગીત વાર્તાને આગળ વધારે છે. અજય દેવગનની એકટીંગ કાબિલે દાદ છે. નકારાત્મક સ્પોર્ટસ પત્રકાર તરીકે ગજરાજ રાવે યાદગાર ભૂમિકા ભજવી છે. નવોદીત કલાકારોએ પણ સુંદર ભૂમિકા ભજવી છે.



# ૨૦ વર્ષ પછી સાથે જોવા મળ્યા ઈમરાન હાશ્મી અને મલ્લિકા શેરાવત

## મર્ડર ગર્લનો બદલાયેલો લુક જોઈને ચાહકોએ કહ્યું- આ બંનેએ તો જબરું મેઈન્ટેન કર્યું છે..

મુંબઈ : ડબલ ધમાલ, વેલકમ, હિસાસ અને ડર્ટી પોલિટિક્સ જેવી ફિલ્મોમાં જોવા મળેલી અભિનેત્રી મલ્લિકા શેરાવત ફિલ્મી દુનિયાથી દૂર છે. જોકે, તે સોશિયલ મીડિયા દ્વારા ચાહકોમાં લોકપ્રિય છે. પરંતુ તાજેતરમાં તે નિર્માતા આનંદ પંડિતની પુત્રીના લગ્નના રિસેપ્શનમાં જોવા મળી હતી. જ્યાં તે તેની સુપરહિટ ફિલ્મ મર્ડર સ્ટાર ઈમરાન હાશ્મી સાથે પોઝ આપતી જોવા મળી હતી. બંનેને એકસાથે જોઈને ચાહકોએ પણ કહ્યું કે હવે નવી ફિલ્મ બનવી જોઈએ.

સામે આવેલા ફોટોમાં ઈમરાન હાશ્મી સૂટ અને બૂટમાં જોઈ શકાય છે. મલ્લિકા શેરાવત સુંદર ગુલાબી રંગના ગાઉનમાં જોવા મળી રહી છે. બંને પાપારાઝી માટે એકબીજા સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા.

આ વીડિયો જોઈને ચાહકોએ કોમેન્ટમાં ફાયર ઈમોજી શેર કર્યા છે. જ્યારે એક યુઝરે લખ્યું કે, બંનેએ પોતાની જાતને જાળવી રાખી છે. અન્ય યુઝરે લખ્યું, ભૂતકાળની ક્ષણો તાજી થઈ. ત્રીજા યુઝરે લખ્યું, ઘણા સમય પછી બને સાથે, OMG. ચોથા યુઝરે લખ્યું, બંને ખૂબ જ સુંદર લાગી રહ્યા છે. મલ્લિકા શેરાવત અને ઈમરાન હાશ્મીએ ૨૦૦૪માં આવેલી ફિલ્મ મર્ડર ૨માં લીડ તરીકે કામ કર્યું હતું. ફિલ્મના ભીગે હોથ તેરે, બારિશ કી વો બુંદે જેવા ગીતો ખૂબ લોકપ્રિય થયા હતા. ફિલ્મનું બજેટ ૫ કરોડ રૂપિયા હતું અને ફિલ્મે લગભગ ૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી. વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, ઇમરાન હાશ્મી તાજેતરમાં ટાઇગર ૩ નો ભાગ હતો. મલ્લિકા શેરાવત હાલના દિવસોમાં ફિલ્મી દુનિયાથી દૂર જોવા મળી રહી છે.

# અને હવે એપલ આખરે યુઝર્સને તેમના પાસેના iPhone ને વપરાયેલા પાર્ટસથી રિપેર કરવા દેશે



રાજકોટ,તા.૧૨

iPhoneએ તેની રિપેર પ્રક્રિયામાં નોંધપાત્ર ફેરફારની જાહેરાત કરી, ગ્રાહકો અને સ્વતંત્ર રિપેર શોપને રિસાયકલ કરેલા આાહય ભાગોનો ઉપયોગ કરીને iPhoneને ઠીક કરવાની મંજૂરી આપી. આ પગલાનો હેતુ વધુ સમારકામ વિકલ્પો પ્રદાન કરવા, ડીવાઈસની આયુષ્ય વધારવા અને પર્યાવરણીય અસર ઘટાડવાનો છે.

આગામી મહિનાઓમાં, ચોક્કસ iPhone મોડલ આ રિસાયકલ કરેલા ભાગોનો ઉપયોગ કરીને સમારકામ માટે પાત્ર બનશે. આ પગલાનો હેતુ ગ્રાહકોને વધુ વિકલ્પો આપવા, તેમના ડીવાઈસને લાંબા સમય સુધી ચાલવા અને સમારકામની પર્યાવરણીય અસર ઘટાડવાનો છે.

છેલ્લાં બે વર્ષોમાં, iPhone એ ખાતરી કરવા માટે સખત મહેનત કરી રહ્યું છે કે રિસાયકલ કરેલા ભાગો નવા જેવા જ સલામતી, સુરક્ષા અને સીકયોરીટી ધોરણોને પૂર્ણ કરે. આ નવા ફેરફાર સાથે એપલ તેના ગ્રાહકોને વધુ સુવિધા પ્રદાન કરવાની અને તેના ઉત્પાદનોની આયુષ્ય વધારવાની આશા રાખે છે.

એપલને જે પડકારોનો સામનો કરવો પડ્યો હતો તે એ સુનિશ્ચિત કરવાનો હતો કે રિસાયકલ કરેલા ભાગો અસલી અને વાપરવા માટે સલામત છે. આાહય એ આ ભાગોને ઉપકરણ સાથે ''જોડી'' કરવાની પ્રક્રિયા વિકસાવી છે, તે સુનિશ્ચિત કરે છે કે તેઓ તમામ જરૂરી ધોરણોને પૂર્ણ કરે છે. એપલના અસલી ભાગોનું માપાંકન, પછી ભલે તે નવા હોય કે રિસાયકલ કરેલા, તે ભાગ ઈન્સ્ટોલ થયા પછી ડીવાઈસ પર કરવામાં આવશે. આનો અર્થ એ છે કે iPhone મોડલ્સ રિસાયકલ બાયોમેટ્રિક સેન્સરને પણ સપોર્ટ કરશે.

સમારકામની પ્રક્રિયાને સરળ બનાવવા માટે, આાહય અમુક પ્રકારના સમારકામ માટેના ભાગોનો ઓર્ડર આપતી વખતે ગ્રાહકો અને રિપેર શોપ્સને ડીવાઈસ સીરીયલ નંબર પ્રદાન કરવાની જરૂરિયાતને દૂર કરી રહ્યું છે. વધુમાં, એપલ તેની એક્ટિવેશન લોક સુવિધાને iPhone ભાગોમાં વિસ્તારી રહી છે જેથી ચોરેલા iPhoneનો ઉપયોગ ભાગો માટે થતો અટકાવી શકાય. આ સુવિધા રિસાયકલ કરેલ ભાગના માપાંકનને પ્રતિબંધિત કરશે જો તે શોધે છે કે તે એકરીવેશન લોક અથવા લોસ્ટ મોડ સક્ષમ કરેલ ડીવાઈસમાંથી આવ્યો છે.

### એક જમાનાની બોલ્ડ એક્ટ્રેસની બોલ્ડ સલાહ

# ઝિન્નત સલાહ આપે છે કે લગ્ન પહેલા યુવાનોએ રિલેશનશીપમાં રહેવું જોઈએ

## હું સમજુ છું કે ભારતીય સમાજમાં લગ્ન પહેલા લિવ ઈનને પાપ માનવામાં આવે છે, પણ સંબંધોનો ફાઈનલ ટેસ્ટ જરૂરીઃ એક્ટ્રેસ



મુંબઈ તા.૧૧

આપણા દેશમાં લિવઈન રિલેશનશીપને એટલે કે લગ્ન પહેલા છોકરા-છોકરીને સાથે રહેવાને બહુ ઓછા લોકો ઠીક ગણે છે જયારે મોટા ભાગના લોકો ખરાબ ગણે છે. પણ હિન્દી ફિલ્મોની એક જમાનાની બોલ્ડ એક્ટ્રેસ ઝીનત અમાનનું કહેવું છે કે આજના યુવાનોએ લગ્ન પહેલા લિવ-ઈનમાં રહેવું જોઈએ. ઝીનતે એ પણ બતાવ્યું કે તેના બન્ને દીકરાઓ પણ લગ્ન પહેલા લિવ ઈનમાં રહે છે.

ખરેખર તો એક ફેને હાલમાં જ ઝીનત અમાન પાસે રિલેશનશીપને લઈને સલાહ માગી હતી. જેના પર ઝીનતે એક પોસ્ટ શેર કરી હતી. તેણે લખ્યું હતું કે લિવ ઈનમાં રહેવાના કારણે કપલ અનેક મતભેદોમાં ડીલ કરી શકે છે. આ રીતે લગ્ન પહેલા બન્ને એક સાથે રહીને નાના-મોટા ઝઘડા નિવારવાનું શીખી જાય છે. તેમના વચ્ચે તાલમેલ વધે છે. ઝીનત અમાન વધુમાં લખે છે-દિવસમાં કેટલાક કલાક ખુદનું બેસ્ટ વર્ઝન બનવું સહેલું છે. પણ શું તમે બાથરૂમ શેર કરી શકો છો. ખરાબ મૂડ સંભાળી શકો છો? શું એ માની જાઓ છો કે રાત્રે ડીનરમાં શું ખાવું જોઈએ? શું આપ બેડરૂમમાં એકબીજા વચ્ચે ફાયર જાળવી રાખો છો? આ પ્રકારની બાબતોએ જ લગ્નમાં નાના-મોટા વિવાદ અને ઝઘડા થતા હોય છે. પણ શું તેઓ ઝઘડા અને વિવાદોનો સામનો કરી શકે છે? એ તેમણે પહેલા ચેક કરી લેવું જોઈએ. જરૂરી છે કે આપ જુઓ કે આપની વચ્ચે તાલમેલ છે? કમ્ફેટેબિલિટી છે? ઝીનત કહે છે-હું જાણું છું કે ભારતીય સમાજમાં લગ્ન પહેલા સાથે રહેવા અર્થાત લિવ ઈનમાં રહેવાને પાપ માનવામાં આવે છે. પણ સમાજ તો અને અન્ય બાબતોને લઈને પણ સખ્ત છે. લોકો શું કહેશે? પણ પરિવાર અને સરકારને વચમા લાવતા પહેલા જરૂરી છે કે પાર્ટનર્સ પોતાના સંબંધોનો ફાઈનલ ટેસ્ટ કરી લે.

ઉમેદવારીનો પ્રારંભ પણ કોંગ્રેસ હજુ લોકસભાની ચાર અને વિધાનસભાની પાંચ પેટા ચૂંટણીમાં ચહેરા શોધે છે

# કોંગ્રેસમાં મોવડીઓ સુસ્તઃ અનેક બેઠકો પર ઉમેદવારો ફાઈટ આપી રહ્યા છે

## લોકસભાની અમદાવાદ પુર્વ, મહેસાણા સહિત ચાર બેઠકો પર કોંગ્રેસને ઉમેદવાર મળતા નથીઃ ધારાસભા પેટાચૂંટણીમાં પક્ષ છોડી ગયેલા નેતાઓ સામે જ કોને લડાવવા તે પ્રશ્ન

## જો કે બનાસકાંઠામાં ગેનીબેન, પાટણમાં ચંદનજી ઠાકોર, વલસાડમાં અનંત પટેલ સહિતના અનેક ઉમેદવારો ભાજપને પગે પાણી લાવી રહ્યા હોવાના દ્રશ્યોઃ સેનાપતિ વગર પણ સૈનિકો લડે છે

રાજકોટઃ ગુજરાતમાં લોકસભાની ચુંટણીના પડઘમ વાગી ગયા છે અને આજથી ઉમેદવારી પત્રકો ભરવાનો પણ પ્રારંભ થશે. સાથોસાથ રાજકોટ વિધાનસભાની પાંચ બેઠકોના ઢોલ પણ વાગ્યા છે અને ભાજપે તો લાંબા સમયથી પ્રચાર ચાલુ કરી દીધો છે અને હવે તા.૧૯ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભાઓ તથા સ્થાનિક સ્તરે પણ પ્રચાર વેગવંતો બનશે તે સમયે કોંગ્રેસને લોકસભાની ત્રણ અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચુંટણી માટે હજુ ઉમેદવાર નહી મળતા પક્ષના કાર્યકર્તાઓ પણ મોવડીમંડળ પ્રત્યેના વિશ્વાસ ગુમાવી રહ્યા હોવાનો સંકેત મળ્યો છે. જો કે જે લોકસભા બેઠકો પર કોંગ્રેસે ઉમેદવાર જાહેર કર્યા છે તેમાં અનેક તેમના મતક્ષેત્રમાં ભાજપને જબરો પડકાર પણ સર્જી રહ્યો છે. આમ સેનાપતિ વગર પણ કોંગ્રેસનું સૈન્ય લડી રહ્યાની છાપ છે. લોકસભામાં કોંગ્રેસ પક્ષે રાજકોટ બેઠક માટે પુર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણીને ઉમેદવાર બનાવવાની સ્થાનિક સ્તરે જાહેરાત થઈ છે. રસપ્રદ બાબત એ છે કે રાજકોટની બેઠક જે ક્ષત્રિય સમાજના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામેના વિરોધના કારણે રસપ્રદ બની છે. પણ પક્ષના મોવડી મંડળને ભાગ્યે જ કોઈ તેમાં 'રસ' હોય તેવું જણાય છે અને સૌરાષ્ટ્ર કોંગ્રેસના અગ્રણી અને પુર્વ ધારાસભ્ય લલિત કગથરા અને રાજકોટ કોંગ્રેસના અગ્રણીઓએ રાજકોટમાં લડત આપવા પરેશ ધાનાણીને ચુંટણી લડવા 'રાજી' કરી લીધા હતા પણ હજું દિલ્હીની સતાવાર જાહેરાત થઈ નથી. આજ રીતે અમદાવાદ પુર્વના પક્ષે જાહેર કરેલા ઉમેદવાર રોહન ગુપ્તાએ ચુંટણી લડવાનો ઈન્કાર કર્યા બાદ હવે ભાજપમાં જોડાયા પણ આ બેઠક પર કોંગ્રેસને બીજા ઉમેદવાર મળ્યા નથી. આજ રીતે મહેસાણામાં પણ કોંગ્રેસે હજું ઉમેદવાર જાહેર થયા નથી.

જયારે વિધાનસભાની પેટાચૂંટણીના તમામ પાંચ બેઠકોમાં પણ આ પક્ષે હજું ઉમેદવાર જાહેર કર્યા નથી જેમાં ચાર બેઠકો પર કોંગ્રેસના અને એક બેઠક પર આમ આદમી પાર્ટીના ધારાસભ્યાએ વિધાનસભા અને પક્ષમાંથી રાજીનામા આપીને ભાજપમાં જોડાયા અને તેઓને તમામને ટિકીટો આપી છે. આમ ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ તેની લડાયક શક્તિ ગુમાવી છે.

અનેક ઉમેદવારો ટકકર આપે છે

જો કે લોકસભાની અનેક બેઠકોમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારો વ્યક્તિગત તાકાતથી રસપ્રદ ટકકર આપી રહ્યા છે. બનાસકાંઠામાં 'આપ'ના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે ભાજપના ડો. રેખાબેન ચૌધરી સામે જબરો મોરચો માંડયો છે અને ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રમાં તેમાં આમ મહિલાઓ સાથે ભળીને રાસ-ગરબા લઈ રહ્યા છે. નાની-નાની સભ્યોથી અમો પ્રચાર કરી રહ્યા છે.

ભાજપના ડો. રેખાબેન ચૌધરીની છાપ શહેરી ઉમેદવાર તરીકેની છે તેઓ પાસે ભાજપના સંગઠનની પ્રચંડ તાકાત હોવા છતા પણ તેઓ માહોલ બનાવી શકયા નથી જેવો ગેનીબેન ઠાકોરે બનાવ્યો છે. આજ રીતે વલસાડમાં કોંગ્રેસના યુવા ધારાસભ્ય અનંત પટેલ આદીવાસી ક્ષેત્રમાં લોકપ્રિય છે જેની સામે ભાજપે સુરતથી આયાત કરેલા ડો. ધવલ પટેલને ઉમેદવાર બનાવ્યા છે અને અનંત પટેલ ભૂતકાળમાં આદિવાસી પ્રશ્નો માટે જે રીતે પ્રચંડ આંદોલનો કર્યા હતા તેનાથી તેઓની લોકપ્રિયતા વધી છે અને તેથી તેઓએ આ બેઠક પરની ચુંટણીમાં રસપ્રદ સ્થિતિ બનાવી છે. પાટણમાં પણ પક્ષના ધારાસભ્ય ચંદનજી ઠાકોરે જબરો મોરચો માંડયો છે. ભાજપના ભરતસિંહ ડાભીને પક્ષે ફરી ટિકીટ આપી છે પરંતુ ચંદનજી ઠાકોરે જે રીતે આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક લોકગીતો અને કલાકારોને લઈને પ્રચાર કર્યો છે તેથી આ બેઠક પર પણ જંગ રસપ્રદ હશે.

તિરૂપતિ, સુવર્ણમંદિર, ગુરૂવયુર દેવાસમ, વૈષ્ણોદેવી, શિરડી સાંઈબાબા સહિત...

# ગુજરાતના સોમનાથ સહિત વૈભવથી છલકાતા ૧૦ મંદિરો

## અબજો રૂપિયાની સંપત્તિ ધરાવતા આ મંદિરોની દિવાલો સોનાની તો સોના-ચાંદી-હિરા-મોતીથી છલકાતા ભંડારો : ભકતો તરફથી ચડાવવામાં આવતા કરોડો રૂપિયાનો ચડાવો

નવી દિલ્હી, તા. ૧૨

આપણા દેશમાં મંદિરો પ્રાચીન કાળથી વૈભવી રહ્યા છે. મંદિરો સોના, ચાંદી અને હીરાથી ભરેલા હોવાથી અવારનવાર વિદેશી આક્રમણખોરોના ભોગ પણ બન્યા છે. આજે પણ મંદિરોની દિવાલો સોનાથી મઢેલી જોવા મળે છે. દેશમાં ગુજરાતના સોમનાથથી માંડીને તિરૂમાલા તિરૂપતિ, સુવર્ણ મંદિર, વૈષ્ણોદેવી મંદિર, શિરડીના સાંઇબાબા મંદિર સહિત ૧૦ મંદિરો સમૃધ્ધિઓથી ભરપુર છે. ભારતને પ્રાચીન કાળથી સોનાની ચીડિયા કહેવામાં આવે છે. દેશમાં અનેક વિદેશી હુમલાઓ થયા જેણે દેશને લૂંટીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ આજે પણ દેશમાં એવા અનેક મંદિરો છે જે કરોડોની કિંમતના સોના અને હીરાથી ભરેલા છે. દેશના આ મંદિરો લોકોની આસ્થાના પ્રતિક છે અને દર વર્ષે લાખો લોકો અહીં દર્શન કરવા અને તેમની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા આવે છે. આ મંદિરોમાં દર વર્ષે લાખો રૂપિયાનો પ્રસાદ આવે છે. આવો જાણીએ દેશમાં આવા કયા કયા મંદિરો છે.




### સુવર્ણમંદિર, અમૃતસર (પંજાબ)

શીખોના સૌથી મોટા ધાર્મિક કેન્દ્ર સુવર્ણ મંદિર વિશે કહેવાય છે કે આ મંદિર વાર્ષિક ૫૦૦ કરોડ રૂપિયાની કમાણી કરે છે. મંદિરના નિર્માણમાં લગભગ ૪૦૦ કિલો સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.



### તિરૂમાલા તિરૂપતિ વેંકટેશ્વર મંદિર (આંધ્રપ્રદેશ)


તે વિશ્વનું સૌથી ધનિક મંદિર માનવામાં આવે છે. આ મંદિરની કુલ સંપત્તિ ૩ લાખ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે, જે વિપ્રો, નેસ્લે, ઓએનજીસી, ઈન્ડિયન ઓઈલ જેવી કંપનીઓની કુલ કિંમત કરતાં વધુ છે. મંદિરની વાર્ષિક કમાણી ૧,૪૦૦ કરોડ રૂપિયા છે.



### વૈષ્ણોદેવી મંદિર (જમ્મુ)

વૈષ્ણો દેવી મંદિર હિંદુઓ માટેના મુખ્ય તીર્થસ્થાનોમાંનું એક છે. દેવીની પૂજા માટે સમર્પિત આ મંદિરને છેલ્લા બે દાયકામાં ૧૮૦૦ કિલો સોનું, ૪૭૦૦ કિલો ચાંદી અને ૨ હજાર કરોડ રૂપિયા રોકડમાં દાન મળ્યું છે.

### શિરડી સાંઈબાબા (મહારાષ્ટ્ર)



મહારાષ્ટ્રના શિરડી સાંઈ બાબા મંદિરની ગણના પણ દેશના સૌથી ધનિક મંદિરોમાં થાય છે. આ મંદિરમાં સાંઈ બાબાની મૂર્તિ માટે ૯૪ કિલો સોનાનું સિંહાસન બનાવવામાં આવ્યું છે. માત્ર ૨૦૨૨માં જ ભક્તોએ મંદિરમાં ૪૦૦ કરોડ રૂપિયાથી વધુનું દાન કર્યું હતું.



### પદ્મનાભ સ્વામી મંદિર, તિરૂવનંતપુરમ (કેરળ)

કેરળમાં સ્થિત આ મંદિરની કુલ સંપત્તિ ૧.૨૦ લાખ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. તાજેતરમાં, આ મંદિરમાં એક નવો ખજાનો મળ્યો છે, જેમાં સોના, ચાંદી અને હીરા અને ઝવેરાતનો વિશાળ ભંડાર છે.

### મીનાક્ષી મંદિર, મદુરાઈ



દેશના એવા કેટલાક મંદિરોમાં તેનો સમાવેશ થાય છે જ્યાં દરરોજ ૨૦ થી ૩૦ હજાર ભક્તો દર્શન માટે આવે છે. મંદિરની વાર્ષિક આવક લગભગ ૬ કરોડ રૂપિયા છે. આ મંદિર પરિસરમાં લગભગ ૩૩,૦૦૦ શિલ્પો છે. મુખ્ય મૂર્તિ દેવી મીનાક્ષીની છે જે ભગવાન સુંદરેશ્વર (ભગવાન શિવ)ના પત્ની છે. દેશના સૌથી ધનિક મંદિરોમાં તેનો સમાવેશ થાય છે.



### ગુરૂવયુર દેવાસમ, ગુરૂવયુર (કેરળ)

ભગવાન કૃષ્ણને સમર્પિત આ મંદિરમાં અપાર સંપત્તિ છે. ૨૦૨૨માં એક RTIના જવાબમાં કહેવામાં આવ્યું હતું કે આ મંદિરમાં ૧,૭૩૭.૦૪ કરોડ રૂપિયાની બેંક ડિપોઝિટ છે. આ ઉપરાંત મંદિર પાસે ૨૭૧.૦૫ એકર જમીન પણ છે.

### સિદ્ધિવિનાયક મંદિર, મુંબઈ (મહારાષ્ટ્ર)



મહારાષ્ટ્રના આ ગણપતિ મંદિરની કુલ સંપત્તિ ૧૨૫ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ મંદિર રોજની ૩૦ લાખ રૂપિયાની કમાણી કરે છે.



### સોમનાથ મંદિર (ગુજરાત)

આ મંદિર આઝાદી પછી ફરીથી બનાવવામાં આવ્યું છે. તેને બનાવવામાં અંદરના ભાગમાં ૧૩૦ કિલો સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને શિખર પર ૧૫૦ કિલો સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મંદિર પાસે કરોડોની કિંમતની ૧૭૦૦ એકર જમીન છે.



### જગન્નાથપુરી મંદિર (ઓડિશા)

ઓડિશામાં સ્થિત આ મંદિરની ગણના દેશના સૌથી ધનિક મંદિરોમાં પણ થાય છે. તેની કુલ સંપત્તિ ૧૫૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. રથયાત્રા માટે પ્રખ્યાત આ મંદિર પાસે ૩૦ હજાર એકરથી વધુ જમીન છે.

# સલમાનનાં ગેલેકસી એપાર્ટમેન્ટની બહાર ભીડ બેકાબુઃ લાઠીચાર્જ થયો



મુંબઈઃ ઈદના દિવસે શાહરૂખની જેમ સલમાનનાં નિવાસસ્થાન ગેલેકસી એપાર્ટમેન્ટ ખાતે પણ પ્રસંશકો પોતાના પ્રિય સ્ટારની ઝલક મેળવવા એકઠા થતા હોય છે.બપોરથી જ ગેલેકસી એપાર્ટમેન્ટની બહાર ભારે ભીડ એકઠી થતાં પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. દરેક પ્રસંશકને સલમાન બાલ્કનીમાં આવીને એક ઝલક બતાવે તેવી અપેક્ષા હોય છે. અંતે સલમાન પોતાનાં ફેન્સને ઈદી આપવા માટે બાલ્કનીમાં આવ્યા તેની સાથે તેના પિતા અને પ્રસિધ્ધ લેખક સલીમખાન પણ હતા.

# ઈદ પર મન્નતની બહાર પ્રશંસકોની ભીડઃ શાહરૂખને જોઈને કહ્યુંઃ હવે ચાંદ દેખાયો



મુંબઈઃ પ્રશંસકો શાહરૂખની એક ઝલક જોવા માટે દર વર્ષે ઈદની આતુરતાથી રાહ જોતા હોય છે અને કિંગખાન પોતાના ફેન્સને કયારેય નિરાશ નથી કરતાં. દર વર્ષની જેમ આ વર્ષે પણ તેમણે પોતાનાં આલીશાન બંગલો મન્નતની બહાર એકત્ર થયેલા પ્રસંશકોને બહાર આવીને ઈદની શુભકામનાઓ પાઠવી હતી. શાહરૂખે સોશ્યલ મીડીયા એકસ પર એક વિડીયો શેર કર્યો હતો જેમાં તેઓ સફેદ કુર્તા, પાયજામો પહેરીને બે હાથ જોડીને અભિવાદન કરી રહ્યા છે અને કેપ્શનમાં લખ્યુ, ''મારા દિવસને આટલો વિશેષ બનાવવા માટે થેંકયુ, અલ્લાહ આપને સૌને પ્રેમ, ખુશી અને સમૃધ્ધિ બક્ષે.

# સળગતી, પિગળતી અને ધ્રુજતી ધરતી

**એપ્રિલ શરૂ જ થયો છે અને મોસમનો મિજાજ સમજથી બહાર થઈ રહ્યો છે એનું કારણ પણ છે, રિપોર્ટ આવ્યો છે કે દર મિનિટે ધરતીથી ૧૦ ફટબોલ મેદાનોના બરાબર ટ્રોપિકલ ફોરેસ્ટ ગાયબ થઈ રહ્યા છે, મે-જૂનના હીટવેવ હજુ આવ્યો છે, આર્કટિકનો બરફ વધુ ઝડપથી પિગળી રહ્યો છે, આ બધા મુદ્દા પર તાજેતરના દિવસોમાં આવેલા અનેક સંશોધન, રિપોર્ટના માધ્યમથી સમજીએ પૂરો મામલો..**



### સળગતા-કપાતા જંગલ

માણસની સાથે આગે પણ ૨૦૨૩માં વનોને જે નષ્ટ કર્યા, તેનાથી ૨૪ કરોડ ટન કાર્બન નીકળ્યો.

**૩૭ કરોડ** વફ ટ્રોપિકલ ફોરેસ્ટ નષ્ટ ૨૦૨૩માં

**૧૩.૨ લાખ** વફ પ્રાકૃતિક જંગલ નષ્ટ કોંગોમાં

**પ્રાથમિક વન નષ્ટ** (વફ=હેકટર)
* લાઓસમાં ૧.૯%
* નિકારાગુઆમાં ૪.૨%

બોલિવિયામાં વનોના નષ્ટ થવાની સ્પીડ ૨૭% વધી



**સૌથી વધુ નુકશાન** બ્રાઝીલ, કોંગો, ઈન્ડોનેશિયા, પેરુ, બોલિવિયા

**ભારત**

૨૧,૬૭૨ વફ પ્રાઈમટી ફોરેસ્ટ નષ્ટ દેશમાં

૨૦૦૧-૨૦૨૩ દરમિયાન ૨૩.૩ લાખ વફ ગ્રીન શેડ નષ્ટ.

૬% ઘટાડો આવ્યો ૨૦૦૦ બાદ ગ્રીન શેડમાં વૃક્ષ આવરણમાં

૯૫% ગ્રીન શેડ નુકશાન ૨૦૧૩-૨૦૨૩ દરમિયાન

### વધતી ગરમી

૨૦% ધીમી થઈ લૂની ગતિ ૧૯૭૯થી

વધુ સમય સુધી રહે છે લૂ ગતિ ઓછી થવાથી

૬૭% વધી લૂની ઘટનાઓ

લૂનું તાપમાન અને ક્ષેત્ર ૪૦ વર્ષ પહેલાની તુલનામાં વધ્યું



અહીં હીટવેવઃ પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, કર્ણાટક, આંધ્રપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, ઝારખંડ

### પિગળતો બરફ

**૧૨.૨%** દર દાયકાએ ઓછો થઈ રહ્યો છે આર્કટિક સમુદ્રી બરફ

**૧૭%** સુધી ઓછો કરી દે છે આર્કટિક સમુદ્ર બરફ અલ નીનોની તીવ્રતાને

**૧૬ વર્ષમાં** પડવા લાગશે આર્કટિકમાં ગરમી

- અલ નીનોની વિવિધતામાં ઘટાડો થયો તો વધી શકે છે ચરમ હવામાનની ઘટનાઓ
- જલવાયુ પરિવર્તન પર વૈજ્ઞાનિક શોધોને ધકકો.
- નીતિ નિર્માતાઓને નીતિ બનાવવામાં મુશ્કેલી.

આ વર્ષે પણ ગરમી ખૂબ જ ઝડપથી એપ્રિલમાં વધી છે.



કર્ણાટકમાં તો ગરમીથી જંગલોમાં આગ લાગી છે. પાણીનો દુકાન સૌને ખબર છે. ગ્લોબલ વોર્મિંગ કોઈ ભવિષ્યનો મુદ્દો નથી તે આજના જાનમાલનો મુદ્દો છે.
- ચંદ્રભૂષણ, સીઈઓ આઈફોરેસ્ટ

### પ્રકૃતિમાં હસ્તક્ષેપ

ગરમી ઓછી કરવા માટે સાન ફ્રાન્સિસ્કો ખાડીમાં સૂર્યના કિરણોને પરત અંતરિક્ષમાં મોકલવાની કોશિશ થઈ

- તેના માટે વાદળોમાં નમક એરોસેલ છોડવામાં આવ્યા
- નકલ એરોસેલથી વાદળ વધુ ચમકવા લાગે છે.
- વાદળોના ચમકવાથી સૂર્યના કિરણો પરાવર્તિત થઈ જાય છે.
- પ્રકૃતિમાં હસ્તક્ષેપની વૈજ્ઞાતિક કરી રહ્યા આલોચના

(સોર્સઃ જીએફડબલ્યુ, ડબલ્યુઆરઆઈ, સીડબલ્યુસી, અલ્બની, નેચર, સાયન્સ એડવાન્સીઝ)

### સુકાતી નદીઓ

મહાનદી અને પેન્નાર વચ્ચે ૧૩ નદીઓમાં પાણી ખતમ

સતત ઘટયો ગોદાવરી બેઝિનનો ભંડાર

૧૨ નદી બેઝિનોનો ભંડાર ૨૦૨૩થી ઓછો

ગંગા બેઝિનમાં પાણીની ભંડારણ ક્ષમતાના ૪૧.૨% છે, ૨૦૨૩થી ઓછી

૩૬% ઘટયો દેશના ૧૫૦ મુખ્ય જળાશયોનો ભંડાર



### નદીઓમાં ઘટ્યું પાણી

૪૬.૨% નર્મદા
૫૬% તાપી
૪૯.૫૩% મહાનદી
૩૯.૫૪% સાબરમતી
૩૪.૭૬% ગોદાવરી

### ડોલતી ધરતી




૭.૫ તીવ્રતાનો ભૂકંપ બુધવારે તાઈવાનમાં આવ્યો

તાઈવાનમાં ૧૮ના મોત, ૬૦૦ ઘાયલ

ગત સપ્તાહે જ યુએસના ન્યુયોર્ક-ફિલાડેલ્ફિયા સુધી ઝટકા.

**કલાઈમેટ લિંકઃ** જલવાયુ પરિવર્તન ભૂકંપોને પ્રભાવિત કરી શકે છે. કારણ કે દુકાળના કારણે હાલની ફોલ્ટ લાઈનો વધુ ખરાબ થઈ જાય છે.



### એક સમયે રશિયાની સામ્યવાદી આગેકૂચને રોકવા પશ્ચિમ યુરોપ સાથે અમેરિકાએ રચેલું લશ્કરી સંગઠન આજે કેટલુ મહત્વનું !

# ‘નાટો’ : અમૃતકાળમાં આવશ્યકતા અંગે પ્રશ્ન



**અમેરિકાએ ચીન સામેના મોરચામાં ભારતને પણ ‘નાટો’માં જોડાવવા આમંત્રણ આપ્યું હતું પરંતુ છેલ્લા દસ વર્ષમાં મોદી સરકારે નહેરૂ સમયની બીનજુથવાદી નીતિથી પણ અલગ અને સ્વતંત્ર-મજબુત તેમજ વૈશ્વિક ભૂમિકા સાથે ભારતની વિદેશ નીતિ બનાવી તેમાં ‘નાટો’માં જોડાવવાનું સ્વીકારાયું નહીં છતાં પણ ‘કવાડ’માં ભારતની હાજરી એ ચીન માટે સ્પીડબ્રેકર બની શકે છે, આ ‘નાટો’એ ભુતકાળમાં અફઘાનીસ્તાનમાં ઘુસીને જે રીતે તાલીબાનોનો પીછો કર્યો તે પછી પણ તે સફળ રહ્યું નહીં જે દર્શાવે છે કે દુનિયામાં યુધ્ધની ભૂમિકા બદલાઈ ગઈ છે અને તેથી ‘નાટો’ની હાજરી છતાં પણ રશિયા બિન્દાસ રીતે યુક્રેનને ધમરોળે છે**

**વિશ્વના સૌથી મજબુત ગણાતા અને અમેરિકાના છત્ર હેઠળના આ નોર્થ એન્ટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઇઝેશન આજે ૭૫ વર્ષ પૂરા કરી રહ્યું છે અને ખાસ કરીને યુક્રેન પર રશિયાના હુમલા બાદ ‘નાટો’ની ભુમિકા સામે પણ પ્રશ્ન ઉભા થયા છે તો બીજી તરફ અમેરિકા અને પશ્ચિમી યુરોપના દેશો માટે હવે રશિયા નહીં પરંતુ ચીન એ મોટું લશ્કરી તાકાત બની ગયું તે ચિંતા છે અને તેથી જ અમેરિકાએ ‘નાટો’ને સમાંતર ‘કવાડ’ સહિતના સંગઠનો ઉભા કર્યા છે**

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

ઇઝરાયલ પર હમાસના હુમલો આટલો ગંભીર વળાંક લેશે તે લાંબા સમયથી વિશ્વના રાજદ્વારી અને લશ્કરી વર્તુળોમાં ચર્ચા હતી હજુ એક તરફ યુક્રેન પરના રશિયાના હુમલામાં કોઇ નિર્ણાયક સ્થિતિ બની નથી સંભવતઃ એકાદ વર્ષ સુધી પરિસ્થિતિ યથાવત રહેશે તે સમયે મધ્ય-પૂર્વમાં નવો ભડકો ૨૦૨૪માં શું વિશ્વને થર્ડ વર્લ્ડ વોરમાં હોમી દેશે આ પ્રશ્ન એટલે મહત્વનો છે કે નોર્થ એન્ટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઇઝેશન એટલે કે જેને ‘નાટો’ તરીકે ઓળખવામાં આવે છે તે પોતાની ૭૫મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે અને ખાસ કરીને યુક્રેન યુધ્ધના પગલે સમગ્ર યુરોપમાં જે પરિસ્થિતિ ઉભી થઇ છે તેમાં નાટોની ભૂમિકા મહત્વની બની રહેશે. તો બીજી તરફ હવે ફકત અમેરિકા કે રશિયાનો મોરચો નથી પરંતુ અમેરિકાએ દક્ષિણ હિન્દ સાગરમાં ચાઇના સામે પણ મોરચો માંડયો છે અને તે રીતે આ વિસ્તારમાં નાટોના સૈન્યની હાજરી નહીંવત છે જયારે બીજી તરફ યુક્રેન યુધ્ધના પગલે આ દેશને ‘નાટો’માં સમાવવા માટે વિરોધ કર્યો હતો તે પછી પોલેન્ડ અને વિશ્વના અનેક દેશો ‘નાટો’ હેઠળ નથી તેઓ સંગઠન સાથે જોડાવા માંગે છે અને અમેરિકાએ ચીન સામેના મોરચામાં ભારતને પણ ‘નાટો’માં જોડાવાનું આમંત્રણ આપ્યું પરંતુ તે સ્વાભાવિક રીતે ફગાવી દેવામાં આવ્યું ભારત પોતાની વિદેશ નીતિને એક નવું સ્વરૂપ આપી રહ્યું છે તેમાં રશિયા અને અમેરિકા બંનેની વચ્ચે ભારત પોતાનુ સ્થાન બનાવવા માંગે છે ડિપ્લોમેટીકથી લઇ મિલેટ્રીથી તમામ બાબતોમાં ભારત પોતાની સ્વતંત્ર વિદેશ નીતિને આગળ ધપાવવા માંગે છે તેથી કોઇ એક સૈન્ય સંગઠન કે કોઇ એક દેશ સાથે નહીં પણ બિનજૂથવાદી નીતિથી એક અલગ મહાસતા બનવા માટે આ જરૂરી પણ છે.

બીજા વિશ્વ યુધ્ધ બાદ જયારે પશ્ચિમી દેશોને ખાસ કરીને અમેરિકા અને રશિયા વચ્ચે શીત યુધ્ધનો પ્રારંભ થયો ત્યારે રશિયાએ પૂર્વ યુરોપમાંથી પોતાની સેના હટાવવાનો ઇન્કાર કર્યો હતો. આ દેશોમાં સામ્યવાદી શાસન સ્થાપવાનો પ્રયાસ કર્યો અને અમેરિકાએ તેનો લાભ ઉઠાવીને સામ્યવાદી વિરોધી જે મોરચો રચ્યો તેમાં લશ્કરી દ્રષ્ટિએ બીજા વિશ્વ યુધ્ધમાં નુકસાન વેઠનાર પશ્ચિમ યુરોપના દેશો અમેરિકા પ્રેરીત આ સંગઠનમાં જોડાવવાનું પસંદ કર્યુ જેથી રશિયા તે સમયે સૌથી તાકાતવાર સામ્યવાદી દેશ તરીકે સ્થાન મેળવતો હતો તેની સામે સામુહિક સુરક્ષા સત્ર મળી શકે અને તે રીતે ‘નાટો’ સંગઠન મારફત એક લશ્કરી સંગઠન તૈયાર થયું જેમાં યુરોપ સહિતના ૩૦ દેશો જોડાયા અને છેલ્લે અફઘાનિસ્તાનમાં જે અમેરિકી સૈન્યએ ભૂમિકા ભજવી હતી તેમાં ‘નાટો’ના સૈન્યને પણ સામેલ કર્યુ હતું.

પરંતુ રશિયાએ પોતે જે લશ્કરી સંગઠન બનાવ્યું હતું તે સમય જતા અનેક દેશોએ સામ્યવાદી ધુરી ફગાવીને આ સંગઠનને નામશેષ કરી નાખ્યુ જયારે ‘નાટો’ અકબંધ છે તેના ૩૨ સદસ્યો ઉપરાંત જાપાન, ન્યુઝીલેન્ડ, ઇઝરાયલ, ઓસ્ટ્રેલિયા અને દ.કોરીયા તેની સાથે જોડાયેલા છે અને ‘નાટો’ની સૈન્ય ક્ષમતાને વિશ્વની સૌથી મોટી લશ્કરી તાકાત તરીકે ઓળખવામાં આવે છે.

**બીજા વિશ્વ યુધ્ધ બાદ પૂર્વીય યુરોપને સામ્યવાદના લાલ રંગે રંગવા તે સમયના સોવિયેટ સંઘે અનેક દેશોમાં સામ્યવાદી સરકારની સ્થાપના કરી હતી અને તેમનું લશ્કરી સંગઠન પણ રચ્યું જેનો જવાબ આપવા અમેરિકાએ ‘નાટો’ની રચના કરી પરંતુ જેમાં સભ્ય દેશ પરનું કોઇ બહારનું આક્રમણ એ ‘નાટો’ પર આક્રમણ ગણાશે અને સામુહિક મુકાબલો થશે તે સિધ્ધાંત ઉપર આ સંગઠન આજે વિશ્વના ૬૦થી વધુ દેશોમાં લશ્કરી મથકો પણ ધરાવે છે અને અમેરિકાની જગત જમાદારની ભૂમિકાને પણ પીઠબળ આપે છે, જેમાં હવે જાપાન, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ઉપરાંત સાઉથ કોરીયા જેવા દેશોમાં એટેચ મેમ્બર તરીકે સ્થાન મેળવ્યું છે**

સ્થાપના પછી ‘નાટો’એ અંદાજે ૨૦૦થી વધુ દેશોમાં લશ્કરી હસ્તક્ષેપ કર્યો છે. યુરોપના દેશો પર કોઇ જોખમ ન હોવા છતાં ફકત અમેરિકા અને સાથી દેશોને હિતને કોશવા માટે ‘નાટો’નો ઉપયોગ થયો હતો.

અફઘાનિસ્તાનમાં આતંકવાદ સામેના મુકાબલાની સામે સૈન્ય મોકલ્યો તેમાં પણ ‘નાટો’ને ઘસેડયુ હતું તો યુક્રેનમાં હજુ સીધી દખલગીરી નહીં પરંતુ ‘નાટો’ના દેશો સૈન્ય સહાયતા મારફત રશિયા સામે યુક્રેનને ટકાવી રાખે છે અને હાલમાં જ અમેરિકી ચૂંટણીમાં ફરી એક વખત ડોનાલ્ડ ટ્રમ્પની એન્ટીએ ‘નાટો’ સામે નીતિથી આ લશ્કરી સંગઠનના ભવિષ્ય અંગે પ્રશ્ન સર્જાઇ શકે છે. વાસ્તવમાં ‘નાટો’એ પોતાના સભ્યો દેશો પરના આક્રમણના પોતાના પરના આક્રમણ તરીકે ગણીને સામુહિક રીતે મુકાબલો કરવાનો છે અને આ માટે અનેક મહત્વના દેશો જે વ્યુહાત્મક દ્રષ્ટિએ જરૂરી હોય ત્યાં ‘નાટો’નું સૈન્ય ગોઠવવામાં આવ્યું છે. યુરોપમાં જે રીતે આર્થિક ચિંતા મહત્વની બની ગઇ છે અને લશ્કરી દ્રષ્ટિએ યુરોપ અત્યાર સુધી બહારી આક્રમણથી દુર રહ્યું છે તે પછી અનેક દેશોએ ‘નાટો’ની આવશ્યકતા અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યો છે એટલું જ નહીં હવે રશિયા કરતા ચીન વધુ મહત્વનું બની ગયું છે અને અમેરિકાએ તેના માટે ભારત સહિતના દેશો સાથે સહયોગ કરીને ‘કવાડ’ સંગઠન પણ રચ્યું છે એટલું જ નહીં ઓસ્ટ્રેલિયા અને બ્રિટીન સહિતના દેશો એક અલગ લશકરી સંગઠન પણ અમેરિકાના નેતૃત્વ હેઠળ રચાયું છે અને તેનું મુખ્ય ટાર્ગેટ ચીન જ છે. અમેરિકા જયારે આ સંગઠનનો કુલ ખર્ચ ૭૫ ટકા જેટલો હિસ્સો આપતો હોય ત્યારે સ્વાભાવિક છે કે સાથી દેશો માટે અમેરિકાના નિર્ણયોને સ્વીકારવા પડે ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ જ અનેક વૈશ્વિક સમજુતીમાંથી અમેરિકાને બહાર કાઢીને આંચકો આપ્યો હતો. હવે જયારે પોતાની ૭૫મી વર્ષગાંઠ ‘નાટો’ ઉજવી રહ્યું છે ત્યારે તેની સૈન્ય તાકાત અંગે પણ અનેક વખત પ્રશ્ન સર્જાયા છે. ખાસ કરીને ચીન જયારે પોતાની સૈન્ય તાકાત ઉપર વધુ મુસ્તાક છે. તે સમયે તેણે ‘નાટો’ મારફત અમેરિકા પર વૈશ્વિક ગુંડાગીરી કરવાનો આરોપ મૂકયો છે અને તે દ્વારા ચીન પણ ‘નાટો’ને પોતાને એક જોખમ તરીકે જુએ છે. જોકે બીજી તરફ ચીને ‘નાટો’ના દેશો સાથે પોતાની અર્થવ્યવસ્થાને જોડીને અમેરિકાને એક અલગ મોરચે પડકાર ફેંકયો છે અને તેથી જ અમેરિકા માટે આ સંગઠનને જાળવી રાખવું વધુ મહત્વનું બની ગયું છે.

---

# તૈયાર રહેજે ધોનીએ બે વર્ષ પહેલા ઋતુરાજને કહ્યું હતું

**મને નથી લાગતું કે કેપ્ટન તરીકે મારે ટીમમાં ફેરફારની જરૂર છે. હું CSKની સંસ્કૃતિ જાળવી રાખવા માંગુ છું. તેના આધારે જ અમે આટલી સફળતા મેળવી છે. – ઋતુરાજ ગાયકવાડ**



ચેન્નાઈ: મહેન્દ્રસિંહ ધોનીએ ઋતુરાજ ગાયકવાડને ૨૦૨૨માં જ ચેન્નાઈ સુપર કિંગ્સની કેપ્ટનશીપ માટે તૈયાર રહેવા કહ્યું હતું અને ત્યારથી તે તૈયાર છે. જોકે, બંને વચ્ચે કેપ્ટનશિપને લઈને કોઈ ઊંડી ચર્ચા થઈ ન હતી. ગાયકવાડે સોમવારે રાત્રે KKR સામેની જીતમાં આગળથી સુકાની કરી હતી. ગાયકવાડે KKR પર સાત વિકેટની જીત બાદ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, ’સાચું કહું તો આ અંગે કોઈ ઊંડી ચર્ચા થઈ નથી. હું આરામથી હતો. એક જ વાતચીત થઈ. અમે પ્રેક્ટિસ કરી રહ્યા હતા અને તે મારી પાસે આવ્યો અને આ કહ્યું. બહારના દરેક વ્યક્તિ એવું વિચારી શકે છે કે મારે તેમના જેવા મહાન ખેલાડીની જગ્યા લેવી પડશે પરંતુ હું માનું છું કે મારી પોતાની શૈલી હશે. હું ટીમ કલ્ચરને જાળવી રાખવા માંગુ છું. ઋતુરાજે કહ્યું, ’તેણે મને ૨૦૨૨માં કહ્યું હતું કે કદાચ આવતા વર્ષે નહીં પરંતુ તે પછી મારે કેપ્ટન બનવું પડશે તેથી મારે તેના માટે તૈયાર રહેવું જોઈએ. હું હંમેશા તેમના વચન સાથે તૈયાર હતો.

---

### SKY ઈઝ બેક, સૂર્યકુમારની ૧૭ બોલમાં ધમાકેદાર ફિફ્ટી

# માત્ર ૧૫.૩ ઓવરમાં મુંબઈ ઈન્ડિયન્સએ ૧૯૭ રન ચેઝ કર્યા : કેપ્ટન પંડ્યાએ સિક્સ સાથે જીત અપાવી; IPL-2024માં બેંગ્લુરૂની પાંચમી હાર

### બેંગ્લુરૂની સતત ચોથી હાર, પાંચ વિકેટ લેનાર જસપ્રિત બુમરાહ પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો, કોહલી સસ્તામાં આઉટ છતાં ઓરેન્જ કેપ હોલ્ડર



મુંબઈ : ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ૧૭મી સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સે સતત ૩ પરાજય બાદ બીજી મેચ જીતી હતી. ટીમે RCB સામે ૧૯૭ રનનો મોટો ટાર્ગેટ માત્ર ૧૫.૩ ઓવરમાં ચેઝ કરી લીધો હતો. સૂર્યકુમાર યાદવે ૧૭ અને ઈશાન કિશને ૨૩ બોલમાં ફિફ્ટી ફટકારી હતી જ્યારે જસપ્રીત બુમરાહે ૫ વિકેટ ઝડપી હતી.

આ સિઝનમાં RCBની આ પાંચમી હાર છે, ટીમ સતત ચોથી મેચ હારી હતી. વાનખેડે સ્ટેડિયમમાં ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા RCBએ ૮ વિકેટના નુકસાન પર ૧૯૬ રન બનાવ્યા હતા. દિનેશ કાર્તિક, ફાફ ડુ પ્લેસિસ અને રજત પાટીદારે અડધી સદી ફટકારી હતી. મુંબઈએ ૧૯૭ રનનો ટાર્ગેટ માત્ર ૩ વિકેટ ગુમાવીને ચેઝ કર્યો હતો.

**બુમરાહને એક ઓવરમાં બે વિકેટ મળી**

૧૭મી ઓવર નાખવા આવેલા જસપ્રીત બુમરાહે બેક ટુ બેક વિકેટ લીધી હતી. તેણે ઓવરના ચોથા બોલ પર ફાફ ડુ પ્લેસિસ (૬૧ રન) અને પાંચમા બોલ પર મહિપાલ લોમરોર (૦ રન)ને પેવેલિયનનો રસ્તો બતાવ્યો.

**વર્તમાન સિઝનમાં સૂર્યાની પ્રથમ ફિફ્ટી**

સૂર્યકુમાર યાદવે ૧૩મી ઓવરમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. તેણે ૧૭ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. તેણે ટોપલીની ઓવરમાં ૩ ફોર અને ૧ સિક્સર ફટકારી હતી.

**RCB ૯મા સ્થાન પર છે**

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ૬ માંથી ૫ મેચ હાર્યું છે. બેંગ્લુરુ સતત ચાર મેચ હારી છે. RCB ટીમ હવે પોઈન્ટ ટેબલમાં ૯માં નંબર પર છે. મુંબઈની ટીમ હવે ૨ મેચ જીતીને ૭મા સ્થાને પહોંચી ગઈ છે.

**આરસીબીના બેટ્સમેનોની મહેનત વ્યર્થ ગઈ**

આરસીબીના બેટ્સમેનોએ પણ વાનખેડેમાં સારી બેટિંગ કરી હતી. ડુપ્લેસિસે ૪૦ બોલમાં ૬૧ રન બનાવ્યા હતા. રજત પાટીદારે ૨૬ બોલમાં ૫૦ રન ઉમેર્યા હતા. અંતમાં દિનેશ કાર્તિકે ૨૩ બોલમાં ૫૩ રનની અણનમ ઈનિંગ રમી હતી. આરસીબીના બેટ્સમેનોએ કુલ ૧૧ સિક્સર ફટકારી હતી. જોકે, RCBના બોલરોએ ફરી એકવાર નિરાશ કર્યો અને ટીમ સતત ચોથી મેચ હારી ગઈ. મુંબઈ ઈન્ડિયન્સે પાવરપ્લેમાં જ ૭૨ રન બનાવ્યા હતા અને ઈશાન કિશન અને રોહિત શર્માએ પ્રથમ વિકેટ માટે સદીની ભાગીદારી કરી હતી. ઈશાન કિશને RCBના દરેક બોલરને નિશાન બનાવ્યો હતો. આ ખેલાડીએ ૩૪ બોલમાં ૬૯ રન બનાવ્યા હતા. રોહિતે પણ ઈશાનને સપોર્ટ કર્યો હતો. રોહિત શર્માએ ૨૪ બોલમાં ૩ સિક્સ અને ૩ ફોરની મદદથી ૩૮ રન બનાવ્યા હતા.

**સૂર્યા ઈઝ બેક**

સૂર્યકુમાર યાદવે ક્રીઝ પર તોફાન સર્જ્યું હતું. આ ખેલાડીએ ૧૭ બોલમાં અડધી સદી ફટકારી હતી, જે તેની IPL કરિયરની સૌથી ઝડપી ફિફ્ટી છે. હાર્દિક પંડ્યાએ પણ ૩ છગ્ગાના આધારે અણનમ ૨૧ રન બનાવ્યા હતા. મુંબઈ ઈન્ડિયન્સ દ્વારા કુલ ૧૫ સિક્સર ફટકારવામાં આવી હતી. તમે કલ્પના કરી શકો છો કે આરસીબીના બોલરોએ કેટલું ખરાબ પ્રદર્શન કર્યું છે.

---

# મુંબઈ ઈન્ડિયન્સે વિષ્ણુ વિનોદના સ્થાને સૌરાષ્ટ્રના હાર્વિક દેસાઈનો ટીમમાં સમાવેશ કર્યો



વિકેટ-કીપર બેટર વિષ્ણુ વિનોદને હાથની ઈજાને કારણે TATA IPL 2024ની બાકીની મેચમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સે સૌરાષ્ટ્રના વિકેટકીપર બેટર હાર્વિક દેસાઈને રિપ્લેસમેન્ટ તરીકે સાઈન કર્યા છે.

ભાવનગરનો ૨૪ વર્ષીય હાર્વિકની ત્રણેય ફોર્મેટમાં સદી છે અને તે ભારતની U19 ટીમનો સભ્ય હતો જેણે ૨૦૧૮માં વર્લ્ડ કપ જીત્યો હતો.

---



# આ...છે....ચૂંટણીમાં મોટી જીતના આંકડાઓ...

**૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે ૩૦૩ બેઠકો જીતી હતી. ૨૬૩ બેઠકો એવી હતી જ્યાં તેના ઉમેદવારો ૫૦ હજારથી વધુ મતોના માર્જિનથી જીત્યા હતા. ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં મોટી જીતનું ચિત્ર શું હતું તે જાણીએ.**

**૨૦૧૪ની ચૂંટણીનું ચિત્ર શું હતું?**




ભાજપે ૫ લાખથી વધુ મતોની સરસાઈથી ૬ બેઠકો જીતી હતી.



ભાજપે ૪ લાખથી વધુ મતોના માર્જિન સાથે ૧૩ બેઠકો જીતી હતી. અન્ય પક્ષોના ઉમેદવારો ૪ લાખથી વધુ મતોથી ૩ બેઠકો પર જીત્યા.

**૨૦૧૯ માં ચિત્ર કેટલું બદલાયું છે?**

**૫ લાખ+ મતોથી જીતો | ૪ લાખ+ મતોથી જીતો | ૩ લાખ+ મતોથી જીતો | ૨ લાખ+ મતોથી જીતો**




**૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં, બીજેપીની આગેવાની હેઠળના ગઠબંધન (NDA)એ ૩૩૬ બેઠકો જીતી હતી.**

**૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં ભાજપના ગઠબંધન (NDA)ને ૩૫૩ બેઠકો મળી હતી.**

---



### હાર્ટના વાલ્વના દર્દીઓ માટે ગુડ ન્યુઝ

# હવે ઓપરેશન વિના થઈ શકશે હાર્ટના વાલ્વનું રિપ્લેસમેન્ટ

### ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન (TAVI) દર્દીઓ માટે બન્યુ આશાકિરણ

નવી દિલ્હી તા.૧૨

વાલ્વ બદલવા માટે હૃદયને સરવુ પડે છે. ૫ થી ૬ કલાકની સર્જરી થાય છે. દર્દીને કેટલાંય દિવસથી હોસ્પીટલમાં રહેવુ પડે છે. ઈન્ફેકશનનો ખતરો રહે છે પણ હવે ચીરફાડ વિના પણ વાલ્વ રીપ્લેસમેન્ટ સંભવ છે.

હાર્ટ વાલ્વની બિમારીનો સામનો કરી રહેલા દર્દીઓ માટે આ આશા ટ્રાન્સકેથેટર એઓર્ટીક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન (ટીએવીઆઈ)એ વધારી છે. તેને ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટ (ટીએવીઆર) પણ કહેવામાં આવે છે.

વાલ્વની પારંપારીક સર્જરીની તુલનામાં સ્ટેન્ટની જેમ કેથેટરનાં માધ્યમથી વાલ્વ રિપ્લેસમેન્ટ સર્જરીની સફળતા અને રીતે દર્દીઓ માટે હિતકારી છે. તેમ છતા તેના બારામાં જાણકારીનો અભાય કયાંક ને કયાંક ચિંતાનો વિષય છે. હાર્ટ એકસપર્ટનું કહેવુ છે કે દરેક માણસનાં હાર્ટમાં ચાર ચેમ્બર હોય છે અને બધી ચેમ્બરમાં બ્લડ જવા પર વાલ્વ ખુલે છે અને વિપરીત દિશામાં જવા પર બંધ થઈ જાય છે.વાલ્વ એ નિશ્ચિત કરે છે કે ખરા સમયે બ્લડ ખરી દિશામાં ખરા પ્રેસરથી પહોંચી રહ્યું છે કે નહિં જયારે વાલ ખરાબ થઈ જાય છે અને તે બરાબર ખુલતુ નથી હોતુ જેથી દર્દીને પરેશાની થાય છે એટલે સર્જરી કરીને ખરાબ વાલ્વની જગ્યાએ નવા વાલ્વ લગાવવામાં આવે છે.પણ અત્યાર સુધી તેના માટે ઓપન હાર્ટ સર્જરી કરવી પડતી હતી પણ હવે તે ઓપન હાર્ટ સર્જરી વિના પણ સંભવ થઈ રહ્યુ છે.

**વાલ્વ ખરાબ થવાના કારણો**

**જન્મજાત**

અનેક બાળકોમાં જન્મની સાથે જ આ બિમારી હોય છે.

**જેનેટીક**

કયારેક-કયારેક કેટલાંક પરિવારોમાં હાર્ટ વાલ્વ ખરાબ થવાની હિસ્ટરી હોય છે.

**ઈન્ફેકશન**

કેટલાંક લોકોમાં આ સમસ્યા ઈન્ફેકશનનાં કારણે થાય છે.

**ઉંમર**

કેટલાંક લોકોને વય વધવાની સાથે વાલ્વની માંસ પેશીઓ નબળી પડવાથી વાલ્વ ખરાબ થાય છે.

### માફામાફીનો સમય પુરો; ભાજપે પણ રણનીતિ ફેરવી

# રૂપાલા ફોર્મમાં આવી ગયા; વિરોધીઓને સીધો સંદેશ

રાજકોટ: ગુજરાતમાં લોકસભા ચૂંટણીમાં પ્રારંભથી એક તરફી મનાતા ટ્રેન્ડ વચ્ચે અનેક બેઠકો પર ભાજપના ઉમેદવારોની પસંદગી સામે સર્જાયેલા અસંતોષ તથા ખાસ કરીને રાજયના ચુંટણી ઈતિહાસમાં સંભવત પ્રથમ વખત ભાજપે જાહેર કરેલા બે ઉમેદવારોને બદલવા પડયા તેમાં ડેમેજ કંટ્રોલ કર્યા બાદ અચાનક જ રાજકોટ સંસદીય બેઠક પરના પક્ષના ઉમેદવાર તથા કેન્દ્રીયમંત્રી પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા વિધાનોનો વિરોધનો વંટોળ સમગ્ર ગુજરાત અને ગુજરાત બહાર પણ સર્જાયો હતો અને બોયકોટ રૂપાલાના નારા સાથે ક્ષત્રિય સમાજે રૂપાલાની ટિકીટ રદ કરવા કરેલી માંગણીમાં ભાજપ અને ખાસ કરીને

## રાજકોટની સભામાં કહ્યું વો શમા કયા બુઝે જીસે રોશન ખુદા કરેઃ નાના-મોટા વિરોધ પ્રદર્શન-બોયકોટ રૂપાલાની માંગ સામે સ્ટ્રેટ-ડ્રાઈવ ફટકારી



## લોકસભા-રાજયસભા તો ઘણી જોઈ છે; આ વિધાનોથી તેઓ સતા માટે નહી પણ પક્ષના આદેશથી ચુંટણી લડી રહ્યા હોવાનું પણ સ્પષ્ટ કર્યુ

પરસોતમ રૂપાલાએ ડિફેન્સીવ સ્ટેન્ડ અપનાવી આ વિધાનો પર બે વખત માફી માંગી લઈને વિવાદ શાંત કરવા કરેલા પ્રયત્નો બાદ પણ વિરોધ યથાવત રહેતા હવે તેઓ તેમની ઉમેદવારી સામે ઉભા કરાયેલા પડકારની પરવા કર્યા વગર જ છુટ્ટા હાથે 'વોટીંગ' કરવા તૈયાર થયા હોવાના સંકેત છે. ભાજપે લાંબો સમય સુધી ક્ષત્રિય સમાજનો રોષ શાંત પાડવા પ્રયાસ કર્યો હતો અને ખુદ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પણ બે હાથ જોડી રૂપાલાને માફી આપવા અપીલ કરી હતી તથા પક્ષની સાથે જોડાયેલા પુર્વ મહારાજાઓને પણ આ પ્રકારે અપીલ કરવા માટે આગળ લાવ્યા હતા પણ જે રીતે ફકત રાજકોટ નહી પણ રાજયભરમાં નાના-મોટા પાયે રૂપાલાનો વિરોધ થઈ રહ્યો છે પછી ભાજપે રણનીતિ બદલી હોવાના સંકેત છે અને ગઈકાલે જ રાજકોટમાં અમૃતસાગર પાર્ટી પ્લોટ ખાતે ભાજપના કાર્યકર્તા સંમેલનમાં રૂપાલાએ પ્રથમ વખત આડકતરી રીતે તેઓ પરીસ્થિતિનો મુકાબલો કરવા તૈયાર હોવાનો સંકેત આપી દીધો છે. શ્રી રૂપાલાએ તેમના પ્રવચનના અંતે ઉર્દૂના વિખ્યાત શેર 'ફાનુસ બનકર જિસકી હિફાજત હવા કરે... વો શમા કયા બૂઝે જિસે રૌશન ખુદા કરે.' લલકારીને તેઓ હવે આ પ્રકારના વિરોધને ગણકારવા તૈયાર નહી હોવાનો સંકેત આપી દીધો છે અને તે રીતે તેમનો વિરોધ કરી રહેલા વર્ગને પણ સંદેશ આપી દીધો હતો. શ્રી રૂપાલાએ ગઈકાલે રાજકોટમાં વિધાનસભા-૬૯ના કાર્યાલયના ઉદઘાટન સમયે ક્ષત્રિય સમાજની બહેનોએ જે રીતે રૂપાલા-હાયહાયના નારા સાથે વિરોધ પ્રદર્શનનો પ્રયાસ કર્યો તેનો પણ આડકતરો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું કે જે રીતે વાતાવરણને ડહોળવા પ્રયાસ થાય છે. તેમાં તમે (કાર્યકર્તાઓ) ધૈર્ય અને સંયમ રાખજો. મને તમારા સૌ પર ભરોસો છે અને

(અનુસંધાન છઠ્ઠા પાને)

### ધાનાણીની 'એન્ટ્રી' ધમાકેદાર કરવાની 'તક' કોંગ્રેસે ગુમાવી?

રાજકોટ: ગુજરાતભરમાં રાજકીય રીતે હોટ ટોપીક બની ગયેલી રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે એક તરફ 'ટોકન' ફાઈટ આપવા પણ કોંગ્રેસને ઉમેદવાર મળતા ન હતા તે સમયે રૂપાલાના ક્ષત્રિય સમાજ અંગે કરેલા વિધાનોથી આ પક્ષને નવી આશા જાગી અને અમરેલીના જ તથા બે દશકાથી વધુ સમય પુર્વે પરસોતમ રૂપાલાને વિધાનસભા ચુંટણીમાં પરાજીત કરનાર પરેશ ધાનાણીને કોંગ્રેસે ઉમેદવાર બનાવ્યા તે સમયે જે વાતાવરણ સર્જાયુ હતું તેનો 'લાભ' લેવાનું કોંગ્રેસ ચૂકી ગઈ તેવા દ્રશ્યો છે. કોંગ્રેસના જ સૂત્રોએ કહ્યું કે ધાનાણીની ધમાકેદાર એન્ટ્રી થવી જોઈતી હતી હવે જયારે રૂપાલા જ આ બેઠક લડશે તે નિશ્ચિત થયું પછી ધાનાણીએ પણ રાજકોટમાં લડવું ફરજીયાત બની ગયું છે પણ કોંગ્રેસના એક નેતાએ હવે આ લડાઈને હિન્દી ફિલ્મમાં જે રીતે પોલીસ ધ એન્ડ સમયે જ આવે છે તે સમાન ગણાવીને ભાજપે તેનો ભય ફગાવી દીધો છે તે પણ નિશ્ચિત કર્યુ છે.

## વિરોધ પ્રદર્શનથી પણ વિચલીત નહી થવા કાર્યકર્તાઓને સંદેશઃ કાર્યકર્તા-મતદારો પર મને પુરો ભરોસો છે: સૌને સાથે લઈ લીધા



(તસ્વીર : પંકજ શીશાંગીયા)

### એક વ્યકિતને ૪-૪ અપાતા ફોર્મ લેવા આવેલા અર્ધોડઝન ક્ષત્રિયોએ અન્યોને તાબડતોબ તેડાવ્યાઃ ૧૦૦ નામાંકન પત્ર ઉપાડી લેવાયા

# રાજકોટમાં પ્રથમ દિવસે જ ૧૫૦થી વધુ ફોર્મ ઉપાડયાઃ ક્ષત્રિયો મેદાન

**ભાજપ તરફથી પરસોતમ રૂપાલા, મોહન કુંડારીયા સહિતના નામે ૮ ફોર્મ ઉપડયા**

**કોંગ્રેસમાંથી પરેશ ધાનાણી, ડો. હેમાંગ વસાવડા, હિતેષ વોરાના નામે ૧૨ ફોર્મ**

**બસપા ઉપરાંત બહુજન મુકિત પાર્ટીએ ૩-૩ તથા અન્ય અપક્ષો ઉમટી પડયા**

રાજકોટ તા.૧૨

રાજકોટ સહિત રાજયની લોકસભાની ૨૬ અને વિધાનસભાની ૫ બેઠકોની આગામી તા.૭મેનાં આયોજિત કરાયેલ ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા આજે જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ (નામાંકનપત્ર)ની પ્રક્રિયા શરૂ થવા પામી છે. જેની સાથે જ રાજકીય ગરમાવો આવી જવા પામેલ છે.

રાજકોટ લોકસભાની બેઠક માટે જીલ્લા કલેકટર કચેરી ખાતે આજે ઉઘડતી કચેરીએ જ ૧૧ વાગ્યે ઉમેદવારી પત્રો ઉપાડવા માટે ધસારો થયો હતો. જેમાં આજે પ્રથમ દિવસે બપોર સુધીમાં ૧૫૦થી વધુ ઉમેદવારી પત્રો જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાંથી ઉમેદવારો અને તેના પ્રતિનિધિઓએ ઉપાડેલ હતા.

અહીં એ ઉલ્લેખનીય છે કે લોકસભાની બેઠકની ઉમેદવારીના ફોર્મ વિનામૂલ્યે ચૂંટણી અધિકારીની કચેરીમાંથી આપવામાં આવી રહ્યા છે. આજે ઉઘડતી કચેરીએ જ ઉમેદવારી ફોર્મ લેવા માટે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ અને અપક્ષ

(અનુસંધાન છઠ્ઠા પાને)

## સાવધાન, ટ્રેનમાં યાત્રા કરતી વખતે સામાન નિશ્ચિત વજનથી વધુ હશે તો થશે દંડ

**ટ્રંક, બેગ, સુટકેસની સાઈઝ પણ નકકી કરાઈ**



નવી દિલ્હી, તા. ૧૨

ભારતીય રેલવે પોતાની સેવાઓ વધુને વધુ આરામદાયક બનાવી રહ્યું છે. વંદે ભારત સહિત અનેક નવી ટ્રેનને ચલાવવામાં આવે છે, સાથે જ યાત્રિકોને ઝડપથી, સુખ સુવિધા સાથે આસાન સફર મળી શકે તે માટેના પ્રયાસો પણ કરે છે. ટ્રેનથી યાત્રા કરનારાઓ પોતાની સાથે ભારે ભરખમ સામાન પણ લઈને જાય છે પરંતુ શું તમને ખ્યાલ છે કે ટ્રેનમાં નક્કી કરેલી લિમિટ સુધીનો જ સામાન લઈ જઈ શકાય છે. આ માટે રેલવેએ કયા કોચમાં કેટલો સામાન લઈ જઈ શકાય છે તે અંગે જાણકારી આપી છે. જો નક્કી કરેલી લિમિટથી વધુ સામાન હશે તો મોટો દંડ થઈ શકે છે.

રેલવે નિયમ મુજબ એસી ફર્સ્ટ કલાસમાં યાત્રી ૭૦ કિલો સુધીનો સામાન ફ્રીમાં લઈ જઈ શકે છે. જ્યારે એસી ૨ ટિયરમાં ૫૦ કિલો સુધીનો સામાન લઈ જવાની છૂટ છે. આ ઉપરાંત એસી ૩ ટિયર કે ચેર કારમાં ૪૦ કિલો સુધીનો સામાન ફ્રીમાં લઈ જઈ શકાય છે. સ્લીપર કલાસની વાત કરીએ તો તેમાં યાત્રી પોતાની ટિકિટ સાથે ૪૦ કિલો સુધીનો

(અનુસંધાન છઠ્ઠા પાને)



# દાહોદ, બનાસકાંઠા, સાબરકાંઠામાં કરા સાથે માવઠા : સોમવાર સુધીની આગાહી

**ઉત્તર ગુજરાતમાં વીજળી પણ ખાબકી-બે દાઝયા : કચ્છ-ગીર સોમનાથમાં કમોસમી વરસાદ થવાના સંકેત : ખેડુતો ચિંતામાં : ગરમીમાં રાહત**

રાજકોટ, તા. ૧૨

આજથી ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અમુક સ્થળોએ વેસ્ટર્ન ડિર્સ્ટબન્સની અસર હેઠળ માવઠુ થવાની આગાહી હવામાન વિભાગે કરી છે. આ કમોસમી વરસાદ આગામી તા. ૧૫ સુધી રહેશે તેવો વરતારો હવામાન વિભાગે આપેલ છે.

ત્યારે ગઇકાલે ગુજરાતમાં દાહોદ, બનાસકાંઠા, સાબરકાંઠા અને છોટા ઉદેપુર જિલ્લામાં અચાનક હવામાન પલ્ટા સાથે કરા સાથે કમોસમી વરસાદ પડતા ખેડુતો ચિંતાતુર થઇ ગયા હતા. જયારે માંડવ રોડ સબરાડા ગામમાં બે વ્યકિતઓ ઉપર વિજળી પડતા બંને દાઝી ગયા હતા.

વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી અનુસાર ગઇકાલે રાજ્યના ૪ જેટલા જિલ્લાઓમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. બપોર બાદ સાબરકાંઠા, બનાસકાંઠા, દાહોદ અને છોટા ઉદેપુર જિલ્લાના હવામાનમાં અચાનક પલટો

(અનુસંધાન છઠ્ઠા પાને)

**તા. ૧૩ થી ૧૫ કયાં પડશે વરસાદ ?**

**તા. ૧૩ એપ્રિલ :** થન્ડરસ્ટોર્મ સાથે વલસાડ, નવસારી, સુરતમાં વરસાદની આગાહી આ ઉપરાંત ભરૂચ, કચ્છ અને ગીર સોમનાથમાં વાદળછાયા વાતાવરણ સાથે સામાન્ય વરસાદ થઇ શકે છે.

**તા. ૧૪ એપ્રિલ :** થન્ડરસ્ટોર્મ સાથે નર્મદા, છોટા ઉદેપુર અને દાહોદમાં વરસાદની શકયતા. અરવલ્લી, સાબરકાંઠા, કચ્છ અને ગીર સોમનાથમાં પણ વરસાદની આગાહી છે.

**તા. ૧૫ એપ્રિલ :** હવામાન વિભાગ દ્વારા સાબરકાંઠા, અરવલ્લીમાં સામાન્ય વરસાદની શકયતા જણાવવામાં આવી છે. મહીસાગર અને દાહોદમાં સામાન્ય વરસાદની આગાહી છે.

### મોદી પરિવાર સભામાં જ જાહેરાત કરી

# ક્ષત્રિય સમાજના અપમાન બદલ બોટાદ તાલુકા ભાજપ મહામંત્રી ખાચરનું રાજીનામુ

### પહેલા મારો સમાજ પછી પક્ષઃ ભાજપના ચાલુ સમારોહમાં રાજીનામું આપ્યાની જાહેરાત

રાજકોટ તા.૧૨

લોકસભાની ચૂંટણીનો પ્રચાર-પ્રસાર જામ્યો છે ત્યારે રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાએ ક્ષત્રિય રાજપૂત સમાજ વિશે કરેલી ટીપ્પણીનાં પગલે સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાત સાથે અનેક રાજયોમાં ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે. જેના પગલે રાજપૂત-ક્ષત્રિય સમાજના આગેવાનો, કાર્યકરો ભાજપમાંથી રાજીનામુ આપી રહ્યા છે જેમાં વધુ એક બોટાદ તાલુકા ભાજપના મહામંત્રી વિજયભાઈ ખાચર (પાળીયાદ) વાળાએ ભાજપ પક્ષમાંથી રાજીનામુ આપ્યાનો વિડિયો વાયરલ થયો છે.

વિડીયોમાં ભાજપના ચાલુ કાર્યક્રમમાં બોટાદ તાલુકા ભાજપ મહામંત્રી વિજયભાઈ ખાચર (પાળીયાદ) વાળાએ જણાવ્યું હતું કે પરસોતમભાઈ રૂપાલાએ ક્ષત્રિય સમાજનું અપમાન કર્યુ તેની સમાજમાં નારાજગી છે. આજે મારે મારા સમાજ સાથે રહેવાની ફરજ પડી છે જેથી હું મહામંત્રી પદેથી રાજીનામુ આપું છું. છેલ્લા ૨૦ વર્ષથી ભાજપ સાથે જોડાયેલ છું. પક્ષ મારૂ રાજીનામુ સ્વીકારે સાથે મોવડી મંડળ આ મામલે સમાધાનકારી ઉકેલ લાવે તેવી માંગણી છે.

કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે
શેર બજારની ઓફીસ માટે ટર્મીનલ ઓપરેટ કરી શકે તેવા અનુભવી/બીન અનુભવી
M.98253 40048

NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઇટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.



ભારતીય પ્રવાસીઓના બહિષ્કારની અસર

# માલદીવ ઝૂકયું : પ્રવાસન વધારવા આગામી મહિને ભારતમાં રોડ શો કરશે

ન્યુ દિલ્હી : ભારતીય પ્રવાસીઓને આકર્ષવા માટે, માલદીવે ભારતીય શહેરોમાં રોડ શોનું આયોજન કરવાનું નક્કી કર્યું છે. માલદીવમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં સતત ઘટાડા વચ્ચે, માલદીવ એસોસિએશન ઓફ ટ્રાવેલ એજન્ટ્સ એન્ડ ટૂર ઓપરેટર્સ (MATATO) એ અહીં ભારતના હાઈ કમિશનર મુનુ મહાવર સાથે બંને દેશો વચ્ચે પ્રવાસ અને પ્રવાસન સહયોગ વધારવા પર ચર્ચા કરી હતી . ભારતના બહિષ્કારની અસર માલદીવમાં વિવિધ ક્ષેત્રો પર પડી રહી છે, ખાસ કરીને પર્યટન, જે માલદીવની અર્થવ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

એક સમય હતો જ્યારે માલદીવની મુલાકાતે આવતા પ્રવાસીઓમાં ભારત નંબર વન હતું. આવી સ્થિતિમાં ભારતીય પ્રવાસીઓ આ દેશની અર્થવ્યવસ્થા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આંકડા દર્શાવે છે કે ટોચના પ્રવાસી દેશ હોવાને કારણે ભારતનું સ્થાન જાન્યુઆરીથી ઘટીને પાંચમા સ્થાને અને હવે છઠ્ઠા સ્થાને આવી ગયું છે. માલદીવના પર્યટન મંત્રાલયના આંકડા અનુસાર, આ વર્ષે ૧૦ એપ્રિલ સુધી, કુલ



૬,૬૩,૨૬૯ પ્રવાસીઓના આગમનમાંથી, ચીન ૭૧,૯૯૫ સાથે ટોચ પર છે, ત્યારબાદ યુનાઇટેડ કિંગડમ (૬૬,૯૯૯), રશિયા (૬૬,૮૦૩), ઇટાલી (૬૧,૩૭૯) અને બીજા ક્રમે છે. ચોથા સ્થાને, જર્મની (૫૨,૨૫૬) પાંચમા સ્થાને અને ભારત (૩૭,૪૧૭) છઠ્ઠા સ્થાને છે.

Sun.mv ન્યૂઝ પોર્ટલના અહેવાલો અનુસાર, માલેમાં ભારતીય હાઈ કમિશન ખાતે યોજાયેલી બેઠકમાં ચર્ચાઓ બાદ, MATATOએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓએ પ્રવાસન પહેલને પ્રોત્સાહન આપવા માટે માલદીવમાં ભારતીય હાઈ કમિશન સાથે નજીકથી સહયોગ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.

નિવેદન અનુસાર, ભારતના મુખ્ય શહેરોમાં રોડ શો શરૂ કરવામાં આવશે. આગામી મહિનાઓમાં માલદીવમાં પ્રભાવકો અને મીડિયાના પરિચિતોની મદદથી માલદીવને પણ પ્રમોટ કરવામાં આવશે. માલદીવ્સ માટે ભારત એક મહત્વપૂર્ણ પ્રવાસી બજાર હોવાથી, MATATO કહે છે કે તેઓ માલદીવને પ્રીમિયર ટ્રાવેલ ડેસ્ટિનેશન તરીકે પ્રોત્સાહિત કરવા માટે ભારતભરના મોટા પ્રવાસ સંગઠનો અને ઉદ્યોગના હિતધારકો સાથે ભાગીદારી કરવા આતુર છે.

**પીએમ મોદી પર અપમાનજનક ટિપ્પણી બાદ બોયકોટ માલદીવ ટ્રેન્ડ થયું હતું :**

માલદીવના એક મંત્રી અને અન્ય કેટલાક નેતાઓએ લક્ષદ્વીપના એક બીચ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વીડિયો પોસ્ટ કર્યા બાદ સોશિયલ મીડિયા પર તેમની વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી. જોકે, આ વિવાદ વધતો જોઈને રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ ત્રણ મંત્રીઓને તેમની સોશિયલ મીડિયા પોસ્ટ બાદ સસ્પેન્ડ કરી દીધા હતા. આ ઘટનાથી બંને દેશો વચ્ચેના સંબંધો વણસ્યા અને રાજદ્વારી વિવાદ સર્જાયો. ભારતમાં બોયકોટ માલદીવ ખૂબ જ ટ્રેન્ડ થયું હતું અને હજારો લોકોએ માલદીવ પ્રવાસ રદ કર્યો હતો જેના કારણે આર્થિક ફટકો પડ્યો હતો.

# પીએમ મોદીના ખાસ મિત્ર પુતિનની આ વર્ષે હત્યાનો પ્રયાસ થશે : બાબા વેંગાની ભવિષ્યવાણી

## દુનિયામાં આવશે આર્થિક સંકટ : ચીન જૈવિક શસ્ત્રનું પરીક્ષણ કરશે : કેન્સર, અલ્ઝાઈમર જેવી અસાદય બીમારીની દવા શોધાશે : બાબાની વર્ષ ૨૦૨૪ની ભવિષ્યવાણી

નવી દિલ્હી, તા. ૧૨

બલ્ગેરિયાના રહસ્યમય બાબા વેંગાએ વર્ષ ૨૦૨૪ માટે ઘણી ભવિષ્યવાણીઓ કરી છે. અંધ બાબા વેંગાએ ૮૫ વર્ષની વયે ૧૯૯૬ માં તેમના મૃત્યુ પહેલા ૨૦૨૪ માટે ઘણી ભવિષ્યવાણી કરી હતી, જેમાંથી કેટલીક સાચી પડી રહી હોવાનું જણાય છે અને આ વર્ષના પ્રારંભિક મહિનામાં વિશ્વના ઘણા ભાગોમાં ઉથલપાથલ જોવા મળી છે.



૯/૧૧ હુમલા, ચેર્નોબિલ દુર્ઘટના અને પ્રિન્સેસ ડાયનાના મૃત્યુ જેવી મોટી વૈશ્વિક ઘટનાઓની આગાહી કરનારા બાબા વેંગા પાસે ૨૦૨૪ માટે ઘણી આગાહીઓ છે.

બાબા વેંગાએ આ વર્ષ માટે ૫ મોટી ભવિષ્યવાણીઓ કરી છે. તેમનું કહેવું છે કે આ વર્ષે દુનિયા મોટા આર્થિક સંકટનો સામનો કરી રહી છે. તેની શરૂઆત જાપાન અને બ્રિટનથી થશે અને આખી દુનિયા તેની પકડમાં આવી જશે. વિશ્વમાં દેવાનું વધતું જતું સ્તર અને વધતો જતો ભૌગોલિક રાજનૈતિક તણાવ આના મુખ્ય કારણો હશે.

બાબા વાંગાએ આગાહી કરી છે કે વર્ષ ૨૦૨૪માં કેન્સર અને અલ્ઝાઈમર જેવી અસાધ્ય બીમારીઓની સારવાર ઉપલબ્ધ થશે, જે સમગ્ર માનવજાતને ઘણો ફાયદો થશે અને વિશ્વના લાખો લોકોના જીવ બચાવશે.

બાબા વેંગાના સમર્થકોના મતે આ વર્ષે સમગ્ર વિશ્વમાં સાયબર હુમલામાં વધારો થશે. જેના કારણે મોટી સંખ્યામાં લોકોએ પોતાની મિલકત ગુમાવવી પડશે. આ સાયબર હેકર્સ પાવર ગ્રીડ અને વોટર પ્લાન્ટ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવશે, જે દેશોની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો કરશે.

બાબા વેંગાએ આગાહી કરી હતી કે આ વર્ષે યુરોપમાં ઘણા આતંકવાદી હુમલા થશે. આ દેશોની સરકારો આ હુમલાઓનો સામનો કરવામાં લાચારી અનુભવશે. તેની સાથે જ વિશ્વનો એક મોટો દેશ (સંભવતઃ ચીન) જૈવિક શસ્ત્રોનું પરીક્ષણ કરશે. તેના ટ્રાયલથી દુનિયામાં ભયનું વાતાવરણ વધશે.

પીએમ મોદીના મિત્ર વ્લાદિમીર પુતિન વિશે બાબા વેંગાની ખતરનાક ભવિષ્યવાણી છે. બાબાનું કહેવું છે કે આ વર્ષે રશિયાના રાષ્ટ્રપતિ પુતિનની હત્યાના પ્રયાસ થઈ શકે છે. જો આમ થશે તો રશિયા અને વિશ્વની રાજનીતિમાં મોટા ફેરફારો થશે. આ કારણે રશિયાની વિદેશ નીતિઓમાં પણ ફેરફાર જોવા મળી શકે છે.

# ફોન પર વાત કરતી પત્નીને આપી ક્રૂર સજા : પતિએ હાથ કાપી નાખ્યો

## પત્નીના ચારિત્ર્ય પર પતિ શંકા કરતો હતો : કપાયેલા હાથ સાથે ફરાર પતિને શોધવા પોલીસની તજવીજ



અશોકનગર(મધ્યપ્રદેશ), તા. ૧૨

પતિ અને પત્ની વચ્ચે નાના-મોટા ઝઘડાઓની વાત અવારનવાર સામે આવતી હોય છે. પરંતુ મધ્યપ્રદેશમાં એક પતિ પોતાની પત્નીને ફોન પર વાત કરતા જોઈને એટલો ગુસ્સે થઈ ગયો કે તેણે ઘરમાં સૂઈ રહલી પત્નીનો હાથ કુહાડીથી કાપી નાખ્યો. એટલું જ નહીં તે પત્નીનો કપાયેલો હાથ પણ લઈને ભાગી ગયો. જે બાદ પોલીસ મહિલાનો કપાયેલો હાથ અને ફરાર પતિને શોધવા લાગી હતી.

આ મામલો મધ્યપ્રદેશના અશોકનગર જિલ્લાનો છે. જ્યાં શહેરથી લગભગ ૨ કિલોમીટર દૂર બરખેડી ગામમાં રહેતી મિથિલેશ પતિ કમલ અહિરવારની સાથે બુધવારની રાત્રે પોતાના ઘરમાં સૂતી હતી. ત્યારે તેના પતિએ કુહાડીથી તેનો હાથ કાપી નાખ્યો અને મહિલાનો કપાયેલો હાથ લઈને ભાગી ગયો.

ભારત-કેનેડા વચ્ચે વધતા તનાવમાં ટ્રુડો સરકારની નવી પહેલ

# ‘કેનેડાએ દિલ્હી દૂતાવાસમાં ભારતીય કર્મચારીઓને છુટા કર્યા

## અમારા ડિપ્લોમેટને પરત જવા ભારતે ફરજ પાડયા બાદ હવે સપોર્ટ સ્ટાફની જરૂર નથીઃ મુંબઈ કોન્સ્યુલેટ લગભગ બંધઃ ફકત વિસા કામગીરી થશે

નવી દિલ્હીઃ

ભારત અને કેનેડા વચ્ચે સતત બગડતા જતા રાજદ્વારી સંબંધોમાં અગાઉ ભારતે નવી દિલ્હી ખાતેના કેનેડાના દૂતાવાસના ૪૧ અધિકારી-કર્મચારીઓને પરત મોકલી દીધા બાદ કેનેડાએ દિલ્હી ખાતેના દૂતાવાસમાં વધુ ઘટાડો કર્યો છે. આ જ રીતે મુંબઈ-ચંદીગઢ અને બેંગલુરૂ ખાતેની કેનેડીયન વાણીજય કચેરીઓના સ્ટાફમાં પણ ઘટાડો કર્યો છે. કેનેડાએ સ્થાનિક સ્તરે તેને યોગ્ય કર્મચારીઓની આવશ્યકતા હોવાથી તેના કર્મચારીઓમાં ઘટાડો કર્યો છે અને મુંબઈના કોન્સ્યુલેટને તો બંધ જ કરી દીધુ છે.

કેનેડાએ જણાવ્યું કે ભારતમાં અમારા દૂતાવાસ તથા વાણિજય કચેરીમાં સીનીયર સ્ટાફ અને ખાસ કરીને ડિપ્લોમેટની સંખ્યા ઘટાડાતા અમોને તેના સપોર્ટ સ્ટાફની સંખ્યા પણ ઘટાડવી પડી છે. જો કે વિસા સહિતની પ્રક્રિયામાં કર્મચારીઓમાં ઘટાડો થયો નથી અને તેઓએ છુટા કરાયેલા ભારતીય સ્ટાફનો પણ આભાર માનીને વિદાય આપી હતી. હાલમાં જ કેનેડાના



વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ ફરી એક વખત ભારત સામે નારાજગી વ્યકત કરીને કહ્યું કે અમારા દેશમાં થતી હત્યામાં અમો ફરિયાદ કરીએ તો ભારતને માઠું લાગે છે તેનો ઈશારો કેનેડા-ખાલીસ્તાની નેતા હરદીપસિંહ ગુજજરની હત્યામાં ભારતની ભૂમિકા અંગે પણ વિવાદ સર્જયો હતો અને ભારતે આ હત્યામાં તેની સંડોવણી નકારી હતી.

# વિધાનસભા અદયક્ષ શંકર ચૌધરીએ ભાજપ ઉમેદવાર માટે પ્રચાર કર્યા?!!

## કોંગ્રેસ દ્વારા ચુંટણીપંચને ફરિયાદ

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ બનાસકાંઠામાં ભાજપના ઉમેદવાર ડો. રેખા ચૌધરી માટે પ્રચાર કરીને આચારસંહિતાનો ભંગ કર્યાની ફરિયાદ કોંગ્રેસ પક્ષે ચુંટણી પંચને કરી છે. શ્રી ચૌધરી વિધાનસભા અધ્યક્ષ હોવાથી તેઓ કોઈ રાજકીય



પક્ષ માટે પ્રચાર કરી શકતા નથી. અધ્યક્ષ બન્યા પુર્વે તેઓએ ભાજપના પ્રાથમીક સભ્યપદેથી પણ રાજીનામુ ધરી દીધુ હતું. કોંગ્રેસના પ્રવકતા મનીષ દોશીએ આ અંગે વિડીયો સહિતના પુરાવા પુરા પંચને સુપ્રત કર્યા છે જેમાં તેઓ પ્રચાર કરતા નજરે ચડતા હોવાનો કોંગ્રેસનો દાવો છે.

## ‘આપ’ નેતા મનીષ સીસોદીયાને રાહત ન મળેઃ અદાલતે ૨૪ એપ્રિલ સુધી કસ્ટડી લંબાવી

પાકિસ્તાનમાં હૈયુ હચમચાવી નાખતી ઘટના

# ખાવાના સાંસા પડતા પતિએ પત્ની તથા સાત સંતાનોને કુહાડીના ઘા ઝીંકી મારી નાખ્યા

## ખાવાપીવાના પૈસા ન હતાઃ ગરીબીને કારણે હત્યા કર્યાની કબુલાત

કરાચી તા.૧૨

પાકિસ્તાનમાં દવા અને ખાદ્યપદાર્થો જેવી મૂળભૂત વસ્તુઓની કિંમતો આસમાને પહોંચી રહી છે. ત્યારે આ બધા વચ્ચે એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, આર્થિક સંકટથી ઝઝૂમી રહેલા એક વ્યક્તિએ પોતાના ૭ બાળકો અને પત્ની પર કુહાડી મારીને હત્યા કરી છે. મળતી માહિતી પ્રમાણે આ ઘટના પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં બની હતી. આ ઘટનામાં તમામ ૮ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

આર્થિક સંકટમાં ફસાયેલા આરોપી સજ્જાદ ખોખર નામનો વ્યક્તિ પોતાના બાળકો અને પત્નીનું ભરણપોષણ કરી શક્તો ન હતો. પૈસાની અછતના કારણે આરોપી ખૂબ જ પરેશાન હતો અને તેની પત્ની સાથે અવારનવાર વિવાદ થતો હતો.તેથી તેણે પોતાના પરિવારને જ મોતને ઘાટ ઉતારી દીધા. કાળજુ કંપાવી દે તેવી આ ઘટનામા આરોપી સજ્જાદની ૪૨ વર્ષીય પત્ની કૌસર, ચાર પુત્રીઓ અને ત્રણ પુત્રોના મોત થયા હતા. આ જઘન્ય અપરાધ બાદ પંજાબ પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

પોલીસે જણાવ્યું કે, આરોપીએ કુહાડી વડે તેના પરિવારની હત્યા કરી હતી. આરોપીએ પોતાનો ગુનો કબૂલી લીધો છે. આરોપીએ પોલીસને કહ્યું કે, તે હવે તેના બાળકો અને પત્નીને ખવડાવી શકશે નહીં, જેના કારણે તેણે હત્યા કરી. આ ઘટનાએ પાકિસ્તાન સહિત સમગ્ર વિશ્વને આંચકો આપ્યો છે. આનો અર્થ એ થયો કે, પાકિસ્તાનમાં સ્થિતિ એટલી કાબૂ બહાર થઈ ગઈ છે કે, સામાન્ય લોકો પૈસાના અભાવે પોતાના પરિવારને બરબાદ કરવા પર તણાઈ ગયા છે.

# મુખ્ય ૯૦ ઉત્પાદનોમાં ભારતની ચીનને નિકાસમાં વધારો

નવી દિલ્હી, તા.૧૨


વાણિજ્ય મંત્રાલયના આંકડા મુજબ ભારતથી ચીનમાં નિકાસ થતાં ૯૦ મુખ્ય ઉત્પાદનોની નિકાસ વધી છે. હાલ આ ૯૦ ઉત્પાદનોની ભાગીદારી ૬૭.૭ ટકા છે. જો કે બાકી ૩૨.૩ ટકા ભાગીદારીવાળી ૭૧ વસ્તુઓના નિકાસમાં ઘટાડો આવ્યો છે.ચીનને નિકાસ કરવામાં આવતી કુલ ૧૬૧ વસ્તુઓમાંથી લગભગ ૯૦ મુખ્ય ઉત્પાદનોની નિકાસ ગત વર્ષે વધી છે તેમાં દુર સંચાર ઉપકરણ અને ઇલેકટ્રોનિક્સ સ્પેરપાર્ટસ સામેલ છે.ભારતની ચીનને દુર સંચાર ઉપકરણોની નિકાસ વર્ષ ૨૦૨૬માં ૪૬.૪૫ ટકા વધીને ૨૪.૭૫ કરોડ ડોલરે પહોંચી છે.ઇલેકટ્રોનિક ઉપકરણોની નિકાસ ૬.૭૫ ટકા વધીને ૧૫.૬૫ કરોડ ડોલરે પહોંચી છે. ભારતની ચીનને નિકાસ ચાર કમોડીટી સ્તરોમાં ગત વર્ષે ૧૦ કરોડ ડોલરથી વધુ વધી છે.

# આઈટી કંપની ટીસીએસ સામે અમેરિકામાં એચ-વન-બી વિસા મુદે ફરિયાદ

## ભારતના લોકોને પ્રાધાન્ય આપી અમેરિકનોની નોકરી છીનવે છેઃ આરોપ

અમેરિકામાં H-1B વિઝાનો મુદ્દો હંમેશાથી ચર્ચાસ્પદ રહ્યો છે. અમેરિકન કંપનીઓ આ વિઝાનો ઉપયોગ કરીને વિદેશથી ટેલેન્ટેડ લોકોને બોલાવે છે અને પોતાને ત્યાં જોબ પર રાખે છે. H-1B વિઝાનો સૌથી વધુ ફાયદો ભારતીયોને થયો છે તે પણ હકીકત છે. તેના કારણે આ સિસ્ટમમાં ભેદભાવના આરોપ થયા છે. અમેરિકામાં એક એન્જિનિયરે ભારતીય કંપની ટીસીએસ સામે કેસ કર્યો છે. તેમનો આરોપ છે કે ટીસીએસમાં H-1B Visa ધરાવતા ભારતીયોની ફેવર કરવામાં આવે છે અને અમેરિકનો સાથે ભેદભાવ થાય છે.રેન્ડી ડેવોરિન નામના એક ૬૧ વર્ષીય અમેરિકને TCS વિરુદ્ધ ગ્લોબલ કન્સલ્ટિંગ પ્રેક્ટિસને લગતી ફરિયાદ કરી છે. તેઓ ટીસીએસ સામે સીધા કોર્ટમાં ગયા છે

# ‘મૈદાન’માં અજય દેવગનની જોરદાર કિક!



મુંબઈઃ સ્પોર્ટસ ડ્રામા બોલિવુડમાં લોકપ્રિય વિષય છે. ભૂતકાળમાં ‘ચક દે ઈન્ડિયા’, ‘ભાગ મિલખા ભાગ’, ‘મેરી કોમ’, ‘દંગલ’, ‘ચંગા’ જેવી ફિલ્મોને ટિકીટબારી પર દર્શકોએ વધાવી છે. આ વિષય પર વધુ એક ફિલ્મ નિર્દેશક અમિત શર્માએ બનાવી છે. અજય દેવગન સ્ટારર ફિલ્મ ‘મેદાન’ ભારતના લિજેન્ડરી ફુટબોલ કોચ સૈયવ અબ્દુલ રહિમના ઉદય અને ભારતના ફુટબોલના સુવર્ણ યુગની કહાની રજૂ કરે છે. આ ફિલ્મ ઈદના પર્વે રજુ થઈ રહી છે.

ફિલ્મની કથા મુજબ ભારતીય ફુટબોલ ટીમના કોચ સૈયદ અબ્દુલ રહીમ (અજય દેવગન) ૧૯૫૦ના સમયમાં ફુટબોલ એસોસીએશનમાં પોતાના વિરોધીઓની વાતોને નજર અંદાજ કરીને ભારતના ખુણા ખુણામાંથી નવોદીત ફુટબોલ ખેલાડીઓને પસંદ કરીને એક નવી ફુટબોલ ટીમ બનાવે છે જેથી આ રમતમાં ટીમ વિશ્વ સ્તર પર ભારતનો ઝંડો લહેરાવી શકે. આ ટીમમાં સુન્ની ગોસ્વામી, પી.કે.બેનર્જી, પીટર થંગરાજ જેવા હોનહાર ખેલાડી છે. રહીમની પત્ની સાયરા (પ્રિયામણી) છે. ૧૯૬૦માં રોમ ઓલિમ્પિકસમાં ટીમમાં શાનદાર પ્રદર્શન છતા તે લોકો કવોલિફાઈ નથી કરી શકતા. આથી રહીમના વિરોધીઓ અને રમતગમત પત્રકાર (ગજરાજ રાય)ની રાજનીતિનો શિકાર રહીમ બનતા તેને કોચ પદથી હટાવી દેવાય છે.

નિર્દેશક અમિત શર્માના નિર્દેશનની ખૂબી એ છે કે ફિલ્મમાં રહીમનું મહિમામંડન નથી કરાયું કે ફિલ્મને મેલો ડ્રામેટિક નથી બનાવાઈ. પહેલા હાફમાં પાત્રો અને વાર્તાને સ્થાપિત થવામાં સમય લાગે છે. સેકન્ડ હાફમાં રસપ્રદ બને છે. ત્રણ કલાકનો ફિલ્મનો સમય વધારે લાંબો છે. કેટલાક દ્રશ્યો ફલેટ છે પણ ડાયરેકટર સહજતાથી રહીમની ઈનોવેટીવ રમત નીતિ અને ક્રાંતિકારી એપ્રોચ દર્શાવવામાં સફળ રહ્યા હતા. તુષાર કાંતિ રે અને ફ્યોડોર લિયાસની સિનેમેટોગ્રાફી કાબીલે દાદ છે. ૧૯૫૦-૬૦ના કોલકાતાને સુંદરતાથી ફિલ્મમાં દર્શાવાયું છે. ફિલ્મમાં રિયલ ફુટેજનો સુંદરતાથી ઉપયોગ થયો છે. એ.આર.રહેમાનનું સંગીત વાર્તાને આગળ વધારે છે. અજય દેવગનની એકટીંગ કાબિલે દાદ છે. નકારાત્મક સ્પોર્ટસ પત્રકાર તરીકે ગજરાજ રાવે યાદગાર ભૂમિકા ભજવી છે. નવોદીત કલાકારોએ પણ સુંદર ભૂમિકા ભજવી છે.



# ૨૦ વર્ષ પછી સાથે જોવા મળ્યા ઈમરાન હાશ્મી અને મલ્લિકા શેરાવત

## મર્ડર ગર્લનો બદલાયેલો લુક જોઈને ચાહકોએ કહ્યું- આ બંનેએ તો જબરું મેઈન્ટેન કર્યું છે..

મુંબઈ : ડબલ ધમાલ, વેલકમ, હિસાસ અને ડર્ટી પોલિટિક્સ જેવી ફિલ્મોમાં જોવા મળેલી અભિનેત્રી મલ્લિકા શેરાવત ફિલ્મી દુનિયાથી દૂર છે. જોકે, તે સોશિયલ મીડિયા દ્વારા ચાહકોમાં લોકપ્રિય છે. પરંતુ તાજેતરમાં તે નિર્માતા આનંદ પંડિતની પુત્રીના લગ્નના રિસેપ્શનમાં જોવા મળી હતી. જ્યાં તે તેની સુપરહિટ ફિલ્મ મર્ડર સ્ટાર ઈમરાન હાશ્મી સાથે પોઝ આપતી જોવા મળી હતી. બંનેને એકસાથે જોઈને ચાહકોએ પણ કહ્યું કે હવે નવી ફિલ્મ બનવી જોઈએ.

સામે આવેલા ફોટોમાં ઈમરાન હાશ્મી સૂટ અને બૂટમાં જોઈ શકાય છે. મલ્લિકા શેરાવત સુંદર ગુલાબી રંગના ગાઉનમાં જોવા મળી રહી છે. બંને પાપારાઝી માટે એકબીજા સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા.

આ વીડિયો જોઈને ચાહકોએ કોમેન્ટમાં ફાયર ઈમોજી શેર કર્યા છે. જ્યારે એક યુઝરે લખ્યું કે, બંનેએ પોતાની જાતને જાળવી રાખી છે. અન્ય યુઝરે લખ્યું, ભૂતકાળની ક્ષણો તાજી થઈ. ત્રીજા યુઝરે લખ્યું, ઘણા સમય પછી બને સાથે, OMG. ચોથા યુઝરે લખ્યું, બંને ખૂબ જ સુંદર લાગી રહ્યા છે. મલ્લિકા શેરાવત અને ઈમરાન હાશ્મીએ ૨૦૦૪માં આવેલી ફિલ્મ મર્ડર ૨માં લીડ તરીકે કામ કર્યું હતું. ફિલ્મના ભીગે હોથ તેરે, બારિશ કી વો બુંદે જેવા ગીતો ખૂબ લોકપ્રિય થયા હતા. ફિલ્મનું બજેટ ૫ કરોડ રૂપિયા હતું અને ફિલ્મે લગભગ ૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી. વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, ઇમરાન હાશ્મી તાજેતરમાં ટાઇગર ૩ નો ભાગ હતો. મલ્લિકા શેરાવત હાલના દિવસોમાં ફિલ્મી દુનિયાથી દૂર જોવા મળી રહી છે.

# અને હવે એપલ આખરે યુઝર્સને તેમના પાસેના iPhone ને વપરાયેલા પાર્ટસથી રિપેર કરવા દેશે

રાજકોટ,તા.૧૨

iPhoneએ તેની રિપેર પ્રક્રિયામાં નોંધપાત્ર ફેરફારની જાહેરાત કરી, ગ્રાહકો અને સ્વતંત્ર રિપેર શોપને રિસાયકલ કરેલા આાહય ભાગોનો ઉપયોગ કરીને iPhoneને ઠીક કરવાની મંજૂરી આપી. આ પગલાનો હેતુ વધુ સમારકામ વિકલ્પો પ્રદાન કરવા, ડીવાઈસની આયુષ્ય વધારવા અને પર્યાવરણીય અસર ઘટાડવાનો છે.



આગામી મહિનાઓમાં, ચોક્કસ iPhone મોડલ આ રિસાયકલ કરેલા ભાગોનો ઉપયોગ કરીને સમારકામ માટે પાત્ર બનશે. આ પગલાનો હેતુ ગ્રાહકોને વધુ વિકલ્પો આપવા, તેમના ડીવાઈસને લાંબા સમય સુધી ચાલવા અને સમારકામની પર્યાવરણીય અસર ઘટાડવાનો છે.

છેલ્લાં બે વર્ષોમાં, iPhone એ ખાતરી કરવા માટે સખત મહેનત કરી રહ્યું છે કે રિસાયકલ કરેલા ભાગો નવા જેવા જ સલામતી, સુરક્ષા અને સીકયોરીટી ધોરણોને પૂર્ણ કરે. આ નવા ફેરફાર સાથે એપલ તેના ગ્રાહકોને વધુ સુવિધા પ્રદાન કરવાની અને તેના ઉત્પાદનોની આયુષ્ય વધારવાની આશા રાખે છે.

એપલને જે પડકારોનો સામનો કરવો પડ્યો હતો તે એ સુનિશ્ચિત કરવાનો હતો કે રિસાયકલ કરેલા ભાગો અસલી અને વાપરવા માટે સલામત છે. આાહય એ આ ભાગોને ઉપકરણ સાથે ‘‘જોડી‘‘ કરવાની પ્રક્રિયા વિકસાવી છે, તે સુનિશ્ચિત કરે છે કે તેઓ તમામ જરૂરી ધોરણોને પૂર્ણ કરે છે. એપલના અસલી ભાગોનું માપાંકન, પછી ભલે તે નવા હોય કે રિસાયકલ કરેલા, તે ભાગ ઇન્સ્ટોલ થયા પછી ડીવાઈસ પર કરવામાં આવશે. આનો અર્થ એ છે કે iPhone મોડલ્સ રિસાયકલ બાયોમેટ્રિક સેન્સરને પણ સપોર્ટ કરશે.

સમારકામની પ્રક્રિયાને સરળ બનાવવા માટે, આાહય અમુક પ્રકારના સમારકામ માટેના ભાગોનો ઓર્ડર આપતી વખતે ગ્રાહકો અને રિપેર શોપ્સને ડીવાઈસ સીરીયલ નંબર પ્રદાન કરવાની જરૂરિયાતને દૂર કરી રહ્યું છે. વધુમાં, એપલ તેની એક્ટિવેશન લોક સુવિધાને iPhone ભાગોમાં વિસ્તારી રહી છે જેથી ચોરેલા iPhoneનો ઉપયોગ ભાગો માટે થતો અટકાવી શકાય. આ સુવિધા રિસાયકલ કરેલ ભાગના માપાંકનને પ્રતિબંધિત કરશે જો તે શોધે છે કે તે એકરીવેશન લોક અથવા લોસ્ટ મોડ સક્ષમ કરેલ ડીવાઈસમાંથી આવ્યો છે.

એક જમાનાની બોલ્ડ એક્ટ્રેસની બોલ્ડ સલાહ

# ઝિન્નત સલાહ આપે છે કે લગ્ન પહેલા યુવાનોએ રિલેશનશીપમાં રહેવું જોઈએ

## હું સમજુ છું કે ભારતીય સમાજમાં લગ્ન પહેલા લિવ ઈનને પાપ માનવામાં આવે છે, પણ સંબંધોનો ફાઈનલ ટેસ્ટ જરૂરીઃ એક્ટ્રેસ



મુંબઈ તા.૧૧

આપણા દેશમાં લિવઈન રિલેશનશીપને એટલે કે લગ્ન પહેલા છોકરા-છોકરીને સાથે રહેવાને બહુ ઓછા લોકો ઠીક ગણે છે જયારે મોટા ભાગના લોકો ખરાબ ગણે છે. પણ હિન્દી ફિલ્મોની એક જમાનાની બોલ્ડ એક્ટ્રેસ ઝીનત અમાનનું કહેવું છે કે આજના યુવાનોએ લગ્ન પહેલા લિવ-ઈનમાં રહેવું જોઈએ. ઝીનતે એ પણ બતાવ્યું કે તેના બન્ને દીકરાઓ પણ લગ્ન પહેલા લિવ ઈનમાં રહે છે.

ખરેખર તો એક ફેને હાલમાં જ ઝીનત અમાન પાસે રિલેશનશીપને લઈને સલાહ માગી હતી. જેના પર ઝીનતે એક પોસ્ટ શેર કરી હતી. તેણે લખ્યું હતું કે લિવ ઈનમાં રહેવાના કારણે કપલ અનેક મતભેદોમાં ડીલ કરી શકે છે. આ રીતે લગ્ન પહેલા બન્ને એક સાથે રહીને નાના-મોટા ઝઘડા નિવારવાનું શીખી જાય છે. તેમના વચ્ચે તાલમેલ વધે છે. ઝીનત અમાન વધુમાં લખે છે-દિવસમાં કેટલાક કલાક ખુદનું બેસ્ટ વર્ઝન બનવું સહેલું છે. પણ શું તમે બાથરૂમ શેર કરી શકો છો. ખરાબ મૂડ સંભાળી શકો છો? શું એ માની જાઓ છો કે રાત્રે ડીનરમાં શું ખાવું જોઈએ? શું આપ બેડરૂમમાં એકબીજા વચ્ચે ફાયર જાળવી રાખો છો? આ પ્રકારની બાબતોએ જ લગ્નમાં નાના-મોટા વિવાદ અને ઝઘડા થતા હોય છે. પણ શું તેઓ ઝઘડા અને વિવાદોનો સામનો કરી શકે છે? એ તેમણે પહેલા ચેક કરી લેવું જોઈએ. જરૂરી છે કે આપ જુઓ કે આપની વચ્ચે તાલમેલ છે? કમ્ફેટેબિલિટી છે? ઝીનત કહે છે-હું જાણું છું કે ભારતીય સમાજમાં લગ્ન પહેલા સાથે રહેવા અર્થાત લિવ ઈનમાં રહેવાને પાપ માનવામાં આવે છે. પણ સમાજ તો અને અન્ય બાબતોને લઈને પણ સખ્ત છે. લોકો શું કહેશે? પણ પરિવાર અને સરકારને વચમા લાવતા પહેલા જરૂરી છે કે પાર્ટનર્સ પોતાના સંબંધોનો ફાઈનલ ટેસ્ટ કરી લે.